મીનળબાની દીવડી



: લેખક :

સદ્. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી (સાહિત્ય વિશારદ)

: પ્રેરક :

પ.પૂ. સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

: પ્રકાશક :

દશાબ્દિ મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ "ભક્તિનગર" કંડારી

તથા

શ્રી સ્વામિનારાયણ મંદિર-ગ્રાન્ડપ્રેરી (ડલાસ) અમેરિકા

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

માનવતાના દીવડા

: લેખક :

સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

ગુરૂવર્ય : સદ્‌ગુરૂ શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (કંડારી ગુરૂકુલ)

: પ્રેરક :

સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

(કંડારી ગુરૂકુલ)

: પ્રકાશક :

દશાબ્દિ મહોત્સવના ઉપક્રમે

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ ''ભક્તિનગર'' કંડારી

શ્રી સ્વામિનારાયણ મંદિર, ડલાસ (ગ્રાન્ડપ્રેરી) અમેરિકા

માનવતાના દીવડા

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ''ભક્તિનગર'' કંડારી,
મું. કંડારી, તા. કરજણ, જી. વડોદરા-૩૯૧૨૧૦
ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪
E-mail :gkandari@satyam.net.in.
Web : www.TheSwaminarayan.org

પ્રકાશન તિથિ :

આવૃતિ : પ્રથમ

પ્રત : ૨૦૦૦

કિંમત : ૩.

સૌજન્ય :
શ્રી સ્વામિનારાયણ મંદિર (ડલાસ ગ્રાન્ડપ્રેરી) અમેરિકા

પ્રાપ્તિસ્થાન :

- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ''ભક્તિનગર'' કંડારી,
  ફોન : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪, ૨૩૨૭૩૪
- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વડોદરા
  ફોન : (૦૨૬૫) ૩૧૩૪૦૯૯
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ
  ફોન : (૦૨૭૫૫)૨૬૫૪૪૧, ૨૬૫૪૫૧
- શ્રી સ્વામિનારાયણ મંદિર, ડલાસ, યુ.એસ.એ.
  2114 - Pine St. Grandprairie, Tx. 75050
  Phone : 972-263-7637

મુદ્રક : શ્રીજી આર્ટ (૦૭૯) ૩૦૯૨૮૨૯૯



સમર્પણ

જેઓએ સવા લાખ છંદ - ચોપાઈ અને દોહા વગેરેથી સભર " **શ્રી હરિચરિત્રામૃત સાગર** " નામનો વિશાળ ગ્રંથ લખી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ ઉપર મહાન ઉપકાર કરી આધ્યાત્મિક ક્ષેત્રે પરોપકારનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમજ શ્રીજી મહારાજની આજ્ઞાથી અનેક ચિત્ર પ્રતિમાઓ તૈયાર કરી તેઓનો અપાર રાજીપો મેળવ્યો છે એવા, પ્રાઃત સ્મરણીય સદ્‌ગુરૂવર્ય શ્રી મુક્તાનંદ સ્વામીના અગ્રગણ્ય શિષ્ય અને મારા પારંપરિક આદિ ગુરૂવર્ય સદ્‌ગુરુ શ્રી ''આધારાનંદ સ્વામી '' ના કરકમળોમાં પરોપકારથી પ્રકાશતું **"માનવતાના દીવડા"** નામનું પુસ્તક અર્પણ કરતાં અંતરથી આનંદ અનુભવું છું.

લિ. સેવક બ્રહ્મસ્વરૂપદાસ



આશીર્વચન

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની સહજ ચેષ્ટાઓના વર્ણન દરમ્યાન સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ ખાસ ઉલ્લેખ કર્યો કે

"અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખ હારી રે...
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય, દયા આણી રે..."

મહારાજે સતીપ્રથા તેમજ બાળકી દુધ પીતી કરવાના ક્રૂરતા ભર્યા કુરિવાજો બંધ કરાવી પારાવાર કરૂણા કરી. માંગરોળમાં વાવ અને કારિયાણીમાં તળાવ ગળાવી "परोपकाराय सतां विभूतयः" સૂક્તિને સાર્થક કરી. જીવા જોશી જેવા પવિત્ર બ્રાહ્મણોની દારિદ્રયપૂર્ણ દયનીય દશા જોઈ તેમના પુત્રોને યજ્ઞોપવિત અપાવી. "અશરણ શરણ ભુજદંડ મહારાજના" પંક્તિને સાર્થક કરી. અરે ! મુશળધાર વૃષ્ટિમાં સારંગપુરના દેવા ભગતના મરતા ઢોરોને બચાવવા દયાનિધિ પ્રભુએ રાત્રિ પર્યંત આખા મોભને પોતાના ખંભા ઉપર ઉપાડી રાખ્યો. કેવી કરૂણા જીવ પ્રાણી માત્ર પર !

અને આજે જ્યારે દયા અને કરૂણાનું તેલ ખૂટતા માનવતાના દીપકો મુરજાવા લાગ્યા છે, ત્યારે સમાજના ચુનંદા ચંદ મહાપુરુષો અને મહાનુભાવોના જીવન-કવન રજુ કરી આ "માનવતાના દીવડાઓ" પુસ્તક સુતેલી માનવ-ચેતનાને જાગ્રત કરવા માટે લખાયું છે.

આ પુસ્તકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વ-જીવહિતાવહની ભાવના, ભગવાન બુદ્ધ અને મહાવીરની કરૂણા,



ઈસુ ખ્રિસ્તનો માનવપ્રેમ, સ્વામી વિવેકાનંદનું ''દરિદ્ર દેવો ભવ'' નું સૂત્ર, સંગીતજ્ઞ જ્યોર્જ હર્બટ ની પશુસેવા જેવા અનેક પ્રાચીન તથા અર્વાચીન પ્રસંગોને આવરી લીધા છે.

તો વ્હાલા ભક્તો ! અમારા શિષ્ય શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી દ્વારા લખાયેલ આ પુસ્તક અનેક જીવોને સબડતા સમાજ પર કરૂણા કરવાની પ્રેરણા આપશે જ...

લી. શા. ઘનશ્યામપ્રકાશદાસના
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

તા.૭-૯-૨૦૦૪

જન્માષ્ટમી

લેખક તરફથી.....

" तन पवित्र सेवा किये, धन पवित्र दिये दान
मन पवित्र हरि भजनसें, ईस बिध हो कल्यान "

વ્હાલા ભક્તો ! શાસ્ત્રકારોએ બે પ્રકારનો પરોપકાર કહ્યો છે. તેમાં એક તો એ કે, જીવાત્માને પરમાત્માની ઓળખાણ કરાવી મુક્તિના માર્ગે ચડાવી દઈ કાયમ માટે સુખિયો કરી દેવો તે અને બીજા પ્રકારનો પરોપકાર એ છે કે, એ જીવાત્મા જે દેહમાં રહે છે તે દેહ પર દયા કરી તેને સુખિયો કરી દેવો તે.

જે રીતે જીવાત્માનું સુખ જરૂરી છે, એ જ રીતે દેહનું સુખ પણ જરૂરી છે; કારણ કે, માણસ જો દેહથી સુખિયો હશે તો જ શાંતિથી ભજન ભક્તિ કરી શકશે અને પરોપકારનાં કાર્યો કરી શકશે.

એક વાત હંમેશાં યાદ રાખવી કે, દેહથી સુખિયા રહેવાની ઈચ્છા દરેક જીવ પ્રાણી માત્રને હોય જ છે, પરંતુ રહી શકતા નથી, કારણ કે કોઈ પૂર્વકર્મને વશ દુઃખી હોય છે, કોઈ કાળને વશ દુઃખી હોય છે તો કોઈ સ્વભાવ વશ દુઃખી હોય છે. કોઈ ધનના અભાવે દુઃખી હોય છે, કોઈ આરોગ્યના અભાવે દુઃખી હોય છે તો કોઈ બન્નેના અભાવથી દુઃખીયારા હોય છે.

આવાં દુઃખિયાં નર-નારીઓને મદદ કરી સુખિયાં કરવાં એ દરેક મનુષ્યમાત્રની ફરજ છે. શાસ્ત્રકર્તા ઋષિ-મુનિઓએ અને સ્વયં



પરમાત્માએ પણ દુઃખી લોકોની તેમજ પશુ-પક્ષી વગેરે દરેક જીવ પ્રાણી માત્રને સુખિયાં કરવાં એવી આજ્ઞાઓ કરેલ છે અને એના બદલામાં પરલોકમાં સુખની પ્રાપ્તિ મળશે એવું પણ કહેલ છે.

આ લોકમાં જે જે દયાળું લોકો હોય છે તેઓ વિશેષ કરી માનવતા સભર પરોપકારનાં કામો નિઃસ્વાર્થ ભાવનાથી કરતા હોય છે અને ઘણા લોકો સ્વર્ગાદિકનાં સુખો મેળવવા માટે પરોપકાર કરતા હોય છે, જ્યારે ભગવાનના ભક્તો જે નર-નારીઓ છે તે તો પોતાના ઈષ્ટદેવની પ્રસન્નાતાર્થે પરોપકારનાં કામો કરતાં હોય છે.

માનવતાના માનવોથી સભર આ પુસ્તકમાં ત્રણેય પ્રકારના લોકોના પરોપકારનાં કાર્યોની આછી ઝલક શબ્દોના સ્વરૂપે રજુ કરવામાં આવી છે. મને આશા છે કે, દરેક પ્રકારનાં સ્ત્રી-પુરુષોને આ પુસ્તકના પ્રસંગો પ્રેરણારૂપ માર્ગદર્શક બનશે. પછી પોતાનાં તન, મન અને ધનનો પરોપકારમાં સદુપયોગ કરી માનવ દેહને ખરા અર્થમાં સાર્થક કરી પરમાત્માનો પૂર્ણ રાજીપો મેળવશે.

આભારના અધિકારીઓ

આ પુસ્તકમાં આર્થિક સહયોગ આપનાર ''શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ '' ગ્રાન્ડપ્રેરી, ડલાસ અમેરિકાના ભાઈઓ અને બહેનોને વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ તન, મન અને ધનથી સુખી રાખે એવી તેઓનાં ચરણોમાં પ્રાર્થના સાથે દરેકનો હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ મંદિરના અને **S.S.M**ના પ્રમુખ પરમ ભગવદીય શ્રી રજનીભાઈ પટેલે મને વ્યાકરણ શુધ્ધિમાં મદદ કરી છે અને પરમ ભગવદીય શ્રી એમ.વી.પટેલે પુસ્તક લખવામાં જે જે

ચીજ- વસ્તુઓની જરૂરત પડી હતી તે તે લાવી આપી હતી તે બદલ આ બન્ને ભક્તોનો પણ અંતરથી આભાર માનું છું.

આ સિવાય અગત્યનો આભાર મારા નાના ગુરૂબંધુ ત્યાગવલ્લભ સ્વામીનો માનું છું; કારણ કે બે વર્ષ દરમિયાન તેઓ મારી સાથે રહ્યા એ બે વર્ષ સુધી મારે સતત વાંચન અને લેખન ચાલતું હતું, ત્યારે તેઓએ મારી જવાબદારી સ્વીકારી મને જવાબદારીમાંથી મુક્ત કર્યો હતો, તેથી તેઓનો પણ આભાર માનું છું.

તથા આ પુસ્તકની ડિઝાઈન વગેરેની પસંદગી મારા ગુરૂબંધુ શા. શ્રી સંતવલ્લભ સ્વામી (વેદાંતાચાર્ય) એ કરી છે તેથી તેઓનો પણ આભાર માનું છું તથા આ પુસ્તકના પ્રૂફ રીડીંગમાં મને મારા ગુરૂબંધુ નિર્ગુણવલ્લભ સ્વામીએ મદદ કરી છે, માટે તેઓનો પણ આભાર માનું છું. તથા સમયસર દરેક પુસ્તકો છાપી આપ્યાં છે, તેથી શ્રી અરવિંદભાઈ ડુંગરાણીનો પણ આભાર માનું છું.

લિ. આપ સર્વેનો હિતેચ્છુ - સ્નેહી
સત્સંગ સેવક બ્રહ્મસ્વરૂપદાસ
કંડારી ગુરૂકુળ. હાલ અમેરિકા
શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપ્રેરી-ડલાસ

ફોન : ૯૭૨-૨૬૩-૭૬૩૭



"પ્રાસ્તાવિકમ્"

अष्टादश पुराणेषु व्यासस्य वचनद्वयम् ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥
परहित सरिस धरम नहि भाई ।
चारवेद षट्शास्त्रमें, बात मिली है दोय ।
दुःख दीने दुःख होत है, सुख दीने सुख होय ॥

માનવતા એટલે માણસનું મુલ્ય... જેમ જેમ મોંઘવારી વધતી જાય છે તેમ તેમ મોંઘો મનુષ્યદેહ મેળવનાર માણસ સસ્તો થતો જાય છે, છતાં તેમાં કોઈ અમૂલ્ય કિંમત ધરાવતા નરરત્નો હોય છે અને તેની માનવતાની જ્યોતિનો ઝગમગતો પ્રકાશ, આ પુસ્તકનાં પાનાંઓમાં પથરાયો છે. જે સુજ્ઞ વ્યક્તિઓ સંવેદનશીલ હૃદયે આ પુસ્તક વાંચશે તેના હૃદયમાં સ્વાર્થ, લોભ અને ભોગવૃત્તિના ગાઢ ધુમ્મસને ભેદિને માનવતાનો ચિરાગ પ્રદીપ્ત થશે અને યુગો પહેલા મહર્ષિએ આપેલો મંત્ર "तेन त्यक्तेन भुञ्जीथाः" ચરિતાર્થ થશે.

૩૧૧ દેશોની ૬૨૫ કરોડની વસ્તીમાં ગણ્યા, ગાઠ્યા માનવો માનવતાના ચિરાગ પ્રદીપ્ત રાખીને પોતાના અસ્તિત્વને ખોઈને પણ પરને પ્રકાશ આપે છે. આ પુસ્તકના નામમાં દીવડા શબ્દનો અર્થ પણ સમજી લેવા જેવો છે. દીવડાઓ સ્વયં સળગે છે અને આપણને પ્રકાશ આપે છે. કંઈક એવા જ વ્યક્તિઓના જીવન-કવન આ પુસ્તકમાં સંકલિત કર્યા છે. જેમણે સ્વયં સહન કરીને પણ બીજાના સુખની વાંછા રાખી છે. એટલું જ નહિ તેના માટે શક્તિ કરતાં પણ વધારે પુરૂષાર્થ કરીને ઈશ કૃપાથી સફળતા પણ મેળવી છે.

આ દેશની સંસ્કૃતિ "मा गुधः कस्यस्विद् धनम्" છે. આ દેશનો



આદર્શ ''वसुधैव कुटुम्बकम्'' છે. આ દેશનો પ્રાર્થના મંત્ર ''सह नौ भुनक्तु सह नाववतु'' છે એટલે જ ઋગ્વેદ ભારતને ''यत्र विश्वभवत्येक नीग्म'' કહે છે. એટલે માનવનો આદિ પિતા મનુ ''एतद्देश प्रसूतस्य सकाशादग्रजन्मनः । स्वं स्वं चरित्रं शिक्षेरन । पृथिव्यां सर्वे मानवाः'' ॥ કહે છે. માત્ર परोपदेश पाण्डित्यम् જેવી વાતો નથી પણ આ દેશના ઈતિહાસના ગર્ભમાં અન્ન-વસ્ત્ર-વસ્તુ - પદાર્થ-પૈસા-સુવર્ણ જ નહિ, સ્વ શરીરની અસ્થિ સુધીનું દાન પરહિત માટે કરનારનાં જીવન રહેલાં છે.

હું માનું છું કે, આવા જ દીપકોના અજવાળે આજે પણ કેટલાય ઉત્તમ શ્લોક પુરૂષોએ જીવનમાં માનવતાનો ચિરાગ પ્રજ્જવલીત રાખ્યો છે, જેમની જ્યોતિ અમારી નજર સુધી પહોંચી તેમની આભા આપ સુધી પહોંચાડવા માટે અમારા વડીલ ગુરૂબંધુ પ.પૂ.સદ્‌ગુરૂ સા. વિ. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામીએ સમાજથી નિર્લેપ હોવા છતાં પણ પ્રચંડ પુરૂષાર્થ અને ક્રિયા સાતત્ય દ્વારા આ ગ્રન્થનું આલેખન કર્યું છે એમની કલમ ''મેજીક સ્ટીકની જેમ ચાલે છે.'' શ્રી સત્સંગિજીવન સાગર મંથન'' તેનું સાક્ષી છે. આ પુસ્તક વાંચીને જેમ ઉડતાં પક્ષીને જોઈને માનવ ઉડતો થયો - તરતા માછલાંને જોઈને તરતો થયો; તેમ પરોપકારી થાય એવા ઉમદા આશયથી ધર્મ નિરપેક્ષ ભાવે આ ગ્રન્થનું આલેખન કર્યું છે. ડિપ્રેશન કોબીયા અને વિશ્વ ગરીબી નિવારણ માટે યોગી કરતા વધારે ઉપયોગી થવાની જરૂર છે. આકાશમાં વાદળની રાહ જોઈને બેઠેલા માનવના જીવનમાં માનવતાનો દુષ્કાળ છે નહિ અને ઝાડમાંથી શિક્ષા લેનાર ઋષિપુત્ર માનવ માણસમાંથી શિક્ષા નહિ લે ?



વેદકાળથી આરંભીને આજ દિવસ સુધીના ઈતિહાસમાં એવો સુવર્ણ સમય ક્યારેય આવ્યો જ નથી જ્યારે બધા જ સુખીયા હોય... મર્યાદા પુરૂષોત્તમ રામના રાજ્યમાં સ્વયં તેમનાં જ પત્ની આજીવન આ સમાજની કરૂણતાનો ભોગ બન્યાં અને અંતે ધરતી માતાને જ ખોળે બેસી ગયા... વિશ્વના આદિ મહાકાવ્યના રચયિતા વાલ્મિકને પણ કરૂણાના સ્પંદનોએ રામાયણ જેવા કાવ્યને લખવા પ્રેર્યા હતા. રામરાજની કલ્પના પણ આજ દીવા સ્વપ્ન છે ત્યારે માનવતાનો ચિરાગ બની જીવી ગયેલા અને જીવતા મહામાનવોની પરહિતકાર્ય પરંપરાને આપની આંખો સુધી પહોંચાડવા પૂ. સ્વામીનો આ પ્રશસ્ત પ્રયાસ છે એમના પ્રવાસને સપળ કરવા માટે શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ ડલાસે સમ્પૂર્ણ આર્થિક સહયોગ આપ્યો છે અને પોતાના જ કાર્યોથી દેશ-વિદેશમાં માનવતાની અસ્મિતાની મશાલ જલાવતી, પ.પૂ. સદ્‌ગુરૂવર્ય શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી સંસ્થાપીત સંચાલિત સંવર્ધિત સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ કંડારીના દશાબ્દિ વર્ષના ઉપક્રમે આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે.

આ પુસ્તકમાંથી પ્રેરણા પીયુષનું પાન કરીને કોઈના હૃદયમાં માનવતાનો ચિરાગ જગમગશે... કોઈ વિધવાનાં આંસુઓ લૂંછશે... કોઈ ગરીબની આંતરડી ઠારશે... કોઈ વિદ્યાર્થીને પુસ્તક-પેન કે ફીશ આપશે... કોઈ ત્રસ્ત વ્યક્તિને રક્ષણ આપશે... એટલે આ ગ્રન્થ આલેખન-પ્રકાશનનો શ્રમ સમ્પૂર્ણ સફળતાનો વરસે.

ભવદીય

શા. સંતવલ્લભદાસના

સસ્નેહ જયશ્રી સ્વામિનારાયણ



શ્રીજી

નમ્ર નિવેદન

તા. ૨૫-૯-૦૪

સ્વાભાવિક રીતે જ સંસારનો હર એક માનવી પોતાની જીવનયાત્રામાં સુખ, સમૃધ્ધિ અને શાંતિની અવિરત ઝંખના કરતો હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે બહુધા જેને સુખ અને સમૃધ્ધિ છે તેને શાંતિ નથી અને જેને શાંતિ છે તેને સુખ અને સમૃધ્ધિ નથી. સંસારમાં કોઈક જ એવો હશે જેને પરમાત્માની કૃપાથી સુખ, શાંતિ અને સમૃધ્ધિ એમ ત્રણેયનો યોગ પ્રાપ્ત હોય. સાંપ્રત સમયમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના હરણફાળ વિકાસથી ભૌતિક સુખ અને સમૃધ્ધિમાં અનેકગણો વધારો થયો છે. પરંતુ જ્યારે વિજ્ઞાન અને વિવેક એકસાથે એકસરખાં કદમ મિલાવી નથી શકતાં ત્યારે જીવન દુઃખમય અને ઉદ્વેગથી ભરેલ બની જાય છે. સભ્યતા આગળ વધી જાય છે, જ્યારે જીવનના પ્રાણ સમી સંસ્કૃતિ પાછળ પડી જાય છે. શાશ્વત સત્ય એ છે કે માનવજીવનની સાર્થકતા ભૌતિક સુખોમાં સમાયેલી નથી. માનવતા તથા સ્નેહરૂપી ભીનાશ જ્યાં સુધી જીવનને સ્પર્શતી નથી ત્યાં સુધી સુખ અને સમૃધ્ધિ હોવા છતાં જીવનમાં શુષ્કતા અનુભવાય છે, જીવનમાં નિરસતા વ્યાપી જાય છે એટલા માટે જ ઉમાશંકર જોષીએ કહ્યું છે કે " હું માનવી માનવ થાઉં તો ઘણું "

સાંપ્રત વિશ્વ વિષમતાના વાવાઝોડામાં અટવાયેલ છે. ભ્રષ્ટાચાર, વ્યસન, અત્યાચાર, બળાત્કાર, હિંસા, ખૂના-મરકી, આતંકવાદ,ગરીબાઈ, નિર્દોષ અને નબળા માનવીનું અમાનવીય



શોષણ, ધર્માંધતા, કુટુંબની સામુહિક આત્મહત્યા, નપુસંક, સ્વાર્થ અને સત્તાલોલુપ, નિષ્ઠુર નીતિ વિહોણા રાજકારણી નેતાઓની જોહુકમી તથા આધિ, વ્યાધિ અને ઉપાધિથી પીડિત મજબૂર, લાચાર અને દુઃખી લોકોના અસ્તિત્ત્વને સમાજનાં સર્વે ઘટકોએ સહજ રીતે સ્વીકારી લીધાં છે. સમાજના કોઈપણ વર્ગનું સમાજની આ બેરહમી પ્રત્યે પેટનું પાણીયે પણ હલતું નથી અને પારાવાર જડતા વ્યાપિ ગઈ છે. સમાજને પ્રજ્વાળતી આ સમસ્યાઓ પ્રત્યે તમામ રાષ્ટ્રે પલાયનવાદી વલણ અપનાવ્યાનો અહેસાસ થાય છે. આ દુઃખી લોકોના જીવનની આપત્તિ અને વેદનાને સાંભળનાર કે સમજી શકનાર તથા તન, મન અને ધનથી મદદરૂપ થનાર સંવેદનશીલ, પ્રેમ અને કરુણાસભર હૃદયવાળા માનવીઓ સમાજમાંથી દિનબદિન ઓછા થતા જાય છે તે આપણા સમાજની કરુણતા છે. ધર્મ અને સંપ્રદાય તથા તેના નામે ચાલતી સંસ્થાઓ પણ સમાજના આ પાયાના પ્રશ્નો પ્રત્યે આંખમીચામણાં કરી ઉદાસીન અને અસંવેદનશીલ બની રહી છે તે આપણાં સમાજની કરૂણતાની ચરમસિમા છે.

પરમપૂજ્ય બ્રહ્મસ્વરૂપ સ્વામી દ્વારા લખાયેલ '' જીવનયાત્રા'' ''માનવતાના દીવડાઓ'', ''વાણી વિવેક, અમાનવીય ક્રૂરતા'' તથા '' જીવન-એક સ્નેહ ઝરણું'' પુસ્તકો પ્રત્યેક માનવીને માનવતાનો અદકેરો સંદેશો આપી જાય છે. આ પુસ્તકો આજના સમાજની વિટંબણાઓમાંથી માનવીને બહાર કાઢવા માટે એક દિવાદાંડી સમાન છે. અનેક મહાપુરુષો અને મહાનુભાવોએ પોતાના જીવનકાર્ય દ્વારા માનવતાની જે સુવાસ ફેલાવી છે તે સુવાસ અને સદ્‌ગુણો જો આપણા જીવનને સ્પર્શી જાય તો એક તંદુરસ્ત અને સદાચારી



સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે. આ પુસ્તકો અનુપમ સંદેશો આપી જાય છે કે માનવીનો સાચો ધર્મ પારકાની પીડાને સમજીને તે પીડાની આગને ઠારવામાં રહ્યો છે. માનવીનો સાચો ધર્મ પરોપકારમાં તથા પીડીતો પ્રત્યે દયા તથા કરુણા દ્વારા તેમને લાગેલા શારીરિક, માનસિક તથા હૃદયના ઘાને રૂઝવવામાં રહ્યો છે. માનવીનો સાચો ધર્મ દીન દુઃખિયાનાં આંસુ લુછવામાં સમાયેલો છે. માનવીનો સાચો ધર્મ જેમના જીવન વિધાતાની વક્રતાને કારણે લાચાર, મજબૂર અને પરાશ્રયી થયેલ છે તથા સમાજના નબળા, કચડાયેલા અને શોષિત વર્ગોના થતા સામાજિક, રાજકીય અને ધાર્મિક શોષણમાંથી મુક્ત કરી તેમને સાથ-સહકાર, હિંમત, ધીરજ તથા પ્રેમ આપી સર્વ રીતે મદદરૂપ થઈને તેઓને બેઠા કરવામાં રહ્યો છે.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, કંડારીના સંસ્થાપક પરમ પૂજ્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી પ.પૂ.બ્રહ્મસ્વરૂપ સ્વામીએ પ્રેરણાદાયી પવિત્ર પુસ્તકોનું સંકલન, સંપાદન, સંશોધન તથા લેખન કાર્ય કરવામાં અથાગ મહેનત કરીને સમગ્ર સત્સંગની અનેરી સેવા કરી છે. આ પુસ્તકો સાદી, સરળ તથા લોક ભોગ્ય ભાષામાં લખાયેલ હોવા છતાં મર્મવેધક અને સો ટચ સોના જેવાં છે. આ પુસ્તકો માનવીને કર્તવ્યપાલનતા અને ધર્મપરાયણતાના પાઠો શીખવીને માનવીના હૃદયમાં પ્રેમ, દયા, સત્ય, અહિંસા, સદાચાર,નીતિમત્તા તથા સમાજના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ થવાની પ્રેરણા આપે છે. આ પુસ્તકોના વાચનથી જો થોડા એકનાં જીવન પણ પરિવર્તિત થઈ ઉર્ધ્વગામી બનશે તોય પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ શારીરિક વિષમતા છતાં સમય અને શક્તિનો ભોગ આપીને જે દાખલો બેસાડ્યો છે તે સાર્થક થશે. શ્રી હરિકૃષ્ણ

મહારાજને અંતરથી પ્રાર્થના કે પ્રભુ પૂ.સ્વામી ઉપર ખૂબ પ્રસન્ન થાય અને સત્સંગની આવી દિવ્ય સેવા કરવાની વધુને વધુ શક્તિ, ધીરજ અને સ્વાસ્થ્ય આપે.

આ પુસ્તકોના પ્રકાશન કાર્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ગ્રાન્ડપ્રેરી (ડલાસ), ટેક્ષાસના ઉત્સાહી,શ્રધ્ધાવાન, પ્રભુપ્રેમી ભગવદીય સત્સંગી હરિભકતોએ સંપૂર્ણ આર્થિક સહાય કરી છે તે સર્વ દાતાઓને ખૂબ ખૂબ ધન્યવાદ. આવો જ અનેરો અને નવીન ઉત્સાહ સર્વે સત્સંગીઓમાં કાયમ પ્રેરાય તે માટે શ્રી હરિકૃષ્ણ મહારાજને અંતરથી પ્રાર્થના કરૂં છું. તે ઉપરાંત પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામીના આ પુસ્તકોના લેખન કાર્યમાં જે કોઈ હરિભક્તોએ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ જે કાંઈ સેવા તથા મદદ કરી હોય તે સર્વે હરિભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ તથા તેઓ પ્રત્યે આભાર અને કદરની લાગણી વ્યક્ત કરું છું.

આ પુસ્તકોના પ્રકાશન કાર્યમાં ઘણી જ કાળજી અને સાવચેતી રાખવામાં આવી છે, તેમ છતાં માનવસહજ ઉણપને કારણે કોઈક ક્ષતિ રહી ગયેલ હોય તો ઉદાર ભાવે નીર ક્ષીર ન્યાયે ભગવદીય સત્સંગી હરિભક્તો ક્ષમા કરે તેવી વિનંતી. સાગરમાં ગાગર સમ આ પુસ્તકો દરેક સજ્જન હરિભક્ત પોતાના ઘરમાં વસાવે તેવો અનુરોધ કરૂં છું.

- રજની પટેલના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

સત્સંગ સમાજ
ગ્રાન્ડપ્રેરી (ડલાસ)
ટેક્ષાસ

અનુક્રમણિકા

ક્રમ	નામ	પેજ નં.
૧.	માનવતાના દીવડા	૧
૨.	માનવતા	૩
૩.	માનવતાનો મારગ	૪
૪.	મહા માનવ બનવા માટે	૬
૫.	માનવતા દાનવતા	૮
૬.	આંતર ખોજ	૧૦
૭.	માનવતા મરવા પડી	૧૩
૮.	જાગ્યા ત્યાંથી સવાર	૧૪
૯.	પરોપકાર ચિંતન	૧૬
૧૦.	મંથન	૧૮
૧૧.	સંપત્તિનો સદુપયોગ	૨૦
૧૨.	પરોપકાર	૨૧
૧૩.	પ્રાણીઓ પાસેથી શીખીએ	૨૩
૧૪.	સરીતા પાસેથી શીખીએ	૨૫
૧૫.	બાવીશી મંડળ	૨૭
૧૬.	દાન વિશે	૨૮
૧૭.	દાન છે તે ઓવરડ્રાફ્ટ છે	૩૦
૧૮.	ધન ધોઈને વાપરવું	૩૧
૧૯.	ડોંગરેજી મહારાજની વાણી	૩૩



૨૦. માલવપતિના જવાબો ---------- ૩૫
૨૧. પૂર્ણભાવથી દાન કરવું ---------- ૩૬
૨૨. વિશ્વની મોટી બેંકો ---------- ૩૭
૨૩. પરલોકમાં લેતો આવજે ---------- ૪૦
૨૪. લે, મુર્ખને આપજે ---------- ૪૧
૨૫. પાંચ પ્રશ્નોના જવાબ ---------- ૪૧
૨૬. દાનના પ્રકારો ---------- ૪૬
૨૭. કુપાત્રમાં દાન કરવાથી ---------- ૪૭
૨૮. સંતોનાં સ્વાગમાં ભાંડો ---------- ૪૮
૨૯. દાન આપવામાં વિવેક ---------- ૫૦
૩૦. સુપાત્રમાં દાન ---------- ૫૨
૩૧. મને અક્ષરધામમાં બંગલો મળે ---------- ૫૩
૩૨. દાન માટેની ઉત્તમ તિથિઓ ---------- ૫૩
૩૩. દાન વિષેનાં મંતવ્યો ---------- ૫૫
૩૪. દસ પ્રકારનાં દાન ---------- ૫૬
૩૫. દાનનો મહિમા ---------- ૫૮
૩૬. નેતાઓને પ્રેરણાદાયક ---------- ૬૦
૩૭. લોકપ્રિય બનાવા માટે ---------- ૬૨
૩૮. દયાનું ઝરણું ---------- ૬૩
૩૯. દયાળુ સ્વભાવ ---------- ૬૫
૪૦. દયા અને કરૂણા ---------- ૬૭
૪૧. દયાનું પરિણામ ---------- ૬૯

૪૨. દયામાંથી કરૂણાનો જન્મ ---------- ૭૦
૪૩. દયાનિધિ શ્રીહરિજી ---------- ૭૨
૪૪. દુષ્કાળમાં દયાળુની દયા ---------- ૭૪
૪૫. મહાવીર સ્વામી ---------- ૭૬
૪૬. ગુરૂ નાનકજી ---------- ૭૭
૪૭. બુદ્ધ ભગવાન ---------- ૭૯
૪૮. સ્વામી વિવેકાનંદજી ---------- ૮૧
૪૯. ગુરૂ હરિકીશનજી ---------- ૮૨
૫૦. ઈસુ ખ્રિસ્ત ---------- ૮૪
૫૧. મહંમદ પયગંબર ---------- ૮૬
૫૨. હવે તું ખરી પુત્રી ---------- ૮૭
૫૩. દયાની દેવી ફેનિમા ---------- ૮૯
૫૪. દયાળુ મહાનામની કુરબાની ---------- ૯૧
૫૫. ગુલામીનો તારણહાર ગેરીસન ---------- ૯૨
૫૬. બુદ્ધ પ્રભુ દ્વારા રોગીની સેવા ---------- ૯૪
૫૭. દયાળુ સંત માર્ટીન ---------- ૯૬
૫૮. દયાળુ મદનમોહન માલવીય ---------- ૯૭
૫૯. દયાળુ માનસિંહ રાજા ---------- ૯૯
૬૦. દયાની દેવી ફ્લોરેન્સ ---------- ૧૦૧
૬૧. મહારાણી વિક્ટોરિયા ---------- ૧૦૨
૬૨. ડો. વિલિયમ સ્મીથ ---------- ૧૦૪
૬૩. માનવતાના પૂજારી સૂર્યકાંતભાઈ ---------- ૧૦૫



૬૪. કવિવર રવીન્દ્રનાથ ટાગોર ---------- ૧૦૭
૬૫. રમેશભાઈ ઓઝા ---------- ૧૦૯
૬૬. જન્મદિનની ઉજવણી ---------- ૧૧૧
૬૭. દયા અને કરૂણા ---------- ૧૧૨
૬૮. ગુરુવર્ય ઘનશ્યામપ્રકાશ સ્વામી ---------- ૧૧૩
૬૯. માદા વરુએ બાળકી જીવાડી ---------- ૧૧૮
૭૦. પક્ષીની હોસ્પિટલ ---------- ૧૧૯
૭૧. કેવી દયા ! ---------- ૧૧૯
૭૨. મે મિડલ્ટન ---------- ૧૨૧
૭૩. છત્રપતિ શિવાજી ---------- ૧૨૨
૭૪. જેઈન એડમ્સ ---------- ૧૨૫
૭૫. બાબા આમટે ---------- ૧૨૭
૭૬. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ---------- ૧૨૮
૭૭. ઠક્કરબાપા ---------- ૧૩૦
૭૮. એક મનોહારી આત્મકથા ---------- ૧૩૨
૭૯. પ્રેસિડેન્ટ જોન્સન ---------- ૧૩૪
૮૦. માતા વિનાનાં બાળકો માટે ---------- ૧૩૫
૮૧. પાક સળગાવી લોકોને બચાવ્યાં ---------- ૧૩૬
૮૨. નિર્ધન છતાં ઉદાર ---------- ૧૩૮
૮૩. વિધવા નારીની મહાનતા ---------- ૧૪૦
૮૪. સંત રાબિયા ---------- ૧૪૧
૮૫. નર્સ જહોન ---------- ૧૪૨

૮૬. પાર્વતી માતાની દયા ---------- ૧૪૩
૮૭. કુંભમેળામાં સૌથી વધુ પુણ્ય કોને ? ---------- ૧૪૫
૮૮. ફિલીપ સિડની ---------- ૧૪૮
૮૯. અનુકૂળ અર્ધાંગના ---------- ૧૪૯
૯૦. સંત ફ્રાન્સિસ ---------- ૧૫૦
૯૧. ફેડરિક ધ ગ્રેટ ---------- ૧૫૨
૯૨. ભારતેન્દુ હરિશ્ચંદ્ર ---------- ૧૫૩
૯૩. ફ્લોરેન્સ નાઈટિંગલ ---------- ૧૫૪
૯૪. બાપ-દીકરાની ઉદારતા ---------- ૧૫૫
૯૫. પહેરેલી સાડી વેચીને જમાડ્યાં ---------- ૧૫૭
૯૬. પીપાવાવનો ઈતિહાસ ---------- ૧૫૯
૯૭. પ્રજા પ્રેમી સુલતાન ---------- ૧૬૦
૯૮. ઝંડુ ભટ્ટ ---------- ૧૬૧
૯૯. કિસન શેઠ ---------- ૧૬૩
૧૦૦. વિલ્ફેડ ટોમ્સન ગ્રેનફેલ ---------- ૧૬૫
૧૦૧. સાચી ઈબાદત ---------- ૧૬૭
૧૦૨. ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝર ---------- ૧૬૮
૧૦૩. સંગીતકાર જ્યોર્જ હર્બર્ટ ---------- ૧૭૩
૧૦૪. જમશેદજી મહેતા ---------- ૧૭૪
૧૦૫. માનવતાના ટાંકા ---------- ૧૭૫
૧૦૬. થાળીનો ખરો અધિકારી ---------- ૧૭૮
૧૦૭. પ્રજા માટે પોતાનું બલિદાન ---------- ૧૭૯



૧૦૮. મુઝફ્ફરશાહ સુલતાન ---------- ૧૮૧
૧૦૯. કાર્લ સ્પ્રિન્ગલ ---------- ૧૮૩
૧૧૦. કુંવર મૂળરાજ સોલંકી ---------- ૧૮૪
૧૧૧. એબ ---------- ૧૮૬
૧૧૨. મધર ટેરેસા ---------- ૧૮૮
૧૧૩. ગૌભક્ત ઘનશ્યામભાઈ ---------- ૧૯૦
૧૧૪. ગૌ સેવાને કારણે ---------- ૧૯૨
૧૧૫. અબ્દુલ અઝીઝ ---------- ૧૯૩
૧૧૬. હું દેવળમાં જ છું. ---------- ૧૯૪
૧૧૭. ડો. હેમરીક્ષ ---------- ૧૯૪
૧૧૮. સેવા કરવા લગ્ન ન કર્યાં ---------- ૧૯૬
૧૧૯. પ્રેસિડેન્ટ ટોમસ જેફર્સન ---------- ૧૯૮
૧૨૦. સદ્‌ગુરૂ નીલકંઠચરણ સ્વામી ---------- ૧૯૯
૧૨૧. મિલેનિયમ મેન ગાંધીજી ---------- ૨૦૨
૧૨૨. રાષ્ટ્રપ્રમુખ ક્લીવલેન્ડ ---------- ૨૦૪
૧૨૩. પશુપાલક ગીતાબેન ---------- ૨૦૬
૧૨૪. કન્ફ્યુશિયસનો જવાબ ---------- ૨૦૭
૧૨૫. ચક્ષુદાન ---------- ૨૦૯
૧૨૬. ભણસાલી ટ્રસ્ટ ---------- ૨૧૧
૧૨૭. ગોવિંદભાઈ ધોળકીયા ---------- ૨૧૩
૧૨૮. સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ ---------- ૨૧૪
૧૨૯. રણછોડદાસજી મહારાજ ---------- ૨૧૬

૧૩૦. વીરાયતન ટ્રસ્ટ ---------- ૨૧૮
૧૩૧. રોક ફેલરના ચેક રીટન ---------- ૨૨૦
૧૩૨. સેવામૂર્તિ કાગાવા ---------- ૨૨૧
૧૩૩. મહારાજા રણજીતસિંહજી ---------- ૨૨૩
૧૩૪. ડો. આઈન્સ્ટાઈન ---------- ૨૨૫
૧૩૫. ગોલ્ફ ખેલાડી રોબર્ટ ---------- ૨૨૭
૧૩૬. મથુરભાઈ સવાણી ---------- ૨૨૯
૧૩૭. સાવિત્રીબાઈ ---------- ૨૩૧
૧૩૮. અનોખું કન્યાદાન ---------- ૨૩૩
૧૩૯. કવિ બાયરન ---------- ૨૩૪
૧૪૦. ડો. બી.સી. રોય ---------- ૨૩૬
૧૪૧. મહારાજા ભાવસિંહજી ---------- ૨૩૮
૧૪૨. ડો. અબ્રેકેટ ---------- ૨૪૦
૧૪૩. એલિઝાબેથ ફ્રાય ---------- ૨૪૧
૧૪૪. ધોંડો કેશવ કર્વે ---------- ૨૪૩
૧૪૫. કાલી કમલીવાલે ---------- ૨૪૫
૧૪૬. દીન બંધુ એન્ડ્રયુઝ ---------- ૨૪૭
૧૪૭. લોકસેવક ગોકુળભાઈ ---------- ૨૪૮
૧૪૮. સમ્રાટ અશોક ---------- ૨૫૦
૧૪૯. શાસકને પુરસ્કાર ---------- ૨૫૧
૧૫૦. કાશ્મીરના તુંજીન રાજા ---------- ૨૫૩



૧૫૧. ગોરધનભાઈ પાટીદાર ---------- ૨૫૫
૧૫૨. કરીમ આગાખાન ---------- ૨૫૭
૧૫૩. ગ્રેન વિલ શાર્પ ---------- ૨૫૯
૧૫૪. વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ ---------- ૨૬૧
૧૫૫. હાન્સ વેડર ---------- ૨૬૩
૧૫૬. અલેક્કોટ ટિક્કા પાન્યો ---------- ૨૬૪
૧૫૭. નેપોલીયન બોનાપાર્ટ ---------- ૨૬૬
૧૫૮. દેવીદાસ-અમરબાઈ ---------- ૨૬૮
૧૫૯. રંતિદેવ રાજા ---------- ૨૭૦
૧૬૦. અન્નદાન મહિમા ---------- ૨૭૩
૧૬૧. નોળીયો સોનાનો થયો ---------- ૨૭૬
૧૬૨. જીવા ખાચર ---------- ૨૭૮
૧૬૩. નિરંજનભાઈ પટેલ ---------- ૨૮૦
૧૬૪. ઉત્તમચંદ ગાંધી ---------- ૨૮૨
૧૬૫. ફાધર ફ્લેનેગન ---------- ૨૮૪
૧૬૬. નવાબ રસુલખાન ---------- ૨૮૫
૧૬૭. બાલવીર રામારાવ ---------- ૨૮૭
૧૬૮. વીરબાળા ગ્રેસ ---------- ૨૮૮
૧૬૯. તન્વાંગી પુરસ્કાર ---------- ૨૯૦
૧૭૦. બાળક સુભાષ બોઝ ---------- ૨૯૧
૧૭૧. સ્વામી રામતીર્થનો જવાબ ---------- ૨૯૩

૧૭૨. રવિશંકર મહારાજ ---------- ૨૯૪
૧૭૩. જૈનુલ આબ્દીન ---------- ૨૯૬
૧૭૪. સ્વર્ગ અને નર્કનાં ભોજન ---------- ૨૯૮
૧૭૫. રશિયન પ્રમુખ લેનિન ---------- ૩૦૦
૧૭૬. મહાકવિ માઘ ---------- ૩૦૨
૧૭૭. ભાવનગરના દીવાન પટ્ટણી ---------- ૩૦૫
૧૭૮. હરિપ્રસાદ દેસાઈ ---------- ૩૦૬
૧૭૯. ઝવેરચંદ મેઘાણી ---------- ૩૦૮
૧૮૦. દાનવીર દીપચંદભાઈ ---------- ૩૧૦
૧૮૧. દયાની દેવી અનુબેન ---------- ૩૧૩
૧૮૨. સંતરામ મંદિર ---------- ૩૧૪
૧૮૩. ઉપસંહાર ---------- ૩૧૬

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

ગ્રંથ પ્રારંભ : તા. ૧-૫-૨૦૦૪



માનવતાના દીવડા

" अपने दुःखमें रोनेवाले ! मुस्कुराना शीख ले,
दूसरों के दर्द में आंसु बहाना शीख ले;

जो खिलाने में मजा है आप खाने में नहिं,
जिंदगीमें तुं किसीके काम आना शीख ले

હે વ્હાલા ભક્તો અને વ્હાલા સજ્જનો ! વિશ્વ પ્રવાસ કરનાર બ્રિટનના જ્હોન ટોડ નામના અંગ્રેજ પ્રવાસીના મતે દુનિયામાં કુલ નાના- મોટા, સ્વતંત્ર-પરતંત્ર સર્વે મળીને ૩૧૧ દેશો છે. તેણે ૩૧૧ દેશોનો વિશ્વ-પ્રવાસ કરી " વર્લ્ડ-રેકોર્ડ" નોંધાવ્યો છે.

આ ધરતી પર સજીવ સૃષ્ટિ આકાશ, જમીન અને

સાગર આ ત્રણેય જગ્યાએ ફેલાયેલી છે. ઊંચે આકાશમાં ૪૧ હજાર મીટરના લેવલે અર્થાત્ આશરે સવા લાખ ફૂટની ઊંચાઈએ જીવતા બેક્ટરીયા વૈજ્ઞાનિકોને મળી આવ્યા છે ! નીચે સાગરના તળિયે ૧૦,૭૧૦ મીટરની ઊંડાઈએ અર્થાત્ પેસેફિક મહાસાગરની ૩૫,૧૨૮ ફૂટની ઊંડાઈએ પણ દરિયાના તળિયે દરિયાઈ કાકડી નામના જીવો વસે છે. ટોચથી તળિયા સુધી એ રીતે સજીવ સૃષ્ટિનો વ્યાપ ૫૧,૭૧૦ મીટર અર્થાત ૧,૬૯, ૬૦૮ ફૂટ થાય છે ! અર્થાત્ પોણા બાવન કિલોમીટર ઊંડાઈથી ઊંચાઈ વચ્ચેના ભાગમાં સજીવ સૃષ્ટિ રહેલી છે. તેમાં પાણા મનુષ્યો તો ફક્ત પૃથ્વી પર જ રહે છે.

હાલ ઈ.સ. ૨૦૦૪ માં દુનિયાના ૩૧૧ દેશોમાં સવા છ અબજ અર્થાત્ ૬૨૫ કરોડ લોકો રહે છે. તેમાં મોટા ભાગના લોકો કેવળ ખાવું-પીવું - બોલવું - પહેરવું - ગાવું - નાચવું - રડવું - હસવું - લડવું - રમવું - હારવું - જીતવું અને જીવવું આ પ્રમાણે જ જીવન જીવતા હોય છે. આવા માનવોને 'માનવતાના દીપકો' ન કહેવાય; પરંતુ જે માણસોના હૃદય સંવેદનશીલ હોય, પારકાની પીડાને પોતાની માની તેને દૂર કરવાના પ્રયત્નો કરતાં હોય અને પરોપકારમાં પોતાના તન-મન અને ધનનો સદુપયોગ કરતાં હોય તેવા માનવોને જ 'માનવતાના દીપકો' સાચા અર્થમાં કહેવાય છે.



“ માનવતા ”

“ કોઈ હસ હસકે મરા, કોઈ રો રોકે મરા;
જિંદગી પાઈ, ઉસીને જો કુછ હો કે મરા ”

માણસ હોવું અને ખરા અર્થમાં માણસ બનવું એ બન્ને તદ્દન અલગ બાબતો છે. માનવતાનો વિકાસ ન થાય ત્યાં સુધી માણસ બનવાની લાયકાત આવતી જ નથી. સત્તા અને સમૃદ્ધિ વધારી શકાય છે, પણ માણસાઈને લાવવી મુશ્કેલ છે. ત્યાગ, દયા અને પરોપકારના પાયા પર જ માનવતાનાં મંદિરો રચી શકાય છે.

ભારતના ઉદ્યોગપતિ જમનાલાલ બજાજે એકવાર તેના પુત્ર કમલનયનજીને એક પત્રમાં લખેલું કે, “ બેટા ! આપણી પાસે પૈસા અને સત્તા હોય એ કારણો જો કોઈ આપણને મહત્વ આપે તો એ નગણ્ય બાબત છે; પરંતુ કોઈ માણસ આપણામાં રહેલી માણસાઈને ઓળખી શકે એટલા પ્રમાણમાં આપણો માણસ થઈએ તો પણ બસ.” આટલી ધનવાન વ્યક્તિના વિચારો જોઈએ તો આપણને ખ્યાલ આવે કે એનામાં માણસાઈના દીપક બનવાની લાયકાત હશે.

માણસ કેટલું ધન કમાય છે તે મહત્વનું નથી, પણ એ કમાયેલા ધનનો કેટલો સદુપયોગ કરે છે તે મહત્વનું છે. માણસ કેવું ખાય છે તે મહત્વનું નથી, પણ તે ભૂખ્યાઓને કેટલું ખવડાવે છે તે મહત્વનું છે. માણસ કેટલાં વર્ષ જીવ્યો એ મહત્વનું નથી, પણ ભૂખની પીડાથી અને દવાના અભાવે



મરવા પડેલા કેટલાને જીવાડ્યા એ મહત્વનું છે. માણસ પોતાના પરિવાર માટે ખૂબ પૈસા વાપરે છે એ મહત્વનું નથી, પણ ગરીબ પરિવારો માટે કેટલા પૈસા વાપરે છે એ મહત્ત્વનું છે. માણસ પોતાનો બંગલો નવો બનાવે તે મહત્વનું નથી, પણ વાવાઝોડામાં કે ધરતીકંપમાં પડી ગયેલાં ગરીબોનાં નવાં ઘર બંધાવી દે તે મહત્વનું છે. માણસ પોતાના સ્નેહીઓને ખૂબ ભણાવે એ મહત્વનું નથી, પણ ગરીબોનાં બાળકોને ભણાવું હોય અને તેમની પાસે પૈસા ન હોય એવા વિદ્યાર્થીઓને ભણાવાનો ખર્ચ આપી ભણાવે તે મહત્વનું છે.

દરેક માનવમાત્રે એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે, પૈસો વધે એટલું જ પૂરતું નથી, પણ પૈસાની સાથોસાથ માનવતા પણ વધવી જોઈએ. સાચો માનવી તો બીજાઓનાં દુ:ખો જોઈને પોતાનાં ખીસ્સાં ખાલી કરી નાખે છે. માણસ બીજાઓ માટે જીવે ત્યારે જ એનું જીવન જીવન બને છે. સ્વકેન્દ્રી માણસ પોતાનો સ્વાર્થ છોડી પરોપકાર કરી શકતો નથી.

“ માનવતાનો મારગ ”

“ જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદીભરી ત્યાં આપની
આંસુ મહીં એ આંખથી, યાદી ઝરે છે આપની ”

લાઠીના કવિ કલાપીએ ગમે તેને અને ગમે તે અર્થમાં આ પંક્તિ લખી હોય, પરંતુ જનસેવા કરનારાઓને સંબોધીને પણ આ કાવ્ય લખી શકાય છે. કારણ કે પરોપકારી લોકોની



સેવાની સુગંધ તો દરેક સ્થાનોમાં આવતી જ હોય છે. રણછોડદાસજી મહારાજની માનવસેવાની સુગંધ સર્વત્ર પ્રસરતી જણાય છે. તેવા મહાન પુરૂષો માટે ઉપરોક્ત પંક્તિ યોગ્ય જ ગણાશે.

ચિત્રકૂટ ધામના આ મહામાનવે બિહારમાં દુષ્કાળના સમયે રાહત કેમ્પ શરૂ કરેલ તેનું વર્ણન કરતું 'માનવ દૃષ્ટિ' નામનું પુસ્તક વાંચવા જેવું છે. બિહાર રાહત કેમ્પમાં દરરોજ ૩૫ હજાર માણસોને જમાડવામાં આવતા હતાં ! છ મહિના સુધી દરરોજ આટલાં બધાં નર-નારીઓ અને બાળકોને જમાડ્યાં હતાં ! ત્યાં ગરીબ પુરૂષોને ધોતી અને સ્ત્રીઓને સાડી આપવામાં આવતી હતી. એક મહાપુરૂષે સેવાની જ્યોત જગાવી હતી તેને કારણે અનેક નિરાધારોના પેટ ભરાતાં હતાં.

ધનવાન લોકોએ આ પ્રસંગ જીવનમાં ઉતારવા જેવો છે અને સામાન્ય લોકોએ પણ પોતાના મોજ-શોખમાં થોડો કાપ મૂકી રૂપિયા બચાવી પરોપકાર કરવો જોઈએ. દુનિયાના દરેક ગરીબ લોકોને મદદ કરવા આપણે અસમર્થ છીએ, પરંતુ થોડા લોકોને થોડું અનાજ તો આપી શકીએને ? હાલમા પણ ફક્ત મહારાષ્ટ્ર રાજ્યનાં ગામડાંઓમાં રહેતા આદિવાસીઓનાં બાળકો કુપોષણને કારણે અર્થાત ભૂખને કારણે મૃત્યુ પામે છે તેના આંકડા બહાર આવ્યા છે.

હાલમાં મુંબઈના સાંસદ મુરલી દેવરાએ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને પત્ર લખ્યો તેમાં લખેલ છે કે "૬૦૦૦ બાળકો ઈ.સ.૨૦૦૩ થી ૨૦૦૪ સુધીમાં મૃત્યુ પામ્યાં છે.

ઈ.૧૯૯૬ થી ઈ. ૨૦૦૧ ના સમય ગાળા દરમિયાન ૨૯૦૦૦ આદિવાસી બાળકોનાં મોત થયાં હતાં ! આ મૃત્યુ પાછળનું કારણ ઓછું વજન અને ક્ષય જેવી બીમારીઓ નહિ, પણ કુપોષણ (સારા ખોરાકનો અભાવ) જ છે.”

ભક્તો ! સ્વિટ્ઝરલેન્ડ દેશના રાજપુરૂષ જીન ઝીગ્લરે ફ્રાન્સ દેશના પેરિસથી બહાર પડતાં અખબાર ‘ લિ માટિન’ માં જણાવ્યું હતું કે, “ દુનિયાની માનવ વસ્તીમાં દરરોજ ૪૦ હજાર લોકો ભૂખમરાથી મૃત્યુ પામે છે ! અને ૭૫ કરોડ લોકોને પુરું ખાવા પણ મળતું નથી ! ” માટે શક્તિ પ્રમાણે અન્નદાન કરી ગરીબોના પ્રાણ બચાવીએ.

“ મહામાનવ બનવા માટે ”

ભક્તો ! સેવાના ખંડે અજવાળાં ફેલાવવાં એ જીવન દીપનું કાર્ય છે, પરોપકારાર્થે બળીને સુગંધ પ્રસરાવવી એ અગરબત્તીનું કામ છે અને બીજાને અર્થે દુ:ખો સહન કરવાં એ મહામાનવોનું કાર્ય છે. સમાજમાં જે જે મહાન માનવો થયા છે તેઓએ પોતાના જીવનની એક એક પળ સમાજના ઉત્થાન માટે સમર્પિત કરી છે. મહાપુરૂષોના જીવનમાં આપણને તેઓની શ્રેષ્ઠ કર્મનિષ્ઠાનાં દર્શન થાય છે. પ્રાણીમાત્ર પ્રત્યે જે હમદર્દ બનીને રહે છે તેવા માનવીઓને ઉત્તમોત્તમ સ્થાનની પ્રાપ્તિ થાય છે. સફળ જીવન એનું જ કહેવાય છે કે, જેઓ પોતાના જીવનને દુ:ખીઓનાં દુ:ખો દૂર કરવામાં લગાવી દેતા હોય.



એક વાત યાદ રાખો : જે જિંદગી અત્યારે આપણને મળી છે એ જ જિંદગી મહાપુરુષોને પણ મળી હતી. જે બનાવો આપણી નજર સામે અત્યારે બની રહ્યા છે એ જ બનાવો તેઓની નજર સામે પણ બનતા હતા. જે જે સાધન-સામગ્રીઓ આપણને આજ મળી છે એ જ સાધન-સામગ્રીઓ તેઓને પણ મળી હતી. - તો પછી આપણામાં અને તેઓમાં ફેર શો પડ્યો કે આપણો સંસારમાં રખડતા જ રહ્યા અને તેઓ સંસારથી મુક્ત બની ગયા ?

બહુ એકાગ્રતાથી વિચારીશું તો સ્પષ્ટ દેખાશે કે, તેઓ સ્વહિતને બદલે પરહિત કરતા હતા, સ્વાર્થને બદલે નિ:સ્વાર્થ કાર્યો કરતાં હતાં, તેઓની દૃષ્ટિ દ્રવ્યને બદલે લોકોના દિલ પ્રત્યે હતી, ભોગને બદલે ભક્તિમાં તન્મય બન્યા હતા, દંભને બદલે દિલમાં દયા હતી, ક્રૂરતાને બદલે તેઓમાં કરુણાનો ધોધ વહેતો હતો અને ધૂર્તને બદલે ધર્મવાન હતા.

સમાજમાં પરોપકાર માટે જે માણસો સ્વજીવનમાં પરમાણુઓને ઘસે છે, એના જીવનમાં શાંતિનું વાતાવરણ સર્જાય છે. મહાપુરુષોનાં મન હંમેશાં અન્યોનાં સુખોને જોઈ શાંતિ પામતાં હોય છે. જીવન આશીર્વાદરૂપ ત્યારે જ બને કે જ્યારે પોતાના જીવનમાં પરોપકાર કરવાની તમન્ના જન્મે.

ગુલાબ આંખ અને નાકને આનંદ આપે છે. - કારણ કે તેમાંથી અત્તર બને છે, તેલ બને છે, સરસ મઝાનો પ્રભુ માટે હાર બને છે, ગુલદસ્તો બને છે અને ખાવા માટે ગુલકંદ પણ બને છે. - બસ એ જ રીતે આપણું જીવન પણ ગુલાબની જેમ અનેકોના જીવનમાં ઉપયોગી આવે તો આપણાં જીવનની સુવાસ પણ સમાજમાં ચારેબાજુ પ્રસરી જાય છે.



“ માનવતા - દાનવતા ”

ભક્તો ! વેદો કહે છે : “ મનુર્ભવ ” અર્થાત્ હે મનુષ્ય તું માનવ થા. આનો અર્થ એ થયો કે, મનુષ્ય યોનિમા જન્મવાથી કાંઈ માણસ બની જવાતું નથી. પોતાની ક્રિયાઓ પરથી માનવ અને દાનવની ખબર પડી જતી હોય છે. ઈ.૨૦૦૧ માં જ્યારે કચ્છમાં ભૂકંપ થયો એમાં ૭૦ હજાર માણસો મોતના મુખમાં હોમાઈ ગયાં અને હજારો ઘાયલ થયા ત્યારના પ્રસંગે માનવ અને દાનવની ઓળખાણ કરાવી દીધી હતી. એક બાજુ અનેક સંપ્રદાયની સંસ્થાઓએ અને પરોપકારી લોકોએ પોતપોતાના તંબુઓ નાખી નિરાધાર લોકોને અન્ન-વસ્ત્રાદિક આપી માનવતાનું કાર્ય કરી સાચા અર્થમાં માનવ બન્યા હતા.– જ્યારે કેટલાય બે પગાઓએ મરેલાં નર-નારીઓનાં શરીર પર પહેરેલાં સોનાનાં આભૂષણો ચોરવાનું શરૂ કરી દાનવતાનું કામ કરી દાનવ બની ગયા હતા! એક તરફ લોકો ટ્રકો ભરી ભરીને અન્ન-વસ્ત્રાદિક લાવીને પોતાની રાવટી-તંબુઓમાં ઢાલા કરી ભૂકંપગ્રસ્ત લોકોને આપતા હતા, જ્યારે બીજી તરફ કેટલાક મવાલીઓ પડી ગયેલાં મકાનોમાં જઈને અંદર રહેલાં કપડાં, રૂપિયા અને ઘર વપરાશની ચીજ-વસ્તુઓની ચોરીઓ કરતા હતા !

એ ભૂકંપ સમયે ઘણા નાના-મોટા લોકોએ પોતાના પ્રાણની પણ પરવા કર્યા વિના અનેક લોકોના જીવ બચાવ્યા હતા. ભુજમાં ૧૭ વર્ષની યુવતી ક્રિમાલી જોષીએ ચાલું ભૂકંપ સમયે ભાગવાને બદલે પડતા મકાનોમાં જઈ રસ્તો કરી



ઘવાયેલા અનેક લોકોને બહાર લાવી પ્રાણદાન આપી માનવતાનું મહાન કાર્ય કર્યું હતું.

મોરબીમાં પણ ભૂકંપે તારાજી સર્જી હતી. ત્યાં પણ નરભેરામ પટેલે મોતની પરવા કર્યા વિના કાટમાળમાં ઘુસીને તેની નીચે દબાયેલા ૩૬ માણસોને બહાર કાઢી પ્રાણ બચાવી માનવ તરીકેનું સાચું સર્ટિફિકેટ મેળવી લીધું હતું.

ભુજથી પ્રસિધ્ધ થતું અખબાર 'કચ્છ મિત્ર' માં ચોકીદાર તરીકે નોકરી કરતા નેપાળના ગોરખ બહાદુર નામના સજ્જને પણ પલાયન થવાને બદલે પડતા મકાનોમાં જઈ અનેકાનેક લોકોને કાટમાળ નીચેથી કાઢી જીવતા રાખ્યા હતાં. આવા તો અનેક નર-નારીઓ લોકોને બચાવી જીવનદાન આપી માનવ કહેવાયા હતા.

પોતા પર કરેલ અપકારને પણ ભૂલી જઈ ઘણા લોકો માનવતાની ફરજ બજાવતા હોય છે. ફ્રાંસ દેશમાં એકવાર કોલેરાનો રોગ ફાટી નીકળ્યો હતો. હોસ્પિટલોમાં જગ્યાઓ પણ ન હતી. તે સમયે હોસ્પિટલમાં દર્દીઓને તપાસી મેરી નર્સ રાત્રે પોતાના ઘેર આવતી હતી. તે સમયે એક મવાલીએ તેને પકડી બળાત્કાર કરવા ગયો. મેરીએ ભૂમાભૂમ કરી તેથી લોકોએ બચાવી લીધી. થોડા દિવસ પછી એ જ મવાલી કોલેરાનો ભોગ બન્યો. જગ્યા ન હોવાથી હોસ્પિટલમાં ડોક્ટરોએ ના કહી, તેથી રડવા લાગ્યો. મેરી તેને ઓળખી ગઈ, પણ અંતરમાં માનવતા પ્રગટી અને પોતાને ઘેર લઈ જઈ સારવાર કરવા લાગી !

“ આંતર ખોજ ”

ભક્તો ! રસગુલ્લા અને ગુલાબજાંબુના થાળ આંખ સામે જ હોય, છતાં પણ એને જમવાની ઈચ્છા ન થાય તો સમજવું પડે કે તેનું પેટ બગડેલ હશે અથવા તો તેના સ્વાદની ખબર નહિ હોય, કાં તો વૈરાગ્યવાળા હશે. સ્થાન યોપાટીના દરિયાનું હોય, આકાશમાં પુનમનો ચાંદ હોય, ફાગણનો મંદમંદ પવન વાતો હોય, છતાં મન પ્રસન્નતા ન અનુભવે તો સમજવું કે તેનું મન વ્યથિત છે અથવા હૃદય સંવેદનશીલતા ગુમાવી બેઠું છે.

બજારમાં ઘરાકી જોરદાર હોય, થોડી મહેનતે વિપુલ સંપત્તિ મળવાની સંભાવના હોય, પોતાની પાસે ઘરાકોની લાઈન લાગી હોય, છતાં પણ ધંધા માટે ઉત્સાહ ન જાગે તો સમજવું કે સંપત્તિની તાકાત તેને સમજાણી જ નથી. - બસ એ જ રીતે પરોપકારનો પ્રસંગ હોય, નજર સામે દીન-દુઃખીયાઓ આંસુઓ પાડતાં હોય છતાં પણ હૃદયમાં કરૂણા ન ઉભરાય અને તેમને મદદ કરવાની ઈચ્છા ન થાય તો સમજવું કે કાં તો એ આસુરી જીવ છે અથવા તો કુસંગના કારણે તેનું હૃદય પથ્થર જેવું બની ગયું છે.

બગદાદના બાદશાહ વાજીદ અલીશાહ એકવાર ગુલામોની બજાર પાસેથી પસાર થતા હતા. તેમની નજર તબેલા જેવા વાડામાં પૂરેલા ગુલામો તરફ ગઈ. દયામણા ચહેરે તેઓ બાદશાહ સામું જોઈ રહ્યા હતા. પશુઓની જેમ તેઓને વેચવા માટે ત્યાં રાખ્યા હતા. ગુલામોની આવી દશા જોઈને વાજીદ અલીશાહનું હૃદય કરૂણાથી ઉભરાઈ ગયું.



તુરંત તેમણે તે દરેક ગુલામોને વેચાતા ખરીદી લીધા અને મુક્ત કરી દીધા.

કુરાને શરીફમાં લખ્યું છે કે, "કોઈપણ વ્યક્તિ પ્રાણીમાત્ર સાથે દયાનો વ્યવહાર કરે છે તેના પર અલ્લા દયા કરે છે." આપણું જીવન તપાસવા જેવું છે. સ્વસ્થ શરીર અને સંપત્તિ હોવા છતાં આપણે બીજાના જીવનને કેટલા સુખી કર્યા ? અત્યાર સુધી શૂદ્ર વિચાર સરણી આ જ રહી છે કે, બીજો મને કેટલો ઉપયોગી થાય છે. ' પરસ્પૃહા મહાદુ:ખમ્ ' એના બદલે એવું વિચારવું કે, હું બીજાઓને કેટલો ઉપયોગી થઈ શકું છું.

આપણી ઓફિસ પાસે કોઈ ગરીબ વ્યક્તિ દરરોજ ચાલીને આવે છે અને આપણે ગાડીમાં જગ્યા છે અથવા સ્કુટરમાં જગ્યા છે તો શું આપણે તેમને બેસાડીએ છીએ ખરાં? જમવાનો સમય થયો હોય, આપણાને બરાબર કકડીને ભૂખ લાગી હોય અને તે સમયે કોઈ ભૂખથી પીડાયેલો માણસ આવે તો આપણે તેને જમાડીએ છીએ ખરા ? આપણાને ઠંડી લાગતી હોય તેને કારણે ગરમ શાલ ઓઢી હોય એ સમયે કોઈ ગરીબ માણસને ઠંડીથી ધ્રૂજતાં જોયો હોય તો તેને શાલ ઓઢાડવાની ઈચ્છા થાય છે ખરી ?

આપણા પરિવારના કોઈ સભ્ય બીમાર થઈ ગયા હોય અને તેમને હોસ્પિટલમાં લઈ જતા હોઈએ તે સમયે કોઈ ગરીબ માણસ રોગથી પીડાતો હોય તેને હોસ્પિટલમાં લઈ જવાની ઈચ્છા થાય છે ખરી ? આપણા સ્નેહી માટે દવા લઈ

જતા હોઈએ છીએ, એ રીતે કોઈ ગરીબ બીમાર હોય તેના માટે દવા લઈ જઈએ છીએ ખરા ? આપણા સ્નેહીજન બીમાર હોય એટલે તેઓને જોવા માટે હોસ્પિટલમાં જઈએ છીએ ત્યારે તેમને માટે ફ્રૂટ લઈ જઈએ છીએ; એ રીતે જનરલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગરીબ દર્દીઓ માટે ફળ લઈ જઈએ છીએ ખરા ? આપણાં બાળકો માટે ઘણીવાર મીઠાઈ કે કપડાં લઈ જતા હોઈએ છીએ, એ પ્રમાણે ક્યારેક અનાથાશ્રમમાં રહેલાં માતા-પિતા વિનાનાં નિર્દોષ બાળકો માટે મીઠાઈ કે કપડાં લઈ જઈએ છીએ ખરા ?

જો આવું ન થતું હોય તો માની લેવું કે, મારું જીવન નિજસ્વાર્થ પરાયણ છે. બીજા માટે ઘસાઈ જવાની વૃત્તિ જ નથી. કરુણાસભર હૃદય જ નથી. આવું તુચ્છ જીવન જીવનારો માણસ પોતાની સંપત્તિ બચાવી શકે છે, પરંતુ પોતામાં રહેલા સદ્‌ગુણો ગુમાવી દે છે. ભક્તો ! આવી ટૂંકી મનોવૃત્તિ છોડીને વિશાળ મનોવૃત્તિ બનાવી, જીવનની પદ્ધતિ ફેરવવી જોઈએ. બીજા નિરાધાર લોકોને મદદરૂપ બનવું જોઈએ. શરીર અને સંપત્તિનો પરોપકારમાં ઉપયોગ કરવો જોઈએ.

એક વાત યાદ રાખો કે, અન્યો પ્રત્યે હમદર્દ બનીશું તો આપણે યત્ર-તત્ર-સર્વત્ર આદરણીય બની જઈશું અને પ્રભુને પ્યારા બની જઈશું. જીવનમાં સફળતા પામવા માટે બીજાઓને સહાયક બનવાની વૃત્તિથી શાંતિનો કેટલો અનુભવ થાય છે તે તો જેઓને તે અનુભવ થયો હોય તેમને જ વાસ્તવિક ખબર હોય છે. “ ખિસકોલી શું જાણે આમ્રતણા રસને ? ”



“ માનવતા મરવા પડી ! ”

ભક્તો ! અમેરિકાના હબસીઓના તારણહાર મનાતા માર્ટિન લ્યૂથર કિંગને દુનિયાનું શ્રેષ્ઠ ઈનામ ‘નોબેલ પારિતોષિક’ મળ્યું ત્યારે સ્ટોકલેન્ડમાં એ પુરસ્કાર લઈને બોલેલા કે “ તરતી માછલીને જોઈને માણસને થયું કે આપણો પણ તરીએ, ઉડતા પક્ષીને જોઈને થયું કે આપણો પણ ઉડીએ, પરંતુ માનવતાનાં કાર્યો કરનાર સાચા માનવોને જોઈને એમ ન થયું કે, આપણો પણ સાચા માનવો બની અન્ય લોકોને કામ આવીએ.”

મીશીગન યુનિવર્સિટીની એક કોન્ફરન્સમાં ડોક્ટર બેન્જામીને કહેલું કે, “ અત્યારે વિશ્વમાં વિશેષ બુદ્ધિશાળી મનુષ્યો છે, છતાં માનવતા આજે રોગગ્રસ્ત છે !” અનેક દેશોમાં ભ્રષ્ટાચાર વધતો જાય છે. અનેક સરકારી ખાતાઓમાં અને પ્રાઈવેટ કંપનીઓમાં લાંચ વિના કોઈ કામ કરવા તૈયાર નથી ! વિદ્યાદાન જેવા પવિત્ર કામમાં પણ થોડી-ઘણી લાંચ આપ્યા વિના દાખલ થઈ શકાતું નથી.

અરે ! પ્રજાની રક્ષણની જવાબદારી જેના ઉપર છે અને માલ - મિલકતનું જેઓને રક્ષણ કરવાનું છે એવા પોલીસખાતાના ઘણા પોલીસો પણ કચ્છના ભૂકંપ સમયે મૃત્યુ પામેલાં નિર્દોષ નર-નારીઓના હાથમાંથી ઘડિયાળો, આંગળીઓમાંથી સોનાની વીંટીઓ અને ગળામાંથી સોનાનાં હાર વગેરે કાઢતા હતા ! આ દેશ્યો ત્યાં રહેતા લોકોએ નજરોનજર જોયાં હતાં ! એક માણસ તરીકે તો શરમજનક

ગણાય જ, પરંતુ પોલીસ માટે તો વિશેષ શરમદાયક ગણાય. -એટલા માટે જ કહેવામાં આવે છે કે "એનસાઈક્લોપીડિયાની (જ્ઞાનની) વખારો ભરી છે, પણ માણસ દેખાતો નથી !"

સ્વ. પ્રભુદાસ પટવારીએ ૩૦ હજાર રૂપિયા કાર્યકરોને આપીને કહ્યું: "આ વરસે દુષ્કાળ પડ્યો છે, માટે ગરીબ લોકોને અન્ન-વસ્ત્રાદિક લઈ આપજો." પરંતુ બધા જ રૂપિયા ખવાઈ ગયા, ચવાઈ ગયા ! - આવું જોઈને એવું નથી લાગતું ? કે પેલા દુષ્કાળ કરતાંય પણ માનવતાનો દુકાળ કેટલો ભયંકર છે.! માણસોની વસ્તી છતાં માનવતા વેરાન દેખાય છે.

અમેરિકાના ટેક્ષાસ રાજ્યમાં એડવર્ટાઈઝ આવેલી કે, 'વોન્ટેડ હોલીમેન' અર્થાત આજે સાચા માનવીઓની ખોટ છે. એક વાત સમજી રાખવી કે, જેમાં માનસિક, નૈતિક,સામાજિક અને આધ્યાત્મિક વિકાસ થયેલો હોય એને જ પૂર્ણ માનવ કહી શકાય છે. આવા કપરા સમયમાં દરેકને સાચા માનવો બનવાની સદ્‌બુદ્ધિ આપે એવી શ્રી હરિજીને પ્રાર્થના કરીએ.

" જાગ્યા ત્યાંથી સવાર "

ભક્તો ! જીવનમાં સંપત્તિ અને વિપત્તિ તો આવવાની જ છે. તે બન્નેમાં હિંમત હાર્યા વિના પોતાનું હૈયું ઠરે એવા પરોપકારનાં કાર્યો કરવા એ જ ખરી માનવતા છે. ભગવાને આપેલા જીવનનો એક દિવસ પણ વ્યર્થ જવો એટલે ભગવાન સાથે બેઈમાની કરી ગણાય. પ્રભુએ આપેલ માનવ દેહથી



પરોપકારનું એક પણ કાર્ય ન થાય તો સમજી લેવું કે, માનવદેહરૂપી મૂડીને આપણે ખોટા માર્ગે વેડફી દેવાળું ફૂંકી રહ્યા છીએ.

એક નાનું એવું કોડિયું સૂરજની ગેરહાજરીમાં થોડું પણ અજવાળું આપીને પરોપકારનું કાર્ય કરી રહ્યું છે. સ્પર્ધા વિનાનું એ કોડિયું પોતાના ઉપર આવેલ જવાબદારીને પોતાની ફરજ સમજી અજવાળું આપે છે; એ જ રીતે માનવમાત્રે પણ પોતાની ફરજ સમજી માનવતાનાં કાર્યો પોતાની શક્તિ પ્રમાણે કરવાં જોઈએ. માણસ હોવું અને કેવળ નિજ સ્વાર્થ માટે જ કાર્યો કરવાં એ પશુઓ કરતાં પણ હલકા કહેવાને યોગ્ય છે.

ઘણા લોકોને એમ થશે કે "પરોપકારનાં કામો તો ધનવાન લોકો જ કરી શકે, અમારી પાસે ધન નથી, તો પછી અમો કેવી રીતે એવાં કામો કરી શકીએ ?" આવું સમજનારાઓએ એવું સમજવું જોઈએ કે, ' હું ભલે લાખો રૂપિયા દાનમાં નથી આપી શકતો, પણ એક ભૂખ્યાને જમાડી તો શકું ને ? હું નિરાધાર પશુઓ માટે બે ડોલ પાણી તો પાઈ શકું છું ને ? હું પક્ષીઓ માટે વાટકો ચણ તો નાખી શકું છું ને ? હું મકાન કે ઝાડની ડાળીએ પક્ષીઓને પાણી પીવાની પરબડી તો લટકાવી શકું છું ને ? હું રસ્તામાં ઠેસ વાગતા પથ્થરોને તો ઉખાડી શકું છું ને ? હું કૂતરાને બટકું રોટલો તો નાખી શકું છું ને ? '

શું આવા પરોપકારનાં કાર્યો કરવામાં લાખો રૂપિયા જોઈએ ખરા ? કદાચ આટલું પણ ન થઈ શકે તો કાંઈ નહિ, પણ કોઈ આવું કરતાં હોય તેને કેવળ વાણી દ્વારા સંમતિ

આપીએ તો પણ માણસ કહેવાઈશું. અમુક લોકોને તો એવી કુટેવ હોય છે કે, પોતે તો કાંઈ ન કરે, પણ બીજા સજ્જનો કરતા હોય તેના કામમાં પણ વિઘ્નો કરે અને નાહકના ઈર્ષ્યા કરી મનમાં બળ્યા કરે; આવા લોકોને માણસ કેમ કહેવાય ?

આપણે આપણા જીવનને સરસ, સભરસ કે નિરસ બનાવવું એનો બધો આધાર આપણા પર જ રહેલો છે. યાદ રાખો, માનવતાનો વિકાસ ન થાય ત્યાં સુધી માણસ બનવાની લાયકાત આવતી જ નથી. દિવેટની જેમ બીજા માટે થોડું બળતાં શીખીશું તો જીવન તાજગીવાળું બનશે; માટે ભૂતકાળને ભૂલી જઈ વર્તમાનમાં જ માનવતાનાં કાર્યો કરવાં મંડી પડીએ ને ખરા અર્થમાં માનવ બની જઈએ.

“ પરોપકાર ચિંતન ”

“ સૂરજને કમળની ગરજ નથી હોતી,
કે કમળને સૂરજની અરજ નથી હોતી;

બધી ખટપટ મૂકી દે દોસ્ત !
પરોપકારમાં કાંઈ ફરજ નથી હોતી ”

ભક્તો ! જે વ્યકિત હંમેશાં બીજાઓનું ભલું કરે છે, તેમનું ભલું ભગવાન કરે છે. એક વાત યાદ રાખો કે, મૂડીનું વ્યાજ ત્યાં સુધી જ મળી શકે છે કે જ્યાં સુધી તે સહી-સલામત છે; પણ પરોપકારનાં કાર્યોથી મળેલી મૂડી એવી છે કે એનો



નાશ થતો નથી, કોઈ લઈ જઈ શકતું નથી અને વ્યાજ પણ મળ્યા કરે છે.

જે માણસ બીજાઓની લાગણીને સમજવાય તૈયાર થતો નથી એનું જીવન માનવ જીવન તો નથી જ, પણ પશુ જીવનય નથી; એનું જીવન તો પથ્થરીયું જીવન જ જાણવું. -કારણ કે, દુ:ખીઓનાં અને ગરીબોનાં દિલ તો ધનવાન જેવાં જ હોય છે; છતાં તેમના પ્રત્યે લાગણી ન થાય તો પછી પથ્થર જેવાં જ જીવન કહેવાયને ? ડોંગરેજી મહારાજ કહેતા કે, "જે માણસ પરમાત્મા અને પરોપકાર માટે આંસુઓ પાડે છે તેઓને બીજા જન્મોમાં રડવાનો વારો આવતો જ નથી." કર ભલા તો હોગા ભલા એ સુખી થવાનો સોનેરી ઉપાય છે.

ભૂખ લાગવી તે પેટની પ્રકૃત્તિ છે, એકલા ખાવું તે બુદ્ધિની વિકૃતિ છે અને બીજાને ખવડાવીને પછી ખાવું તે માનવ સંસ્કૃતિ છે. મૃત્યુ પછી પોતાના નામ આગળ 'સ્વર્ગસ્થ' શબ્દ મૂકાવવા માણસે કોઈ પણ દાખડો કરવો પડતો નથી, પરંતુ પોતાના નામ આગળ જીવનકાળ દરમિયાન 'સર્વસ્થ' શબ્દ મુકાયેલો અનુભવવા પરોપકારનાં કાર્યો કરવા પડે છે. પોતે કષ્ટ વેઠીનેય સામાને સુખ પહોંચાડવામાં જે આનંદ મળે છે અને જે જીવન રસાયણ મળે છે એની પાસે તો જગતનાં બીજાં બધાંય સુખો વ્યર્થ છે.!

જગતમાં ત્રણ પ્રકારના લોકો હોય છે. કેટલાક લોકો મારી ખાય, કેટલાક માગી ખાય અને કેટલાક વહેંચી ખાય.

હિમાલયના કિનારે દયાનંદ સ્વામી તપ કરતા હતા. તે સમયે એક સ્ત્રીએ પોતાના મૃત્યુ પામેલ બાળકને ગંગાજીમાં પધરાવીને એને ઓઢાડેલ વસ્ત્ર પાછું લઈ લીધું. દયાનંદજીએ એનું કારણ પૂછ્યું, ત્યારે પેલી સ્ત્રી કહે : "મારી પાસે બદલવા માટે બીજું વસ્ત્ર જ નથી." આવું સાંભળી સ્વામીજીનું હૃદય ખળભળી ઉઠ્યું. તુરંત તપની સમાપ્તિ કરી ગામે ગામ ફરી રાજાઓ અને ધનવાનોને ઉપદેશ આપી ગરીબોને અન્ન-વસ્ત્ર આપવા પ્રેરણા કરી પરોપકારનાં મહાન કાર્યો કરવા મંડી પડ્યા.

" મંથન "

" ભિખારી નહિ ભીખ માગે, શીખ આપે ઘરે ઘરે ;
નહિ દીધાનાં ફળ આવાં, માટે આપો અરે અરે "

ભક્તો ! કેટલી સરસ માર્મિક વાત આમાં કહી દીધી છે ? યાદ રાખજો, ભિખારી આપણી પાસે હાથ લંબાવે છે એ શોખને ખાતર નહિ, પરંતુ મજબૂરીને ખાતર. એની મજબૂરીને નજર સામે લાવ્યા વિના એના પર ગમે તેવા આક્ષેપો કરતાં ખૂબ વિચાર કરો. હા, અમુક કામચોર હોય છે, તેવાને કહી શકાય; પણ અતિ વૃદ્ધ કે અંગ વિનાનો હોય તેને તો ન જ કહેવાય. તેવા લોકોને તો અવશ્ય મદદ કરવી જ જોઈએ, પણ ઘણા નિર્દય લોકો આ સમાજમાં હોય છે.

એક શેઠ પોતાના વિશાળ બંગલામાં સોફા પર બેસીને પેપર વાંચતો હતો. તે સમયે એક ભિખારી આવીને કરગરવા



લાગ્યો : "શેઠજી ! ચાર દિવસથી ભૂખ્યો છું, દયા કરી કાંઈક જમવાનું આપો; ભગવાન તમારું ભલું કરશે." શેઠ તો પોતાના ભવા અધ્ધર ચડાવી બોલ્યો : " અલ્યા રખડું ! આ શહેરમાં પહેલી વાર આવ્યો છે ? " ભિખારીએ કહ્યું : " હા શેઠજી." ત્યારે નિર્દય હૃદયના શેઠના રૂપમાં શેતાન બોલ્યો : "ચાલતી પકડ અહીંથી; ફરીથી આવ્યો છે તો માર ખાધા વિના નહિ રહે."

આવા નિર્દય લોકોને શેઠ નહિ, પરંતુ શઠ કહેવા એ વધારે યોગ્ય છે. આવી શેતાનિયત ભરેલી જિંદગી જીવનારાઓ આ દુનિયામાં બહુ લોકો છે. પોતાના જ જીવાત્માને દુર્ગતિમાં ધકેલી દેવાના ક્રૂરતા ભરેલાં પાપો તેઓ આ રીતના ગરીબોનાં અપમાનો કરીને કરતા હોય છે. આવા લોકોના જીવનમાં કેન્દ્રસ્થાને 'જડ વસ્તુઓ ' હોય છે. જિંદગીની મહામૂલી ક્ષણો તે લોકો જડ વસ્તુઓને સાચવવામાં જ વેડફી નાખતા હોય છે.

ભક્તો ! આવા શેઠ જેવા નિર્દય ન બનવું જોઈએ, પણ ગરીબો અને નિરાધાર લોકો પ્રત્યે હમદર્દી રાખવી જોઈએ. મોજ-શોખમાં કાપ મૂકીને પણ એવા લોકોને મદદ કરવી જોઈએ, એ જ માનવ જીવનનું સાચું કર્તવ્ય છે. ' ગરીબી હટાવો ' ના નારાઓ સાથે સત્તા પર આવનારાઓને પૂછવું જોઈએ કે, તમારા વહીવટી ખર્ચા ગરીબીને વધારી રહ્યા છે કે ઘટાડી રહ્યા છે ? દરેક નિર્દયીઓને પ્રભુ દયા અર્પે એ જ અભ્યર્થના. "

પત્તિનો સદુપયોગ ”

બગદાદ (ઈરાક)નો બાદશાહ પ્રજા પર ભારે ટેક્સ નાખીને ખજાનો ભરતો હતો અને મનોમન આનંદ પામતો હતો. ખજાનો ઓછો થવાને ભયે કયારેય પણ પરોપકારનાં કાર્યો કરતો ન હતો. દીન-દુ:ખીયો માટે પણ કયારેય વાપરતો ન હતો; તેને કારણે પ્રજામાં અપ્રિય બની ગયો હતો.

આ વાતનો એક સારા ફકીરને ખ્યાલ આવ્યો. એટલે તેઓ મહેલમાં બાદશાહ પાસે ગયા અને થોડા દીનાર (રૂપિયા) આપીને કહ્યું : “ સુલતાન ! આ દીનાર હમણાં તમારી પાસે રાખો. તમે સ્વર્ગમાં આવો ત્યારે ત્યાં મારા માટે લેતા આવજો.” આવું સાંભળી બાદશાહ બોલ્યો : “ ફકીર બાવા ! આવું કેમ બની શકે ? મૃત્યુ બાદ સાથે તો કંઈ પણ ન આવી શકે, તો હું તમારા દીનાર કેવી રીતે લાવી શકું ?” તુરંત ફકીરે કહ્યું : “ભલા માણસ ! તારો આટલો મોટો ખજાનો જો તું લાવી શકીશ તો પછી મારા થોડા દીનાર લાવી નહિ શકે ? આવું સાંભળી બાદશાહ સમજી ગયો અને ફકીરની માફી માગી, પ્રજા પરનો વધારાનો કર પાછો ખેંચી પરોપકારમાં પોતાની સંપત્તિ વાપરવા લાગ્યો.

સંપત્તિ કાં તો વપરાય છે, કાં તો વવાય છે કાં તો વેડફાય છે. જે સંપત્તિ પોતાના માટે અને પોતાના સ્નેહીઓનાં જીવન નિર્વાહ માટે ઉપયોગમાં લેવાય તે વાપરી કહેવાય છે. જે સંપત્તિ પરોપકારનાં કાર્યોમાં વપરાય છે તે વાવી કહેવાય છે



અને જે સંપત્તિ અધર્મના માર્ગે અર્થાત દારૂ-માંસ- ફિલ્મ અને વ્યભિચારને માર્ગે વપરાય એને વેડફી કહેવાય છે.

પરોપકાર માટે હંમેશાં જીવનનું ઝરણું વહેતું રાખનારાઓ જ ખરા અર્થમાં માણસો કહેવાને લાયક છે. સાચો ધર્મ માનવતા પ્રગટાવનારો જીવનદીપ છે. જે શ્રદ્ધાપૂર્વક તેમાં પ્રકાશ ઝીલે તો ઉદ્ધાર થઈ જાય છે. પરોપકારરૂપી સદ્‌ગુણો જગતમાં જીવનને દીપાવે છે. જીવનને જગતમાં દીપાવનાર માનવ સેવા છે.

સંપત્તિ જો પરોપકારમાં વપરાય તો સુખદાયક કહેવાય છે. સંપત્તિનો સદુપયોગ સદ્‌ગુણોને લાવે છે. ત્યાગીને ભોગવી જાણનાર સારો કહેવાય છે; બાકી તો સંપત્તિ ન મળે ત્યાં સુધી તેની ઝંખના રહ્યા કરે અને તે મળે એટલે તેનું રક્ષણ કરવાની વ્યવસ્થા કરી તેને કયાં રોકાણ કરવી તેની ચિંતા રહ્યા કરે છે, માટે સંપત્તિનો પરોપકારમાં સદુપયોગ કરનારાઓ જ તેના સાચા માલિક ગણાય છે.

“ પરોપકાર ”

“ यही पशु प्रवृत्ति है कि आप आप ही चरे;
वही मनुष्य है कि जो मनुष्य के लीये मरे ”

- મૈથિલીચરણ ગુપ્તા

માણસનું જીવન આશીર્વાદરૂપ ત્યારે જ બને કે જ્યારે એનામાં પરોપકાર કરવાની તમન્ના જાગે. માણસ અને ફૂલમાં

તફાવત માત્ર આટલો જ છે કે, પુષ્પ ખીલે છે, ખરે છે અને વચ્ચે સુગંધ પ્રસરાવતું જાય છે; જ્યારે મોટા ભાગના માણસો તો જન્મે છે અને મરે છે, પણ વચ્ચેનાં જીવન તો બહેકતી દુર્ગંધ પ્રસરાવતા જાય છે. હા, અમુક ભક્તો-સંતો તેમજ સજ્જનો પોતાનાં જીવનને પરોપકાર રૂપી પુષ્પથી મઘમઘતાં મૂકીને જાય છે.

દરિયાની ખારાશ પોતાના ઉરમાં સમાવી લોકોને મીઠું પાણી આપનાર નાળીયેર આપણને સંદેશો આપે છે કે, " વિશ્વની ખારાશ ઉરમાં સમાવજે પરંતુ લોકોને તો મીઠું પાણી જ આપજે. સ્વધર્મ પાલનમાં કાયલીની માફક કઠોર અને અંતરથી મલાઈ જેવો મુલાયમ રહી પરોપકારમાં તારું તન,મન અને ધન અર્પણ કરજે."

પરોપકાર માટે જીવનનું ઝરણું હંમેશાં વહેતું રાખનાર જ સાચો યજ્ઞકર્તા છે. પરોપકાર માટે જે વ્યક્તિ પોતાના તન-મન અને ધનને ઘસે છે એના જ જીવનમાં શાંતિનું વાતાવરણ સર્જાય છે. જ્યારે સામેની વ્યકિતને સુખ આપવાની બુદ્ધિથી પરોપકાર કરીશું તો આપણા અંતરમાં સુખ ઉત્પન્ન થશે અને આસક્તિ રહિત પરોપકાર કરીશું એટલે અંદરથી આનંદ પ્રગટ થશે.

એક વૃદ્ધ સજ્જન અંધારી રાત્રે ફાનસ લઈને ઊભા હતા. તેના મનનો ભાવ એવો હતો કે, " રાત્રિએ ચાલનારાઓને તકલીફ ન પડે." તે સમયે એક વ્યક્તિએ તે વૃદ્ધને પ્રશ્ન પૂછ્યો : " તમે ફાનસ લઈને ઊભા છો તેથી લોકોને પ્રકાશ



મળે છે, પરંતુ તેમાં તમોને શું લાભ થશે ?”
આવો સવાલ સાંભળી પેલા વૃદ્ધ સજ્જને સરસ જવાબ આપ્યો : “અરે ભાઈ ! લોકોને હું બહારનો પ્રકાશ આપું છું તેના કારણે મારા અંતરમાં આનંદ મળે છે – શાંતિ મળે છે, તેથી મારો અંતરાત્મા સંતુષ્ઠ થઈ રહ્યો છે. ” એક વાત યાદ રાખો : “ પારકા લોકો માટે પગથિયાં ન બની શકીએ તો કાંઈ નહિ, પરંતુ કોઈના માટે ખાડા તો ભલા થઈને કયારેય પણ ન જ બનીએ.”

“ પ્રાણીઓ પાસેથી શીખીએ ”

“ પર-હિત બસ જિનકે મનમાહિ, તિન કહું જગ દુર્લભ કછુ નાહિ;
પર-હિત લાગી તજે જો દેહી, સન્તત સન્ત પ્રસંસત તેહી. ”

- તુલસીદાસજી

આપણાં જીવનને આપણે અન્યને ઉપયોગી થવામાં સમાવેશ કરીએ છીએ કે નહિ ? એનો વિચાર કરવો. જો એવો સમાવેશ ન થતો હોય તો એવું સ્વાર્થી અને સંકુચિત જીવન આપણને પોતાની જ આસપાસ ફેરવ્યા કરશે. અરે ચામાચીડિયાંઓ, જંગલી ફૂતરાંઓ, ચિમ્પાન્ઝીઓ અને જરખ પ્રાણી આ બધાં પોતે ભૂખ્યા રહીને પોતાના જાતભાઈઓને પોતાના ભાગનું જમવાનું આપીને પણ સુખી કરે છે, જ્યારે મોટા ભાગના માણસો તો આ પ્રાણીઓ કરતાં પણ હલકા મનના હોય છે ! તેઓ બીજાનું ખાઈ જવામાં જ બહાદુરી માનતા હોય છે.

જગતમાં કુલ ૧૩૦૦ જાતનાં ચામાચીડિયાં છે. તેમાં સૌથી ખતરનાક વામ્પાયર નામની જાતનું ચામાચીડિયું છે. તે મનુષ્યોનું અને પશુઓનું લોહી એવી રીતે પીવે છે કે ખબર જ ન પડે ! આવી ભયંકર પ્રકૃતિ હોવા છતાં પણ તે વામ્પાયર પોતાના જાતભાઈઓ ભૂખ્યા હોય તો પોતે પોતાનો ખોરાક પેલાના મુખમાં રેડી તેના હમદર્દ બની જમાડ્યાનો સંતોષ અનુભવે છે.

આ વામ્પાયરો દક્ષિણ અમેરિકામાં આવેલ બ્રાઝિલ દેશમાં અખંડ વહેતી ' એમેઝોન' નદીના ગાઢ જંગલોમાં રહે છે. આ નદી દુનિયાની સૌથી મોટી 'નાઈલ' નદી પછીની બીજા નંબરની છે. તે એમેઝોનની લંબાઈ ૬૨૮૦ કિલોમીટર છે; જ્યારે નાઈલની લંબાઈ ૬૬૭૧ કિલોમીટર છે. આ સિવાય આ વામ્પાયર ચામાચીડિયા ફિલિપાઈન્સ, મેક્સિકો, વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ અમેરિકાના અન્ય દેશોમાં રહે છે. આ પ્રાણી પાસેથી પણ પ્રેરણા લઈ શકાય છે.

જીવન એ પ્રભુની અત્યંત મૂલ્યવાન ભેટ છે. તે જીવનને સાર્થક કરવા માટે 'તેન ત્યક્તેન ભુંજીથા:' ત્યાગીને ભોગવવું જોઈએ. એ મંત્રનું આચરણ કરવું જોઈએ. ઉપનિષદમાં જણાવ્યા પ્રમાણે માણસ પોતાનો જીવનક્રમ ગોઠવે તો માનવ મટી મુક્ત બની જાય –નર મટી નરોત્તમ બની જાય છે.

એક વાત યાદ રાખો : જે સંપત્તિ પોતાના તથા પોતાના પરિવારના જીવન નિર્વાહમાં કે શોખમાં વપરાય તે વાપરી કહેવાય, જે દીન-દુ:ખીઓ માટે કે ધર્મકાર્યમાં વપરાય તે વાવી કહેવાય અને જે અધર્મને માર્ગે વપરાય તેને વેડફી



કહેવાય છે. ત્રણેયમાંથી કયાં ઉપયોગ કરવો એનો નિર્ણય આપણે સ્વયં લેવાનો છે.

“ સરિતા પાસેથી શીખીએ ”

“ નદીયું પાણી નથી એનાં પીતી રે,
ઉપકારી એનો આત્મા રે હો જી
ઝાડવા ફળ નથી એનાં ખાતાં રે,
ઉપકારી એનો આત્મા રે હો જી
ગાવલડી દૂધ નથી એનાં પીતી રે,
ઉપકારી એનો આત્મા રે હો જી ”

- કવિ દુલા ભાયા કાગ

લોકો સૂર્યનારાયણને નમસ્કાર કરે છે, નદીને માતા માને છે, ચંદ્રને ચાંદામામા કહે છે અને વૃક્ષોને જીવન કહે છે તેનું એક કારણ એ પણ કહેવાય છે કે તેઓ પરોપકાર કરે છે.જો કે તેઓને પરમાત્મા તરફથી મળેલ પ્રાકૃતિક ગુણ છે, તો પણ તેઓ પાસેથી પરોપકાર કરવાનું શીખવું જોઈએ. જો ઉપકારનો ખ્યાલ જ નહિ આવે તો તેનો બદલો વાળવાનું કેમ શક્ય બનશે ? પુણ્યના કારણે મળેલ સંપત્તિથી પરોપકાર કરવાની મનમાં ઈચ્છા નથી થતી ત્યારે એમ લાગે છે કે, આ વૃત્તિ તો પશુ-જીવનની સૂચક છે. ખોળિયું કેવળ માનવનું અને વૃત્તિ માત્ર ભોગની ? આવી વૃત્તિને તો દુર્ગતિનું રીઝર્વેશન જ કહી શકાય ને ?

હે ભક્તો ! નદી અને ખાબોચિયામાં ફર્ક શું ? બન્નેમાં પાણી તો છે જ, પરંતુ નદીનું જળ વહેતું છે, જ્યારે ખાબોચિયાનું

જળ બંધિયાર છે. સરિતા છે તે આકર્ષે છે, તેનો કિનારો છોડીને જવાનું મન જ ન થાય; જ્યારે ખાબોચિયામાં તો અનેક નાના-નાના જીવજંતુઓ હોય છે એ ઘૃણા ઉત્પન્ન કરાવે છે. –

આજ રીતે સમાજમાં પણ આવા બે પ્રકારના લોકો છે; સરિતાની માફક વહ્યા કરે અર્થાત્ પરોપકારમાં પોતાની સંપત્તિને અખંડ વાપર્યા કરે છે. સમાજ સેવામાં પોતાનું જીવન ઘસી નાખતા હોય છે. આવા લોકોની પાસે બેસવાથી આનંદ થાય છે; જ્યારે ખાબોચિયા જેવા સંકૂચિતવૃત્તિવાળા લોકો પાસે બેસવાથી તો ઉદ્વેગ થાય છે, કારણ કે એવા લોકો ધનવાન હોય તો પણ સંપત્તિનો સદ્વ્યય કરતા નથી હોતા. આવા કંજુસ લોકો પોતાના જ જીવનને દુર્ગંધયુક્ત બનાવી દેતા હોય છે તેના કારણે ડાહ્યા માણસો તેનાથી દૂર રહેતા હોય છે.

એક વાત યાદ રાખવી કે, સેવા અને પરોપકારનો પ્રવાહ અટકશે એટલે જીવન સરિતામાંથી ખાબોચિયા જેવું બની જશે અને અંતે સ્વાર્થની બૂદબું મારશે. વિષયોની દુર્ગંધ શરૂ થશે તેના કારણે ભક્તો અને સજ્જનોથી દૂર ફેંકાઈ જવાશે.

નદીનું જીવન એ સમર્પણનું જીવન છે. તેનું પાણી થોડું હોય તો પણ મીઠું હોય છે, જ્યારે સાગરનું પાણી અપાર હોય છે, પણ ખારું હોય છે; તેનું કારણ બતાવતાં મહાપુરુષો અને સાહિત્યકારો લખે છે કે, " સરિતા પાસે પાણી ભલે થોડું છે છતાં પણ તે સતત આપતી જ રહે છે. એમાં સમર્પણની મીઠાશ છે; જ્યારે સાગર હંમેશાં ભેગું જ કર્યા કરે છે, તે સંગ્રહ કર્યા કરે છે તે માટે ખારો છે. આપણે જીવનને તન-મન અને



ધનથી નદીની જેમ સમર્પણ કરીશું તો જીવનની સુવાસ ચારેબાજું ફેલાઈ જશે; પરંતુ દરિયાની જેમ કેવળ સંગ્રહખોર બનીશું તો જીવન સંકૂચિત બની જશે."

" બાવીશી મંડળ ! "

" हंमेशां के लिये रहना नहि, ईस झानी दुनियामें
कुछ अच्छा काम करलो, यार दिनकी जिंदगानीमें "

એક વાત ધ્યાનમાં રાખવી : જીવિકાનું શિક્ષણ રૂપિયા કેમ મેળવવા તે બતાવે છે, જ્યારે જીવનનું શિક્ષણ મેળવેલ રૂપિયાનો પરોપકાર કરવો જોઈએ તે બતાવે છે. હાલ અમદાવાદમાં બાવીશી મંડળ ચાલે છે. તેમાં ૨૨ મિત્રો છે. તેઓ કોલેજમાં સાથે ભણતા ત્યારથી નક્કી કર્યું હતું કે, "ભણ્યા પછી પણ આપણે ૨૨ મિત્રોએ હંમેશાં સુખ-દુખમાં સાથે રહી પરોપકારનાં કાર્યો કરવાં."

ભણ્યા પછી નોકરી-ધંધામાં લાગી ગયા અને ગાડીઓવાળા બની ગયા, છતાં પણ દોસ્તી અને પરોપકારનાં કાર્યો તો શરૂ જ રાખ્યાં ! હાલમાં તે ૨૨ મિત્રો લોહીની જરૂરવાળાને પોતાનું લોહી આપે છે, ગરીબ યુવતીઓનાં લગ્ન કરાવી આપે છે, બીમાર લોકોને દવાઓ લઈ આપે છે અને વિદ્યાર્થીઓ પાસે ભણવાની સગવડ ન હોય તો તેઓને રૂપિયા આપી મદદ કરે છે. આવા અનેક પરોપકારનાં કાર્યો તેઓ કરી રહ્યાં છે.

જોયું ભક્તો ! દરેક વ્યક્તિએ આવી દોસ્તી રાખવી જોઈએ અને ફેલ-ફિતુરમાં પૈસાને વેડફવા કરતાં પરોપકારનાં કામો કરવાં જોઈએ. જ્યાં સુધી સમય અનુકૂળ હોય અને ધન પાસે હોય તો સારાં કાર્યોમાં વાપરી લેવું જોઈએ, કારણ કે સમયને વળાંક લેતાં વાર નહિ લાગે. એક ઘાંચીની દુકાનમાં આગ લાગી, તે સમયે તે તલ ખાવા લાગ્યો. લોકોએ આમ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે ઘાંચીએ જવાબ આપ્યો : " આ તલ ખાઈ લઉં એટલા જ મારા છે, બાકી તો સળગી જવાના છે."આ પ્રસંગ ઘણું સમજાવે છે.

" દાન વિષે "

" તન પવિત્ર સેવા કિયે, ધન પવિત્ર દીયે દાન
મન પવિત્ર હરિ ભજનસેં, ઈસ બિધ હો કલ્યાન
ન ધન રહે ન જોબન રહે, ન રહે ગામ ન ઠામ
તુલસી જગમેં જશ રહે, કરદે કીસીકા કામ "

- તુલસીદાસજી

વ્હાલા ભક્તો ! શાસ્ત્રોમાં અનેક પ્રકારના દાન માનેલાં છે. અભયદાન, ઔષધદાન, અન્નદાન, જળદાન, વસ્ત્રદાન, વિદ્યાદાન, પાત્રદાન અને ધનદાન વગેરે. આમ જોઈએ તો દાન કરનારાઓએ ફૂલાઈ જવાની જરૂર નથી; કારણ કે, દાન તો પોતાને માટે જ કરવાનું છે ! અર્થાત દાન કરનારાઓ સુખ આપીને તેના બદલામાં સુખ લેવા માગે છે. તેમાં પણ સુખના વિભાગો હોય છે. કોઈ સ્વર્ગ સુખની આશાએ દાન કરતાં હોય



છે, કોઈ આવતા (બીજા) જન્મનાં સુખો માટે દાન કરતાં હોય છે, કોઈ પોતાનાં પાપ બાળવા માટે દાન કરતાં હોય છે, તો કોઈ કેવળ પરમાત્માને અને સંતોને રાજી કરવા માટે દાન કરતાં હોય છે.

જે જે ઈચ્છાઓ કરીને દાન કરવામાં આવે છે તેથી તેના બદલારૂપે દાન કરનારને દાનના પ્રમાણે અને પાત્રતા પ્રમાણે સુખ અવશ્ય મળે છે. જે જે સંતો અને ભક્તો મુમુક્ષુઓને મોક્ષને માર્ગે ચઢાવી જન્મ-મરણ થકી છોડાવે છે તે અભયદાન કહેવાય છે અને તેનું ફળ આ બ્રહ્માંડના અનંત જીવોને અર્થાત્ દરેક જીવ પ્રાણી માત્રને મૃત્યુ થકી બચાવે અને જે પુણ્ય મળે એટલું બધું પુણ્ય મોક્ષના માર્ગે ચઢાવનારને પણ મળે છે ! આવું અમારા આદિ ગુરૂ આધારાનંદ સ્વામીએ સ્વહસ્તે પોતાના ગ્રંથ 'શ્રી હરિચરિત્રામૃત સાગર' માં લખ્યું છે. પરંતુ સાચા સંતો ભક્તોને પુણ્યની ઈચ્છા નથી હોતી તે તો શ્રીહરિજીની પ્રસન્નતાર્થે જ સત્સંગ કરાવી દૈવીજનોને મુક્તિનો માર્ગ બતાવતા હોય છે.

આ સિવાય ધન વગેરેનું દાન પણ પ્રભુને રાજી કરવા માટે જ કરાતું હોય તો દાન કરનારાઓ ઉપર પ્રભુ જરૂર રાજી થતા હોય છે. જે દાન પ્રભુ પ્રસન્નતાર્થે કરવામાં આવે તો તે ભક્તિરૂપ બનીને મુક્તિમાર્ગમાં ઉપયોગી થઈ જાય છે. દાતા એવું સમજીને દાન કરે કે, " મારા પ્રભુની આજ્ઞા છે કે, 'પરોપકારમાં ધનનો સદુપયોગ કરવો' તેથી હું દાન-પુણ્ય કરું છું." આવું સમજીને દાન કરે તો તે દાનને પણ ભક્તિ માનીને દાતા પર હરિ પ્રસન્ન થાય છે.

“ દાન છે તે ઓવર ડ્રાફ્ટ છે ! ”

હે ભક્તો ! દરેક સત્શાસ્ત્રોમાં દાનનો ખુબ મહિમા કહેવામાં આવ્યો છે. દાન છે તે ધર્મનું આભૂષણ છે. પરમાત્માએ એક હાથ કમાવા માટે અને બીજો હાથ કમાયેલા ધનનો સદ્વ્યય કરવા માટે આપ્યો છે. વૃક્ષો ફળ-ફૂલનો ત્યાગ કરે છે તેથી તેને શ્રીહરિજી વધારે ફળ-ફૂલ આપે છે; એ જ રીતે મનુષ્યો પણ સંપત્તિનો સદુપયોગ કરે તો તેઓને પણ પરમાત્મા વધારે સંપત્તિ આપે છે.

ધન પરમાત્માનું જ છે, આપણે તો તેઓના ટ્રસ્ટીઓ છીએ, એવું સમજીને દાન કરવું જોઈએ. દાન કરવું એટલે ખેતરમાં વાવવું ! જે રીતે ખેતરમાં વાવેલ અનાજ ચાર મહિના બાદ અનંતગણું થઈને પાછું આવે છે, એ જ રીતે કોઈ પણ પ્રકારનું કરેલ દાન તેનો સમય પાકતાં જરૂર પાછું આવે છે. મહાપુરુષો લખી ગયા છે કે, “કોઈનો ભાર ન રાખે મુરારી, વ્યાજ સહિત આપે ગિરધારી”

દાન છે તે ઓવર ડ્રાફ્ટ છે. કારણ કે અત્યારે જે લોકો ધનવાન છે તે ગયા જન્મના ઓવર ડ્રાફ્ટ વાપરી રહ્યા છે. તેઓના કારણે તેઓ સુખી છે. અત્યારે જે લોકો દાન કરે છે તે આવતા જન્મના ઓવર ડ્રાફ્ટ છે ! માટે ધનવાન લોકોએ ભવિષ્યનાં સુખો માટે પણ પરોપકારનાં કાર્યો કરવાં જ જોઈએ. દાનનો સંબંધ સંપત્તિ સાથે જેટલો નથી, તેટલો હૃદયની ઉદારતા સાથે છે. ઈ.સ.૧૮૩૫ માં સ્કોટલેન્ડમાં જન્મેલ અને અમેરિકાને પોતાની કર્મભૂમિ બનાવેલ એવા તે સમયમાં



દુનિયાના સૌથી મોટા ઉદ્યોગપતિ એન્ડ્રૂ કાર્નેગી કહેતા કે, "દોલત મેળવ્યા પછી જો તેનો ઉપયોગ જનકલ્યાણ માટે ન કરવામાં આવે તો તે દોલત અને જીવન બન્ને વ્યર્થ છે." ભક્તો! એ કેવળ કહેતા જ હતા એવું ન માનશો તેમણે તો એ સમયમાં અર્થાત્ ૧૨૫ વર્ષ પહેલાં એક અબજ અને છાસઠ કરોડ રૂપિયાનું દાન કર્યું હતું !

હાલ ૨૧ મી સદીની શરૂઆતમાં છેલ્લા ૧૦ વર્ષથી દુનિયાના સૌથી મોટા ધનવાન ગણાતા અમેરિકાના 'માઈક્રોસોફ્ટ' ના સ્થાપક અને ચેરમેન એવા બિલ ગેટ્સે અત્યાર સુધીમાં કુલ ૧૨૨ અબજ અને ૫૦ કરોડ રૂપિયાનું દાન કર્યું છે !! હું માનું છું ત્યાં સુધી અત્યાર સુધીના ઈતિહાસમાં મોટા મહારાજાઓને બાદ કરતાં આટલું મોટું દાન એક વ્યક્તિએ હજુ સુધી કર્યું નહિ હોય. આ દાનને કારણે તે સૌથી મોટા ધનવાનની સાથોસાથ દુનિયાના સૌથી મોટા દાનવીર પણ છે. આટલું મોટું દાન કરીને તેઓએ આવતા જન્મનો ઓવર ડ્રાફ્ટ તૈયાર કર્યો છે, એ જ રીતે અન્ય ધનવાનોએ પણ કરવું જોઈએ.

" ધન ધોઈને વાપરવું ! "

હે વ્હાલા ભક્તો ! તનની શુદ્ધિ સ્નાન કરવાથી થાય છે, મનની શુદ્ધિ પ્રભુના ગુણો ગાવાથી અને સાંભળવાથી થાય છે, એમ ધનની શુદ્ધિ દાન કરવાથી થાય છે. માટે જ શાસ્ત્રકારો લખી ગયા છે કે, ' ધં...ધો ! ' અર્થાત્ ધનને ધોઈને વાપર, ધનને ધોવું એટલે દાન કરવું - પરોપકારનાં કાર્યો કરવાં.

સ્વામિનારાયણ પ્રભુએ શિક્ષાપત્રીના ૧૪૭ મા શ્લોકમાં પણ કહ્યું છે કે, " પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન-ધાન્યાદિક તે થકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો." તે સિવાય પણ ૧૫૫-૧૫૬ મા શ્લોકમાં લખી ગયા છે કે, " ધનવાન એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞો તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી (બારશ) આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનનાં મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવા."

ભક્તો ! આ સિવાય પણ ધનનો સદુપયોગ કરવાનાં અનેક સ્થાનો છે, માટે સુજ્ઞ ધનવાનોએ ધનનો સદુપયોગ કરી મહાપ્રભુ શ્રી હરિજીને રાજી કરી લેવા જોઈએ. કેટલાંક ધનવાનો દાન આપતાં અચકાય છે. કોણ દાન કરી શકે છે તે વિષે વિહારીલાલજી મહારાજ 'હરિલીલામૃત' ગ્રંથમાં જણાવે છે કે : –

(ઉપજાતિ)

" છે દ્રવ્યને દેહ વિનાશવંત, ધારે સ્વચિત્તે જન જે ધિમંત
બિજે વર્યું તે જર વ્યર્થ જાય, એવું ગણે તો ધરમાર્થ થાય
સંસારની ઝાળ સદા બળે છે, તેમાં પછી તે પ્રજળી ટળે છે
તેમાંથી કાઢી ધન પુણ્ય કીધું, તે લાયમાંથી જ બચાવી લીધું



જનો ગણે છે જર જીવ સાટે, માયાં કપાવે બહુ દ્રવ્ય માટે
જો થૈ રુચી પુણ્ય કર્યાની જેને, તો હું કહું છું અતિ ધન્ય તેને
સંગ્રામમાં જૈ શિરને કપાવે, ચડી પહાડે તન ઝંપલાવે
તે તો બધુંએ કરવું સહેલ, ધર્માર્થ દેવું ધન મુશકેલ
દુઃખે કરી મેળવિયા જ દામ, જાણે પડે કોઈક કાળ કામ
અંતે બધું એહ પડયું રહેશે, તે લૂંટનારા જન લૂંટી લેશે”

– ક.-૧૦, વિ.-૧૧

“ ડોંગરેજી મહારાજની વાણી ”

પરમ ભાગવત સંત તરીકે લોકહૃદયમાં જેઓનું અજોડ સ્થાન છે એવા પ્રભુ પ્રેમી પ્રાત : સ્મરણીય શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ કહેતા : “ જીવનમાં સુખી થવાનો ઉપાય એ છે કે બીજાઓને સુખ આપો, જીવન સફળ થઈ જાય તેવા સુકૃત્યોની વાવણી કરો.” ‘વાવે તેવું લણે’ તેનો અર્થ એ છે કે, આ જન્મમાં એકઠું કરેલું પુણ્ય બીજા જન્મમાં મળશે.

ધનની ત્રણ ગતી છે. : દાન, ભોગ અને નાશ; તે માટે સંપત્તિનો સદ્વ્યય કરી લેવો જોઈએ. તમારી પાસે ધન હોય તો જોજો કે, ‘ મારી શેરીમાં અને મારા ગામમાં કોણ ભૂખ્યો છે, કોણ કપડાં વિનાનો છે. ગરીબ લોકોને અન્ન-વસ્ત્રાદિક આપી પ્રભુની પ્રસન્નતા મેળવી પુણ્યનું ભાથું ભરજો. જ્યારે તમારું ભાગ્ય અનુકુળ હોય ત્યારે ખુબ ધન વાપરજો, પણ સંકોચ કરશો નહિ, કારણ કે તમારું ભાગ્ય પ્રતિકૂળ થશે ત્યારે સંપત્તિને સાચવવા પ્રયત્નો કરશો તોય રહેશે નહિ. ભાગ્ય પ્રતિકૂળ થતાં ધર્મરાજ યુધિષ્ઠિર પણ દરિદ્ર થયા હતા, તો

પછી સાધારણ મનુષ્યની તો વાત જ શું કરવી ? માટે હાથમાં છે ત્યાં સુધી સદુપયોગ કરી લેજો.

દાન કરવાથી પૈસા પ્રત્યેની આસક્તિ મટી જાય છે. જેની પાસે સુવર્ણ વધે એ જો સમર્પણની દિશામાં આગેકૂચ કરતા રહે તો એમની સમૃદ્ધિ સાત્ત્વિક અને શાશ્વત રહે છે. છેલ્લો શબ્દ કા હતો એવી દ્વારિકા અને લંકા પાસે પુષ્કળ સમૃદ્ધિ હતી અને બંને સોનાની હતી. બન્ને નગરીની રચના દેવોના શિલ્પી વિશ્વકર્માએ કરી હતી. - પરંતુ બન્ને નગરીના લોકોમાંથી સદાચાર ગયો તેથી બન્નેનો વિકાસ થવાને બદલે વિનાશ થયો ! લંકા સળગી ગઈ અને દ્વારિકા ડૂબી ગઈ ! માટે સંપત્તિનો પરોપકારમાં સદુપયોગ કરવો જોઈએ.

લક્ષ્મી (ધન) ત્રણ પ્રકારની કહેવાય છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. ઉત્તમ લક્ષ્મી એને કહેવાય છે કે, દીકરી તરીકે માને, અર્થાત જે ધનવાન વ્યક્તિને દીકરી હોય તેઓ તેમને ભણાવે મોટી કરે અને અંતે ખુબ કરિયાવર કરી સાસરે મોકલી દે છે. – એ જ રીતે લક્ષ્મીને (ધનને) પણ પોતાના પતિ નારાયણને સોંપી દે. – અર્થાત્ ભગવત્ સંબંધી કાર્યોમાં વાપરે. મધ્યમ લક્ષ્મીને માતા તરીકે માને. - અર્થાત માતાને હંમેશા ઘેર જ રાખવાનાં હોય છે; તેમ ધનને કેવળ ભેગું જ કર્યા કરે પરંતુ દાનમાં આપે નહિ અને કનિષ્ઠ લક્ષ્મીને પોતાની પત્ની તરીકે માને ! અર્થાત્ પત્ની સાથે કેવળ વિષયો જ ભોગવ્યા કરે, તેમ ધનને કેવળ પંચવિષય ભોગવવામાં જ વાપરે.”



“ માલવપતિના જવાબો ”

“જે હોય દૈવી જન તેહ જાણે, પુણ્યે વર્યું તે જ ખરું પ્રમાણે
પવિત્ર બુધ્ધિ પ્રગટીત થાય, પુણ્યાર્થ તેના કરથી કરાય ”

- વિહારીલાલ મહારાજ

હે ભક્તો ! ઉજ્જૈન નગરીમાં થઈ ગયેલા પરદુ:ખભંજન માલવપતિ ભોજ રાજાની ગણના પાંચ હજાર વર્ષ પહેલાં થયેલા દાનેશ્વરી કર્ણ અને બે હજાર વર્ષ પહેલાં થયેલા પરદુખ:ભંજન રાજા વીર વિક્રમ સાથે થાય છે. ભોજરાજા સંસ્કૃત ભાષાના મહાન પંડિત હતા. તેઓના દરબારમાં મહાકવિ કાલિદાસનું સ્થાન અગ્રગણ્ય હતું. રાજા ભોજ ખુબ ઉદાર દિલના રાજવી હતા. દીન-દુ:ખીયાઓની દરેક ઈચ્છા તેઓ પૂરી કરતા હતા. વિશેષ કરી વિદ્વાનો અને બ્રાહ્મણોને તેઓ પૂજ્યભાવે માનતા હતા.

ભોજરાજાની દાનવીર તરીકે ખ્યાતિ સાંભળી એક નિર્ધન વિદ્વાન ઉજ્જૈનમાં આવ્યા. તે બ્રાહ્મણના ઘરમાં હાંડલા કુસ્તી કરે એવી સ્થિતિ હતી, તેથી તેમણે એક શ્લોક લખી ભોજરાજાને આપ્યો. તેમાં પોતાની ગરીબાઈનું વર્ણન હતું. તે વાંચીને રાજાએ એક ચિઠ્ઠી લખી બ્રાહ્મણને આપીને કહ્યું : “તમો આ ચિઠ્ઠી લઈને રાજ્યના ખજાનચી પાસે જાઓ.” પછી તે ચિઠ્ઠી લઈને તે ભૂદેવ ખજાનચી પાસે ગયા ને પેલી ચિઠ્ઠી આપી. ખજાનચીએ વાંચી, તેમાં લખેલ હતું : “આવનાર ભૂદેવને એક હજાર સોનામહોર આપશો.”

આવું વાંચી ખજાનચીના મનમાં વિચાર આવ્યો : "અરે, ! રાજા જો આમનેઆમ દાન આપ્યા જ કરશે તો ખજાનો વહેલો ખુટી જશે." પછી તેમણે રાજાને પત્ર લખી બ્રાહ્મણને ભોજ રાજા પાસે મોકલ્યા. વિપ્રે જઈ ભોજરાજાને પત્ર આપ્યો. રાજાએ વાંચ્યો તો તેમાં લખેલ : "રાજન્ ! આપદર્થે ધનં રક્ષેત્' - મહારાજ ! આપત્કાળમાં વાપરવા માટે ધનનું રક્ષણ કરવું જોઈએ, માટે તમો દાન ઓછું કરો." તુરંત ભોજરાજાએ બીજો પત્ર લખી બે હજાર સોનામહોર આપવા કહ્યું. ભૂદેવે ખજાનચીને પત્ર આપ્યો. તેમાં લખેલ : "શ્રીમંતા કુત: આપદ:" -'ધનવાનોને આપત્કાળ કેમ આવે ?' તેવું વાંચી ખજાનચીએ બીજો પત્ર લખ્યો : "કદાચિત્કુપિતો દૈવ:"- 'ક્યારેક દૈવનો કોપ થાય તો ?' તે વાંચી ભોજ રાજાએ ત્રીજો પત્ર લખ્યો : " દૈવનો કોપ થાય ત્યારે તો તમામ સંપત્તિ નાશ પામે છે, ત્યારે તો સંગ્રહ કરેલી પણ રહેશે નહિ." આવું વાંચી ખજાનચીએ બે હજાર સોનામહોર ભૂદેવને આપી દીધી.

પૂર્ણ ભાવથી દાન કરવું

" જે ભાવથી દાન ભલું કરાય, તે દાનનું તો ફળ શ્રેષ્ઠ થાય
આપે અભાવે વળિ લોક લાજે, તે દાન તો નિષ્ફળતા જ કાજે
જે દાન દે કામ કશું કરાવી, કે દાન દે વસ્તુ સડેલી લાવી
કે દાન દૈ આપ ફૂલાઈ ગાજે, તે દાન તો નિષ્ફળતા જ કાજે "

– કવિ શ્રી દલપતરામ



ભક્તો ! સમાજમાં મોટા ભાગના માણસોમાં એવું જોવા મળે છે કે, પરોપકાર કરે તેમાં પોતાનું નામ અવશ્ય આવવું જોઈએ અને તો જ દાન આપતા હોય છે. ગુપ્ત દાન કે ભાવદાનનું એવા લોકોના હૃદયમાં કોઈ સ્થાન જ હોતું નથી. જેને કેવળ નામ સાથે જ મતલબ હોય એવા કીર્તિમાનોને ભાવ સહિત કરેલ દાન સાથે શું લેવા-દેવા? ભાવ વિના કરેલ દાનનું પૂરું ફળ મળતું નથી, માટે દાતાઓએ નામને બદલે ભાવનાને મુખ્ય રાખવી જોઈએ. જો, દાન લેનાર મંદિર કે સંસ્થા પોતાની ઈચ્છાથી નામની તકતી મૂકે તો દાતાશ્રીને કોઈ હાની થતી નથી; પરંતુ કેવળ કીર્તિ માટે જ મંદિરો કરાવાતાં હોય અથવા કરતા હોય, કીર્તિ માટે જ ગુરુકુળો અને હોસ્પિટલો ચલાવવામાં આવતાં હોય તો તેનું ફળ પૂર્ણતય મળતું નથી. વળી લોકલાજને કારણે દાન કરાતું હોય, પણ અંદર તો બિલકુલ ઈચ્છા જ ન હોય આવા દાન કરનારાઓને પણ પૂરું ફળ મળતું નથી. અમુક દાનવીરોને તો પરલોકના સુખની કોઈ ઈચ્છા જ ન હોય તેઓ તો કેવળ આ લોકની કીર્તિ માટે જ બધું કરતા હોય છે; તેવા એક શાહુકારનો પ્રસંગ સાંભળો.

એક નગરશેઠ કેવળ કીર્તિ માટે મંદિર બંધાવતા હતાં. તેમાં અનેક મજુરો અને શિલ્પકારો કામ કરતા હતા. તે સમયે એક સંતે ત્યાં આવીને પૂછ્યું : "આ મંદિર શું કામ થાય છે ?" મજુરોએ જવાબ આપ્યો : "મહાત્મા ! મુમુક્ષુઓના મોક્ષ માટે આ મંદિર થાય છે." પછી સંતે શિલ્પીને પૂછ્યું : " શેઠ શા માટે મંદિર બંધાવે છે?" ત્યારે બુદ્ધિશાળી સંતને બુદ્ધિશાળી

શિલ્પીએ કહ્યું : "સ્વામીજી ! આ શેઠ પોતાના નામની તકતી લગાવી દરેકને બતાવવા માટે મંદિર કરાવે છે !"

ભક્તો ! શાસ્ત્રોમાં ગુપ્તદાનનો ખુબ મહિમા છે, માટે નામનો મોહ છોડી સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા. અર્થાત્ પોતપોતાના ઈષ્ટદેવને રાજી કરવા માટે દાન કરવું જોઈએ તેથી સજ્જન, સંત તેમજ સર્જનહાર આપણા પર પ્રસન્ન થાય.

" વિશ્વની મોટી બેંકો, પરંતુ... "

હે વ્હાલા ભક્તો ! લોકો પોતાના ધનને સલામત રાખવા માટે પોતપોતાના દેશની સૌથી મોટી બેંક હોય તેમાં પોતાનું ધન મુકી આવતા હોય છે. હાલમાં દુનિયામાં સૌથી મોટી ૧૬ બેંકો છે. તેમાં ભારતની 'સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા' અમેરિકાની 'ચેઝ મેનહટન' અને 'સિટી કોર્પ' - (ન્યૂર્યોક) જાપાનની 'બેંક ઓફ ટોકિયો' ફ્રાન્સની 'ક્રેડીટ એગ્રીકોલ,' – (પેરિસ) જર્મનીની ' ડચ્યુસ બેંક,' નેધરલેન્ડની 'એ.બી.એન.એમરો,' ચીનની 'બેંક ઓફ ચાઈના' અને સ્વિટ્ઝરલેન્ડની 'યુનિયન બેંક ઓફ સ્વિટ્ઝરલેન્ડ ' વગેરેનો સમાવેશ થાય છે.

વિશ્વની સૌથી મોટી બેંક સ્વિટ્ઝરલેન્ડમાં આવેલ 'સ્વીસ બેંક' છે. તેમાં દુનિયાના દરેક અબજોપતિઓના કાળાં-ધોળાં બંને પ્રકારનાં નાણાં છે. લોકો પોતાનાં નાણાંની સલામતી માટે તેમાં જમા કરાવી દે છે, પણ તેઓને ખ્યાલ



નથી કે, તેઓની આયુષ્ય પૂરી થતાં એ નાણામાંથી એક ડોલર કે પેની પણ તેઓને મળી શકશે નહિ; જ્યારે દાનમાં આપેલ નાણું તો બીજા જન્મમાં અવશ્ય મળવાનું જ છે. ડાહ્યો માણસ એને જ કહેવાય છે કે, જે પરોપકારનાં કાર્યો કરી પરલોકની બેંકમાં પોતાનાં નાણાં જમા કરાવી બીજા જન્મનું ભાતું ભેળું કરવા મંડી પડે. આ પ્રસંગની પુષ્ટિ માટે એક દૃષ્ટાંત સાંભળો.

એક ગામમાં એક શેઠ હતા. તે અત્યંત લોભી હોવાથી ક્યારેય પણ કોઈને દાન આપતા નહિ. પરંતુ તેઓનાં પત્ની ગુણિયલ અને ધાર્મિક હતાં, તેથી પોતાની દુકાને ખરીદી કરવાં આવતાં આજુબાજુનાં ગામડાંઓનાં સ્ત્રી-પુરુષોને પોતાને ઘેર જમાડીને સાચવતાં હતાં. એક વાર શેઠે શેઠાણીને કહ્યું : "ભાતું કરી આપો, મારે ગામડાંઓમાં ઉઘરાણી કરવા જવું છે." ત્યારે શેઠાણી બોલ્યા: "ભાતાની વ્યવસ્થા તો મેં અગાઉથી જ કરી રાખી છે, માટે ભાતા વિના જાઓ, તમોને દરરોજ સમયસર જમવાનું મળી રહેશે."

શેઠાણીમાં વિશ્વાસ રાખી શેઠ ગયા. જે જે ગામમાં જાય તે તે ગામનાં સ્ત્રી-પુરુષો પરસ્પર કહેવા લાગે : " અરે ! આ શેઠ તો પેલા શેઠાણીના છે કે જેઓ આપણને જમાડે છે, માટે આપણે પણ શેઠને જમાડવા જોઈએ." પછી તો શેઠને નવી નવી મીઠાઈ જમવાની મઝા પડી ગઈ ! ભક્તો ! આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે, આપણે પણ પુણ્ય-દાન કરીને અત્યારથી જ ભાતાની સગવડ કરી રાખવી જેથી પરલોકમાં જઈએ ત્યારે પેલા શેઠની જેમ આનંદથી દિવ્ય ભોજન જમી શકીએ !



“ પરલોકમાં લેતો આવજે ”

બે સગા ભાઈઓ હતા. બન્ને ધનવાન હતા. તેમાં એક સદાચારી અને દાતા હતા. તેથી અનેક સ્થાનોમાં પરોપકાર કરતા અને દુ:ખીઓનાં દુ:ખો મટાડતાં હતાં; જ્યારે બીજો ભાઈ કંજુસ હતો અને શ્રદ્ધા વિનાનો હતો તેથી પુણ્ય-દાન કરતો નહિ.સમય જતાં જે દાનેશ્વરી હતા તે સજ્જન બીમાર પડ્યા, તેથી તેનો નાનો ભાઈ રૂપિયા લઈને આવ્યો અને બોલ્યો : “ભાઈ ! હું તમારા રૂપિયા ઉછીના લઈ ગયો હતો તે દેવા આવ્યો છું.”

આવું સાંભળી પેલા સજ્જને વિચાર કર્યો કે, “ મારો ભાઈ પુણ્યમાં માનતો નથી અને કંજુસાઈને કારણે દાન પણ કરતો નથી, માટે તેને શીખામણ દેવાનો આ મોકો છે.” આમ વિચારીને તેણે કહ્યું: “ભઈલા ! હવે તો હું આ લોકમાં રહેવાનો નથી, તેથી તું પરલોકમાં આવે ત્યારે સાથે લેતો આવજે એટલે મને ત્યાં કામમાં આવે.”

મોટાભાઈની આવી વાત સાંભળી નાનોભાઈ હસતા હસતા બોલ્યો : “અરે ભાઈ ! કેવી વાત કરો છો ? પરલોકમાં તો એક પાઈ પણ સાથે ન આવે, તો પછી હું કેવી રીતે તમારા રૂપિયા સાથે લાવી શકું ?” આવું સાંભળી મોટાભાઈ બોલ્યા : “તું કંઈ પણ દાન-પુણ્ય કરતો નથી અને તમામ આવકને ભેગી કરે છે, તો તે બધી સંપત્તિ તારી સાથે આવશે ખરી ?” મોટાભાઈનું શીખામણ યુક્ત વચન સાંભળી તુરંત નાનો ભાઈ સમજી ગયો અને મોટાભાઈની માફી માગી પરોપકારમાં પોતાની સંપત્તિ વાપરવા લાગ્યો.



“ લે, મુર્ખને આપજે ”

એક રાજાએ તેના મિત્રને એક છડી આપીને કહ્યું : “મિત્ર! લે આ છડી, આ છડી મહામૂરખ હોય તેને આપજે.” આ વાતને અમુક વર્ષો વીતી ગયાં પછી રાજા ખુબ બીમાર પડ્યા તેથી પથારીવશ થઈ ગયા. તે સમયે એનો મિત્ર છડી લઈને આવ્યો ને રાજાને આપવા લાગ્યો; તેથી રાજા ક્રોધ કરીને બોલ્યા : “એલા ! મારી મશ્કરી કરે છે ? મેં તો તને મૂરખને છડી આપવા કહ્યું હતું.”

આવું સાંભળી પેલો સજ્જન મિત્ર કહેવા લાગ્યો : “રાજન્! મેં તમારા જેવો બીજો કોઈ મહામુર્ખ જોયો નહિ, તેથી તમોને છડી આપું છું.”રાજા તો આવું સાંભળી આશ્ચર્ય પામી કારણ પૂછવા લાગ્યો. ત્યારે પેલા મિત્રે કહ્યું : “ મિત્ર! તમને ભગવાને રાજા બનાવ્યા, આટલી બધી સમૃદ્ધિ આપી, છતાં પણ તમોએ નથી પરોપકારનાં કામો કર્યાં કે નથી પુણ્ય-દાન કર્યું; કેવળ પંચવિષય ભોગવવામાં જ ધનનો દુરુપયોગ કર્યો છે, તેથી તમારા જેવો બીજો કોણ મહામુર્ખ કહેવાય ? ” ભક્તો ! આ પ્રસંગ આપણને ઘણું-બધું સમજાવે છે. આપણો રાજા જેવું કરતા નથી ને ? તે વિચારવું.

“ પાંચ પ્રશ્નોના જવાબ ”

હે ભક્તો ! કર્મનો એક નિયમ છે કે, જે લોકો અત્યારે ધનવાન છે તેઓએ પૂર્વ જન્મમાં પૂણ્ય-દાન કર્યા હશે તેના કારણે તેઓ સુખી જણાય છે અને અત્યારે જેઓ મહેનત

કરવા છતાં અનેક પ્રયત્નો કરવા છતાં ગરીબ છે, તેઓએ પૂર્વકાળના જન્માંતરોમાં એ જ્યારે મનુષ્ય હશે ત્યારે દાન-પુણ્ય કે પરોપકારનાં કાર્યો કર્યાં નહિ હોય, તેના કારણે તેઓ નિર્ધન થયા છે. હાલમાં જેઓ ધનવાન છે તેઓ અત્યારે દાન-પૂણ્ય નહિ કરે, તો આવતા જન્માંતરોમાં તેઓને કર્માનુસાર જ્યારે મનુષ્ય દેહ મળશે ત્યારે નિર્ધન થશે. - આ પ્રસંગને યથાર્થ સમજવા માટે એક દૃષ્ટાંત સાંભળો.

એક બુદ્ધિશાળી રાજાએ પોતાના મહામંત્રીને પાંચ પ્રશ્નો પુછ્યા : (૧) છે છે અને છે, (૨) છે છે અને નથી, (૩) છે અને નથી (૪) નથી અને છે (૫) નથી નથી અને નથી. રાજાના પ્રશ્નો સાંભળી બુદ્ધિમાન મહામંત્રીએ વિચાર કર્યો : "બોલીને જવાબ આપવા કરતાં પ્રત્યક્ષ પ્રમાણો સાથે જવાબ આપું." આ રીતે મનોમન નક્કી કરીને આઠ દિવસની મુદત માંગી.

એક દિવસ પ્રશ્નોના જવાબો પ્રત્યક્ષ જોવા માટે મહામંત્રી વિચરણ કરવા લાગ્યા. ત્યાં તેઓએ એક મોટો મહેલ જોયો. તે બંગલો નગરશેઠનો હતો. મહામંત્રીએ જોયું તો શેઠ હીંડોળે બેસીને ધાર્મિક ગ્રંથ વાંચી રહ્યા હતા. દરવાજે એક સેવક બેસીને ગરીબ લોકોની માંગણી સાંભળતો હતો, કોઈને અનાજની જરૂર હતી, કોઈને દવા લેવા માટે પૈસાની જરૂર હતી, કોઈને ભણવા માટે પુસ્તકો ખરીદવા હતાં, કોઈને કપડાંની જરૂર હતી, કોઈને ઓપરેશન કરાવવા માટે પૈસાની જરૂર હતી અને કોઈને પોતાની યુવાન દીકરીઓનાં લગ્ન કરવા પૈસાની જરૂર હતી.

દરેકની માગણીઓ સેવક સાંભળી શેઠને કહેતો હતો



અને શેઠ તેઓની ઈચ્છાઓ પૂરી કરતા હતા. તેના કારણે ગરીબ લોકો અંતરના આશીર્વાદ આપી હરખાતા હૈયે ઘેર જતા હતા. આવું સુંદર દૃશ્ય જોઈને મહામંત્રીએ નગર શેઠને સાથે આવવા કહ્યું; તેથી શેઠ રથમાં બેસી દરબારમાં આવવા મંત્રી સાથે બેસી ગયા.

બન્ને આગળ ચાલ્યા. ત્યાં એક વિશાળ હવેલી આવી. મહામંત્રી જોવા લાગ્યા, ત્યાં પણ હીંડોળે હીંચકતા હીંચકતા એક શેઠ નવલકથા વાંચતા હતા. તેઓના દરવાજે પણ ગરીબોની ભીડ હતી; પરંતુ તેઓને ગાળો બોલીને શેઠ નોકર દ્વારા એક પણ પૈસો આપ્યા વિના કાઢી મૂકાવતા હતા. તેને કારણે ગરીબ માણસો નિરાશ થઈને શેઠની નિર્દયતાના ઉદ્‌ગારો કાઢતા હતા. આવું દુ:ખમય દૃશ્ય જોઈને તેમને પણ સાથે લીધા.

રથ આગળ ચલાવ્યો, ત્યાં એક અતિ શોભાયમાન બંગલો જોયો. તેના ઝરૂખામાં એક સ્વરૂપવાન વેશ્યા બેઠી બેઠી રાજમાર્ગ પર આવતા-જતા પુરુષોને આંખના ઈશારે બોલાવતી હતી અને તેની બાજુમાં એક યુવતી ઊભી ઊભી પંખો લઈ વેશ્યાને પવન નાંખતી હતી. મહામંત્રીએ તેને પણ સાથે લીધી. રથ આગળ ચલાવ્યો, ત્યાં એક નાની ફૂલવાડી આવી. તેની વચ્ચે એક ઘાસની ઝુંપડી જોઈ. ત્યાં જઈને મહામંત્રીએ જોયું તો એક સંત સાદડી પર બેસી પ્રભુના ધ્યાન સાથે નામ-સ્મરણ કરતા હતા. તેઓને પણ સાથે આવવા વિનંતી કરી રથમાં બેસાડયા.

રથ આગળ ચલાવ્યો, ત્યાં એક ભિખારીને ભૂખના

દુ:ખથી વ્યાકુળ બની જવા માટે લોકો આગળ કરગરતો જોયો; તેથી તેને પણ સાથે લીધો. પછી પાંચેયને લઈ રાજા પાસે આવીને કહ્યું : "રાજન્ ! આપના પાંચ પ્રશ્નોના પ્રત્યક્ષ જવાબ લઈને આવ્યો છું, માટે સાંભળો. પ્રથમ નગરશેઠને બતાવીને કહ્યું : " આ શેઠને પૂર્વનું પુણ્ય છે તેને કારણે અત્યારે મોટા ધનવાન થયા છે અને હાલમાં તેઓ ધાર્મિક જીવન જીવીને અનેક પ્રકારના દુ:ખી લોકોની ઈચ્છાઓ પૂર્ણ કરી ખુબ પુણ્ય-દાન કરે છે. તેને કારણે હવે પછીના જન્મોમાં પણ તે મોટા ધનવાન થવાના છે; માટે ' છે છે અને છે ' આ તમારા પહેલા પ્રશ્નનો જવાબ આ નગરશેઠ છે.

બીજા પ્રશ્નના જવાબમાં આ બીજા શેઠ છે. આ શેઠને પૂર્વનું ખુબ પુણ્ય છે તેના કારણે અત્યારે તેઓ ધનવાન છે; પરંતુ આ વખતે તેઓનું જીવન ધાર્મિક નથી તેમજ ગરીબોને કંઈ પણ આપતા નથી તથા અન્ય જગ્યાઓમાં પણ કયારેય પુણ્ય-દાન કરતા નથી, તેના કારણે ભવિષ્યના મનુષ્ય જન્મમાં હવે ધનવાન નહિ બને, પરંતુ ગરીબ બનશે, કારણ કે આવતા જન્મ માટે તેઓ પુણ્ય-દાન કરતા નથી; માટે " છે છે અને નથી" આ તમારા બીજા પ્રશ્નનો જવાબ આ શેઠ છે."

ત્યાર બાદ પેલી વેશ્યાને બતાવીને કહ્યું: "આ યુવતી અત્યારે વ્યભિચાર કરીને મોજ-મઝા કરે છે. પર પુરુષોને ભ્રષ્ટ કરી ખુબ પૈસા કમાય છે, તેના કારણે સુંદર હવેલીમાં એશ આરામથી રહે છે, પણ પાપ કરીને રંગરેલીયા મનાવે છે એટલે મૃત્યુ થયા પછી યમપૂરીમાં જવું પડશે અને



યમયાતનાનાં ભયંકર દુ:ખો ભોગવવાં પડશે તેથી તેને સુખ નહિ મળે; માટે ' છે અને નથી ' આ તમારા ત્રીજા પ્રશ્નનો જવાબ આ ગણિકા છે.

ત્યાર પછી સંતને બતાવીને કહ્યું : "આ મહાપુરુષ પાસે વૈભવ-વિલાસ કંઈ પણ નથી, પરંતુ સદાચારમય જીવન સાથે નવ પ્રકારની ભક્તિ તેઓ અખંડ કર્યા કરે છે તેના કારણે મૃત્યુ પછી તેઓને પરમાત્મા પોતાના ધામમાં લઈ જશે તેથી ત્યાં અખંડ દિવ્ય સુખોને પામશે; માટે ' નથી અને છે ' આ તમારા ચોથા પ્રશ્નનો જવાબ આ મહાપુરુષ છે.

છેલ્લે ભિખારી બતાવીને મહામંત્રીએ કહ્યું : "આ ભિખારી હાલ ખુબ ગરીબ છે. પૂર્વે જન્માંતરે જ્યારે મનુષ્ય હશે ત્યારે તેણે પરોપકાર કે પુણ્ય-દાન તન, મન કે ધનથી કર્યું નહિ હોય, તેના કારણે તેને આ જન્મમાં ભિખારી બનવું પડ્યું છે અને હાલ માંડ માંડ જમવાનું મળે છે, તેથી પુણ્ય-દાન કરી શકતો નથી કે ભક્તિ કરતો નથી, તેથી કર્માનુસાર હવે ફરીને મનુષ્ય જન્મ મળશે ત્યારે પણ અત્યારે છે એવા જ હાલ થવાના છે ! તો ભિખારીને પૂર્વનું પુણ્ય નથી તેથી આ જન્મમાં તેણે ધન મળ્યું નથી અને અત્યારે કંઈ કરી શકતો જ નથી; તેથી ભવિષ્યમાં પણ દુ:ખો જ ભોગવવાં પડશે; માટે તમારા પાંચમા પ્રશ્નનો જવાબ આ ભિખારી જ છે."

આવું સાંભળી રાજા રાજી થયા, જોયુંને ભક્તો ! આ પાંચ પ્રશ્નોના જવાબો સાંભળી આપણે પણ પ્રથમ નંબરના નગરશેઠ જેવું બનવું અથવા મહાપુરુષ જેવા બનવું, તેથી આ લોક અને પરલોકમાં સુખિયા બની જઈશું.

“ દાનના પ્રકારો ”

હે ભક્તો ! ભગવદ્ ગીતાના સત્તરમાં અધ્યાયમાં દાનના ત્રણ પ્રકારો લખ્યા છે : (૧) સાત્વિક દાન (૨) રાજસદાન અને (૩) તામસદાન તેને ટૂંકમાં જોઈએ.

(૧) સાત્વિક દાન : દાન આપવું એ મારી ફરજ છે એવી કર્તવ્ય બુદ્ધિથી આપે અને તેના ફળની ઈચ્છા રાખ્યા વિના આપે, યોગ્ય સુપાત્રને જોઈને તેમજ યોગ્ય સુપાત્ર સ્થળ જોઈ દાન આપવામાં આવે તો તે દાનને સાત્વિક દાન કહેવાય છે.

(૨) રાજસદાન : જે દાન બદલો મેળવવાની ઈચ્છાથી કે ફળની આશા રાખીને અથવા તો કચવાતા મને આપવામાં આવે તેને રાજસદાન કહેવાય છે.

(૩) તામસદાન : ખોટી જગ્યાએ, ખોટા સમયે, સત્કાર વિના, તુચ્છકારથી અને કુપાત્રને દાન અપાય છે તેને તામસદાન કહેવાય છે. કુપાત્રને દાન કરવાથી તેણે કરેલાં પાપોનો ભાગ આપણને પણ મળે છે, એટલે તો સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામી કીર્તનમાં લખે છે કે, કુપાત્રમાં અને સુપાત્રમાં દાન કરવાથી શું શું થાય છે. તો સાંભળીએ કીર્તનના રૂપમાં -



“ કુપાત્રમાં દાન કરવાથી ”

વિવેકી નરને, એમ વિચારીને જોવું (૨)
કુપાત્રને દાન દેવું તે, બીજ ખારમાં બોવું રે – વિવેકી ૦

કામી ક્રોધી લોભી લંપટ, કૂડા બોલા કા'વે (૨)
અન્ન ધન વસ્ત્ર તેને આપે, તે શેકી બી વાવે રે – વિવેકી ૦

ભક્તો ! સદ્‌ગુરૂ બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીએ વેશ્યાઓના દાનની બે વાતો લખી છે તેને સાંભળવાથી કુપાત્રનો ખ્યાલ આવશે માટે તે પ્રસંગો સાંભળો.

એક વેશ્યા વ્યભિચાર કરીને પૈસા કમાતી હતી. તેથી તેના મનમાં વિચાર આવ્યો : “સારા સારા પુરુષોને પણ મેં હાવભાવથી વશ કરી બ્રહ્મચર્યવ્રતમાંથી ભ્રષ્ટકર્યા છે તેથી મને પાપ ઘણું લાગ્યું હશે; માટે દાન કરું તેથી પાપ બળી જાય.” આવો વિચાર કરીને ભડવાઓને (વ્યભિચારીઓને) બોલાવી દાન આપવા લાગી.

એ સમયે દત્તાત્રેય ભગવાન ત્યાંથી પસાર થતા હતા. તેઓએ આ દૃશ્ય જોયું. તેથી તેઓ પોતાની અલફી કાઢીને કાદવમાં ધોવા લાગ્યા. દાન કરતી વેશ્યાની નજર તેઓ પર પડી તેથી હસતાં હસતાં કહેવા લાગી : “અરે ઓ મહાત્મા ! કાદવમાં ધોયે અલફી શુદ્ધ થાય ખરી ? તેને ચોખ્ખી કરવા માટે તો ચોખ્ખું પાણી જોઈએ; કાદવ-કીચડના પાણીથી તે સાફ નહિ થાય.”

વેશ્યાનું આવું કહેવું સાંભળી મંદહાંસ કરતા દત્તાત્રેય પ્રભુ બોલ્યા : "વારાંગના ! તું પાપથી શુદ્ધ થવા માટે પાપી એવા ભડવાઓને દાન કરે છે, તેથી તારાં પાપ બળી જવાનાં હોય, તો પછી કાદવમાં ધોવાથી મારી અલફી કેમ શુદ્ધ ન થાય ? જો ભડવાઓને દાન કરવાથી તારાં પાપની શુદ્ધિ થાય, તો કાદવમાં ધોવાથી મારી અલફી ચોખ્ખી થાય." વેશ્યા તુરંત સમજી ગઈ અને કુપાત્રોને દાન આપવાનું બંધ કર્યું.

" સંતોના સ્વાંગમાં ભાંડો "

આવો જ એક બીજો પ્રસંગ છે.એક વેશ્યા મુંબઈમાં જઈ વ્યભિચાર કરી ખુબ રૂપિયા કમાઈને નર્મદા કિનારે બંગલો બનાવી રહેવા લાગી. તેણે મનોમન નક્કી કર્યું કે, " મુંબઈ જઈને ખુબ પાપ કર્યાં છે, માટે સંતોને જમાડું તેથી મારાં પાપ બળી જાય."

આમ વિચાર કરી ઝરુખામાં બેઠી બેઠી સંતોની રાહ જોતી હતી. ત્યાં આઠ દસ ભાંડને સાધુનાં કપડાં પહેરેલાં જોયા. બનેલું એવું કે, એ વર્ષે દુષ્કાળ પડેલો તેથી એક ગામના ભાંડ લોકો આજીવિકા મેળવવા સાધુનાં કપડાં પહેરી ગામડાઓમાં ફરીને અનાજ ઉઘરાવતા અને પરિવારોનું પોષણ કરતા હતા. તે ભાંડ લોકોને જોઈને વેશ્યાને થયું કે, ' આ સાચા સંતો લાગે છે.' તુરંત સાધુ (ભાંડ) પાસે આવીને નમસ્કાર કરી પોતાના ઘેર પધારવા વિનંતી કરી.



આ ભાંડ તો વાટ જ જોઈ રહ્યા હતા, તેથી તુરંત બંગલામાં ગયા અને રસોઈ બનાવવા લાગ્યા. પેલી વેશ્યાએ આવીને કહ્યું : "સંતો હું ગણિકા છું તેથી મારાં પાપ બાળવા માટે તમોને જમવા બોલાવ્યા છે; તો મારા ઘેર થોડા દિવસ રોકાઈ મારું અનાજ જમીને મને પાવન કરો." ભાંડોએ દંભનો અંચળો ઓઢીને કહ્યું : " સંત તો અગ્નિકા સ્વરૂપ માના જાતા હૈ, ઈસલિયે પાપીકા અન્ન સંતકો કોઈ બાધા નહિ ડાલેંગે, જબતક તુમ રસોઈ ખિલાઓંગી, તબ તક હમ સબ યહાં રહેંગે, તેરી સબ ઈચ્છા પૂર્ણ કરેંગે."

પોતાના ઘેર મહાપુરુષો રહેશે અને પોતાના હાથની બનાવેલ રસોઈ તેઓ જમશે આવું સાંભળી વેશ્યા તો રાજી રાજી થઈ ગઈ અને મનમાં નક્કી થઈ ગયું કે, 'આવા મહાન સંતો મારું અનાજ જમશે એટલે મારાં બધાં જ પાપો બળી જશે.' તુરંત રસોડામાં જઈ અનેક પ્રકારની મીઠાઈઓ અને ફરસાણ બનાવવા લાગી અને પછી સાધુના સ્વાગમાં રહેલા ભાંડોને પ્રેમથી ખવડાવવા લાગી.

આ રીતે દરરોજ સારાં સારાં પકવાનો ખાઈને ભાંડો તો નર્મદા નદીમાં જઈને ખુબ તરે તેથી જમેલું પચી જાય. આમ કરતાં નવ દિવસ થયા, એટલે પેલી વેશ્યાના મનમાં થયું કે, " હવે આ જાય તો સારું, હવે તો મારાં પાપો બળી જ ગયાં હશે." આવું વિચારી તેણે સાદી રસોઈ બનાવી એટલે ભાંડ સમજી ગયા. પછી તેઓ કહેવા લાગ્યા : " માઈ ! તુમ્હારા ભાવ દેખકર હમ બહોંત દિન રહે, અબ હમ દૂસરે ભક્ત કો દર્શન દેને કે લિયે જાયેંગે." ત્યારે વેશ્યા પાલવ પાથરીને

બોલી : " મહાપુરુષો ! મને આશીર્વાદ આપો કે હવે હું કયારેય પાપના માર્ગે જાઉં નહિ." તેવું સાંભળી દરેક ભાંડ એકબીજાની સામું જોઈને હસવા લાગ્યા. એમાં એક યુવાન ભાંડ હતો તે એક સાખી બોલ્યો :

" નવ દિન નર્મદા નાયા, ખાધાં ઘી કેળા ને ખાંડ ;
તું જાતની વેશ્યા અને અમે જાતના ભાંડ "

આવી સાખી બોલીને જતાં રહ્યા; માટે જ શ્રીજી મહારાજે સત્સંગિજીવનમાં અને સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠ પદીમાં સારા-નઠારાનાં લક્ષણો કહ્યાં છે, તેનો અભ્યાસ કરી સુપાત્રમાં દાન કરી શ્રી હરિજીનો રાજીપો મેળવી લેવો.

" દાન આપવામાં વિવેક "

"સ્વધર્મી કે જો પરધર્મી ભાસે, તથાપિ ભૂખ્યો દુઃખિયો જણાશે તો દુઃખી તેનું દિલ ધારી લેવું, સ્વશક્તિ તૂલ્યે જળ અન્ન દેવું દેશી વિદેશી હરકોઈ નાતે, સ્વમિત્ર કે શત્રુ મનુષ્ય જાતે, જો કોઈ ભૂખ્યો દુઃખિયો જણાય, તો અન્ન આપે પ્રભુ રાજી થાય"

- હ.-મૃત.ક.-૭. વિ.-૫૧

હે ભક્તો ! શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં દાન લખ્યાં છે. તેમાં પાત્ર-કુપાત્ર વિષે પણ કહ્યું છે, તેમજ સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું છે કે, ભૂખ્યો છે તે જ અન્નદાનનું પાત્ર છે અને કપડાં વિનાનો છે તે વસ્ત્રદાનનું પાત્ર છે, માટે કોઈ ભૂખ્યા ભિખારીને જોઈ જમવાનું આપવું જોઈએ અથવા દુકાનેથી લઈ આપવું જોઈએ. દુષ્કાળમાં પણ ગરીબોને


અનાજ વગેરે જીવન ઉપયોગી વસ્તુઓ લઈ આપવી જોઈએ.

એક વાતનો વિવેક રાખવો કે, ધનનું દાન ગમે તેને ન આપવું જોઈએ; કારણ કે ઘણા ભિખારી એવા હોય છે કે, પૈસા આપો એટલે તેનો દુરુપયોગ કરતા હોય છે. એ સિવાય પણ કોઈ વ્યક્તિને કે કોઈ ધાર્મિક અથવા સામાજીક સંસ્થાઓમાં દાન કરવાનું હોય ત્યારે પણ વિચાર કરવો જોઈએ કે, ' મારી સંપત્તિનો સદુપયોગ થશે કે દુરુપયોગ,' આ વાત પણ સમજી રાખવી જોઈએ, જેથી પસ્તાવું ન પડે.

એક મચ્છીમારની માછલાં પકડવાની જાળ તૂટી ગઈ તેથી ભિખારી બની પૈસા માગવા લાગ્યો. પૈસા ભેગા થયા એટલે તેની જાળ લીધી અને માછલાં મારવાનું શરૂ કર્યું ! એક કામનો આળસું માણસ ભિખારી બનીને પૈસા ભેગા કરે. પછી તે પૈસાનો દારૂ પી વેશ્યા બજારમાં જઈ વ્યભિચાર કરે ! ભક્તો! આવા પ્રસંગો પણ સમાજમાં બની રહ્યા છે, માટે એવા લોકોને પ્રત્યક્ષ પૈસાનું દાન ન કરવું જોઈએ.

અન્ન અને જળના દાન માટે સ્વામિનારાયણ ભગવાને છૂટી આપી છે કે, " પોતાના ધર્મનો હોય કે બીજા ધર્મનો હોય, પોતાના દેશનો હોય કે વિદેશનો હોય, પોતાનો મિત્ર હોય કે પછી શત્રુ હોય; પરંતુ તે અન્ન-જળના દુ:ખથી પીડાતો હોય તો તેવા લોકોને અન્નદાન કરવાથી પ્રભુ રાજી થાય છે.'આવું હરિલીલામૃતમાં શ્રીજી મહારાજ સ્વયં કહે છે; માટે આ પણ વિવેક જાણી રાખવો જરૂરી છે.

“ સુપાત્રમાં દાન ”

“ઈન્દ્રીય પાંચ છઠ્ઠું મન જીતે, તે હરિદાસ કહાવે;
વાલી વસ્તુ તેને આપે, અનંત ગણી થઈ આવે.
દુર્બળ સુદામે આણી દીધા, મુષ્ટી તાંદુલ મેવા,
કંચન મહેલ કર્યા સુખકારી, સંત પુરુષની સેવા.
દ્રોપદીએ નિજ ચીર વધૈરી, બાંધ્યું હરિને હાથે,
દેવાનંદ કહે ભરી સભામાં, આપ્યા દીના નાથે.”

– સદ્‌ગુરૂ દેવાનંદ સ્વામી

હે વ્હાલા ભક્તો ! પાત્ર, કુપાત્ર અને સુપાત્ર ત્રણ પ્રકારનાં દાનમાં સુપાત્ર દાનનો સદ્‌ગુરૂ દેવાનંદ સ્વામી મહિમા લખતાં જણાવે છે કે, “ જે જે વ્યક્તિઓએ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ ઈન્દ્રિયોને વશ કરી હોય અને મનને જીતી લીધું હોય, આવી વ્યક્તિને દાન તરીકે અથવા ભેટ તરીકે વસ્તુ-પદાર્થો આપે તો બીજા જન્મમાં અથવા પરલોકમાં તે તે વસ્તુ-પદાર્થો અનંતગણાં થઈને પાછા મળે છે.”

આપણી વસ્તુઓ જો ભગવાન, સંતો અને હરિભક્તોના કામમાં આવી જાય તો તો ભક્તિરૂપ બનીને મુક્તિનો માર્ગ ખોલી આપનાર બની જાય છે અને આ લોકમાં પણ સુખી કરી દે છે. સકામ ભાવનાથી સત્કાર્ય કરે તો પણ ભગવાન એની ઈચ્છા પૂર્ણ કરે છે તે વિષેનો પ્રસંગ સાંભળો.

“ મને અક્ષરધામમાં બંગલો મળે ”

ભક્તો ! કાઠિયાવાડમાં નાવડા ગામ છે. ત્યાં હીરાશેઠ હરિભક્ત ખુબ ધનવાન હતા. તેઓએ ઘરના લોકોને કહ્યું : “આપણે એક મંદિર કરાવીએ તેથી શ્રીજી મહારાજ ધામની અંદર એક સુંદર મહેલ રહેવા આપે.” સહુએ હા કહી, તેથી મંદિરનું કામ શરૂ કર્યું.

તે સમયમાં નાવડાના સત્સંગી એક બહેનને સમાધી થઈ ને ધામમાં ગયાં, ત્યાં નવો બંગલો ચણાતો હતો. પ્રભુએ તેઓને કહ્યું : “ આ તમારા ગામના હીરા શેઠ માટે મહેલ તૈયાર થાય છે; કારણ કે તેઓ અહીં મહેલમાં રહેવા માટે ત્યાં મારું મંદિર કરાવે છે. હવે તમે તેઓને કહેજો કે,“ તમારી છ મહિનાની જ આયુષ્ય બાકી છે તેથી પ્રતિષ્ઠા કરાવી દે.”

ત્યારબાદ તે બહેનને સમાધી ઉતરી. પછી હીરા શેઠને બધી વાત કરી; તેથી તાત્કાલિક પ્રતિષ્ઠા કરી લીધી. છ મહિના પુરા થતાં જ શ્રી હરિજી દિવ્ય વિમાન લઈને પધાર્યા અને હીરા શેઠને દિવ્ય દેહ આપી અક્ષરધામમાં લઈ જઈ પેલો દિવ્ય મહેલ રહેવા આપી દીધો!

“દાન માટેની ઉત્તમ તિથિઓ”

વ્હાલા ભક્તો ! શ્રીમદ્ સત્સંગિ જીવનના પાંચમા પ્રકરણના દસમા અધ્યાયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં ઉત્તમ તિથિઓ બતાવી છે તે સાંભળીએ. – શ્રીહરિજી

કહે છે : " હે શિવરામ વિપ્ર! જે તિથિઓમાં દાન કરવાથી અનંતગણું ફળ મળે છે તે તિથિઓ અને દિવસોનાં નામ કહું છું તે સાંભળો.

ઉત્તરાયણને દિવસે, બારસને દિવસે, દરેક એકાદશીએ, કારતક સુદ નવમીએ, મહાસુદ સાતમે, વૈશાખ સુદ ત્રીજે, સોળકળાએ યુકત ચંદ્રમાં હોય એવી પુનમે, પોતાના જન્મના નક્ષત્રના દિવસે, અન્નકૂટ વગેરે ઉત્સવોના દિવસે, જન્માષ્ટમી, રામનવમી વગેરે ભગવાનના જન્મના દિવસોમાં, અમાસે, સૂર્ય અથવા ચંદ્રના ગ્રહણોના દિવસે, આટલા દિવસોમાં દાન કરવામાં આવે, જપ કરવામાં આવે, તપ કરવામાં આવે, અને સંતો-ભકતોને તેમજ પવિત્ર બ્રાહ્મણોને જમાડવામાં આવે, ઈત્યાદિ સત્કર્મ કરવામાં આવે તો અનંતગણું ફળ મળે છે.

તે દિવસો સિવાય વળી સોમવારે અમાસ હોય, રવિવારને સાતમ હોય, મંગળવારને યોથ હોય તેમજ બુધવારને આઠમ હોય-આ ચાર તિથિઓએ કરેલ જપ,તપ અને દાનનું ફળ કરોડ ગણું મળે છે. આ તિથિઓ સૂર્ય ગ્રહણ સમાન માનેલી છે. ચારે યુગોમાં કળિયુગમાં દાનને શ્રેષ્ઠ માનવામાં આવે છે." માટે આ તિથિઓમાં વિશેષ કરી દાન કરવું જોઈએ. તે સમયે હાથમાં પાણી લઈ દાનનો સંકલ્પ કરી તે પાણીને પાણીમાં મૂકવાથી તે તિથિઓમાં જ દાન કર્યું ગણાય છે.

ભક્તો ! દાન આપેલું પોતાને જ ભવિષ્યમાં વ્યાજ સહિત પાછું મળવાનું છે, છતાં પણ ઘણા લોકો પોતાની લોભી પ્રકૃતિના કારણે દાન આપતા નથી હોતા. ઘણા લોભી ન હોય, પણ ઉદાર હોય; પરંતુ એવા ઉદાર લોકો



અમુકવાર ઉડાવ બની જઈને ખોટી રીતે વાપરી નાખતાં હોય છે; તે વિષે સાંભળીએ શ્રી હરિજીના જ શબ્દોમાં -

" દેવાર્થ દેતાં ધન એમ ધારે, ઓછું થશે એટલું દ્રવ્ય મારે;
વાદે ચડે વ્યર્થ મમત્વ ખેંચી, તો વાવરી દે ઘરબાર વેચી

સુ સંતને સારી રસોઈ દેતાં, બહુ વિચારે મનમાંહિ તે ત્યાં;
વાદે ચડી ખૂબ વિવાહ ટાણે, દેવું વધ્યાનો ડર તે ન આણે

પોતે ન ખાધું પરને ન આપ્યું, ન કોઈનું સંકટ કાંઈ કાપ્યું;
ન કાંઈ એનો ઉપયોગ થાય, કુસંગીનું દ્રવ્ય કુમાર્ગ જાય. "

(હ.મૃત.ક.-૯, વિ-૮)

" દાન વિષેનાં મંતવ્યો "

વ્હાલા ભક્તો ! સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી કૃત સવા લાખ છંદ, દોહા અને ચોપાઈ વગેરે વિવિધ પ્રકારના રાગ-રાગીણીથી ભરપૂર ' શ્રી હરિચરિત્રામૃત સાગર ' ગ્રંથના ૨૩ માં પૂરમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, " જે માણસ દાન આપતો હોય અને તેને અન્ય માણસ ના પાડે તો તે અસુરોમાં મોટામાં મોટો અસુર છે ! "

શ્રી હરિજીનું આ વચન દરેક લોકોએ યાદ રાખવું જોઈએ. કોઈને દાન કરતાં ક્યારેય પણ રોકવા ન જોઈએ, પરંતુ તેઓને પ્રોત્સાહન અને મહિમા સમજાવી દાન અપાવી આંગણી ચીંધ્યાનું પુણ્ય મેળવી લેવું જોઈએ.

જૈન ધર્મના ૨૪ મા તીર્થંકર મહાવીર સ્વામી કહેતા કે, "સંગ્રહ હંમેશાં ચિંતાનું કારણ માનેલ છે. ચિંતા ચિતા કરતાં પણ વધારે દુ:ખ દેનાર છે, માટે ધનનું હંમેશાં દાન કરી પરોપકારનાં કાર્યોમાં વાપરવું." 'હસ્તસ્ય ભૂષણં દાનમ્' અર્થાત્ હાથનું સાચું આભૂષણ સોનાનાં કંકણો નહિ, પરંતુ દાન જ છે. શ્રી હરિલીલામૃતમાં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે કે, -

(ઉપજાતિ)

" જનો ગણે છે જર જીવ સાટે, માથાં કપાવે બહુ દ્રવ્ય માટે
જો થૈ રુચી પુણ્ય કર્યાની જેને, તો હું કહું છું અતિ ધન્ય તેને
જે હોય દૈવી જન તેહ જાણે, પુણ્યે વર્યું તે જ ખરું પ્રમાણે
પવિત્ર બુદ્ધિ પ્રગટીત થાય, પુણ્યાર્થ તેના કરથી કરાય
છે દ્રવ્ય ને દેહ વિનાશવંત, ધારે સ્વચિત્તે જન જે ધીમંત
બીજે વર્યું તે જર વ્યર્થ જાય, એવું ગણે તો ધરમાર્થ થાય
સંસારની જાણ સદા બળે છે, તેમાં પછી તે પ્રજળી ટળે છે
તેમાંથી કાઢી ધન પુણ્ય કીધું, તે લાયમાંથી જ બચાવી લીધું "

- ક.-૧૦. વિ-૧૧

" દસ પ્રકારનાં દાન "

ભક્તો ! ઠાણાંગસૂત્રમાં દાનના દસ ભેદ કહ્યા છે. - (૧) અનુકંપાદાન - દુ:ખીને જોઈ દયાથી આપવું તે (૨) સંગ્રહદાન - ચૂંટણી ભંડોળમાં વેપારીઓએ આપેલ તે !



અર્થાત્ સત્તા પર આવવા માટે નિજસ્વાર્થ માટે આપેલ તે (૩) ભયદાન - કોઈ જબરજસ્તીથી અપાવે તે (૪) કારુણિક દાન - કરુણાથી પ્રેરાઈને આપવું તે. આ દાન મહાવીર સ્વામીએ કરેલું ; એક વાર તેઓએ પોતાનું પહેરેલ વસ્ત્ર પણ દાનમાં આપી દીધું હતું ! (૫) લજ્જાદાન - લોકો શરમાવે તેથી સભા વચ્ચે હા કહીને પછી આપે તે (૬) ગૌરવદાન - મોટાઈ મેળવવા આપે તે (૭) અધર્મ દાન - નાચ કરનારીઓને અને અધર્મનાં સ્થાનોને પોષણ મળે એમાં આપેલ તે (૮) ધર્મદાન - ધર્મકાર્યો માટે આપે તે (૯) કાહીદાન - બદલાની ભાવનાથી આપવું તે અને (૧૦) કતંતિદાન - પ્રત્યુપકારરૂપે આપવું તે. અર્થાત આપણી ઉપર કોઈએ ઉપકાર કર્યો હોય અને તેના બદલારૂપે આપણે આપીએ તે. દરેક દાનવીરો આ દસ પ્રકારના દાનમાંથી કોઈક પ્રકારનું દાન કરતા હોય છે.

મનુ સ્મૃતિમાં લખ્યું છે કે, 'કળિયુગમાં દાન શ્રેષ્ઠ છે.' ઋગ્વેદમાં લખ્યું છે કે ' સો હાથે કમાવો, પણ હજાર હાથે આપો.' મનુ કહે છે કે " સર્વથી ગુપ્તદાન શ્રેષ્ઠ છે. " જાહેરાત માટે આપેલ દાન તો જમીન ઉપર ખૂલ્લું બીજ મૂકવા જેવું છે. પ્રશંસાથી આપેલ દાનનું પૂરું ફળ મળતું નથી. મહાભારતના શાંતિપર્વમાં લખ્યું છે કે, 'યશ માટે કે ભય માટે દાન ન કરવું.'



“ દાનનો મહિમા ”

ભક્તો ! સ્કંદ પુરાણના કેદારખંડમાં અસુરોના રાજા અને ભક્ત પ્રહલાદજીના પૌત્ર બલિરાજાના પૂર્વ જન્મની કથા આવે છે. બલિરાજા એમના આગલા જન્મમાં જૂગારી અને વિલાસી હતા. એક વાર તેઓ ફૂલહાર અને અત્તર લઈ વેશ્યાઓને આપવા જતા હતા. રસ્તે ચાલતાં તેમને મૂર્છા આવી ગઈ. પછી સભાન થયા એટલે વિચાર આવ્યો : “ આ વેશ્યાઓને આપવાથી કાંઈ ફાયદો નહિ થાય, પણ સામે મંદિરમાં મહાદેવ છે તેને અર્પણ કરું એટલે પુણ્ય મળે.”

આવું વિચારી ફૂલહાર વગેરે શિવ મંદિરમાં અર્પણ કરી ઘેર આવ્યા.અંતકાળ આવતા યમદૂતો આવીને જમપુરીમાં લઈ ગયા. પુણ્ય ફક્ત એક વારનું જ હતું તેથી ત્રણ ઘડી ઈંદ્રાસન આપીને પછી નરકમાં નાખવાની યમરાજે આજ્ઞા કરી.

આ વાત પાપી જીવાત્માએ સાંભળી ને વિચાર કર્યો : “પાપના તો ઢગલા છે અને પુણ્ય તો ફક્ત એકવાર જ કર્યું છે, ત્યાં તો ઈંદ્રના સિંહાસન ઉપર બેસવા મળશે ! હવે જો દાન કરવાનો મોકો મળે તો પાછું વળીને જોવું જ નથી.”

પછી તેમને ઈન્દ્ર બનાવવામાં આવ્યા. પછી તેમણે પૂછ્યું : “ ઈન્દ્રની તમામ સંપત્તિ ઉપર મારો અધિકાર ખરોને ? ” દરેક દેવોએ હા કહી. “ તુરંત જ ઐરાવત હાથી સભામાં બેઠેલા અગત્સ્ય મુનિને દાનમાં આપી દીધો ! ઉચ્ચૈ:શ્રવા ઘોડો વિશ્વામિત્રને દાનમાં દઈ દીધો ! કામધેનું ગાય વશિષ્ટ



ઋષિને પ્રેમ સહિત અર્પણ કરી દીધી ! અમૂલ્ય ચિંતામણિ ગાલવમુનિને સહર્ષ આપી દીધો ! કલ્પવૃક્ષ કૌન્ડિન્ય મુનિને દાનમાં આપી દીધું અને બધાં જ અણમોલ રત્નો ઈન્દ્રસભામાં બેઠેલા બાકીના તમામ ઋષિઓને આપી દીધાં ! ત્યાં તો ત્રણ ઘડી પૂરી થઈ ગઈ ! (એક ઘડી એટલે ૨૪ મિનિટ) પરંતુ તાત્કાલિક અતિદાન કરવાથી એ જીવાત્મા એટલો મહાન પુણ્યાત્મા બની ગયો કે, પૃથ્વી ઉપર મહાન ભક્ત પ્રહલાદજીના પુત્ર વિરોચનની પત્ની સુરુચિને ત્યાં બાળક તરીકે જન્મ થયો અને સમગ્ર દાનવોનો રાજા બની ગયો !!

ત્યાર બાદ તો તે ઈન્દ્રને હરાવી ઈન્દ્ર પણ બન્યા હતા અને ભગવાનના સારા ભક્ત પણ બન્યા હતા. દેવમાતા અદિતિના કહેવાથી તેમણે કરેલા વ્રતને કારણે ભગવાન વામનરૂપે તેમને ત્યાં પ્રગટ થયા હતા અને ભિખારીના રૂપમાં જઈ બલિ રાજા પાસે ત્રણ પગલાં પૃથ્વીનું દાન માગ્યું હતું.

બલિરાજા ઓળખી ગયા હતા કે, " ત્રણ પગલાં લેનાર સ્વયં પરમાત્મા છે અને છળ-કપટથી મારું રાજ્ય લઈને ઈન્દ્રને પાછું આપશે." તો પણ તેમણે ત્રણ પગલાં પૃથ્વીનો સંકલ્પ કરાવ્યો. અંતે ભગવાને વિરાટરૂપ ધરી ત્રિલોકી લઈ લીધી ને ઈન્દ્રને આપી દીધી. પરંતુ પછી બલિરાજાની ભક્તિ જોઈને ભગવાન તેમને આધિન બની ગયા. સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં કહે છે કે, " આજ પણ (સુતળ લોકમાં) ભગવાન બલિરાજાને ત્યાં પ્રેમરૂપી દોરીએ બંધાયેલા છે." ભગવાન એક

સ્વરૂપે બલિરાજાના દરવાજે ઊભા રહી તેમનું રક્ષણ કરે છે !

ભક્તો ! બલિરાજા આટલા મહાન ભક્ત બન્યા, ભગવાન એમને વશ થઈ ગયા, તેમને ઈન્દ્રનું રાજ્ય મળ્યું અને દૈત્યોના રાજા થયા. આ બધા પાછળનું જો કોઈ કારણ હોય તો તેમણે આપેલ દાન છે ! માટે ધનવાન લોકોએ દાન આપી બલિરાજા જેવા બનવાના પ્રયત્નો કરવા જોઈએ, જેથી અંતે પરમાત્માનો પ્રત્યક્ષ યોગ મળી જાય.

" નેતાઓને પ્રેરણાદાયક "

ભક્તો ! એકવાર ત્રેતાયુગમાં મર્યાદા પુરુષોત્તમ શ્રી રામ અને સીતાજી અયોધ્યામાં અગાશીમાં બેસી નગરનું અવલોકન કરતાં હતાં. ત્યારે એક યુવાન સ્ત્રી મેલાં કપડાં પહેરેલી તેઓનાં જોવામાં આવી. તે સ્ત્રી પોતાના નાના બાળકને કપડાંમાં વીંટીને કમરે લટકાવી ભીખ માગતી હતી.

આવું દૃશ્ય જોઈ બન્નેને દુ:ખ થયું. તુરંત સીતાજીએ દાસીને મોકલી તે સ્ત્રીને બોલાવડાવી અને ભીખ માગવાનું કારણ પૂછ્યું. –

ત્યારે પેલી નિરાધાર યુવતીએ કહ્યું : " મહારાણીજી ! મારા પતિ પિયરમાં મને મૂકી તીર્થાટન કરવા ગયા છે. મારા બે ભાઈઓ ઉજ્જૈનમાં વિદ્યાભ્યાસ કરે છે અને મારા પિતાજીનું મરણ થયું છે, તેથી આવકનું કોઈ સાધન ન હોવાને કારણે મારા પ્રાણ ટકાવવા ભીખ માંગવી પડે છે." આવું સાંભળી તુરંત



સીતાજીએ પોતાનાં વસ્ત્રો આપ્યાં અને લક્ષ્મણજીને બોલાવી તે સ્ત્રીની આજીવિકા બાંધી આપી.

પછી લક્ષ્મણજીએ આખા અયોધ્યા રાજ્યમાં ઢંઢેરો પીટાવી કહેવડાવ્યું કે, "રામ રાજ્યમાં એવું કોઈ ન હોવું જોઈએ કે જેઓને ખાવા માટે ભોજન ન હોય અને પહેરવા માટે વસ્ત્રો ન હોય. જે નગરમાં નર-નારીઓ અન્ન-વસ્ત્રથી દુ:ખી થતાં જાણવા મળશે તો તેની જવાબદારી તે નગરના શાસનકર્તા અધ્યક્ષની રહેશે અને તેઓને રાજા રામચંદ્રજી ભારે દંડ આપશે. અમારા ગુપ્તચરો આ માટે સારાય રાજ્યમાં ઘૂમતા રહેશે."

આજના નેતાઓએ આ વાત ધ્યાનમાં લેવા જેવી છે. કારણ કે, તેઓના હાથમાં રાજ્યનો વહીવટ હોય છે. હજુ ગયા વર્ષે જ (ઈ.૨૦૦૩ માં) બિહારમાં એક વૃદ્ધ નિરાધાર સ્ત્રીએ રડતી આંખોએ પોતાની યુવાન પુત્રીને ૫૦ વર્ષના પ્રૌઢને વેચી હતી ! કારણ કે તે વૃદ્ધા પાસે ખાવા અનાજ ન હતું અને પહેરવા બીજી જોડ કપડાં ન હતાં ! અને ત્યાંની જ શાસક રાબડીદેવી અને તેના પતિ લાલુ યાદવે પોતાની છોકરીઓનાં લગ્નમાં એ જ વરસે કરોડો રૂપિયા વેડફ્યા હતા!

હાલમાં બિહાર અને ઓરિસ્સા રાજ્યોમાં અનેક નર-નારીઓ ભૂખના દુ:ખથી મૃત્યુ પામે છે અને સરકાર પાસે લાખો ટન અનાજ ગોડાઉનમાં પડ્યું પડ્યું બગડી રહ્યું છે. જે દેશમાં ભૂખના કારણે લોકો મૃત્યુ પામતા હોય તેની જવાબદારી તે દેશના શાસક પક્ષની છે અને એનો દોષ પણ શાસન

કરનારાઓને લાગે છે. આજે પણ દયાળું હૃદયનાં મેનકા ગાંધી જેવા અમુક નેતાઓ છે, પણ તેઓની પાસે ગરીબોને અન્ન-વસ્ત્રાદિક આપવાની સત્તા હોતી નથી.

" લોકપ્રિય બનવા માટે "

ભક્તો ! શ્રીમંત દાનવીર તો બગીચાના ગુલાબ જેવા હોય છે. ગુલાબ પોતાની સુગંધ જેમ ચારે બાજુ ફેલાવ્યા જ કરે છે, તેમ દાતાઓ પણ પુણ્યના કારણે મળેલી સંપત્તિનો ચારે બાજુ પરોપકાર કર્યા જ કરે છે અને એમાં તેમને આનંદ પણ ખૂબ આવ્યા જ કરે છે. એક વાત યાદ રાખો કે, આ જગતમાં તમામ વિગ્રહોનું મૂળ પરિગ્રહ (સંગ્રહવૃત્તિ) છે અને આ પરિગ્રહના પાપને તોડનારું શ્રેષ્ઠ હથિયાર દાન છે ! તેથી એમ કહી શકાય કે, જ્યાં દાનધર્મની આરાધના છે ત્યાં વિગ્રહ થવાની કોઈ સંભાવના જ નથી.

દાન કરવાથી અનેક ગરીબોનાં જીવન પ્રગતિના પંથે ચાલે છે. એટલું જ નહિ, અનેકાનેક જીવ પ્રાણીમાત્રના પ્રાણ પણ બચાવી શકાય છે. કદાચ કોઈને લોક હૃદયમાં સ્થાન મેળવવાની ઈચ્છા હોય તો તે પણ દાન કરવાથી મળી શકે છે. ધોળકાના રાજા વીરધવળે પરોપકાર કરી લોક હૃદયમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, તેના કારણે તેઓનું મૃત્યુ થયું ત્યારે અનેક યુવાનો તેની પાછળ જીવતા સળગી જવા તૈયાર થઈ ગયા હતા, પરંતુ તેઓને રોકવામાં આવ્યા હતા ! મહાન દાની શેઠ જગડુશાનું અવસાન થયું એ વાત દિલ્હીના બાદશાહે સાંભળી તુરંત ખુદ બાદશાહ સિંહાસન પરથી નીચે ઉતરી ગયા



હતા. આમ લોકપ્રિયતા માટે પણ દાતા બનવું જરૂરી છે.

પરલોકમાં સુખી થવા અને લોકપ્રિયતા મેળવવા માટે મહત્વના ગુણ દાનને જીવનના તમામ સ્થાનમાં અમલી બનાવી દો,તુરંત લોકપ્રિયતા આવીને ઊભી રહેશે. એટલું જ નહિ, પણ મૃત્યુ સમયે ખુશી હશે કે જિંદગીમાં માત્ર ભેળું જ નથી કરી જાણ્યું, છોડી પણ જાણ્યું છે. બીજાને લૂંટવામાં નહિ, પરંતુ જાતે લૂંટાઈ જવામાં અર્થાત્ સંપત્તિનો સદ્વ્યય કરવામાં લોકપ્રિયતા મળે છે.

લોકપ્રિય બનવા માટે બીજો એક ખ્યાલ રાખવાનો છે કે, જેઓને મોટા બનવું હોય તેમને નાના બનવાની તૈયારી રાખવી જોઈએ. પાયો જમીનમાં ઊંડો જાય છે ત્યારે પોતાના ઉપર વિશાળકાય ઈમારતને ટકાવી શકે છે, મૂળિયા જમીનમાં ઊંડાં જાય છે ત્યારે પોતાની છાતી ઉપર તોતિંગ વૃક્ષને ઊભું રાખી શકે છે. એજ પ્રમાણે માણસ પોતાના જીવનનો પરોપકારમાં ભોગ આપે ત્યારે લોક હૃદયમાં સ્થાન મેળવી શકે છે અને લોકપ્રિય બની શકે છે.

“ દયાનું ઝરણું ”

“ તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,
પણ જમજે અશ્રુનો થાળ એકલો;
હોંશીલા જગને હસવા તેડું કરજે,
સંઘરજે ઉરની વરાળ એકલો. ”

– સગીર

માણસમાં ખરા અર્થમાં ધર્મ અને જ્ઞાન આવે ત્યારે માનવ દયાનું ઝરણું બની જાય છે. પછી તો નિર્મળ પાણીમાં જેમ સૂર્યનું પ્રતિબિંબ પડે છે, તેમ એમના મનમાં ગરીબોના અને દુ:ખીઓના દુ:ખનાં પ્રતિબિંબ પડે છે અને તેઓને મદદ કરવા આકળા બની જવાય છે. દયા તો ધર્મનું મૂળ છે. ગમે તે ધર્મ હોય પરંતુ જ્યા દયા નથી ત્યાં ધર્મ નથી. દયા વિના ધર્મ ટકી શકતો નથી. જે માનવધર્મી હોય તેમનું હૃદય દયાથી ભીનું હોય છે. તેઓ દુ:ખીઓને જોઈ કયારેય અવજ્ઞા ન કરી શકે. ધર્મી માણસ કયારેય પણ નિર્દયી હોઈ શકે જ નહિ. જે ધર્મમાં ક્રૂરતા હોય છે તે ધર્મ સ્વામિનારાયણ ભગવાનને માન્ય નથી.

જેના અંતરમાં બીજાઓને દુ:ખી જોઈને દયા આવતી નથી તેવો માણસ કયારેય પણ ધર્મવાન બની શકતો જ નથી. જે દયાની આપણે વાત કરીએ છીએ તે દયાળુપણું વાણીમાં પણ હોવું જોઈએ. આપણામાં અહિંસક વિચારો, અહિંસક વાણી અને અહિંસક કાર્યની પૂરી જરૂર છે. જેના હૃદયમાં દયાનું ઝરણું વહેતું હોય તેમાંથી જેમાં હિંસાને ઉતેજન મળે એવું કામ થાય જ નહિ.

ચિત્રભાનું લખે છે કે, "ધર્મની દિશામાં આગળ વધવા માગતા હોય એવા લોકોએ પોતાની હૃદયભૂમિમાં દયાનાં વૃક્ષો વાવવાં જોઈએ. જ્યાં આ દયાનું વૃક્ષ નથી, ત્યાં શાંતિની છાયા નથી હોતી. ધર્મવાન માટે આ ગુણ અનિવાર્ય છે. દયાના અનેક પ્રકારો છે - ગરીબો પ્રત્યે દયા લાવી તેને અન્ન - વસ્ત્રાદિકે કરી મદદ કરવી તે દ્રવ્ય સંબંધી દયા કહેવાય છે. ધર્મ વિનાના પ્રત્યે



કરુણા લાવવી તે ભાવ દયા કહેવાય છે. પોતાનામાં અંત:શત્રુ કામક્રોધાદિક આવે ત્યારે તેને દૂર કરવાના પ્રયત્નો કરે તેને સ્વ દયા કહેવાય છે. સૌથી મોટી દયા એ છે કે, જીવનાં પાપ છોડાવીને પ્રભુનો નિશ્ચય કરાવીને ઠેઠ પ્રભુનાં ચરણ સુધી પહોંચાડી દેવો તે દયા સર્વોપરી છે ! એક વાત હંમેશાં સુખી થવા ઈચ્છનારે યાદ રાખ્યા જેવી છે કે, કોઈને સુખ-સરિતામાં સ્નાન કરાવવાની જો આપણાંમાં શક્તિ ન હોય તો બીજાઓને દુ:ખના દરિયામાં તો ન જ ડૂબાડીએ; આટલું તો જરૂર કરીએ. ”

“ દયાળુ સ્વભાવ ”

“મરણ પણ જિંદગી થઈને રહે તારું જગતભરમાં;
મરણ શોભાવવા માટે બનાવી લે જીવન પહેલા.”

– સગીર

દરેક માનવ માત્રે મરણ સુધારવા માટે તથા મૃત્યુ બાદ પણ આપણી નામના અમર રાખવા માટે જીવન દરમિયાન સારાં કાર્યો કરવાં જોઈએ. પરોપકારનાં કામો કરી દુ:ખીયારાઓનાં દુ:ખો દૂર કરી જીવન જીવ્યા હોઈએ તો જીવનના અંત પછી પણ લાંબા સમય સુધી લોકોના સ્મરણ પટે આપણું નામ રહે છે. જે લોકો બીજાઓ માટે જીવે છે તેઓ જ ખરેખર જીવે છે, બાકીના લોકો તો જીવતા હોવા છતાં મરેલા જ છે.

સ્વામી વિવેકાનંદજી કહેતા : “ભલે તમે કરોડો સંપ્રદાયો ઊભા કરો, પણ જ્યાં સુધી તમારી પાસે સંવેદનશીલ હૃદય ન હોય ત્યાં સુધી બધુ વ્યર્થ છે.” અર્થાત્ દુ:ખીઓને જોઈ તેઓ

પ્રત્યે હમદર્દની ભાવના ન થાય, તેઓનાં દુ:ખો દૂર કરવાનાં પ્રયત્નો ન થાાય તો એવા સંપ્રદાયથી શું ફાયદો થવાનો ? એવા સંપ્રદાયો હોય તોય શું અને ન હોય તોય શું ? નિરાધાર દુ:ખીયારાઓ માટે તો બન્ને સરખા જ છે.

દયાળુ સ્વભાવ મળવો એ પ્રભુ તરફની મોટી ભેટ છે. દયા વિનાનો માનવ માત્ર શોભતો જ નથી, પછી તે સાધુના વેશમાં હોય કે ગૃહસ્થના. નિર્દયી સ્વભાવ માણસને શેતાન બનાવી દે છે, માટે દયાને જાગ્રત કરી તેની વૃદ્ધિ કરી તેના દ્વારા દુ:ખી સમાજને મદદ કરવી એ કામ ધર્મવાન સંતો - મહંતો અને ધર્માચાર્યોનું છે.

સ્વામી વિવેકાનંદજી એકવાર વૈદ્યનાથ સ્થળમાં પ્રિયનાથ મુખરજીને ત્યાં ઉતર્યા હતા. સાંજે ટહેલવા માટે ઘેરથી નીકળ્યા. ત્યાં તેઓની નજર એક વૃદ્ધ પુરુષ પર પડી. ઠંડીના કારણે તે ધ્રુજતો હતો અને રડતો હતો. વિવેકાનંદજી તેમની પાસે ગયા અને તે વૃદ્ધને ઊચકી ઘેર લાવ્યા. થોડા દિવસ સેવા કરી તેથી સાજો થઈ ગયો. જતાં જતાં પેલા વૃદ્ધ માણસે આંખમાં આંસુઓ સાથે વિવેકાનંદજીને હૃદયથી આશીર્વાદ આપ્યા.

આપણું હૃદય જો ખરેખર દયાળુ હોય તો આપણે પણ કોઈ દુ:ખી માણસને જોઈ મદદ કરવી જોઈએ. તેમને દવાખાને લઈ જવો જોઈએ, કપડાં ન હોય તો કપડાં લઈ આપવાં જોઈએ, જમવાનું ન હોય તો જમવાનું લઈ આપવું જોઈએ અને ઠંડીના સમયે ઓઢવાનું ન હોય તો ચાદરો વગેરે લઈ આપવું જોઈએ. ધનવાન લોકો માટે પ્રભુને રાજી કરવાનો આ સારો ઉપાય છે.



“ દયા અને કરૂણા ”

“ ગ્રંથ પંથ સબ જગત કે, બાત બતાવત તીન;
રામહૃદય મનમેં દયા, તન સેવામેં લીન. ”

ભક્તો ! જ્યારે માત્ર આંખ જ ખુલ્લી હોય છે ત્યારે ફક્ત કેરી જ દેખાતી હોય છે, પરંતુ જ્યારે દૃષ્ટિ ખૂલે છે ત્યારે એ કેરીની જન્મદાત્રી ગોટલી પણ દેખાવા લાગે છે. પ્રભુની મૂર્તિમાં પથ્થરનાં જ દર્શન એ ખુલ્લી આંખનું પરિણામ હોઈ શકે, પણ દૃષ્ટિ ખુલી જાય છે ત્યારે તો પ્રતિમામાં પ્રભુનાં દર્શન થવા લાગે છે. દવાખાને આવતા દર્દીમાં ગ્રાહકનાં દર્શન એ ડોક્ટરની ખુલી આંખની જાહેરાત છે, પરંતુ એ જ દર્દીમાં માનવતાનાં દર્શન કરવા એ ડોક્ટરની ખુલી ગયેલી દૃષ્ટિની જાહેરાત છે. - એ જ રીતે દુ:ખીયાઓને જોઈને દુ:ખ થાય એ હૃદયમાં રહેલ દયાનો ગુણ છે, પણ તે જ દુ:ખીયાઓનાં દુ:ખો દૂર કરવા લાગી જવું એ હૃદયમાં રહેલ કરૂણાનો ગુણ છે.

નજર સામે બીજાઓનાં દુ:ખો દેખાય, કાનથી અન્યોનાં દુ:ખોની વાત સંભળાય, આંખો કરૂણાનાં આંસુઓથી છલકાઈ જાય અને તેઓનાં દુ:ખો દૂર કરે તેવા લોકોનું માનવ જીવન ધન્ય બની જાય છે. કઠણ માટીને પાણી દ્વારા કોમળ બનાવ્યા પછી જ કુંભાર એને ચાકડાં પર ચઢાવે છે તેથી ઘડો બનાવવામાં સફળતા મળે છે. - જે વાત બહિર્જગત માટે છે, એ જ વાત આભ્યંતર જગત માટે પણ છે. અંત:કરણ જો કોમળ છે અને દરેક જીવ પ્રાણીમાત્ર પ્રત્યે કરૂણાથી છલોછલ છે, તો જ એ

અંત:કરણ પર અન્ય સદ્‌ગુણોના ધાર્યા ઘાટ ઘડી શકાય તેમ છે, માટે દરેક જીવો પર કરૂણા રાખવી.

ભૂકંપ વખતે બેઘર બનેલાં અને ઘવાયેલાં સ્ત્રી-પુરુષો માટે અમદાવાદમાં ફંડ ભેળું થતું હતું. તેમાં લાખો રૂપિયાનું દાન લોકો આપતા હતા. એ સમયે એક ગરીબ વૃદ્ધ માજીએ ત્યાં આવીને કાર્યકરને કહ્યું : " ભાઈઓ ! મારે પણ આ ફાળામાં ૧૦૦ રૂપિયા આપવા છે. દૂધપાકના આ મોટા તાવડામાં મારું ટબૂડી જેટલું દૂધ હું પણ નાખવા માગું છું."

ભક્તો ! એટલું જ કહીશ કે, તમારી સાથે હાથ લાંબા કરીને કોઈક ઊભું રહેતું હોય ત્યારે એની માગવાની એ ચેષ્ટાને દંભમાં ખપાવી દેવાને બદલે મજબૂરીમાં ખપાવી દેજો અને તમારા હૃદયની કોમળતા ટકાવી રાખવા માટે એને કંઈક આપીને રાજી કરજો. યાસનારસ અધમરસ છે, ઈચ્છારસ મધ્યમરસ છે, જ્યારે દાન રસ તો શ્રેષ્ઠ રસ છે.

પાણીની બાદબાકી કરી નાંખીએ તો વૃક્ષ સૂકાઈ જાય, મીઠાની બાદબાકી કરી નાખીએ તો શાકમાંથી સ્વાદ જતો રહે, પેટ્રોલની બાદબાકી કરી નાખીએ તો ગાડી એની ગતિશીલતા ગુમાવી બેસે - એ જ રીતે હૃદયમાંથી દયા અને કરૂણાની બાદબાકી કરી નાખીએ એટલે જીવન એની પ્રસન્નતા ગુમાવી બેસે છે, તેથી હૃદય લુખું થઈ જાય છે. - (વિજય રત્નસુંદરસૂરિ)



“ દયાનું પરિણામ ”

ઓલિમ્પિકની રમતમાં જો ‘દોડ’ માં ભાગ લેવો હોય તો ખેલાડીના પગ મજબૂત હોવા અનિવાર્ય છે. લોખંડનો ગોળો દૂર ફેંકવાની હરિફાઈમાં જો ભાગ લેવો હોય તો ખેલાડીનાં બાવડાં મજબૂત હોવાં જરૂરી છે; પરંતુ અધ્યાત્મ જગતમાં જેને વિજેતા બનવું હોય એણે પોતાના હૃદયને સંવેદનશીલ બનાવેલું રાખવું અનિવાર્ય છે. એ એક જ ગુણ એવો છે કે જે સાધકને કોમળ, નમ્ર, ઉદાર અને પરોપકારી બનાવ્યા વિના રહેતો નથી.

ચંદ્ર આકાશમાં ઘણો દૂર હોય છે, છતાં ધરતી પર રહેલા સાગરના પાણીને ઘૂંઘવવા એ મજબૂર કરે જ છે. લોહચુંબક દૂર હોવા છતાં ઘરના ખૂણે પડેલા લોખંડના ટુકડાને નજીક જવા એ મજબૂર કરે જ છે. પુષ્પો ઘણે દૂર હોવા છતાં એની ફેલાતી સુવાસ માણસને એની નજીક જવા મજબૂર કરે જ છે. રૂપિયાની થપ્પી દૂર પડી હોય છે; ત્યારે એના પર પડતી નજર ધનલંપટ વ્યક્તિને એની નજીક જવા ઉશ્કેરે જ છે, એ જ રીતે દૂર દૂર રહેતા દીન-દુ:ખીયા લોકોની વાત સાંભળી જેના હૃદયમાં દયા અને કરૂણા હોય છે તેવા માનવીઓને ત્યાં જવા તે ગુણો મજબૂર છે.

વાદળાં પોતાનું જળ ગમે તે જગ્યાએ વરસાવી દે એ શક્ય છે, પણ ડાહ્યો ખેડૂત તો પોતાની પાસે રહેલા જળને યોગ્ય જગ્યાએ જ વાપરતો રહે છે. સૂર્ય પોતાનો પ્રકાશ ઊકરડે પણ પહોંચાડે એ શક્ય છે, પણ શાણો વૈજ્ઞાનિક તો પોતાની

પાસે રહેલ ઊર્જાને યોગ્ય જગ્યાએ જ વાપરતો રહે છે. પુષ્પ પોતાની સુવાસને જંગલમાંય પ્રસરાવી દે એ શક્ય છે, પણ જેના હાથમાં અત્તરની બોટલ આવી ગઈ છે એ માણસ તો પોતાના અત્તરને યોગ્ય જગ્યાએ જ વાપરતો રહે છે.

સમ્યક સમજણાનો જેની પાસે અભાવ છે, પરલોક દૃષ્ટિના જેની પાસે વાંધા છે, હૃદયની કોમળતા જેની પાસે ગાયબ છે એ માણસ પોતાની પાસે રહેલ સંપત્તિ ગમે ત્યાં વાપરતો રહે તે શક્ય છે, પણ જેની પાસે થોડી ઘણી સમજ છે, પરલોકનો અને પાપનો જેને ડર છે, પરમાત્મા પ્રત્યે જેને સદ્‌ભાવ છે અને હૃદયમાં જેણે કરુણા અને દયાને સ્થાન આપ્યું છે એ માણસ પોતાની સંપત્તિનો સદુપયોગ પોતાના જીવનમાં કરતો જ રહે છે.

દાન એ ફેંકવાની નહિ, પણ વાવવાની પ્રક્રિયા છે. ખેડૂત જો બિયારણ વાવતી વખતે આનંદિત હોય છે, તો દાતા દાન કરતી વખતે આનંદિત શું કામ ન હોય ? આપવું કે છોડવું તે દાન નથી, પણ વાવવું એ દાન છે. - દાનની આ વ્યાખ્યા જો આપણા મગજમાં બરાબર ગોઠવાઈ જાય તો આજે દાનની તક વખતે જે નિરુત્સાહ દેખાય છે તે ગાયબ થઈ જાય.

“ દયામાંથી કરુણાનો જન્મ ”

ભક્તો ! ભાગવતજીમાં ધર્મના ચાર ચરણો બતાવ્યાં છે. તેમાં દયાને એક ચરણમાં સ્થાન મળેલ છે. સત્સંગિ જીવનના માહાત્મ્યના પહેલા અધ્યાયના પ્રથમ શ્લોકમાં જ સદ્‌ગુરૂ



મુક્તાનંદ સ્વામી લખે છે કે, " યો ભક્તો પ્રકટી ભૂવ દયયા...." એ ભગવાન દયા કરીને પૃથ્વીમાં ભક્તો માટે પ્રગટ થયા. સંતોના ૩૦ લક્ષણોમાં પણ દયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

'દયા ધર્મકા મૂલ હે...' આ સાખીમાં પણ તુલસીદાસજીએ દયાને ધર્મનું મૂળ કહ્યું છે. અર્થાત્ મૂળ કપાઈ જાય તો ડાળીઓ અને પાન પણ સૂકાઈ જાય છે - એ જ રીતે માણસના જીવનમાંથી જો દયા જતી રહે તો ધર્મ પણ રહી શકતો નથી; એટલા માટે જ તુલસીદાસ લખે છે કે, ' તુલસી દયા ન છોડીએ, જબલગ ઘટમેં પ્રાણ ' જીવન પર્યંત દયાને છોડવી નહિ.

દયાવાનના હૃદયમાં કરૂણા ઊભરાઈ જાય છે. તે અન્યના દુ:ખો જોઈને તેની તુરંત મદદ કરે છે. બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે પણ જો કોઈ વૃદ્ધ કે નાનું બાળક ઊભું હોય તો તુરંત દયાવાન વ્યક્તિ ઊભી થઈને પેલાને બેસવા પોતાની જગ્યા ખાલી કરી આપે છે અને પોતે ઊભા રહીને શારીરિક દુ:ખો સહન કરે છે.

દયાવાનને ઘેર નોકર કે નોકરાણી કામ કરતા હોય અને તેમને તાવ આવ્યો હોય તો શેઠાણી તુરંત રૂપિયા આપી દવાખાને મોકલી ઘેર આરામ કરવાનું કહે છે અને નોકરાણીનું કામ પોતે કરે છે. દયાળુ રસ્તા પર ચાલ્યા જતા હોય અને ભૂખ્યા માણસને જોશે તુરંત કરૂણા પ્રગટશે અને તેમને ખાવા-પીવાનું લાવી આપશે. નિર્દોષને કોઈ મારતું હોય તો તુરંત તેમને બચાવશે.

દયાળુની દરેક ક્રિયા અન્યનાં દુ:ખો દૂર કરવાની હોય છે તેથી જ દયાને કરુણાની માતા કહેવામાં આવે છે.

દયાળુ માનવો પોતાનાં સુખો છોડીનેય બીજાઓનાં દુ:ખો ઓછાં કરવાના પ્રયત્નોમાં સતત મંડ્યા રહેતા હોય છે. દયાને કારણે હૃદય કોમળ બને છે. કોમળ જમીનમાં બીજનો પ્રવેશ જેમ સુગમ બને છે, તેમ કોમળ દિલમાં ધર્મનો પ્રવેશ પણ અતિ સુગમ બને છે. દયાળુ લોકો ક્યારેય પણ કોઈ પણ નાનાં-મોટાં પશુ-પક્ષીઓને હેરાન કરતા હોતા નથી. તેમની હિંસા કરતા બીજા લોકોને પણ તેઓ અટકાવતા હોય છે. આપણી ક્રિયાને ઉપરોક્ત પ્રસંગ સાથે સરખાવવી જોઈએ જેથી ખ્યાલ આવે કે હૃદયમાં દયા છે કે નહિ.

“ દયાનિધિ શ્રીહરિજી”

“અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,
પર દુ:ખહારી રે, વારી બહુનામીનો.

કોઈને દુ:ખીયોરે, દેખી ન ખમાયે,
દયા આણી રે, અતી આકુળા થાય.

અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુ:ખ ટાળે,
કરુણા દૃષ્ટિ રે, દેખી વાન જ વાળે.”

વ્હાલા ભક્તો ! અક્ષરધામમાંથી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર પધાર્યા હતા, તેનો મુખ્ય હેતુ જન્મ મરણના ચક્કરમાં ફરતાં જીવાત્મા પર દયા લાવી તેઓને



પોતાના નિજધામમાં લઈ જવાનો હતો. પરંતુ દયાળુ શ્રીહરિજીએ કેવળ જીવ ઉપર જ દયા કરી નથી, તેના દેહ પર પણ દયા કરી છે. મનુષ્ય તરીકે જન્મીને માણસે પરોપકાર કરવો જોઈએ, એવું શીખવવા માટે સ્વયં શ્રીજી મહારાજે અનેકાનેક પરોપકારનાં કાર્યો કર્યાં છે. અનેક સદાવ્રતો ચલાવી ગરીબોને અને યાત્રાળુઓને ભોજન કરાવ્યાં છે.

વિક્રમ સંવત ૧૮૬૧ માં સૌરાષ્ટ્રમાં માંગરોળ શહેરમાં વાવ ખોદાવી પાણીની મુશ્કેલી દૂર કરી હતી. વિ.સં.૧૮૬૧ માં કારિયાણી ગામમાં મોટું તળાવ ખોદાવી પરોપકારનું કાર્ય કર્યું હતું. હજારો ગરીબ બ્રાહ્મણો અને અન્ય લોકોને અન્ન વસ્ત્ર તેમજ ધન આપી સુખી કર્યા હતા અને અનેક સદાવ્રતો શરૂ કર્યાં હતાં.

શ્રીજી મહારાજનો સ્વભાવ જ એવો દયાળુ હતો કે, કોઈપણ દુ:ખી માણસને જોઈ તુરંત તેનું દુ:ખ મટાડતા હતા. યજ્ઞમાં હોમાતાં પશુઓ બંધ કરાવ્યાં. દૂધ પીતી કરીને અર્થાત્ પુત્રીને દૂધના વાસણમાં ડૂબાડી જાડેજા ક્ષત્રીઓ મારી નાખતા એને બંધ કરાવી. સ્ત્રીઓ વિધવા બને એટલે પતિ પાછળ બળી મરવા મજબૂર કરાતી અને 'સતી થયાં' આવું ધાર્મિક નામ અપાતું તે કુરિવાજ બંધ કરાવી સ્ત્રી સમાજ પર મોટો ઉપકાર કર્યો.

સમસ્ત જીવ પ્રાણી માત્ર પર દયા રાખીને પોતાના હરિભક્તોને આજ્ઞા ફરમાવી કે, "ક્યારેય પણ નાના-મોટા જીવજંતુઓને મારવા નહિ. માંકડ-મચ્છર વગેરે પોતાને કરડે

તો પણ મારવા નહિ ! તેમજ યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં અને માછલાં વગેરે જીવની હિંસા ન કરવી, પોતાની પાસે ઘાસની સગવડ હોય એટલાં જ પશુઓ રાખવાં, પશુઓને બાંધવા માટે દોરડાં રાખવાં અને પશુઓ પાસે જ દાતરડાં રાખવાં એટલે કદાચ આગ લાગે તુરંત દાતરડાંથી દોરડાં કાપી પશુઓને બચાવી લેવાય." આવી અનેક આજ્ઞાઓ આપી દયાળુ નામ સાર્થક કર્યું છે.

" દુષ્કાળમાં દયાળુની દયા "

"દુઃખ નિહાળીને બૌ દયા ધરે, ઉનડ ખાયર એમ ઉચ્ચરે
જીવ દયાળુનો બૌ દુઃખાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો.
મુખ ભૂખ્યાતણું જે ન ભાળતા, અધિક અન્ન દે દુઃખ ટાળતા
નિયમ એ હતો તે તજાવિયો, અરર કાળ આ ક્યાંથી આવિયો"

- આચાર્ય શ્રી વિહારીલાલજી મ.

વ્હાલા ભક્તો ! વિક્રમ સંવત્ ૧૮૬૯ ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. તે સમયમાં શ્રીજી મહારાજે ઘણા ગરીબ ભક્તોના ઘેર જઈ અનાજની કોઠીઓને ઉપરથી બંધ કરાવી આખું વર્ષ અનાજ ખૂટવા દીધું ન હતું ! તે સિવાય ઘણીવાર શ્રીહરિજી પોતે માથા પર ખીચડીનો ટોપલો મૂકી મૂળજી બ્રહ્મચારીને સાથે લઈ ગઢપુરની બજારમાં રખડતા ભૂખ્યા લોકોને ખવડાવવા જતા હતા અને પોતાના હાથથી ખવડાવતા હતા. હરિલીલામૃતમાં લખ્યું છે કે,-

" દુર્ગપુરીની બજારમાં, આવ્યા ભિખારી અપરમપાર



નરનારી અને બાળકો, કરે ભૂખનું દુઃખ પોકાર
દીનબંધુ દયાસિંધુને, દયા દિલમાં ઉપજે અનંત
કોઈ કોઈ સમે રાત્રિએ, અન્ન આપે જઈ ભગવંત ”

ભક્તો ! એક વાત યાદ રાખો : જેના હૃદયમાં દયા છે અને જેના મનમાં સંવેદનાશીલતા છે તેવી વ્યક્તિને જ બીજાઓનાં દુઃખો દૂર કરવાની ઈચ્છાઓ થાય છે અને એવા લોકો જ પરોપકારનાં કાર્યોમાં પોતાની સંપત્તિ આપી શકે છે. દુઃખીઓની સેવા કરતા કરતા શરીરનાં અંગોમાંથી પરસેવો નીકળે છે એ પરસેવો નથી, પણ મનનાં પાપ બહાર નીકળે છે. દુઃખીઓની સેવા એ પણ મનનાં પાપને બહાર કાઢનારી પરમ ઔષધી છે !

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, “પોતાના સામર્થ્ય પ્રમાણે દીન જનને વિષે દયાવાન થવું. રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજુર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું. જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ઘાસનો સંગ્રહ કરવો.” ભક્તો ! મનુષ્યોની સાથે પ્રભુએ પશુઓ ઉપર પણ દયા રાખવાનું કહ્યું છે, માટે જીવ પ્રાણી માત્ર પર દયા રાખવી જોઈએ.

“ મહાવીર સ્વામી ”

“લગાડી લાગે નહિ, તે લોટરી નકામી;
વગાડી વાગે નહિ, તે ટોકરી નકામી;
ખાધું પચાવે નહિ, તે હોજરી નકામી;
વડીલોનું માને નહિ, તે છોકરી નકામી;
પગાર પૂરો મળે નહિ, તે નોકરી નકામી;
દુ:ખી પ્રત્યે દયા નહિ, તે ખોપરી નકામી.”

વ્હાલા ભક્તો ! દીવો જેમ અંધકારનો નાશ કરી અજવાળું આપે છે, એ જ રીતે વિશ્વની સવા છ અબજની વસ્તીમાં પણ ગરીબો અને દુ:ખી લોકોનાં દુ:ખોનો નાશ કરનારા અનેક માનવરૂપી દીવડાઓ પ્રકાશ આપે છે. ભૂતકાળમાં પણ અનેક એવા દીપકો થયા છે, વર્તમાનકાળમાં પણ છે અને ભવિષ્યકાળમાં પણ થશે. દરેક યુગોની અંદર દયાળુ, દાતાઓ અને પરોપકારી માનવો હોય જ છે. - આવા મહા માનવોને આપણો આ પુસ્તકમાં ‘ માનવતાના દીપકો’ તરીકે ઓળખીશું. મને જે માહિતીઓ મળી છે એને શબ્દનું સ્વરૂપ આપી સમાજ સમક્ષ રજુ કરી રહ્યો છું. જેથી અન્ય લોકોને પ્રેરણા મળે તેમજ જે દીપકોએ બીજાના જીવનમાં સુખરૂપી અજવાળું આપ્યું છે તેનો યશ કહેવાનો આનંદ મળે.

હિંદુ ધર્મની જેમ જૈન ધર્મમાં દયાને વિશેષ મહત્વ આપવામાં આવે છે. ભારતની અંદર પશુઓ માટેની પાંજરાપોળ જૈન ધર્મીઓ ચલાવે છે એવી બીજા અન્ય સંપ્રદાયો કે ધર્મો ચલાવતા નથી. તેઓ દુ:ખી પશુઓની



વિશેષ સંભાવના કરે છે. કોઈને દુ:ખી ન કરવા એ તેમજ દુ:ખીઓને મદદ કરવી એ તેઓનો મુખ્ય ધર્મ છે. તેઓના શાસ્ત્રો મુજબ જૈન ધર્મના ૨૪ મા તીર્થંકર મહાવીર સ્વામી તે ધર્મના મુખ્ય પ્રચારક ને પોષક હતા. હિંદુઓ જેમને અવતાર માને છે એવા ઋષભદેવ ભગવાનને જૈન લોકો પોતાના પ્રથમ તીર્થંકર માને છે.

મહાવીર સ્વામીનો જન્મ ઈ.પૂર્વે ૫૯૯ માં બિહાર રાજ્યના "કુંડપુર" નગરમાં થયો હતો. તેઓ નાનપણથી જ ખૂબ દયાળુ હતા. જીવ પ્રાણી માત્ર પર દયા રાખવી એ તેઓનો મુખ્ય ઉપદેશ હતો. તેઓ કહેતા : " બીજાને ક્યારેય પણ દુ:ખ આપવું નહિ, દરેક પ્રાણીઓને આપણી જેમ જ દુ:ખ થાય છે. જેમ આપણાને જીવવું ગમે છે, તેમ દરેકને જીવવું ગમે છે. જીવવાનો અધિકાર દરેકને સરખો જ છે. આપણે કોઈને જીવનદાન આપી શકતા નથી, તો પછી તેઓનું જીવન લઈ લેવાનો આપણાને કોઈ અધિકાર નથી. આપણે દરેક જીવો ઉપર કરૂણા કરી તેઓનું રક્ષણ કરવું." હાલ તેઓના આશ્રિતોની સંખ્યા (અર્થાત્ ઈ.સ.૨૦૦૪ માં જૈનોની વસ્તી) ૮૦ લાખની છે.

" ગુરૂ નાનકજી "

ક્ષમાનું પ્રેરક બળ દયા છે. દયાળુ સ્વભાવ મળવો એ પરમાત્મા તરફની મોટી બક્ષીસ છે. દયા વિનાનો માણસ શોભતો નથી. દયાની પોષક ઉદારતા છે. નિર્દયી સ્વભાવ માણસને અધમ બનાવી દે છે. સંસાર એક યાતના શિબિર છે,

આ બધુ દયાળુઓથી જોઈ શકાતું નથી. - આવા દયાળુઓમાં જેઓની ગણના થાય છે, એવા શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક સાહેબ હતા.

તેઓનો જન્મ ઈ.સ.૧૪૬૯ માં પંજાબના તલવંડી ગામમાં (હાલ પાકિસ્તાનના શેખપુર જીલ્લામાં) થયો હતો. તેમના પિતા વેદપાઠી ક્ષત્રિય હતા. તેઓએ પુત્ર નાનકને વાડીએ રખોપું રાખવા મોકલ્યા. ત્યાં જઈને ધ્યાન કરવા લાગ્યા. ત્યાં પક્ષીઓ પાકેલ અનાજ ચણવા લાગ્યા, તેથી તેની સામું જોઈ નાનકજી બોલવા લાગ્યા : ' રામકી ચિડીયા, રામકા ખેત; ખાલો ચિડીયા ભર ભર પેટ.' તે સમયે તેઓના પિતાએ આવીને પૂછ્યું : "પક્ષીઓને કેમ ઉડાડતા નથી ?" ત્યારે નાનકજીએ તેમને જવાબ આપ્યો : "એ બિચારાને કયાં પકવતાં આવડે છે તે અનાજ પકાવીને ખાય, ઉગાડીને ખાય; એને કયાં જમીન છે." આવા તેઓ દયાળુ હતા. 'આત્મવત્ સર્વભુતેષુ ' આવું તેઓ દ્રઢપણે માનતા હતા.

તેઓ સંન્યાસી ન હતા, પરંતુ સદ્‌ગૃહસ્થ હતા. તેઓ કથા-વાર્તામાં ઘણીવાર કહેતા કે, " પરિશ્રમ કરીને રોટી કમાવવી અને તેમાંથી બીજાઓને ભોજન કરાવવું." આવા ઉપદેશને કારણે શીખ સંપ્રદાયમાં લંગરની (સદાવ્રતની) શરૂઆત થઈ. ગુરુ નાનક કહેતા: "ઉપવાસ કરવો તે કરતાં તે દિવસે કમાઈને તેનું દાન કરવું તે શ્રેષ્ઠ છે. તેમજ સંન્યાસ લેવો તે કરતાં, તન, મન અને ધન બીજા દુ:ખીઓની સેવામાં સમર્પિત કરી દેવાં તે ઉત્તમ છે." ધર્મનું મૂળ દયા છે. જન સેવા એ પણ પ્રભુસેવા જ છે. ગુરુ નાનકજીની પરંપરામાં ૧૦ મા

ગુરૂ તરીકે ગુરૂ ગોવિંદસિંહ આવ્યા. તેઓએ ઈ.સ.૧૬૯૯ માં ખાલસા પંથની સ્થાપના કરીને દરેક અનુયાયીઓને પોતાની આવકનો ૧૦ મો ભાગ દાન કરવાનો નિયમ બનાવી દયાને પ્રોત્સાહન આપ્યું હતું.

હાલમાં ભારત તેમજ આફ્રિકા વગેરે દેશોમાં પણ લંગરની પ્રથા શરુ જ છે. ત્યાંના સદાવ્રતોમાં પણ હાલ હજારો લોકોને નાત-જાતના ભેદભાવ વિના જમાડવામાં આવે છે. હાલ દુનિયાના દેશોમાં તેઓના અનુયાયીની સંખ્યા ૨ કરોડ છે. ઈ.સ. ૨૦૦૩ માં બ્રિટનમાં પ્રસિધ્ધ થયેલ પુસ્તક ' વીટેકર્સ આલ્માનેક ' માં લખ્યું છે કે, " વિશ્વમાં શીખ લોકોની વસ્તી ૨૦ મિલિયન છે." અર્થાત્ બે કરોડ છે.

" બુદ્ધ ભગવાન "

"ચંદન જેવું જીવન જીવી ગયા,
શીતળતા સૌને સોંપી ગયા;
જીવનભર પરમાર્થે જીવી,
સહુને સુખસાગર આપી ગયા."

હિંદુ ધર્મગ્રંથોમાં બુદ્ધ પ્રભુની પરમાત્માના ૨૩ મા અવતાર તરીકે ગણાના થાય છે. તેઓનું પ્રાગટય ઈ.સ. પૂર્વે ૫૬૩ માં અર્થાત્ ૨૫૦૦ વર્ષ પહેલાં નેપાળના કપિલવસ્તુ નગરના લુમ્બિનીમાં થયું હતું. તેઓનું નામ ગૌતમ હતું. તેઓના હૃદયમાં જીવ પ્રાણી માત્ર પર કરૂણા વરસતી રહેતી હતી. જીવ પ્રાણી માત્રની હિંસા ન કરવી એ એમનો મુખ્ય

ઉપદેશ હતો. કોઈ પ્રાણને મન, કર્મ અને વચને દુ:ખવવા નહિ એવું તેઓ દૃઢપણે માનતા હતા. કેટલાય રાજા-મહારાજાઓને તેઓએ હિંસાયુક્ત યુદ્ધો કરતાં અટકાવ્યા હતા.

અંગુલિમાન જેવા અનેક નિર્દય લૂંટારાઓને અહિંસાવાદી બનાવ્યા હતા. તેઓના સમકાલિન સમયમાં ભારતમાં અનેકાનેક હિંસાયુક્ત યજ્ઞો થતા હતા. બ્રાહ્મણો અને અન્ય લોકો વેદનો આધાર લઈ હિંસાયુકત યજ્ઞોનું પ્રતિપાદન કરીને અનેકાનેક પશુઓને મારી યજ્ઞમાં હોમી દેતા હતા. આવી ક્રૂરતા વેદનો આધાર લઈ કરાતી હતી તેથી ભગવાન બુદ્ધે વેદનું ખંડન કર્યું અને અહિંસા યજ્ઞો કરી નિર્દોષ પ્રાણીઓની કતલ થતી અટકાવી હતી.

માનવ જીવનને સત્ય અને અહિંસાના માર્ગે વાળ્યું. જીવદયા અને કરૂણાની ભાવના વિકસાવી. લોકપ્રિયતાને કારણે સહુ પ્રથમ બૌદ્ધધર્મ વિશ્વધર્મ બન્યો હતો. હાલ વર્તમાન સમયમાં પણ ભારત,શ્રીલંકા, બ્રહ્મદેશ, જાપાન, ચીન, મલયદ્વીપ, સુમાત્રા, જાવા, બાલી, ઈન્ડોનેશિયા, બોર્નિયા, થાઈલેન્ડ, તિબેટ, કંબોડિયા, અફઘાનિસ્તાન, તેમજ અગ્નિ એશિયાના પ્રદેશોમાં પણ તેઓના અનુયાયીઓ છે.

ઈ.સ. ૨૦૦૩ માં બ્રિટનમાં પ્રસિદ્ધ થયેલ 'વીટેકર્સ આલ્માનેક' નામના પુસ્તકમાં લખ્યું છે કે, ' વિશ્વના ઘણાં દેશોમાં ત્યાંના મૂળ નિવાસી બૌદ્ધોની સંખ્યા ૩૦૦ મિલિયન છે.' અર્થાત્ દુનિયામાં હાલ બૌદ્ધોની વસ્તી કુલ ૩૦ કરોડની છે.



“ સ્વામી વિવેકાનંદજી ”

“સેવાના સમરાંગણમાં, એ બનતા સાચા શૂરા;
પોતાની દે ફિકર છોડી, સ્વાર્પણમાં એ પૂરા.
સ્વાર્થ નિજ છોડતા હો, પરના ઉપકારમાં,
દુ:ખીયાના બેલી સંત, સરજ્યા છે સંસારમાં. ”

– સંત પુનિત

સ્વામી વિવેકાનંદજીનો જન્મ ઈ.સ. તા.૧૨-૧-૧૮૬૩ માં કલકત્તામાં થયો હતો. તેમનું નામ નરેન્દ્રનાથ હતું. બાળપણથી જ તેઓ મેધાવી, નિર્ભિક, સાહસી, શ્રુતિધર અને સ્મૃતિધર હતા. તેઓનો નાનપણથી જ પરોપકારી ને દયાળુ સ્વભાવ હતો. ગરીબોને જોઈ તેઓનું હૃદય પીગળી જતું હતું. તેઓ કહેતા : “ગરીબોની સેવા કરો, તેથી તેઓની અંદર રહેલા પરમાત્મા આપણી સેવા અંગિકાર કરશે. દુ:ખી લોકોની સેવા કરવી તેથી મોટો કોઈ ધર્મ નથી હોતો. પરોપકાર જ એક સાર્વજનિક મહાવ્રત છે. જે ધર્મ ગરીબો અને દુ:ખીઓનાં દુ:ખો દૂર નથી કરી શકતો તે ધર્મ નથી કહેવાતો. આજના સાધુઓ અને સંન્યાસીઓ રાજકુમાર કરતાં પણ વધારે શક્તિ ધરાવે છે; માટે તેઓએ સેવાનાં વિશેષ કાર્યો કરવાં જોઈએ. જેઓનું હૃદય દુ:ખીઓને જોઈને વેદનાથી ભરાઈ જાય છે તેઓને હું મહાત્મા સમજું છું. જો દુ:ખીઓને જોઈ તેઓ પ્રત્યે દયા ઉત્પન્ન થતી નથી તો તેવા લોકો સંન્યાસીઓ હોય તોય પણ દુરાત્મા જ છે ! ઉપનિષદોમાં લખ્યું છે કે, ‘ માતૃ દેવો

ભવ: ' પણ હું કહું છું 'દરીદ્ર દેવો ભવ:' મારા દેશનો એક કૂતરો પણ ભૂખ્યો હોય તેને રોટી આપવી એ મારો પરમ ધર્મ છે."

મદ્રાસની જાહેર સભામાં તેઓ બોલ્યા હતા કે, " જ્યાં સુધી ભારતમાં કરોડો નર-નારીઓ અને બાળકો અશિક્ષિત તેમજ ભૂખ્યા રહે છે ત્યાં સુધી જે જે ધનવાન લોકો તેઓને શિક્ષણ અને અન્ન-વસ્ત્રાદિક વગેરે જીવન જરૂરીઆતની વસ્તુઓ આપી મદદ નથી કરતા તે તે દરેક ધનવાનોને હું દેશદ્રોહી સમજું છું. પરોપકાર કરવાથી મને મુક્તિ મળે કે નરક મળે, બંન્નેનું હું પ્રેમસહિત સ્વાગત કરીશ."

" ગુરૂ હરિકીશનજી "

"પરના ઉપકારે દોડે રે, જીવ્યો એ જગમાં;
મૂકી દે પ્રાણને ડોડે રે, જીવ્યો એ જગમાં

પરનું દુ:ખ હોયે બિંદુ, તોય માને મોટો સિંધુ;
બને છે શીતળ ઈન્દુ રે, જીવ્યો એ જગમાં
સેવા કરતાં કદી મરતો, પગ પ્રભુ ધામે ધરતો,
પુનિત સંસાર તરતો રે,જીવ્યો એ જગમાં."

- પુનિત મહારાજ

શીખ ધર્મના આઠમા ગુરૂ હરિકીશનજી હતા. તેઓનો જન્મ ઈ.૧૬૫૬ માં થયો હતો. તેઓ માત્ર પાંચ વર્ષની ઉંમરે જ શીખ ધર્મના આચાર્ય બની ગયા હતા ! બચપણથી જ



સેવા કરવાનો એમનો સ્વભાવ બની ગયો હતો. તેઓના પ્રથમ ગુરૂ શ્રી નાનક સાહેબની જેમ જ તેઓ દુ:ખી લોકોને જોઈને રોગીઓની સેવા કરવા જાતે જ મંડી પડતા. ધર્મગુરૂ હોવા છતાં પણ તેઓ નિર્માની હતા. એકદમ સાદાઈથી રહી પરોપકારમાં ધન વાપરતા હતા.

એક વાર દિલ્હી શહેરમાં શીતળા અને કોલેરાનો ભયંકર રોગ ફેલાયો. આ વાતની જાણ ગુરૂ હરિકીશનજીને થઈ, તેથી તુરંત દિલ્હી આવ્યા. જાતે ઘેર ઘેર જઈ ગરીબોને અનાજ અને વસ્ત્રો આપતા હતા. જે દર્દીઓ હતા તેઓને દવાઓ લાવી આપી સ્વયં સેવા કરતા હતા ! દિલ્હીમાં તેઓના ઘણા અનુયાયીઓ હતા તેથી દર્શને આવતા ત્યારે ધન વગેરે ઘણી ભેટો આપતા હતા. પરંતુ જે જે ભેટ આવે તે તમામે તમામ ગરીબોની અને રોગીઓની સેવામાં વાપરી નાખતા હતા. તેઓએ ઘણો સમય સુધી શીતળાના દર્દીઓની સેવા કરી તેના કારણે તેમને પણ શીતળાનો ચેપ લાગી ગયો હતો, તો પણ સેવા કરવાનું શરૂ રાખ્યું હતું.

આ ધર્મગુરૂ હરિકીશનજીના જીવનમાંથી અન્ય સંપ્રદાયના ધર્મગુરુઓએ પ્રેરણા લેવા જેવી છે કે, પોતાના શિષ્યો ભેટ આપે તે રૂપિયામાંથી વૈભવો ન વિકસાવતાં ગરીબોને અને રોગીઓને મદદ કરવી જોઈએ. કેવળ મોટા મોટા ઉત્સવ-સમૈયાઓમાં હાજરી આપી 'સનાતન ધર્મ કી જય હો, અર્ધમકા ક્ષય હો, વગેરે સૂત્રો બોલી બૂમો પાડવાથી ફરજ પૂરી થઈ જતી નથી."

“ ઈસુ ખ્રિસ્ત ”

ઈસાઈ ધર્મના સ્થાપક ઈસુનો જન્મ ઈ.પર્વે ૪ માં પેલેસ્ટાઈન દેશના બેથલેહેમ ગામમાં થયો હતો. તેઓ યહૂદી હતા. તેઓએ જીવન પર્યંત રોગી માણસોની સેવા કરી હતી. તેઓ પોતાના ઉપદેશમાં કહેતા કે, “દીન, ભૂખ્યા અને બીમાર લોકોની સેવા હંમેશાં કરજો. તમારે જમવાનું આપવું હોય તો તમારાં સગાંઓ કે મિત્રોને ન આપશો, કારણ કે તેઓ તો તમોને જમાડી તેનો બદલો આપી દેશે; પરંતુ ગરીબ, લૂલા અને આંધળા વગેરે નિરાધાર લોકોને જમાડજો જેથી એનો બદલો પરમાત્મા તમોને આપશે. તમે દાન કરવા બેસો ત્યારે જમણો હાથ શું કરે છે એની જાણ ડાબા હાથને ન થવા દેતા. આ પૃથ્વી ઉપર સંપત્તિનો સંગ્રહ કરશો નહિ, પરંતુ તેને સ્વર્ગમાં સંઘરી રાખજો, અર્થાત્ સંપત્તિનું દાન કરજો.”

ભક્તો ! ઈસુના ધર્મદર્શનમાં માનવ સેવાનો મહિમા સાંગોપાંગ દેખાઈ આવે છે. સેવાને તેઓ પૂજા સમજે છે. માનવ ઉપર સ્નેહ તે પ્રભુની ભક્તિ માને છે અને કોઈ દીન-દુ:ખી ઉપર કરેલ ઉપકાર તેને પ્રભુનું નૈવેદ્ય સમજે છે. તેઓએ ગરીબો, બીમારો અને દુ:ખીયાઓની સેવા પર પહેલેથી જ ભાર મૂક્યો છે. તેમના મતે પ્રભુ પ્રત્યેનો પોતાનો પ્રેમ માનવ સેવા દ્વારા પ્રગટ કરવાનો છે.

માનવ સેવા એ પ્રભુ સેવા છે, એ ખ્રિસ્તીધર્મનું પાયાનું સૂત્ર છે. આ સૂત્રને કારણે જ પાદરીઓ દેશ-વિદેશોમાં જઈ ત્યાં હોસ્પિટલો વગેરે પરોપકારનાં કાર્યો કરી રહ્યા છે. ક્રિશ્ચિયન ધર્મ આજે દુનિયામાં મોટામાં મોટો ધર્મ બની ગયો



છે, તેનુ મુખ્ય કારણ એ છે કે તેઓ ગરીબો માટે સ્કૂલો ચલાવે છે અને મફત ભણાવે છે, મફત જમવા આપે છે. બીમાર લોકોને મફત સારવાર આપે છે, કપડાંઓનું દાન કરે છે તેમજ અનાજ વગેરે જીવન જરૂરીયાતની વસ્તુઓ આપીને સામી વ્યક્તિના દિલ જીતી લે છે. પછી ખ્રિસ્તી બનવાનું કહે છે તેને કારણે પેલા ક્રિશ્ચિયન બની જાય છે.

હાલ વિશ્વમાં મૂળ ક્રિશ્ચિયન ધર્મ રોમન કેથોલિક અને તેમાંથી અલગ થયેલ પ્રોટેસ્ટન્ટ, ઓર્થોડોક્સ અને એંગ્લીકન વગેરે સંપ્રદાયોના કુલ મળી અનુક્રમે રોમન કેથોલિકના ૯૮,૧૪,૬૫,૦૦૦ (અઠ્ઠાણું કરોડ ચૌદ લાખ વીશ હજાર) પ્રોટેસ્ટન્ટના ૪૦,૪૦,૨૦,૦૦૦ (ચાલીશ કરોડ ચાલીશ લાખ વીશ હજાર) ઓર્થોડોકસના ૨૧,૮૩,૫૦,૦૦૦ (એકવીશ કરોડ ત્યાંશી લાખ પચાશ હજાર) એંગ્લીકનના ૬,૯૧,૩૬,૦૦૦ (છ કરોડ એક્કાણું લાખ છત્રીશ હજાર) અને બીજા ખ્રિસ્તીઓની સંખ્યા ૨૮,૨૨,૫૮,૦૦૦ (અઠ્ઠાવીશ કરોડ બાવીશ લાખ અઠ્ઠાવન હજાર) છે. – (નવનીત જનરલ નોલેજના આધારે) અર્થાત્ હાલ ઈ.સ. ૨૦૦૪ માં વિશ્વમાં ખ્રિસ્તીઓની કુલ સંખ્યા ૧,૯૫,૫૨,૨૯,૦૦૦ છે. - (એક અબજ પંચાણું કરોડ બાવન લાખ ઓગણત્રીસ હજાર છે.)

હાલ ઈ.સ. ૨૦૦૪ માં વિશ્વની વસ્તી ૬૨૫ કરોડ (સવા છ અબજ) છે. તેમાં એક અબજ પંચાણું કરોડ બાવન લાખ ઓગણત્રીસ હજારની વસતી તો કેવળ ખ્રિસ્તીઓની જ છે ! ખ્રિસ્તીઓ પાસેથી અન્ય ધર્મોના લોકોએ પ્રેરણા લેવી જોઈએ કે, પરોપકારનાં કામો કરવાથી પણ પોતાના ધર્મના અનુયાયીઓ વધી શકે છે; જરૂર છે સમજાવવાની.

“ મહંમદ પયગંબર ”

ઈસ્લામ (મુસ્લિમ) ધર્મના સ્થાપક મહંમદ સાહેબનો જન્મ ઈ.સ.૫૭૦ માં સાઉદ અરેબિયા દેશના મક્કા શહેરમાં કુરૈશ નામની ઉચ્ચ જ્ઞાતિમાં થયો હતો. તેઓ પણ દયા અને પરોપકારમાં માનતા હતા. એક વાર મહંમદ સાહેબ પોતાના ભક્તો સાથે એક સ્થાનથી બીજા સ્થાને જતા હતા. રસ્તામાં અબ્દુલ્લા નામના માણસે પક્ષીનાં બે બચ્ચાઓને પકડી લીધાં, તેથી બચ્ચાંની માતા ચીં ચીં કરતી કરતી કલ્પાંત કરવા લાગી. આવું દૃશ્ય જોઈને મહંમદ સાહેબના હૃદયમાં કરૂણા ઉત્પન્ન થઈ એટલે પેલાં બચ્ચાંઓને છોડાવીને તેની માતા પાસે મૂકી દીધાં. તેઓ કહેતા કે, “ દરેક જીવ પ્રાણી માત્ર પરમાત્માનું કુટુંબ છે અને જે આ કુટુંબનું ભલું કરે છે તે પ્રભુને સૌથી વ્હાલો છે.”

એક વાર મહંમદ સાહેબ એક રસ્તા પર ચાલ્યા જતા હતા. એવામાં એક વૃદ્ધ સ્ત્રીને રડતી જોઈ. તુરંત તેમની પાસે જઈને રડવાનું કારણ પૂછ્યું, ત્યારે વૃદ્ધાએ કહ્યું : “ હું એક ધનવાન યહૂદીને ઘેર દાસી તરીકે નોકરી કરૂં છું. આજે મને મારા માલિકે બજારમાં લોટ લેવા મોકલી હતી, પરંતુ આ લોટની પોટલી હું ઊંચકીને ચાલી શકતી નથી. - જો ઘેર પહોંચતાં મોડું થશે તો મારો માલિક મને ખૂબ મારશે; એ બીકને કારણે હું રડી રહી છું ”

ગરીબ અને અસહાય સ્ત્રીનું દુ:ખ સાંભળીને મહંમદ સાહેબે તુરંત લોટની પોટલી પોતાને માથે ઉપાડીને બોલ્યા:



"ચાલો માજી! હું પોટલી મૂકવા આવું છું તેથી હવે તમોને તમારો માલિક નહિ મારે." આવું કહી માજીની સાથે વજન ઊંચકીને ઠેઠ પેલા યહૂદીના ઘેર મૂકી ગયા. મહંમદ સાહેબને જોઈને પેલો યહૂદી ઓળખી ગયો અને મનોમન બોલી ઊઠ્યો: " અરે ! આ તો મહંમદ સાહેબ પોતે છે !" તુરંત દોડી પગમાં પડી ગયો અને માફી માગવા લાગ્યો.

ત્યારે મહંમદ સાહેબ યહૂદીને મીઠો ઠપકો આપતાં બોલ્યા : " ભલા માણસ ! તારૂ હૃદય માનવનું છે કે દાનવનું ? તારામાં એટલી પણ દયા નથી કે, આ સ્ત્રી વૃદ્ધ થઈ ગઈ છે તેથી તેની પાસે વજન ન ઉપડાવાય, તેની પાસે હલકું કામ ન કરાવાય, તું એમની જેટલી ઉંમરનો વૃદ્ધ હોય અને તારી પાસે કોઈ આટલું બધું વજન ઉપડાવે તો તને કેટલી પીડા થાય ? ગુલામો પણ તારા જેવા માનવો જ છે, માટે તેમના પ્રત્યે દયા રાખવી જોઈએ." મહંમદ સાહેબનો ઉપદેશ સાંભળી પેલો યહૂદી સુધરી ગયો અને ગુલામો (નોકરો) સાથે સારું વર્તન કરવા લાગ્યો.

" કીસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર, જીના ઈસીકા નામ હૈ. "

" હવે તું ખરી પુત્રી "

એક વાર મહંમદ સાહેબ પોતાની દીકરી ફાતમાને મળવા તેમને ઘેર ગયા. પોતાના પિતાજી પોતાને મળવા માટે આવે છે આવું અગાઉ સાંભળ્યું હતું તેથી શણગાર કરી પિતાનું સ્વાગત કરવા ફાતમા દરવાજે ઊભી રહી. મહંમદ સાહેબ આવ્યા એટલે

તેઓને ભેટવા માટે ફાતમાએ હાથ લંબાવ્યા. તે સમયે ફાતમાના હાથમાં પહેરેલાં બે ચાંદીના કડાં મહંમદ સાહેબે જોયા; તેથી હાથને પાછા ખેંચીને પોતાની દીકરી સાથે બોલ્યા વિના જ ત્યાંથી પાછા જતા રહ્યા !

પોતાના અબ્બાજાન (પિતાજી) બોલ્યા વિના જ પાછા કેમ જતા રહ્યા એ ફાતમાને સમજાયું નહિ, તેથી વિચાર કરવા લાગી : " અરે ! અબ્બાજાન મારા પર હંમેશાં વ્હાલનાં અમી વરસાવતા અને આજે નારાજ થઈને કેમ ચાલ્યા ગયા હશે ? " હકીકત જાણવા માટે પોતાના પુત્રને બોલાવીને કહ્યું : " તું તારા નાના પાસે જા અને અહીંથી પાછા કેમ જતા રહ્યા તેનું કારણ જાણી લાવ."

માતાની આજ્ઞાનુસાર પુત્ર મહંમદ સાહેબને શોધતો શોધતો એક મસ્જિદમાં ગયો. ત્યાં જઈને જોયું તો મહંમદ સાહેબ રડતા હતા! તુરંત પાસે જઈને રડવાનું અને પોતાના ઘેરથી નારાજ થઈને પાછા આવતા રહેવાનું કારણ પૂછ્યું. મહંમદ સાહેબે જવાબ આપ્યો : " બેટા ! તારા ઘેરથી પાછો આવતો રહેવાનો અને રડવાનો બન્નેનો એક જ જવાબ છે; સાંભળ, અત્યારે દુષ્કાળમાં લોકોને પૂરું ખાવા પણ મળતું નથી, ભૂખ્યા લોકો ખાવા માટે તલસી રહ્યા છે, ત્યારે તારી માતા (મારી દીકરી) ચાંદીનાં કડાં પહેરીને પોતાના શરીરને શણગાર સજી પોતાની જાતને શ્રેષ્ઠ માને છે. એના હાથમાં કડાં જોયાં તેથી મને શરમ આવી અને દુ:ખ થયું તેથી જ હું પાછો આવતો રહ્યો છું અને એટલા માટે જ હું રડું છું. "



પેલા બાળકે ઘેર આવી પોતાની માતાને અથથી ઈતિ સુધી વાત કરી. વાત સાંભળી તુરંત ફાતમાએ બન્ને હાથમાંથી ચાંદીનાં કડાં કાઢી મસ્જિદમાં બેઠેલ પોતાના પિતાને મોકલી આપ્યાં. મહંમદ સાહેબ ખૂબ રાજી થયા અને કડાંઓને વેચી તેનું અનાજ લઈ ગરીબોને દાનમાં આપી તુરંત પોતાની દીકરીને ઘેર જઈ ફાતમાને ભેટી પડ્યા અને બોલ્યા : " હવે તું મારી દીકરી ખરી, તારા જેવી પુત્રી માટે મને ગર્વ છે." ભક્તો! આજના કેટલા પિતાઓ અને પુત્રીઓ આવાં હશે ?

" દયાની દેવી ફેનિમા "

પરિવારમાં અને સમાજમાં આદર પામતા સજ્જનો, રક્તપિત્ત રોગનો ભોગ બનતાં જ બિચારા બની જાય છે. કોઈ તેમની નજીક આવવા પણ તૈયાર થતું નથી. જગતનો સ્વાર્થભર્યો સ્નેહ તો જુઓ! રક્તપિત્તના દર્દીની વહાલી પત્ની પણ એનો ઓછાયો લેવા તૈયાર થતી નથી. સંતાનો દૂર રહે છે. મિત્રો પણ ભાઈ બંધાઈ છોડી દે છે. અર્થાત્ તે દર્દી જ્યાં જાય ત્યાં હડધૂત થાય છે. ધણી વિનાના ઢોર જેવી સ્થિતિ બિચારાઓની થઈ જાય છે.

ઓસ્ટ્રેલિયા દેશમાં રક્તપિત્તના દર્દીઓની આવી દશા જોઈને તેઓ માટે અલાયદી હોસ્પિટલ બાંધવામાં આવી. પરંતુ તેમાં કોઈ નોકરી કરવા તૈયાર ન થયું ! તેથી ત્યાના ધર્મગુરૂ જાહેર સભા કરી કહી રહ્યા હતા કે, " હોસ્પિટલ માટે કોઈક માણસની જરૂર છે. કોઈ નિરાધાર દર્દીઓ પર દયા

લાવી હોસ્પિટલમાં નોકરી કરવા તૈયાર થાવ.”

તે સમયે જ ત્યાં એક ૨૦ વર્ષની સ્વરૂપવાન યુવતીએ સેવા સ્વીકારવાનું કહ્યું. લોકો તો આશ્ચર્ય પામીને જોવા લાગ્યા. તે યુવતીએ કહ્યું : “ હું કરોડપતી સજ્જનની પુત્રી છુ, વકીલાતનું ભણું છુ.” પછી તે દર્દીનારાયણની સેવામા લાગી ગઈ ! જાતે મળમૂત્ર વાળા દર્દીઓને સાફ કરી, નવડાવીને કપડાં પહેરાવે અને આંગળીઓના નખ ખરી ગયા હોય એવા દર્દીઓને ભોજનના કોળિયા જાતે મુખમાં મૂકી પ્રેમથી જમાડે. જે રીતે સૌરાષ્ટ્રના પરબ વાવના સંત અમરબાઈ નિરાધાર દર્દીઓની સેવા ૨૪ કલાક કરતાં હતાં - એ જ રીતે ઓસ્ટ્રેલિયાનાં ફેનિમા પણ લાગી ગયાં.

એક વાર એક ફિલ્મ અભિનેત્રી હોસ્પિટલમાં આવી. દર્દીઓની સેવા કરતી ફેનિમાને જોઈને તે બોલી : “ તું આટલી સ્વરૂપવાન છે કે તુરંત તને ફિલ્મમાં અભિનેત્રી તરીકે કામ મળી જશે, માટે મારી સાથે ચાલ, રૂપિયાના ઢગલા મળશે. ” અભિનેત્રીનું કહેવું સાંભળી ફેનિમા બોલી : “ હું ઓસ્ટ્રેલિયાના એક મોટા ઉદ્યોગપતિની લાડલી પુત્રી છું. સમૃદ્ધિમાં તો હું આળોટતી હતી, વકીલાત કરતી હતી પરંતુ આ દર્દીઓની સેવા કરવાથી જે આનંદ આવે છે તેવો આનંદ રૂપિયા આપી શક્તો નથી.”

આવું ફેનિમાનું કહેવું સાંભળી પેલી અભિનેત્રીનો અહમ્ ઓગળી ગયો અને માફી માગી વંદન કરી પ્રશંસા કરતી કરતી જતી રહી. ફેનિમાએ આજીવન રક્તપિત્તીયાઓની સેવા કરી જીવન પૂર્ણ કર્યું. આજે પણ ઓસ્ટ્રેલિયા દેશમાં તેમને સૌ યાદ કરે છે.



“ દયાળુ મહાનામની કુરબાની ”

“જીના ઉસીકા નામ હૈ, જો ઔરો કે લિયે જીયે;
મરના ઉસીકા નામ હૈ, જો ઔરો કે લિયે મરે.”

વ્હાલા ભક્તો ! આ શાયરની પંક્તિ પ્રમાણે કુરબાની આપનાર એક મહામાનવની ગાથા સાંભળો. વર્ષો પહેલાં શ્રી વાસ્તીના રાજા વિડુભે કપિલવસ્તુ નગર ઉપર અકારણ આક્રમણ કરી દીધું. કપિલવસ્તુના લોકો સ્વભાવે દયાળુ અને સંવેદનશીલ હૃદયવાળા હતા તેથી બરાબર સામનો કરી શક્યા નહિ. વિડુભ રાજાના સૈનિકો નિર્દયપણે નિર્દોષ લોકોને નિર્ભય બનીને મારવા લાગ્યા, સંપત્તિ લૂંટવા લાગ્યા અને યુવાન યુવતીઓની ઈજ્જત લૂંટવા લાગ્યા તેથી ચારેબાજુ હાહાકાર મચી ગયો. આવાં દૃશ્યો જોઈને કપિલવસ્તુ નગરીના શાંતિપ્રિય એવા દયાળુ પુરોહિત મહાનામનું હૃદય કકળી ઊઠ્યું.

તુરંત તેઓએ સફેદ ધ્વજ હાથમાં લઈ વિડુભ રાજા પાસે જઈને કોઈ પણ કિંમતે હત્યાઓ રોકવાની વિનંતી કરી. અહંને કારણે અંધ બનેલ વિડુભ રાજા બોલ્યો : “ તમોને લોકો ઉપર બહુ દયા આવતી હોય તો હું હત્યા રોકવા તૈયાર છું, પરંતુ એની એક શરત છે કે, ‘જ્યાં સુધી તમો આ તળાવમાં ડૂબકી મારીને અંદર રહો ત્યાં સુધી જ હિંસા બંધ કરાવું; પરંતુ જેવા પાણીની બહાર નીકળશો એટલે તુરંત હત્યાઓ કરવાની આજ્ઞા આપી દઈશ.”

નિર્દય વિડુભ રાજાની મશ્કરીભર્યો સવાલ સાંભળી

દયાળુ દિલના મહાનામે મનોમન વિચાર કર્યો : " હું એવું કંઈક કરું કે જેના કારણે આ નગરની નિર્દોષ પ્રજા જીવતી રહી જાય." રાજાની શરત માન્ય રાખી એટલે રાજાએ થોડીવાર હત્યાઓ બંધ કરવાનો ઓર્ડર કર્યો. લોકોની મહાનામની શરતની ખબર પડી તેથી ટોળેટોળાં જોવા માટે આવવા લાગ્યાં.

આ બાજુ મહાનામે એક લાંબો ખેસ શરીરે બાંધી કીર્તિસ્થંભ પાસે તળાવમાં ડૂબકી મારી અંદર તળિયે જઈ કીર્તિસ્થંભ સાથે પેલો ખેસ બરાબર બાંધી દીધો ! જેથી પોતાનું મૃત્યુ થાય તો પણ શરીર બહાર ન આવે. કિનારે ઉભેલા રાજા, સૈનિકો અને નગરના લોકો રાહ જોવા લાગ્યા, પરંતુ મહાનામ પાણીમાંથી બહાર નીકળ્યા જ નહિ ! રાજા સમજી ગયો કે, " સ્થંભ સાથે વસ્ત્ર બાંધીને આત્મ બલિદાન આપી દીધું છે." પોતાનો પ્રાણ આપી અનેકના પ્રાણો બચાવી લીધા.!

" ગુલામીનો તારણહાર ગેરીસન "

પહેલાના સમયમાં પ્રજા ગુલામ હતી ત્યારે ધનવાન લોકો ગુલામોને પશુઓની જેમ ખરીદીને આજીવન કામ કરાવતા હતા. અત્યારે જેમ કતલખાને લઈ જવાતી ટ્રકમાં ઠાંસી ઠાંસીને પશુઓ ભરેલા હોય છે; એ જ રીતે એ સમયે ગરીબ માણસોને એક વાડાની અંદર ઠાંસી ઠાંસીને ભરવામાં આવતા હતા ! ગુલામ યુવતીઓ જો સ્વરૂપવાન હોય તો તેણીઓને કાં તો પોતાની રખાત બનાવી દેવાતી કાં તો વેશ્યા



બનાવી દેવામાં આવતી હતી.

હાલમાં અમેરિકામાં નિગ્રો (હબસી) લોકોની લાખોની સંખ્યા છે આ બધાના પૂર્વજો ગુલામો હતા. તેમને આફ્રિકા ખંડના દેશોમાંથી ગુલામ બનાવી અમેરિકા લાવવામાં આવ્યા હતા. એવા ગુલામો તો અનેક દેશોમાં હતા. તેઓની દશા પશુ કરતાં પણ બદતર હતી.

એવા સમયમાં એક મહાપુરુષ જન્મ્યો. જેનું નામ હતું ગેરીસન. ગુલામીની નાબુદીનો ઈતિહાસ વાંચીએ તો ગેરીસનનું નામ સુવર્ણાક્ષરે અંકાયેલું જોવા મળે જ. ગુલામીના બરફીલા ડુંગરાઓને ઓગાળી નાખવામાં પોતાનું સર્વસ્વ હોમી દેનાર ગેરીસન હતા.

એકવાર તેઓ બજારમાં જતા હતા. ત્યાં તેમણે એક દૃશ્ય એવું જોયું કે, એક માલિક તેના હબસી ગુલામને ચાબુકથી મારતો હતો. પેલો હબસી વૃદ્ધ હતો. મારની યાતનાને કારણે જોશજોરથી ચીસો પાડતો હતો. બિજાપુરના સેનાપતિ દિલાવરખાંને જોઈને જેમ છત્રપતિ શિવાજીને શુરાતન ચડી ગયું હતું - તેમ હબસીને મારતા જોઈને ગેરીસનને શુરાતન ચઢ્યું, એટલે દોડીને પેલા માલિકના હાથમાંથી ચાબૂક આંચકી લઈને બોલ્યા : " મૂરખ ! નિર્દય ! તારાબાપની ઉંમરના નિર્દોષ ગુલામને મારતાં તને શરમ નથી આવતી ?"

ગેરીસનના શુરવીરભર્યા શબ્દો સાંભળીને પેલો માલિક ત્યાંથી ભાગી ગયો. એ જ સમયે ગેરીસને સંકલ્પ કર્યો : "દેશમાંથી ગુલામી નાબૂદ નહિ કરું ત્યા સુધી જંપીને બેસીશ

નહિ. ત્યારથી ગુલામીના જૂલ્મોમાંથી હબ્સીઓને છોડાવવા માટેના પ્રયત્નો શરૂ કરી દીધા. દરરોજ પોતાના ઘોડા પર બેસી દૂર દૂર ગામડાં અને શહેરોમાં જઈ લોકોને અને સજ્જનોને પ્રવચન દ્વારા સમજાવવા લાગ્યા, જાગૃત કરવા લાગ્યા તેથી તેઓને પૂર્ણ સફળતા મળી. લોકો તેઓને ગુલામોના તારણહાર કહેવા લાગ્યા.

" બુદ્ધ પ્રભુ દ્વારા રોગીની સેવા "

મગધના મહારાજા પોતાના મહામંત્રી સાથે બુદ્ધ ભગવાનનાં દર્શન કરવા અને કથા સાંભળવા આશ્રમમાં આવ્યા. તપાસ કરાવી તો બુદ્ધ પ્રભુ અંદર ન હતા. રાજા સ્વયં તેઓને શોધવા બગીચામાં આમ-તેમ જોવા લાગ્યા. ત્યાં તો બગીચાના એક ખૂણામાં એક રોગી સૂતેલ હતો. તેના શરીરમાં ઘારાં પડેલાં હતાં ! તેમાંથી પરુ-પસ વહી રહ્યું હતું, તેને બુદ્ધ પ્રભુ પોતે સાફ કરી દવા ચોપડતા હતા ! રાજાએ આ દૃશ્ય જોયું તો રોગીના શરીરમાંથી દુર્ગંધ આવતી હતી એટલે રાજાએ કહ્યું ! " પ્રભુ ! જલ્દી ચાલો, હું તમારી કથા સાંભળવા માટે આવ્યો છું એને સાફ કરવાનું કોઈ માણસને સોંપી દો."

આવું સાંભળી ભગવાન બુદ્ધ બોલ્યા: "આજે પણ મારું મોટામાં મોટું પ્રવચન શરૂ જ છે. પ્રવચનમાંથી પ્રેરણા મળે છે, એ જ રીતે આ રોગીની સેવા કરવાથી પણ જોનારાઓને પ્રેરણા મળે છે; તો હે રાજન્ ! તમોને શું આમાંથી પ્રેરણા નથી મળતી ? " રાજાને પોતાની ભૂલ સમજાઈ તેથી માફી માગી



અને તેઓ પણ નિર્માની થઈને બુદ્ધ પ્રભુ સાથે પેલા રોગીની સેવા કરવા લાગી ગયા.

એક વાર બુદ્ધ પ્રભુએ મુખ્ય શિષ્ય આનંદને પૂછ્યું: "આનંદ! આ તીવ્ર દુર્ગંધ કયાંથી આવે છે ? તપાસ કરાવો." તુરંત આનંદ ભીખ્ખુએ તપાસ કરાવી. પછી બુદ્ધ પ્રભુને કહ્યું: " પ્રભુ! વિહારના (આશ્રમના) ખૂણે એક શ્રમણ (બૌદ્ધ સાધુ) વિષ્ટામાં પડ્યો છે, તેને ઝાડા ખૂબ થઈ ગયા છે તેની બદબું આવે છે. "

આવું સાંભળી તુરંત બુદ્ધ પ્રભુ પેલા બીમાર પાસે ગયા અને જાતે જ પાણી લઈ શરીર ઉપર ચોંટેલ વિષ્ટા સાફ કરવા લાગ્યા ! પછી તેને ધોયેલાં વસ્ત્રો પહેરાવ્યાં. પછી દરેક સાધુઓને બોલાવીને પૂછ્યું : " આ બીમાર શ્રમણની કોણ સેવા કરે છે ? " ત્યારે એક સાધુ બોલ્યા : " એ સાધુએ એની જિંદગીમાં કોઈની પણ સેવા કરી નથી તેથી તેની કોણ કરે ? તેના આ વર્તનને કારણે આજે તેની કોઈ સેવા કરવા તૈયાર નથી."

આવો જવાબ સાંભળી બુદ્ધ પ્રભુએ કહ્યું : "તમારી સેવા જે કરે તેની તમે કરો તેતો વેપારીવૃત્તિ ગણાય. બદલાની કોઈપણ અપેક્ષા વિના સામાની સેવા કરવી એ માનવમાત્રનો ધર્મ છે અને ફરજ છે. તમે તમારો સાધુનો ધર્મ ચૂક્યા છો." આવું સાંભળી ભીખ્ખુઓને પોતાની ભૂલ સમજાઈ અને તે બદલ માફી માગી સેવા કરવા લાગ્યા.

“ દયાળુ સંત માર્ટીન ”

સંત માર્ટીનનો જન્મ ઈ.સ.૧૫૬૯ માં દક્ષિણ અમેરિકાના લીમા નગરમાં થયો હતો. તેઓ ગર્ભશ્રીમંત હતા. માર્ટીનને માતા એનીવેલા અને પિતા ડોન જહોનના સંસ્કારો મળ્યા હતા. પિતા ખુબ ધનવાન હોવાથી માર્ટીનને એક મોટા શહેરમાં ભણવા મોકલ્યા હતા. દર મહિને પોતાને વાપરવા માટે પોતાના માતા-પિતા જેટલા ડોલર મોકલે તે બધા જ ગરીબો માટે વાપરી નાખતા હતા !

ભૂખ્યો માણસ દેખાય કે તુરંત જમવાનું લઈને આપે. કોઈ માણસને કપડાં વિનાનો જૂવે એટલે કપડાં લઈ આપે. ઘણીવાર ખીસ્સામાં ડોલર ન હોય તો પહેરેલાં કપડાં કાઢીને આપી દેતા હતા! કેવળ ચડ્ડી પહેરી હોસ્ટેલમાં જતા અને પોતાનાં રાખી મૂકેલાં કપડાં પહેરતા હતાં. નાનપણથી જ સંવેદનશીલ હૃદય હતું. ગરીબોની અને દુ:ખીયારાઓની સેવા કરવાની તીવ્ર તમન્ના હતી તેથી વૈદક શાસ્ત્ર ભણ્યા. એ જ સમયમાં ત્યાં ભયંકર ચેપી રોગ નીકળ્યો, એટલે રોગીઓની સારવાર માટે એક આશ્રમ બનાવ્યો.

તે આશ્રમમાં રહીને દર્દીઓની તન, મન અને ધનથી સેવા કરવા મંડી પડ્યા. રસ્તાઓમાં જ્યાં જ્યાં ચેપીરોગના દર્દીઓ દેખાય તુરંત તેઓને ઉપાડીને આશ્રમમાં લઈ આવે અને જાતે સેવા કરે. પોતે વૈદ્ય હોવાથી દર્દીઓની દવા જાણતા હતા તેથી રોગને અનુરૂપ દવા આપવાથી દરેકને સારું થઈ જતું હતું.



આ ચેપીરોગને કારણે બીજા ગામડાંઓ અને શહેરોમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા; તેને કારણે તેઓનાં સંતાનો અનાથ બની ગયાં હતાં. અનાથ બાળકોને જોઈ સંત માર્ટીનનું હૃદય કરૂણાથી ઊભરાઈ ગયું. તુરંત તેઓ મોટો અનાથાશ્રમ બાંધવા માટે ફાળો ઉઘરાવવા લાગ્યા. લોકોએ ધન આપ્યું એટલે અનાથાશ્રમ શરૂ કર્યો અને અનેક જગ્યાઓએ ગરીબો માટે સદાવ્રતો શરૂ કર્યાં. જેમ જેમ અનાથ અને રોગીઓને ખબર પડતી ગઈ, તેમ તેમ તેઓ આ આશ્રમોમાં આવવા લાગ્યા; તેથી ભીડ વધતી ગઈ.

ધનવાન લોકોને પણ આ દયાળુ માર્ટીનના પરોપકારનાં કાર્યોની ખબર મળતી ગઈ, તેમ તેમ તેઓ પણ પોતાની સંપત્તિ મોકલવા લાગ્યા. પછી તો માર્ટીને અનેક સંસ્થાઓ શરૂ કરી. ઘણા બધા કેટલ કેમ્પો ખોલી વૃદ્ધ પશુઓને રાખવા લાગ્યા. આવાં માનવતાનાં કામોથી માર્ટીનની સુવાસ આખા અમેરિકામાં અને ઠેઠ યુરોપમાં પણ ફેલાઈ હતી. લોકો તેમને સંત અને ગરીબોના પિતા કહેતા હતા.

“ દયાળુ મદનમોહન માલવીય ”

મદનમોહનજીનો જન્મ ઈ.સ.૧૮૬૧ માં પ્રયાગમાં થયો હતો. તેઓ ખુબ સરસ પ્રવચન કરતા હતા તેથી લોકોનાં ટોળેટોળાં સાંભળવા આવતાં હતાં. સ્વામી વિવેકાનંદની જેમ તેઓનું વ્યક્તિત્વ અલગ તરી આવતું હતું. તેઓનું લક્ષ્ય સમાજ

સેવા કરવાનું હતું. તેઓએ 'કાશી હિંદુ વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના કરી પરોપકારનું એક મહાન કાર્ય કર્યું છે.

તેઓનું હૃદય ખૂબ દયાળુ હતું. એકવાર તેઓ અલ્હાબાદમાં એક રસ્તા પર ચાલતા ચાલતા જતા હતા. રોડ પર અનેક લોકોની આવ-જા શરૂ હતી. તે રસ્તાની બાજુમાં એક વૃદ્ધ સ્ત્રી પડી હતી. તે અનેક રોગોથી પીડાતી હતી, તેના કારણે શરીરમાંથી ભયંકર દુર્ગંધ આવતી હતી. લોકો તેની સામે જોઈને મુખ બગાડી નાક પર હાથની આંગળીઓ મૂકી જલ્દી ત્યાંથી જતા રહેતા હતા.

આ દૃશ્ય પંડિત મદનમોહન માલવીયે જોયું. ભયંકર બદબુંને કારણે કોઈ ઊભું જ રહેતું ન હતું. માલવીય તુરંત ઊભા રહ્યા ને બોલ્યા : " હું પણ બીજાઓની જેમ જો અહીંથી જતો રહીશ તો મારી વૈષ્ણવતા લાજશે અને મારી દેશ સેવા ઉપર પાણી ફરી વળશે. મારા દેશમાં કેટલા લોકો આવી બીમારીથી પીડા પામતા હશે; આવાની સેવા કરવાની શું કોઈને પડી નથી? " લોકોનું આવું વર્તન જોઈને ખુબ દુ:ખ થયું. તુરંત ગાડી મંગાવી અને પેલાં બીમાર વૃદ્ધાને ગાડીમાં સુવડાવી હોસ્પિટલમાં લઈ ગયા અને સારું થયું ત્યાં સુધી સેવા કરી.

ભક્તો ! આજે દુનિયાના દરેક દેશોમાં અનેક પ્રકારનાં દુ:ખોથી લોકો પીડાઈ રહ્યા છે. તેમાં પણ જેમ જળાં-ઝાંખરામાં અને કાંટાની વાડમાં ઊગેલા થોડાં ફૂલ પણ સુવાસ પ્રસરાવ્યા વિના રહેતા નથી, તેમ આ સ્વાર્થી દુનિયામાં પણ નિ:સ્વાર્થપણે તન, મન અને ધનથી સેવા કરનારાઓ જગતમાં



માનવતાની મહેક ફેલાવતા રહે છે અને અન્યોને પ્રેરણારૂપ બનતા હોય છે. આપણે પણ આપણી શક્તિ પ્રમાણે તન, મન અને ધનથી સહયોગી બની દુ:ખીઓની દુવા લઈ પ્રભુનો રાજીપો મેળવીએ.

" દયાળુ માન સિંહ રાજા "

"જબ તુમ આયો જગતમેં, જગ હસે તુમ રોય;
ઐસી કરની કર ચલો, તુમ હસે જગ રોય."

હાલમાં મધ્ય પ્રદેશનું શહેર ગ્વાલિયર છે. જે વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈજીનું જન્મ સ્થળ છે. તે આઝાદી પહેલાં એક રાજ્ય હતું. વર્ષો પહેલાં ત્યાંના રાજા માનસિંહજી હતા. તેઓ ખૂબ દયાળુ સ્વભાવના હતા. તેઓ પોતાની પ્રજાને પોતાના પરિવારની જેમ જ માનતા હતા અને તેઓનો ખ્યાલ રાખતા હતા. એકવાર રાજ્યમાં દુષ્કાળ પડ્યો તેથી તેઓએ અનેક સદાવ્રતો શરૂ કર્યા; એટલે ગરીબ લોકો અનાજ વગેરે જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ મફત લઈ જઈ પોતાનું ગુજરાન ચલાવતા હતા.

આ રાજ્યમાં એક ખાનદાન ગરીબ કુટુંબ હતું. તેઓ ઘણીવાર ભૂખ્યા સૂઈ રહેતા, પરંતુ સદાવ્રતોમાં અનાજ લેવા જતા ન હતાં. એક વાર માનસિંહ રાજા વેષપલટો કરી રાત્રીના સમયે નગરમાં ફરતા ફરતા પેલા ગરીબ ખાનદાનને ત્યાં છૂપી રીતે ગયા. ત્યાં તેઓએ જોયું તો એક સ્ત્રીને સખત તાવ આવેલ હતો. બાળકો ભૂખ્યા રડતાં હતાં. પુરુષ મજૂરી કરીને

થોડું અનાજ લાવેલ તે સાફ કરતો હતો. રાજાએ આવીને કહ્યું: " હું રાઈ-નાગદા ગામથી આવું છું અને આજની રાત્રી મારે અહીં રોકાવું છે, સવારે ચાલ્યો જઈશ."

પેલાએ હા કહી એટલે એક તૂટેલ ખાટલા પર બેસીને રાજાએ કહ્યું : " મને ભૂખ ખૂબ લાગી છે, તો ખાવનું આપો." પેલા પુરુષે કહ્યું : " મારી સ્ત્રી બીમાર છે ને હું મજૂરી કરી ખૂબ થાકી ગયો છું, તેથી અનાજ દળી શકાય તેમ નથી, માટે તમો અનાજ શેકીને ખાઈ લ્યો."

આવું સાંભળી અતિથિના વેષમાં રહેલ રાજાએ કહ્યું : " હું દળી આપું" એમ બોલી રાજા અનાજ દળવા લાગ્યા, તુરંત પેલી બીમાર સ્ત્રી આવીને બોલી : " તમે મહેમાન કહેવાઓ, માટે રહેવા દો, હું દળી આપુ છું " પરંતુ રાજાએ ના કહી પછી માથે ફેંટો બાંધ્યો હતો તે નીચે મૂકી દળવા લાગ્યા. ત્યાં તો પેલો ખાનદાની મજૂર ઓળખી ગયો અને પગમાં પડી ગયો. રાજા બોલ્યા : " ધિક્કાર છે મારી જાતને કે હું હંમેશાં પેટ ભરીને સૂઈ રહું છું ને મારી પ્રજા ભૂખ અને રોગથી પીડાય છે." તુરંત રાજમહેલમાં જઈ વૈદ્ય તથા સીધું-સામગ્રી મોકલી પેલા ખાનદાન પરિવારનું દારિદ્ર ટાળી નાખ્યું.

પછી તો ગરીબો માટે અનેક ઘરો બનાવ્યાં, દવાખાનાંઓ ખોલાવ્યાં અને ખાનદાન કુટુંબો માટે અનાજ મોકલવાની સગવડતાઓ કરાવી દુષ્કાળ પાર પાડ્યો, તેથી રાજા અતિ પ્રજાપ્રિય બની ગયા.



“ દયાની દેવી ફ્લોરેન્સ ”

વ્હાલા ભક્તો ! યુદ્ધભૂમિ પર જેમ ભારતનાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ પોતાની વીરતા પ્રગટ કરી અને ફ્રાન્સ દેશની જોન ઓફ આર્કે શસ્ત્ર દ્વારા પોતાની વીરતા પ્રગટ કરી હતી, એ જ રીતે ઈંગ્લેન્ડની એક સન્નારીએ કરૂણા દ્વારા એવી જ વીરતાનું દર્શન કરાવ્યું હતું. તે દયાની દેવીનું નામ હતું ‘ ફ્લોરેન્સ નાઈટિંગેઈલ.’

તેઓનો જન્મ ઈ.સ.૧૮૨૦ માં ઈંગ્લેન્ડમાં થયો હતો. તેમના પિતા ખુબ ધનવાન હતા. તે તેઓની લાડલી પુત્રી હતી. તેમનું હૃદય નાનપણથી જ કરૂણાથી ભરાયેલું હતું, તેથી પિતાની ઈચ્છા ન હોવા છતાં પણ ડોક્ટરનું ભણીને ગરીબોની સેવા કરવા લાગી. પછી તો તે એક હોસ્પિટલની સુપરિન્ટેન્ડેન્ટ તરીકે નિમાઈ.

એ વખતે ઈંગ્લેન્ડ અને રશિયા વચ્ચે ચાલતા ક્રીમિયન યુદ્ધમાં યોગ્ય સારવારને અભાવે અંગ્રેજ સૈનિકો મરવા લાગ્યા. તેના કારણે સમય જતાં ઘાયલ થયેલા અંગ્રેજ સૈનિકોનો મરણ આંક ૪૨ ટકા પહોંચી ગયો ! આ સમાચાર વાંચતાવેંત ફ્લોરેન્સનું અંતર વલોવાઈ ગયું. ગમે તેમ કરી ઘાયલ સૈનિકોને બચાવવાનો મનોમન સંકલ્પ કરી, શહેરમાં ફરી ફરી ૩૮ નર્સોની એક ટુકડી બનાવી ઈ.સ.૧૮૫૪ માં તે ટુકડી લઈને યુદ્ધભૂમિમાં ક્રીમીયા પહોંચી ગઈ! નિડર સ્ત્રીને જોઈ લોકો આશ્ચર્ય પામ્યા.

યુદ્ધ ભૂમિમાં સામસામે બોંબમારો થતો હતો અને મશીનગનમાંથી ગોળીઓ ધડાધડ નીકળતી હતી; આવા તાંડવ વચ્ચે પણ બિલકુલ ગભરાયા સિવાય ઘાયલ થયેલા સૈનિકોને ઉચકી તંબુમાં લઈ જઈ તાત્કાલિક સારવાર આપવાનું શરૂ કરી દીધું, તેના કારણે મરણ પ્રમાણ ૪૨ ટકા હતું તેમાંથી ફક્ત બે ટકા જ રહ્યું ! તેની સેવાને કારણે સૈનિકોમાં તે દયાની દેવી તરીકે પ્રખ્યાત બની ગઈ.

ઈ.૧૮૫૬ માં યુદ્ધ પૂરું થયું ત્યારે ફ્લોરેન્સ સ્વદેશ ઈંગ્લેન્ડ આવી. ઈંગ્લેન્ડવાસીઓએ તેમનું વીરાંગનાઓને શોભે એવું બહુમાન કર્યું હતું. – કારણ કે ચાલું યુદ્ધમાં તે ઘાયલ સૈનિકોને ઉપાડીને તંબુમાં લાવી સારવાર કરતી હતી. લોકોએ તેમને ભેટ રૂપે ૫૦ હજાર પાઉન્ડ આપી સન્માન કર્યું. તે પાઉન્ડમાંથી તેમણે નર્સિંગનું ઉત્તમ શિક્ષણ આપતી શાળા શરૂ કરી હતી. આવાં તો તેમને અનેક કાર્યો કર્યા હતાં. ઈ.૧૯૧૦ માં તેમણે દુનિયામાંથી વિદાય લીધી. આજે પણ તેમને બ્રિટનના લોકો ખૂબ યાદ કરી ગૌરવ અનુભવે છે.

“ મહારાણી વિક્ટોરિયા ”

દુનિયાભરના ઈતિહાસમાં બીજા કોઈ પણ સત્તાધીશ કરતાં વધુમાં વધુ વિસ્તૃત સામ્રાજ્ય પર આધિપત્ય ભોગવી જનાર ઈંગ્લેન્ડનાં અતિ લોકપ્રિય મહારાણી વિક્ટોરિયા હતાં. તેઓનો જન્મ ઈ.૧૮૧૯ માં થયો હતો. તેઓ નાનાં હતાં ત્યારે ભણવા જતાં હતાં. એક સમયે ભણીને આવતાં મમ્મી



સાથે એક સ્ટોરમાં ગયાં. ત્યાં એક સુંદર ઢીંગલી જોઈ. તેઓને ગમી ગઈ તેથી મમ્મીને લઈ આપવા કહ્યું, પણ કિંમત બહુ હોવાને કારણે મમ્મીએ ન લઈ લીધી.

પોતાને ઢીંગલી લેવી જ હતી તેથી બચત કરવા લાગી. સ્કૂલે જતી વખતે મમ્મી મીઠાઈ ખાવા પૈસા આપે તેમાંથી બચત કરવા લાગી. પૈસા ભેગા થતાં ઢીંગલી ખરીદી લઈ હરખાતી હરખાતી નાની વિક્ટોરિયા ઘેર તરફ આવતી હતી. ત્યાં સામે એક ભિખારી કરગરીને લોકોને કહેતો હતો : " મને કોઈ મદદ કરો. હું ભૂખ્યો છું મને જમવાનું આપો. "

ભિખારીનો પોકાર સાંભળી નાની વિક્ટોરિયા ત્યાં જ ઊભી રહી ગઈ. તેમનું કોમળ હૃદય પીગળવા લાગ્યું. ભિખારીને જમાડવાની ઈચ્છા થઈ આવી, પરંતુ જેટલા પૈસા હતા એની તો ઢીંગલી લઈ લીધી હતી. એક તરફ ઘણા સમયથી પૂરી થયેલ ઈચ્છા, તો બીજી તરફ ભિખારી તરફની હમદર્દી. એકતરફ ઢીંગલી તરફનો પ્રેમ, તો બીજી તરફ ભિખારીને જમવા આપવાની તીવ્ર લાગણી. અંદર મંથન શરૂ થઈ ગયું, શું કરવું ને શું ન કરવું ! ત્યાં તો અંદરથી એકદમ કરૂણા ઉભરાઈ આવી એટલે તુરંત ઢીંગલી લઈને દુકાને ગઈ અને પાછી આપીને પાઉન્ડ (રૂપિયા) પાછા લઈ તેની મીઠાઈ લઈને પેલા ભિખારીને આપી. એક ભૂખ્યા માટે મનગમતી ઢીંગલી પાછી આપીને માનવતાનું મહાન કાર્ય કર્યું. ત્યારબાદ તે વિક્ટોરિયા મોટા થયાં પછી ઈંગ્લેન્ડની મહારાણી બન્યાં હતાં.



“ ડો. વિલિયમ સ્મિથ ”

ભક્તો ! ઈ.૧૯૦૧ ની સાલમાં આયર્લેન્ડ દેશના ગામડાંઓમાં ડો. વિલિયમ વિચરણ કરતા હતા. તેઓ ગરીબોની સેવા કરવા માટે જ દરિયા કિનારાના ગામડાંઓમાં રહેતા હતા. ગરીબોને મફત દવા આપતા અને એના બદલે ગરીબો હૃદયથી દુવા (આશીર્વાદ) આપતા હતા. તેઓ જ્યાં રહેતા હતા તે દરિયા કિનારેથી થોડે દૂર એક ટાપુ હતો. તેમાં વિશેષ કરી માછીમારો રહેતા હતા. ત્યાં કોઈ ડોક્ટર જતા નહિ; કારણ કે, ગરીબોની વસ્તી હતી તેથી કોણ ફી આપે ?

એવામાં ઈ.૧૯૦૧ માં તે ટાપુ પર ભયંકર ચેપી રોગ ફાટી નીકળ્યો ! લોકો ટપોટપ મરવા લાગ્યા. ડોક્ટર વિલિયમને આ વાતનો ખ્યાલ આવ્યો એટલે જરૂરી દવા સાથે લઈને હોડીમાં બેસી ત્યાં પહોંચી ગયા. ગંદકીને કારણે રોગ વધતો જતો હતો. ડોક્ટર ઝુંપડે ઝુંપડે જઈને લોકોની સારવાર કરવા લાગ્યા. દવા ખૂટે એટલે ફરીને હોડીમાં બેસી કિનારે આવી દવા લઈને પાછા જાય. આમ કરતાં ઘણા દિવસ વીતી ગયા, પણ રોગ વધતો જ ગયો. પછી તેમણે દર્દીઓને હોડીમાં બેસાડી પોતાના ગામમાં લાવવા માંડ્યા અને ત્યાં સેવા શરૂ કરી, તેથી બધાને સારું થઈ ગયું. પછી દરેકને પાછા ટાપુ ઉપર મૂકી આવ્યા. આ રીતે તેઓએ આજીવન સેવાનું કાર્ય કરી લોકોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું.



" માનવતાના પૂજારી સૂર્યકાંતભાઈ "

ભક્તો ! એક હૃદયદ્રાવક પ્રેરક પ્રસંગ છે. મહિસાગર નદીના કિનારે ભીમપરા નામનું ગામ છે. ત્યાં એક ખાનદાન કુટુંબના પુરુષાને પગમાં સડો થયેલ તેથી એક પગ કપાવી નાખેલ, પણ બીજા પગની દવા શરૂ હતી. તેનું ડ્રેસિંગ કરાવવા માટે તે ભાઈનાં પત્ની તેમને રીક્ષામાં બેસાડી વડોદરા આવતાં હતાં.

દરરોજના ક્રમ પ્રમાણે એક દિવસ એસ.એસ.જી. હોસ્પિટલના દ્વાર પાસે આવીને રીક્ષા ઊભી રહી. તેમાંથી દર્દીનાં પત્ની પોતાના પતિને મહેનત કરી રીક્ષામાંથી નીચે ઉતારતાં હતાં. કારણ કે, પેલા ભાઈ ચાલી શકતા ન હતા. આ દૃશ્ય દૂર ઉભેલ માનવતાના પૂજારી સૂર્યકાંતભાઈએ જોયું; તુરંત ત્યાં જઈને નીચે ઉતરાવ્યા અને ઓપરેશન થિયેટરમાં લઈ જઈ ડ્રેસિંગ કરાવી બહાર લાવ્યા ને ફરી રીક્ષામાં બેસાડી દીધા.

પછી સૂર્યકાંતભાઈએ પેલાં બેનને પૂછ્યું : "તમો કયા ગામથી આવો છો ?" પેલાં બહેને ગળગળાં થઈને કહ્યું કે, 'ભીમપરાથી.' ત્યારે સૂર્યકાંતભાઈએ પૂછ્યું : " એ તો ૨૫ કિલોમીટર થાય છે; આટલે દૂરથી દરરોજ આવો છો ? " ત્યારે પેલાં બહેને રડતાં રડતાં જવાબ આપ્યો : " અત્યાર સુધી તો આવતાં હતાં, પણ આજે છેલ્લો દિવસ છે, હવે પછી ક્યારેય નહિ આવીએ."

આવું સાંભળી સૂર્યકાંતભાઈએ કહ્યું : "હજું તો સારું નથી થયુંને એમ કેમ કહો છો ?" ત્યારે પેલાં બહેને વાત કરી: " ભાઈ ! અમો ગરીબ છીએ. દોઢ વર્ષથી દવા શરૂ છે, તેથી રૂપિયા ખૂટી ગયા છે. આવક બંધ થઈ ગઈ છે. તેથી આજે

અમો બન્નેએ નક્કી કર્યું છે કે, મહીસાગરના પૂલ ઉપરથી બન્નેએ નદીમાં પડતું મેલવું એટલે દુ:ખમાંથી છુટકારો મળે.”

આવું સાંભળતાં જ સૂર્યકાંતભાઈ બોલી ઊઠ્યા : “ નહિ નહિ. મારા જીવતાં એ કામ હું તમોને કદી નહિ કરવા દઉં. તુરંત પેલા ભાઈને રીક્ષામાંથી નીચે ઉતારી ફરજ પરના ડોક્ટરને બધી વાત કરી અને પોતે બધો જ ખર્ચ આપી દેશે એવું જણાવી પેલા દર્દીને તાત્કાલિક C.O.T.માં દાખલ કરી ઓપરેશન કરાવી ને પોતે સેવામાં રોકાઈ ગયા. પછી જ્યાં સુધી પેલા ભાઈ ઘોડીએ ચાલતા ન થયા ત્યાં સુધી સૂર્યકાંતભાઈ ત્યાં જ રોકાયા.

અંતે ડોક્ટરે ઘેર જવાની રજા આપી ત્યારે તેમની બધી જ દવાનો અને હોસ્પિટલનો ખર્ચ સૂર્યકાંતભાઈએ આપી દીધો. પેલા દર્દી ઘોડીએ ચાલીને જાતે રીક્ષામાં બેસી ગયા. પછી સૂર્યકાંતભાઈએ પોતાનું સરનામું પેલાં બહેનને આપતાં કહ્યું : “ભવિષ્યમાં ગમે ત્યારે મારી જરૂર પડે ત્યારે આ સરનામે પત્ર લખજો અથવા મારે ઘેર આવીને વિના સંકોચે કહેજો.” પેલા બહેન હૃદયથી દુવાઓ આપી પ્રેમનાં આંસુઓ સાથે રીક્ષામાં બેઠાં.

ભક્તો ! તમારી આજુબાજુમાં પણ આવા ગરીબ ખાનદાન રહેતા હશે કે જેના ઘરમાં બીમાર લોકો દવા વિના પીડાતા હશે. ગરીબીને કારણે ઓપરેશન કરાવી શકતા નહિ હોય, કોઈ પાસે લાંબા હાથ કરી નહિ શકતા હોય. આવા લોકોને મદદ કરી તેઓના આશીર્વાદ અને ભગવાનનો રાજીપો મેળવી લેજો.



“ કવિવર રવીન્દ્રનાથ ટાગોર ”

રાષ્ટ્ર ઘડતરના મહાન ઘડવૈયાઓ, અંધકાર ઓગાળનાર મહાદીપકો, વિશ્વના વિશ્વકર્માઓ, શાંતિદૂતો, વિજ્ઞાનવીરો અને સાહિત્ય સ્વામીઓમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર) ની પ્રતિભા અતી પ્રભાવશાળી છે. બંગાળના સુપ્રસિદ્ધ ઠાકુર પરિવારમાં એમનો જન્મ ઈ.સ. ૧૮૬૧ માં કલકત્તાના જોડાસાંકો લત્તામાં થયો હતો. તેઓ મહાન કવિ હતા. ઈ.સ. ૧૯૧૩ માં લખાયેલ કાવ્ય રચના ‘ગીતાંજલિ’ માટે તેઓને દુનિયાનું સૌથી શ્રેષ્ઠ ‘ નોબલ પુરસ્કાર’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતનું રાષ્ટ્રગીત જે ‘જનગણમન અધિનાયક જય હે, ભારત ભાગ્યા વિધાતા....’ તેની રચના પણ તેઓએ કરી હતી.

ટાગોર કેવળ કવિ જ ન હતા, પરંતુ કોમળ હૃદયના પણ હતા. તેઓએ ઈ.સ.૧૯૦૧ માં બેલાપુરની જમીન પર ‘શાંતિ નિકેતન’ની સ્થાપના કરી હતી. તેમાં તેઓ હંમશાં રહેતા હતા. તે આશ્રમમાં એક કૂતરો રહેતો હતો. તે રાત્રે ચોકીદારનું કામ કરી પોતાની ફરજ બજાવતો હતો. એકવાર તે કૂતરાના અંગોમાં સડો થયો તેથી અનેક જીવડાં ખદબદવા લાગ્યાં. તેની પીડાથી કૂતરો ચીસો પાડતો હતો.

દુનિયાના મોટા ભાગના લોકો સ્વાર્થીઓ હોય છે એ જ પ્રમાણે શાંતિ નિકેતનમાં રહેતા લોકો પણ કૂતરો ચોકી કરતો

ત્યાં સુધી સાચવતા હતાં, પરંતુ બીમાર પડ્યો એટલે મારીને બહાર કાઢી મૂકતા; પણ કૂતરો ફરીને આશ્રમમાં પાછો આવતો રહેતો. એક રાત્રીએ પીડાને કારણે કૂતરો ચીસો પાડતો હતો તેથી કંટાળીને એક પ્રોફેસર બંદૂક લઈને કૂતરાને મારવાની મંજૂરી લેવા રવીન્દ્રનાથ પાસે ગયા.

ટાગોરજીને પ્રણામ કરી કહ્યું : " એક કૂતરો ઘણા દિવસથી પીડાય છે, તો ગોળી મારીને મારી નાખું તેથી પીડાથી મુક્ત થઈ જાય. તે કોઈને શાંતિથી સૂવા દેતો નથી." આવું સાંભળી ટાગોરે સવાલ કર્યો : " પ્રોફેસરજી ! તમારા પરિવારમાંથી કોઈ વ્યક્તિ દુ:ખથી પીડાતો હોય તો તમો તેને ગોળી મારી દુ:ખથી મુક્ત કરો કે દવાખાને લઈ જાવ ?"

આવું સાંભળી પ્રોફેસર શરમિંદો બની ગયો. ત્યારે ટાગોરે કહ્યું : " ખરેખર તમે કૂતરાને પીડામાંથી છોડાવવા ઈચ્છતા હો તો ઠાર કરીને નહિ, પરંતુ પશુઓના દવાખાને લઈ જઈને સારવાર કરાવો." તુરંત પ્રોફેસરે માફી માગી અને કૂતરાને પશુ દવાખાને લઈ જઈ સારવાર શરૂ કરાવી. થોડા દિવસ પછી કૂતરો સારો થઈ ગયો અને ફરી શાંતિ નિકેતન આશ્રમની ચોકી કરવા લાગ્યો. ભક્તો ! આપણી શેરીમાં કે ગામમાં કૂતરાઓ કે કોઈ પશુઓ રોગથી પીડાતા હોય તો પશુ દવાખાને લઈ જઈ પુણ્યનું કાર્ય કરી પ્રભુનો રાજીપો મેળવવો જોઈએ.



“ રમેશભાઈ ઓઝા ”

“જેના દિલમાં દયાને સ્થાન નથી, ત્યાં વાત ન કર દિલ ખોલીને;
એ પાણી વિનાના સાગરની, નાઝીરને કશી જરૂર નથી.”

- નાઝીર

ભક્તો ! પરોપકાર એ એવું પુણ્ય છે કે, જેમાં સુગંધ નથી, છતાં પણ એને સુવાસ ગણવામાં આવે છે. જેઓનું હૃદય દયાથી ભરેલું છે, જેઓની વાણી સત્યથી શોભે છે અને જેઓનું શરીર પરોપકારમાં જ અહોરાત્રી ઘસાય છે એવા ભાગવત પુરુષ પૂજ્ય રમેશભાઈ ઓઝાનો જન્મ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના દેવકા નામના એક નાનકડા ગામમાં થયો હતો.

તેઓનો સહજ સ્વભાવ પરોપકાર પ્રત્યે લાગેલો જોવા મળે છે. સ્વામિનારાયણ ભગવાન એવું કહેતાં કે, ‘ પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્સુકૃતં મહત્ ’ પૃથ્વીમાં સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરવી અને કરાવવી...આવા જ વિચારોને પોતાના જીવનમાં આત્મસાત્ પૂજ્ય ભાઈએ કરેલા જણાય છે. તેઓ પોરબંદરમાં વિશાળ ‘ સાંદીપનિ વિદ્યાનિકેતન ’ આશ્રમ ચલાવે છે અને તેમાં આશરે ૩૦૦ થી ૪૦૦ બ્રાહ્મણ બાળકોને મફત ભણાવી વિદ્વાનો બનાવી સદ્‌વિદ્યાની પ્રવૃત્તિનું મિશન ચલાવી રહ્યા છે.

આ સિવાય તેઓએ કચ્છ ભૂકંપ સમયે પડી ગયેલાં મકાનોમાંથી ઘણાં મકાનો અને શાળાઓ બાંધી આપેલ છે. તેઓ કથાના માધ્યમથી બ્રહ્મવિદ્યા, સદ્‌વિદ્યા અને બીજા

અનેક પરોપકારનાં કાર્યો વર્તમાન સમયમાં કરી રહ્યા છે. તેઓ પોતાની ભાગવત કથામાં કહેતા હોય છે કે, " કોઈની પીડાને જોઈને કે સાંભળીને આપણા દિલમાં દર્દ થાય છે ? જો હા, તો જીવો છો અને જો ના, તો એને જ હું હાર્ટફેઈલ કહું છું. ડોક્ટરની ભાષામાં હાર્ટફેઈલ જે હોય તે પણ અમારી ભાષામાં આ જ હાર્ટફેઈલ (હૃદય દબાણ) છે. બીજાઓની પીડાઓ જોઈને અને તકલીફો જોઈને દિલમાં દુ:ખ ન થાય તો એ હાલતું-ચાલતું શબ જ છે ! જેનામાં દયા છે એનું હૃદય જ તંદુરસ્ત છે.

"पराया दर्द अपनाये उसे ईन्सान कहते है,
किसीके काम जो आये उसे ईन्सान कहते है."

બ્રહ્માજી દેવ, દાનવ અને માનવ ત્રણે પ્રત્યે દ દ દ બોલ્યા ! દેવોને કહ્યું : દમન કરજો, દાનવોને કહ્યું : દયા રાખજો અને માનવોને કહ્યું : દાન કરજો. તો મનુષ્યો માટે દાન પ્રધાન છે. અર્થાત્ દાન વડે પરોપકારનાં કાર્યો કરવાં જોઈએ. જે દે એનું નામ દેવ અને જે રાખી મૂકે એનું નામ રાક્ષસ ! "

લોકો અન્નના દુ:ખથી પીડાતા હોય અને ભૂખના કારણે મરતા હોય આવો ખ્યાલ હોવા છતાંય પણ જે લોકો અન્ન વગેરેનું દાન કર્યા વિના કેવળ સ્વાર્થ માટે જુદી જુદી બેંકોમાં લાખો ને કરોડો રૂપિયા રાખી મૂકતા હોય તેને સાચા અર્થમાં માનવ કેમ કહેવાય ? તેમને રાક્ષસની પદવી બરાબર શોભે છે.



“ જન્મદિનની ઊજવણી ”

રત્નસુંદરસૂરિજી પોતાના વક્તવ્યમાં એક વાત કરે છે કે “એક જૈન પ્રોફેસર પોતાના પુત્રની વર્ષગાઠના દિવસે પુત્રને કતલખાને લઈ જાય અને કાપવા માટે ઊભા રાખેલાં પશુઓને દેખાડી બાળકને કહે : “તને ગમે તેવા ત્રણ પશુઓની પસંદગી કર. આપણે તેને વેચાતા રાખીને બચાવી લઈશું.”

પછી બાળક ત્રણ પશુની પસંદગી કરે, એટલે પ્રોફેસર કિંમત આપી ત્રણ પશુઓને ખરીદી લે અને પાંજરાપોળમાં મૂકી આવે ! આના કારણે દર વર્ષે બાળકના જન્મ દિવસે ત્રણ પશુઓને બચાવવાનું પુણ્ય પ્રાપ્ત થાય અને સંતાનમાં પણ જીવદયાના સંસ્કારો પડે. કેવી સરસ વર્ષગાંઠ !

ભક્તો ! તમારાં સંતાનોની વર્ષગાંઠ ઊજવવામાં આ પ્રસંગ કેટલો સુંદર પ્રેરણાદાયી છે ? આજે બર્થ-ડે પાર્ટીમાં કેક કાપીને ઊજવનારાઓ ઘણા મળશે, પણ આવા દયાવાન લોકો કેટલા મળશે ? આજે દરેક માબાપ આ રીતે પોતાનાં સંતાનોની બર્થ-ડે ઊજવે તો કેટલાં નિર્દોષ પશુઓનાં જીવન બચી જાય ? અને તેઓને કેટલું બધું પુણ્ય મળે ?

એક વાત હંમેશાં યાદ રાખવી : આપણા ઉપર આવતાં દુ:ખો વખતે જે ત્રાસ વગેરેની અનુભૂતિ થાય તે સતત નજર સામે રહે તો બીજાનાં દુ:ખોને દૂર કરવાના વિચારો સહજરૂપે થયા વિના રહે જ નહિ; માટે તેને યાદ કર્યા કરવી. માણસે વિચારવું જોઈએ કે,જે દુ:ખો મને ગમતાં નથી અને મારાથી

સહન થતાં નથી એ દુ:ખો બીજાઓને પણ નહિ જ ગમતાં હોય અને બીજાઓથી પણ સહન નહિ થતાં હોય; તો મારા દુ:ખોને દૂર કરવાના હું જે રીતે પ્રયત્નો કરું છું એ જ રીતે બીજાઓનાં દુ:ખોને દૂર કરવાના મારે પણ પ્રયત્નો કરવા જોઈએ.

ભક્તો ! દયાના પરિણામને દિલમાં પેદા કરવા માટેનો ખૂબ સારામાં સારો અને સચોટ ઉપાય આ જ છે; પણ મોટી તકલીફ જ આ છે કે, જગતમાં મોટા ભાગના લોકો પોતાનાં મામૂલી દુ:ખોને ખૂબ મોટાં માને છે અને બીજાઓનાં જાલીમ દુ:ખોને સાવ મામૂલી માને છે ! આ કારણે જ તેઓ દયાના પરિણામને ઉત્પન્ન કરવામાં નિષ્ફળ જાય છે.

“ દયા અને કરૂણા ”

દયાળુ લોકોના દેહમાં દયા વણાઈ જાય છે ત્યારે તેઓનું જીવન તરત જેવું બની જાય છે. કાંટો ભલે પગમાં વાગ્યો હોય, પરંતુ એની વેદનાથી આંસુઓ તો આંખો જ પાડે છે અને હાથ એ કાંટો કાઢવા તત્પર બની જાય છે. – બસ એ જ પ્રમાણે દુ:ખ ભલે બીજા લોકોને થાય, પરંતુ એનાં દુ:ખોને કારણે દુ:ખી થઈને એનાં દુ:ખોને દૂર કરવાના ઉપાયો દયાળુ લોકો હંમેશાં કરતા હોય છે.

સમજવા માટે કહું તો દયા અને કરૂણામાં થોડો ફેર છે. કરૂણા એટલે બીજાઓનાં દુ:ખોને જોઈને હૃદયમાં દુ:ખ થાય અને દયા એટલે પરનાં દુ:ખોને દેખી હૃદય દ્રવવાની સાથે



સામેની વ્યક્તિનું દુ:ખ દૂર કરવાના પ્રયત્નોમાં લાગી જવાય. કરૂણામાંથી માત્ર હૃદય જ પીગળે છે, જ્યારે દયામાં તો દુ:ખોની જ વિદાયગીરી થઈ જાય છે. દયામાં કરૂણાનો સમાવેશ થઈ જાય છે, પણ કરૂણામાં દયાનો સમાવેશ થઈ જતો નથી, એટલી દયામાં વિશેષતા રહેલી છે. દયા શિખર છે, જ્યારે કરૂણા એ શિખર સુધી પહોંચવાનું સોપાન છે. જો કે કરૂણા એ માનવતાનું પ્રથમ સોપાન કહી શકાય છે.

દિલમાં કરૂણા અને દયા હોય તો જ માણસ માનવ કહેવાય છે. બીજા દુ:ખીઓને જોઈ પોતાનું દિલ દ્રવી જાય, આવી જે સંવેદનાત્મકવૃત્તિનું નામ જ સાચી માનવતા છે. એક વાત યાદ રાખવી કે, આ જગતમાં સર્વ જીવોને સુ:ખી બનાવી દેવાની પરમાત્માની આજ્ઞા નથી, પણ આ જગતમાં એક પણ જીવને દુ:ખ ન પહોંચાડવાની પ્રભુની આજ્ઞા અવશ્ય છે.

'ગુરૂવર્ય ઘનશ્યામપ્રકાશ સ્વામી'

"કૃપાળુ ને પર ઉપકારી, જ્ઞાન દાનથી ન જાય ઠારી;
કેની નિંદા દ્રોહ નહિ લેશ, એવા સંતને નામું હું શીષ."

– સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામી

વ્હાલા ભક્તો ! વિનય એ સદ્‌ગુણોનું મૂળ છે, તેમ દયા એ ધર્મનું મૂળ છે. જેમ વિનયી વ્યક્તિ સર્વત્ર પ્રિય બને છે, તેમ દયાળુ વ્યક્તિ પણ સર્વત્ર પ્રિય બને છે. દયાળુ બનવામાં સૌથી મોટો લાભ એ છે કે, વિચારમાં અને વચનમાં સ્વાભાવિક

સૌમ્યતા આવી જાય છે.

શાસ્ત્રકારો લખે છે કે, સંતોના જીવનમાં દયા નામનો સદ્‌ગુણ અવશ્ય હોવો જ જોઈએ. ક્રૂર સાધુનો ચહેરો સંત જેવો નહિ, પરંતુ શેતાન જેવો લાગતો હોય છે. દયા વિનાના સાધુ-સંતો સ્મશાનમાં રહેલા ખીઝડા જેવા લાગતા હોય છે; જ્યારે દયાવાન સંતની મુખાકૃતિ સૌમ્ય અને નેહ નીતરતી હોય છે.

શ્રીમદ્ ભાગવતજીમાં સંતોનાં ૩૦ લક્ષણો કહ્યાં છે. તેમાં દયા નામના સદ્‌ગુણને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. આવા સદ્‌ગુણોને જીવનમાં સાંગોપાંગ ઉતારનાર ઘણા મહાપુરુષો છે, તેમાં આ પ્રસંગે મારા ગુરુવર્યને યાદ કરીશ. – કારણ કે તેઓમાં રહેલ દયાને મેં ઘણીવાર નજરોનજર જોયેલ છે અને સાંભળેલ છે તેની થોડી ઝલક વાચકવર્ગ સમક્ષ રજું કરું છું.

કંડારી અને વડોદરા ગુરુકુળના સંસ્થાપક તેમજ લોયાધામના જીર્ણોદ્ધારક એવા મારા ગુરુશ્રી પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી શ્રીઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી ઈ.સ. ૨૦૦૧માં એકવાર લોયા- ધામમાં શ્રીજીમહારાજના હસ્તકમળથી પાવન થયેલ પ્રસાદીના લીંબુતરુ નીચે બેઠા હતા. તે સમયે અનુસૂચિત જનજાતિના નોકાભાઈ નામના વૃદ્ધ લાકડીને ટેકે લંગડાતા પગે મંદિરમાં આવી પૂજ્ય સ્વામી પાસે આવીને રડવા લાગ્યા.

દુ:ખીયાઓને જોઈને જેઓનું હૃદય સહજરીતે પીગળી જાય છે એવા પૂજ્ય સ્વામીએ તે વૃદ્ધને હમદર્દ સમજી રડવાનું



કારણ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : "સ્વામીજી ! હું અતિ ગરીબ છું અને મારો પગ પાક્યો છે તેથી બહુ પીડા થાય છે. દવાખાને જવું છે, પણ રૂપિયા નથી." આ રીતે જવાબ આપી પાકને કારણે ફૂલી ગયેલ પોતાનો પગ બતાવ્યો. કોહવાઈ ગયેલ પગ જોઈને સ્વામીના હૃદયમાં ખૂબ દુ:ખ થયું, તેથી તેઓએ સાથે આવવાનું કહ્યું. પછી સ્વામી તે વૃદ્ધને સંસ્થાની ગાડીમાં બેસાડી વડોદરા લાવ્યા અને હોસ્પિટલમાં દાખલ કર્યા !

પગને જોઈ ડૉ. ભીખુભાઈ પટેલે કહ્યું : "સ્વામીજી ! ઊંડે સુધી પાક થયેલ છે તેથી પગ કાપવો પડશે !" ત્યારે સ્વામીએ કહ્યું: "તમે દવા શરૂ કરી પ્રયત્ન કરો અને હું ભગવાનને પ્રાર્થના કરું, પણ પગ કાપવો નથી." આ રીતે કહી કંડારી આવી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરી : "હે મહારાજ આ દર્દીનો પગ કાપવો પડશે તો તે બિચારા પરવશ બની જશે, માટે તમે દયા કરી તેઓને સારું કરી દો."

વર્તનશીલ સંતોની અરજ પરમાત્મા તત્કાળ સાંભળે છે આ શાસ્ત્ર નિયમ અનુસાર પૂજ્યપાદ સ્વામીની અંતરની અરજી પણ શ્રીજી મહારાજે સાંભળી, તેના કારણે જે પગ કાપવો પડે તેમ હતો તેનું સફળ ઓપરેશ થઈ ગયું અને બે-ચાર મહિનામાં તો સારુ થઈ ગયું ! ત્યારબાદ તેઓ જ્યારે લોયા ગયા ત્યારે હરખાતે હૈયે અંતરના આશીર્વાદ આપતા હોય એ રીતે ગયા હતા.

ઈ.સ. ૨૦૦૨ માં ફરી એકવાર પૂજ્ય સ્વામી

લોયાધામમાં હતા, એ સમયે બાજુના ગામના એક ડોક્ટર મંદિરમાં દર્શન કરવા આવ્યા ને સ્વામીને પ્રણામ કરી બેઠા. સ્વામીએ આવવાનું કારણ પૂછ્યું. ત્યારે ડોક્ટરે કહ્યું : "આ ગામના માવજીભાઈ કોળીના પુત્ર મુકેશને બોન ટીબી થયો છે તેથી દવા દેવા આવ્યો હતો, પરંતુ હવે તે બચી શકે તેમ નથી." ત્યારે સ્વામીએ કહ્યું : "મોટી હોસ્પિટલમાં લઈ ગયા હતા કે નહિ ?" ત્યારે ડોક્ટરે કહ્યું : "સ્વામીજી ! જેટલા રૂપિયા હતા એટલા બધાની દવા કરાવી લીધી છે, હવે પૈસા ખૂટી ગયા છે."

ડોક્ટરની આવી વાત સાંભળી સ્વામીનું કોમળ હૃદય વલોવાઈ ગયું અને દુ:ખ સાથે મનોમન વિચારવા લાગ્યા : "અરે ! બિચારો ઉગતી ઉંમરનો યુવાન ધનના અભાવે મૃત્યુ પામે તે યોગ્ય ન કહેવાય." આવું વિચારી તુરંત સ્વામીએ તે દર્દીના પિતાને બોલાવીને કહ્યું : "માવજીભાઈ ! તમારા સુપુત્રને હું મોટા દવાખાને લઈ જઈને દવા કરાવીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ, તેથી તમારો પુત્ર બચી જશે, માટે તમારા પુત્રને મને સોંપી દો."

સ્વામીનાં વાક્યો સાંભળી પુત્રવત્સલ પિતાનું હૈયું હાથ ન રહ્યું, તેથી તેઓ ત્યાંજ રડી પડ્યા. સ્વામીએ ધીરજ આપી પુત્રને લેવા ઘેર મોકલ્યા. ઘેર જઈ તેઓ પુત્રને તેડી મંદિરે લાવ્યા. તુરંત તેને ગાડીમાં સુવડાવી લોયાથી વડોદરા લાવ્યા. ડોક્ટરોએ તપાસ કરીને કહ્યું : સ્વામીજી ! બોન ટીબી અસાધ્ય રોગ છે તેથી આ બાળક બચી શકશે નહિ; તેની પાછળ ખર્ચ કરશો તે વ્યર્થ જશે." ત્યારે દયાળુ સ્વામીએ કહ્યું : " મારા



માટે પૈસો મહત્ત્વનો નથી, પણ આ બાળક છે. ગમે તેટલો ખર્ચ કરવા હું તૈયાર છું, તેને મોટી હોસ્પિટલમાં દાખલ કરો.”

મોતના મુખમાંથી મુકેશને બચાવવા માટે તાત્કાલિક મોટી હોસ્પિટલમાં દાખલ કરી દીધો. પછી સ્વામી કંડારી આવીને ઠાકોરજીને પ્રાર્થના કરી. પ્રાર્થના અને પુરુષાર્થ બન્નેનો સમન્વય થતાં જ મુકેશને દવા લાગુ પડી ગઈ અને થોડા મહિનામાં જ સારું થઈ ગયું, પછી તેને કંડારી લાવી દવા સાથે પોષ્ટિક ખોરાક શરૂ કરાવ્યો. એક વર્ષ સુધી કંડારી રાખી સાવ સારું થઈ ગયા પછી જ લોયા મોકલ્યો. પોતાના પુત્રને મૃત્યુના પાશમાંથી પાછો આવેલો જોઈ માતા-પિતાની આંખોમાંથી પ્રેમનાં આંસુઓ પડવાં લાગ્યાં અને અંતરમાંથી દુવાના શબ્દો નીકળ્યા : “અમારા પુત્રને સાજો કરાવનારા ઘનશ્યામ સ્વામી સો વરસના થાઓ અને ભગવાન એને કાયમ માટે નિરોગી રાખે.”

ભક્તો ! આવા તો અનેક પરોપકારનાં કાર્યો પૂજ્ય સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યાં છે અને હજુ પણ થઈ રહ્યાં છે. ઈ.સ. ૨૦૦૧માં ભૂકંપ સમયે પણ સુરેન્દ્રનગર જીલ્લાના ગઢવાણા ગામમાં એક મહિના સુધી અન્ન-વસ્ત્રાદિકે કરી ખૂબ મદદ કરી હતી. તે સિવાય કચ્છમાં પણ જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ લઈને ગયા હતા. હાલ લોયામાં પણ ગામડાઓના દર્દીઓની સેવા માટે હોસ્પિટલ તૈયાર થઈ ગઈ છે. તેમજ બાળકોના શિક્ષણ માટે લોયાની અંદર એક સુંદર સ્કૂલ અમેરિકા ડલાસના ભાવિક ભક્તોની આર્થિક

સહાયથી બાંધી આપેલ છે. તથા જ્યારથી કંડારીમાં ગુરુકુળ શરૂ થયું ત્યારથી તે આજ પર્યંત દર વર્ષે ગરીબોનાં અનેક બાળકોને મફત રાખીને ભાતર સાથે સંસ્કાર આપવામાં આવે છે. આવા દયાળુ સ્વામીનું સ્થાન 'માનવતાના દીવડા'માં નિષ્પક્ષ રીતે રજુ કરી એક દીપકની જ્યોતને અન્ય બુઝાયેલ જ્યોતને પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે.

''માદા વરુએ બાળકી જીવાડી''

ફ્રાન્સ દેશમાં બનેલ સત્ય ઘટના સાંભળો. કાસ્પીઅન સમુદ્રના કાંઠે આવેલ એક ગામડામાં રહેતી નાનશા નામની ત્રણ વર્ષની બાળકી ચાલતી ચાલતી પોતાના ઘેરથી દૂર જંગલમાં પહોંચી ગઈ ! સ્નો (બરફ) વરસતો હતો. સોળ કલાક પછી ગામના લોકોએ તેને શોધી કાઢી.

લોકોને નવાઈ લાગી કે, સોળ કલાક બરફમાં આ કેવી રીતે સલામત રહી હશે ? પછી બાળકીને પૂછતાં તેમણે કહ્યું : "હું ઠંડીમાં ધ્રૂજતી હતી, બીકના કારણે રડતી હતી; ત્યાં એક માદા વરુ મારી પાસે આવી અને મને તેના પડખામાં લઈને સૂઈ ગઈ ! આખી રાત્રી મને ચાટતી હતી. તેના પડખાના હૂંફથી મને ઠંડી લાગતી ન હતી. તમારો અવાજ સાંભળીને મને મૂકીને આ બાજું જતી રહી."

બાળકીની કાલી કાલી ભાષા સાંભળી લોકોએ તે તરફ જઈને જોયું તો એક માદા (સ્ત્રી) વરુ તેના ત્રણ બચ્ચાંઓને ધવડાવતી હતી. આ પ્રસંગ ફ્રાંસના ન્યુઝ પેપરમાં છપાયો હતો.



“ પક્ષીની હોસ્પિટલ ”

ભક્તો ! સફારી અંકના આધારે લખી શકું કે, હાલ દુનિયામાં આશરે ૮૯૦૦ જાતનાં પક્ષીઓ છે ! તેઓની કુલ વસ્તી આશરે ૧૦૦ અબજ છે ! તેમાં પણ ફક્ત કયુબા નામના આફ્રિકામાં થતાં પક્ષીની વસ્તી ૧૦ અબજની છે ! તે બધા આફ્રિકામાં જ રહે છે.

જગતમાં જેમ મનુષ્યોને અને પશુઓને દર્દથી પીડાતાં જોઈને દયાળુઓ તેમના માટે હોસ્પિટલો બનાવે છે. – એ જ રીતે પક્ષીઓનાં દર્દના ઈલાજ માટે પણ દયાળુ લોકોએ દિલ્હીની ‘ ચાંદની ચોક ’ માં ‘બર્ડ હોસ્પિટલ’ બનાવી આપી છે. ત્યાં દર વર્ષે ૧૮ હજાર પક્ષીઓને સારવાર અપાય છે. પાંચ હજાર પક્ષી પેશન્ટો તો કાયમી ત્યાં જ રહે છે. દરરોજની ૪૦૦ કિલોગ્રામ જુવાર-બાજરી તે પક્ષીઓને ખાવા આપવામાં આવે છે ! દિલ્હી જવાનું થાય ત્યારે આ ધર્મકાર્યમાં ખોબલો ચણ આપવાનું ભૂલતા નહિ, હો.

“ કેવી દયા”

રાજસ્થાનના એક ગામડામાં વૃદ્ધિચંદજી શેઠ રહેતા હતા. તેઓ પવનવેગી સાંઢ રાખતા હતા. તે સાંઢની ખ્યાતિ સાંભળી એ સમયના ડાકુ બદનસિંહે વિચાર કર્યો : “ વૃદ્ધિચંદની સાંઢ લઈ લઉં એટલે તેના પર બેસીને ભાગી શકાય. તે પવનવેગી હોવાને કારણે મને વાઈસરોય પણ પકડી શકશે નહિ.” આવો વિચાર કરીને સાંઢ લેવા આવ્યો, પણ શેઠ આગળ હારી ગયો !

ભોંયરામાં જઈ બદનસિંહે મનોમન નક્કી કર્યું : " બળથી શેઠની સાંઢ લઈ શકાય તેમ નથી, માટે કળનો ઉપયોગ કરૂં" પછી તો ભિખારીનો વેષ લઈને જે રસ્તે શેઠ જતા હતા તે રસ્તામાં બેઠો. શેઠને દૂરથી આવતા જોઈ રડવા લાગ્યો. શેઠ તો દયાળુ સ્વભાવના હતા તેથી સાંઢ ઊભી રાખી રડવાનું કારણ પૂછ્યું. ત્યારે ભિખારીના વેષમાં રહેલ ડાકુ બદનસિંહે કહ્યું : "શેઠજી ! મારી પત્નીનું અપહરણ કરી બદનસિંહ લઈ જાય છે, તેથી રડું છું, આપ ખૂબ દયાળું છો માટે તેમને બચાવો."

સાચી વાત માની શેઠે તેને સાંઢ ઉપર બેસાડ્યો અને ડાકુ પાછળ જવા તૈયાર થયા. એ જ સમયે શેઠને ધક્કો મારી નીચે પાડી દીધા અને સાંઢ પર બેસીને બોલ્યો : " બદનસિંહ હું પોતે છું, આ સાંઢ લેવા આવ્યો હતો અને હવે લઈ જાઉં છું." ત્યારે વૃદ્ધિચંદ શેઠ બોલ્યા : " આ વાત કોઈને કહીશ નહિ કે, ભિખારી બનીને સાંઢણી લૂંટી આવ્યો છું, કારણ કે તેના કારણે લોકોને ગરીબ ભિખારી ઉપરથી વિશ્વાસ ઊડી જશે. સાચા ભિખારીઓને પણ લોકો ધુતારા સમજી કાંઈ આપશે નહિ, માટે બીજાઓને કહેજે કે શેઠે મને સાંઢ ભેટ આપી છે."

શેઠનાં આવાં વાક્યો સાંભળી ડાકુ તો સ્તબ્ધ બની ગયો ! અને મનોમન બોલ્યો : " અરે ! આવા દયાળુ ને ભિખારીઓના હિતચિંતક સાથે મેં વિશ્વાસઘાત કર્યો ?" તુરંત સાંઢ પરથી ઉતરી શેઠના પગમાં પડી માફી માગી રડવા લાગ્યો અને જિંદગીમાં ક્યારેય પણ લૂંટ-ફાટ નહિ કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી.



“ મે મિડલ્ટન ”

ભક્તો ! મે મિડલ્ટન નામની દયાળુ બાળા લંડનની નજીક એક ગામમાં તેમના પિતા જ્હોન મિડલ્ટન સાથે રહેતી હતી. તેણીને માતા ન હતી. એક વાર તે બાળા લંડનથી સામાન લઈ ઘોડાગાડીમાં બેસી પોતાના ગામ આવતી હતી. એ સમયે તેણે રસ્તામાં એક વૃદ્ધ પુરુષાને પડેલો જોયો. તુરંત તે નીચે ઉતરી વૃદ્ધને ઘોડાગાડીમાં બેસાડી પોતાને ઘેર લાવી સેવા કરવા લાગી.

થોડા દિવસમાં તે બીમાર ડોસો સાજો થઈ ગયો. પછી તે પોતાને ઘેર ગયો અને ઘણું બધું સોનું લઈને પેલી બાળાને ઘેર આવ્યો અને પોતાની સેવા કરી તે બદલ સોનું આપવા લાગ્યો. ત્યારે એ સોળ વર્ષની બાળાએ એટલો સુંદર જવાબ આપ્યો કે, ૩૨ વર્ષના ધનના લાલચુ માણસને પણ એવું બોલતાં ન આવડે. મે મિડલ્ટન બોલી : “ દાદાજી ! મેં તમારી સેવા કરી છે તે તમારી પાસેથી પૈસા લેવા માટે નથી કરી, પણ મારું કર્તવ્ય સમજીને કરી છે. દુ:ખના પ્રસંગે બીજાને મદદ કરવી એ જ સાચી માનવતા છે.”

બાળાના આ જવાબની પેલા વૃદ્ધના મગજમાં ખુબ અસર થઈ. પછી તેણે ઘેર જઈ વિચાર કર્યો: “ મારી પાસે લાખો પાઉન્ડની મિલકત છે અને હું એકલો છું. મારા મૃત્યુ પછી મારી મિલકત પરોપકારમાં વાપરી શકે એવી દયાવાન પેલી બાળા છે, માટે મારી તમામ સ્થાવર-જંગમ મિલકતની વારસદાર તેને બનાવું જેથી મારી સેવા કરી છે તેનો બદલો

વળી જાય અને સત્કાર્યમાં મારી સંપત્તિનો સદુપયોગ થાય.”

પછી તે વૃદ્ધે વસિયતનામું તૈયાર કર્યું. તેમાં તેમણે તેમની તમામ સંપત્તિની વારસદાર તરીકે મે મિડલ્ટનનું નામ લખ્યું. પોતે વૃદ્ધ હોવાને કારણે થોડા મહિના બાદ મૃત્યુ પામ્યા, એટલે વસિયતનામા મુજબ તેમની તમામ મિલકત ગરીબ ઘરની, પણ ઉદાર દિલની દયાની દેવી મે મિડલ્ટનને મળી, તેથી તે રાતોરાત લાખોપતિ બની ગઈ. પછી તો તેણે તે સંપત્તિમાંથી અનેક પરોપકારનાં કાર્યો શરૂ કરી દીધાં તેથી લંડનમાં તેનું નામ પ્રખ્યાત બની ગયું.

“ છત્રપતિ શિવાજી ”

“ધન્ય ભૂમિ જિજાબાઈની, જયાં શિવાજી જન્મ્યો હતો
તરવાર કેરી ધાર પર, હિંદુ ધરમ રાખ્યો હતો.”

મહારાષ્ટ્રના શિવનેરી નગરમાં છત્રપતિ શિવાજીનો જન્મ ઈ.૧૬૨૭ માં થયો હતો. સત્તરમી સદીમાં નિઝામશાહી, આદિલશાહી અને મુઘલશાહી (મોગલશાહી) એવી ત્રણ સત્તાઓ સામે ટક્કર ઝીલીને ભારતીય સંસ્કૃતિ પરના વિનાશકારી ઈસ્લામી આક્રમણ સામે પરાક્રમ ને નીડર મુત્સદ્દીગીરીથી હિંદુધર્મનો ઝંડો રોપી હિંદુઓને સ્વધર્મથી બચાવનારા શિવાજી મહારાજની દયાનો એક પ્રસંગ સાંભળો.

રામદાસજી સ્વામીની કૃપાથી શિવાજીએ મોગલોના નાકમાં દમ લાવી દીધો હતો તેથી દિલ્હી સમ્રાટ શેતાન ઔરંગઝેબે સમજુતી કરવાના બહાને શિવાજીને દિલ્હી



બોલાવ્યા, તેથી સેનાપતિ તાનાજી વગેરેને સાથે લઈને તેઓ દિલ્હી ગયા. ત્યાં ઔરંગઝેબે કપટ કરી કેદ કરી લીધા ! પરંતુ એક શિયાળના સંકજામા આવેલ શેર (સિંહ) ક્યાં સુધી પૂરાઈ રહે ? એ જ રીતે શિયાળીયા જેવા ઔરંગઝેબની જેલમાંથી શિવાજી પણ ભાગી ગયા !

મહારાષ્ટ્ર તરફ આવતાં સુલતાનપુરના જંગલમા રાત્રે સિંહ મારવા આવ્યો, પરંતુ શેરની સામે શેર કયાં સુધી ટક્કર લઈ શકે ? શિવાજીએ તેને વગર હથિયારે દ્વંદ્વ યુદ્ધ કરી મારી નાખ્યો ! બથોબથ લડવાને કારણે તેઓ પણ ખૂબ ઘવાયા; તેથી આરામ કરવા બાજુના ગામમાં વિનાયક બ્રાહ્મણના ઘેર અતિથિ તરીકે રહેવા લાગ્યા.

તે બ્રાહ્મણ અતિ ગરીબ હોવાથી ભિક્ષા માગીને લાવતો અને શિવાજીને જમાડીને જમતો હતો. એકવાર તે જમાડીને ન જમ્યો, તેથી શિવાજીએ કારણ પૂછ્યું. વિનાયકે કહ્યું: " આજે ભિક્ષામાં ફક્ત એક જણ જમે તેટલું જ મળ્યું હતું એટલે હું જમી શક્યો નથી."

આવું સાંભળી શિવાજીનું હૃદય પીગળી ગયું. તેઓ મનોમન બોલ્યા : " અરે ! આવા કપરા સમયે હું કેવી રીતે મદદ કરી શકું ? જો મહારાષ્ટ્રમાં હોત તો આ ભૂદેવને હું સાચી ઝવેરાતથી તોળી દેત, પણ અત્યારે તો હું કેદી છું, કેમ કરી આ બ્રાહ્મણનું દારિદ્ર કાઢું ?"

આ બાજું દિલ્હીથી ઔરંગઝેબે શિવાજીને પકડવાનું મોટું ઈનામ કાઢ્યું. આની જાણ થતાં જ શિવાજીએ એક ચિઠ્ઠી લખી તે બ્રાહ્મણને આપીને કહ્યું : "સુલતાનપુરના સુબાને

આપી આવો.” પેલા ભૂદેવે જઈને સુબાને આપી. તેમણે ચિઠ્ઠી વાંચી તો તેમાં લખેલ હતું : “ શિવાજીને પકડવાનું જે ઈનામ છે તેના રૂપિયા ચિઠ્ઠી લાવેલ વિનાયક બ્રાહ્મણને આપજો. શિવાજી તેમના ઘેરથી તમોને મળી જશે. અને સાંભળો, જો ખાલી હાથે મને પકડવા આવશો તો જીવતા નહિ રહેવા દઉં, આ શબ્દો યાદ રાખીને નિર્ણય કરજો. લિખિતંગ છત્રપતિ શિવાજી.”

કેટલી દયા ! કેવો બદલો ! પેલા ભૂદેવ પોતે ભૂખ્યા રહીને શિવાજીને એક અતિથિ સમજી જમાડે છે અને શિવાજી મોતની પરવા કર્યા વિના દયાળુ સ્વભાવને કારણે બ્રાહ્મણનું દારિદ્ર કાઢવા મોતને ભેટવા તૈયાર થયા ! આ બાજુ પેલો સુબો ૨૦ પઠાણોને લઈ વિનાયકને ઘેર આવ્યો. ઈનામના રૂપિયા આપી શિવાજીને સોંપી દેવા કહ્યું.

આવું સાંભળી વિનાયક તો ચોંકી ગયો ! ત્યાં તો અતિથિ રૂમની બહાર આવીને બોલ્યા : “ હું પોતે જ શિવાજી છું મને કેદ કરી શકો છો.” તુરંત પકડીને લઈ ગયા. આ બાજુ વિનાયકને ખ્યાલ આવ્યો કે અતિથિ માની જેની સેવા કરતો હતો તે પોતે જ છત્રપતિ શિવાજી મહારાજ હતા, મારા માટે જ તેઓ પકડાયા છે.” પછી તે બ્રાહ્મણ માથું પછાડી પછાડી રડવા લાગ્યો.

શિવાજીને લઈ ગયા ત્યારે બાજુમાં જ તેઓના સેનાપતિ તાનાજી છુપાઈને જોઈ રહ્યા હતા, પણ શિવાજી સામે ચાલીને પકડાયા તેથી તેઓએ હુમલો ન કર્યો. તેઓ વિનાયક પાસે આવ્યા ને પોતાની ઓળખાણ આપી. બ્રાહ્મણે રડતાં રડતાં



કહ્યું : " મને ધનવાન બનાવવા માટે દયાળુ શિવાજી પોતે પકડાઈ ગયા છે તેથી મને ખૂબ દુ:ખ થાય છે. લ્યો આ બધા જ રૂપિયા તેના હથિયારો ખરીદીને શિવાજીને છોડાવી લાવો. ગમે તેમ કરી શિવાજીને મોતના મુખમાંથી બચાવી લો. "

રૂપિયા લઈ તુરંત વીર તાનાજીએ હથિયારો ખરીદી ૫૦ માણસોને રૂપિયા આપી સર્વે વાત કરી. તેથી તેઓ તૈયાર થઈને સુબાની પાછળ છુપી રીતે હુમલો કરવા તૈયાર થયા. આ બાજુ ફક્ત ૨૦ સૈનિકો સાથે હરખાતે હૈયે સુબો ચાલ્યો જતો હતો ત્યાં અચાનક હુમલો થયો. સુબા સહિત ૨૦ સૈનિકોને મારી શિવાજીને છોડાવી સર્વે મહારાષ્ટ્રમાં આવી ગયા.

" જેઈન એડમ્સ "

મારું સુખ મને જ વહાલું લાગે છે અને દુ:ખ પણ મને મારું જ ખટકે છે, આવી મનોવૃત્તિ આ જગતમાં કોની નથી એ પ્રશ્ન છે; પણ જે દિવસે આપણી નજર આપણાં દુ:ખો પરથી હટીને અન્યનાં દુ:ખો પર જાય છે, આપણાં સુખો પરથી હટીને અન્યનાં સુખો પર જાય છે, આપણાં સુખોને ગૌણ કરીને પણ અન્યનાં સુખોને સલામત રાખવા આપણે પ્રયત્નશીલ બનીશું, બીજાનાં દુ:ખોને હળવાં કરવા ખુદ થોડાક દુ:ખી થવા તૈયાર રહીશું, ત્યારે આપણાં હૃદયમાં પ્રસન્નતાનો એક એવો સૂર્ય ઊગશે કે જે સૂર્યના અજવાળાથી આપણા દોષોને વીણી વીણીને સાફ કરી શકીશું તેથી જીવન ધન્ય બની જશે, હૃદય નિર્મળ બની જશે અને પ્રભુ હૃદયમાં દેખાશે.

ગરીબોનાં દુ:ખોને પોતાનું દુ:ખ સમજનાર હતી અમેરિકાની સન્નારી જેઈન એડમ્સ. તેનો જન્મ ઈ.૧૮૬૦ માં શિકાગોમાં થયો હતો. બચપણથી જ દુ:ખીઓની સેવા કરવાની તમન્ના હોવાથી મોટી થઈને તેણે ગરીબોના વિસ્તારમાં ભાડે મકાન રાખી તેમાં રહીને લોકોની સેવા કરવા લાગી ગઈ. ઘરનું નામ ' હલ હાઉસ ' રાખ્યું હતું ! ધીરે ધીરે નિ:સ્વાર્થ સેવાને કારણે તેની સંસ્થાનો વિકાસ થતો ગયો અને અમેરિકાની સરહદને ઓળંગી પૂરા વિશ્વમાં નામ રોશન થઈ ગયું, તેને કારણે દુનિયાનું સૌથી મોટું ઈનામ ' નોબલ પારિતોષિક' તેમને મળ્યું હતું. તેમણે અનેક શાળાઓ અને હોસ્પિટલો બંધાવી ગરીબોના આશીર્વાદ મેળવી માનવતાનું ભવ્ય કાર્ય કરી નામ અમર કરી બીજાઓના જીવનમાં પ્રેરણાના દીવડા પ્રગટ કરતાં ગયાં છે.

મનુષ્ય સેવાને જ પ્રભુ સેવા માની ગરીબો અને દુ:ખીયાઓની સેવા કરનાર અભુ ભક્ત થઈ ગયા છે. તેઓ હંમેશાં બીમારોની સેવામાં જ રહેતા હતાં. તેઓ કહેતા કે, "જન સેવા એ પણ જનાર્દનની સેવા સમાન જ છે. પ્રભુને શોધવા કયાં જશો ? એ તો દરિદ્રનારાયણના રૂપમાં આપણી સેવા અંગિકાર કરે છે." આવા જ સેવાના ભેખધારી રોમની અંદર સંત પિયર સેઈન્ટ થઈ ગયા છે. તેઓએ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી જેલમાં રહેલા બીમાર કેદીઓની સેવા કરી હતી ! આપણે પણ કોઈકની આંખનાં આંસુઓ લૂછીએ, કોઈકની ભૂખમાં ભાગ પડાવીએ અને કોઈકને ખાતર કંઈક કરીએ તો જ સાચા અર્થમાં માનવ કહેવાશું. માનવ જીવનની સુગંધ દયા છે, તેથી આપણા જીવનને આ સુગંધથી સુગંધીત બનાવીએ.



“ બાબા આમટે ”

મહારાષ્ટ્રના પ્રતિભા સંપન્ન સમાજ સેવક મુરલીધર નામ ધરાવતા બાબા આમટેનો જન્મ બ્રાહ્મણ કુળમાં ઈ.૧૯૧૪ માં થયો હતો. શિશુવયથી જ જ્યારે બીજાં બાળકો લાડકોડમાં જીવન વિતાવતાં ત્યારે બાબા આમટે પારકાંઓ ખાતર કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવતા હતા. માત્ર બાર વર્ષની વય હતી ત્યારે પરિવારનો સાથ છોડી આદિવાસીઓની વચ્ચે જઈને વસ્યા જેથી આત્મીય બની તે લોકોનાં સંકટ દૂર કરવામાં સહાયભૂત થઈ શકાય.

નાગપુરમાં તેમણે બી.એ. તથા એલ.એલ.બી. ની પરીક્ષા પાસ કરી અને વર્ધા પાસે આવેલા વરોરા નામના ગામમાં વકીલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી. આ ગામને છેવાડે વલખાં મારતા એક રક્તપિત્તના દર્દીને જોઈ તેમના જીવનનો રાહ બદલાયો. તેની પીડા ઓછી કરવા કશું કરી છૂટવાનું નક્કી કર્યું. તે વખતે કલકત્તામાં ‘ સ્કૂલ ઓફ ટ્રોપિકલ મેડિસીન ’ નામની સ્કૂલ હતી. રક્તપિત્તની સારવાર કેમ કરવી તેનું શિક્ષણ મેળવવા માટે બાબા આમટે સ્કૂલમાં દાખલ થયા.

પોતાના જ શરીર પર આ રોગની શી અસર થાય છે તે જોવા માટે રોગના જંતુઓને પોતાના શરીરમાં દાખલ કરવામાં આવ્યાં; પરંતુ તેની કશી અસર જોવા મળી નહિ. આવા પ્રયોગો કર્યા પછી રક્તપિત્તના દર્દીઓની સારવાર કરવાનું તેમણે શરૂ કર્યું. સાજા થયેલા દર્દીઓને સમાજની મુખ્ય

ધારામાં પુન:સામેલ કરવા માટે પણ તેમણે પ્રયત્નો ચાલુ કર્યા.

ઈ.૧૯૫૦ માં વરોરા ગામ બહાર આવેલી ઉજ્જડ જમીન તેમણે પ્રાપ્ત કરી અને પોતાનાં પત્ની સાધના તાઈના સાથમાં રક્તપિત્તના રોગીઓની સારવાર ચાલુ કરી. ઈ.૧૯૫૧માં વિનોબા ભાવેના હસ્તે "આનંદ વન" નામની સંસ્થા શરૂકરી તેમાં બે હજારથી પણ વધુ રક્તપિત્તથી પીડાતા લોકોને રાખવામાં આવ્યા !

ઈ.૧૯૭૪માં દંડકારણ્યમાં આદિવાસી લોકોની સેવા માટે 'લોક બિરાદરી' સંસ્થા શરૂ કરી. ત્યાં બાબા આમટેએ શાળાઓ, દવાખાનાંઓ અને ઉદ્યોગકેન્દ્રો સ્થાપ્યાં છે. તેમના બે પુત્રો અને બે પુત્રવધુઓ ડોક્ટર છે. આ ચારેય ડોકટરો તે સંસ્થામાં સેવા આપી રહ્યાં છે. બાબા આમટેને સેવા બદલ ' પદ્મભૂષણ ' વગેરે અનેક પારિતોષિકો મળેલ છે. –('વિશ્વ પ્રસિદ્ધ વ્યક્તિ કોશ' પુસ્તકમાંથી)

" ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર "

અક્ષય મનુષ્યત્વ ધરાવતા વિદ્યા અને દયાના સાગર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ઈ.સ.૧૮૨૦માં બંગાળના વીરસિંહ ગામમાં થયો હતો. ફક્ત ૧૧ વર્ષની ઉંમરે તો તેઓ વિદ્વાન બની ગયા હતા! ઈ.૧૮૫૭ માં કલકત્તામાં યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી ત્યારે તેમને સભાસદ બનાવવામાં આવ્યા હતા, માતા ભગવતીદેવીના કરૂણાના ગુણો તેઓમાં આવ્યા હતા, તેથી દયાના સાગર તેઓ બની



ગયા હતા. તેમના માતા કેવાં દયાળુ હતાં તેમનો એક પ્રસંગ સાંભળો.

ઈશ્વરચંદ્ર એક વાર ઘણા રૂપિયા લઈને માતા પાસે આવ્યા અને પ્રણામ કરી કહ્યું : " માતાજી ! મને ભણાવવામાં તમોએ તમારાં સોનાનાં આભૂષણો વેચી નાખ્યાં હતાં, માટે લ્યો આ રૂપિયા, તમારે જેટલાં જોઈએ તેટલાં ઘરેણાંઓ તમે કરાવી લ્યો." આવું સાંભળી એ ભારતીય સન્નારીના મુખમાંથી કરૂણાથી ભરેલા શબ્દો નીકળ્યા: " બેટા ! સ્ત્રીની શોભા ઘરેણાં પહેરવાથી નથી વધતી, પરંતુ સંસ્કારરૂપી આભૂષણોથી જ શોભે છે; માટે તું આ રૂપિયાથી ગરીબ વિદ્યાર્થીઓ માટે શાળાઓ શરૂ કર, રોગીઓ માટે દવાખાનાઓ ખોલ અને ભૂખ્યા લોકો માટે અન્નક્ષેત્રો ખોલ,-મારા કીમતી આભૂષણો આમાં આવી ગયાં છે એમ હું સમજીશ ! "

એક વાર માતા ભગવતીદેવી ઠંડીમાં શાલ ઓઢીને બેઠાં હતાં. તે સમયે એક ગરીબ સ્ત્રી ઠંડીથી ધ્રૂજતી ધ્રૂજતી તેઓની પાસે આવી. આવું દૃશ્ય જોઈ હૃદયમાં કરૂણા ઊભરાઈ ગઈ, તુરંત પોતે ઓઢેલ કીંમતી શાલ પેલી સ્ત્રીને ઓઢાડી દીધી ! તેથી વિદ્યાસાગરે નવી શાલ લાવી આપી, એટલે તેમને કહેવા લાગ્યાં : " દીકરા ! ઘણી માતાઓ ટાઢની અંદર પણ ગરીબાઈના કારણે ઓઢ્યા વિનાની સૂઈ રહે છે તેમને તું લાવી આપ, પછી હું ઓઢીશ ! "

માતાના કરૂણાના ગુણો ઈશ્વરચંદ્રમાં ઉતર્યા હોવાને કારણે તેમણે અનેક ગરીબ લોકોનાં કરજ ચૂકવી દીધાં હતાં.

રૂઢિયુસ્તોનો વિરોધ હોવા છતાં સ્ત્રી કેળવણીનો ખૂબ પ્રચાર કર્યો હતો. એ સિવાય બાળ વિધવા વિવાહને તેમણે કાયદાનું સ્વરૂપ અપાવ્યું હતું. તેઓએ બંગાળી ભાષામાં અનેક ગ્રંથો પણ લખ્યા હતા. ઈ.૧૮૬૪ માં જર્મનીમા મળેલી વિશ્વભરની વિદ્વાનોની મહાસભામાં તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતુ. મહારાણી વિક્ટોરિયાએ તેમને "કૈસરે હિંદ " નો ઈલકાબ આપ્યો હતો. ઈ.૧૮૯૧ માં તેઓનું પરલોકગમન થયું હતું.

" ઠક્કરબાપા "

ઠક્કરબાપાનો જન્મ ઈ.સ. ૧૮૬૯ માં ભાવનગરમાં થયો હતો. તેઓનું નામ અમૃતલાલ હતું. તેઓએ પુનાની એન્જિનિયરિંગ કોલેજમાંથી એલ.સી.સી.ની. ડિગ્રી મેળવી હતી.તેઓ કેન્યા અને યુગાન્ડા દેશમાં રેલ્વેમાં નોકરી કરતા હતા. ત્યાંથી ઈ.૧૯૦૪ માં મુંબઈ આવી શહેર સુધરાઈમાં જોડાયા. ત્યાં અછુત દલિતોની હાલત જોઈને તેઓને હૃદયમાં ખૂબ દુ:ખ થયું. તેથી આજીવન સેવા કરવાની પ્રતિજ્ઞા કરી નોકરીમાંથી રાજીનામું આપી ગરીબ લોકોની સેવામાં સંપૂર્ણ જીવન અર્પી દીધું !

દીક્ષાધારી મિશનરી તરીકેના આ નવજન્મને પહેલે જ પગલે તેઓએ મથુરા તરફના દુષ્કાળ સંકટનું કામ ઉપાડી લીધું. ત્યારબાદ પંચમહાલ જિલ્લા તરફ દાહોદ વિસ્તારમાં ગામડે ગામડે વિચરણ કરવા લાગ્યા, ત્યાં ભીલ લોકોનું સેવા મંડળ સ્થાપ્યું અને સેવા કરવા લાગ્યા. અર્ધ માનવી જેવા

ભીલોનાં બાળકોની કેળવણી, વૈદકીય સારવાર અને સમાજ સુધારા વગેરે પરોપકારનાં અનેક કાર્યો કર્યાં, ત્યાં તેઓ ‘ ઠક્કર બાપા ’ નું સંબોધન પામ્યા હતા.

ઝવેરચંદ મેઘાણી લખે છે કે, “ઠક્કરબાપા કાઠિયાવાડથી આસામ સુધી અને પંજાબથી મદ્રાસ સુધી ધૂળ ફાકતા કંગાળ ગામડાંઓમાં ખૂબ ફર્યા છે. તેઓના જેટલું ગામડાંઓમાં વિચરણ ગાંધીજી કે બીજા કોઈ કાર્યકર્તાઓએ કર્યું નથી, પરંતુ દુર્ભાગ્ય છે આ દેશનું કે જ્યાં એક સેવકનું સ્થાન પૂરનાર બીજા જવલ્લે (કોઈક) જ જડે છે. એટલે પછી સેવાજીવન પણ માનવીનું કારાગાર બની જાય છે.”

ઠક્કરબાપા વિષે ગાંધીજીએ લખ્યું છે કે, “ ઠક્કરબાપા વિરલ લોકસેવક છે. તેમનામાં અભિમાન કે આડંબરનો છાંટો પણ નથી. તેમનું કામ એ જ તેમનો એક માત્ર સંતોષ છે. ઘડપણે પણ એમનો ઉત્સાહ મોળો પડ્યો નથી. એક વાર મેં તેઓને કહ્યું : “ તમે જરા આરામ કરો તો સારું.” તુરંત તેમણે જવાબ આપ્યો : “આટલી બધી સેવા કરવાની છે ત્યાં આરામ શી રીતે લેવાય ? મારું કામ એ જ મારો આરામ હોવો જોઈએ.”

ઠક્કરબાપા જે જે ગામડાઓમાં જતા તે તે ગામોમાં ગંદકી જોવા મળતી નહિ. તેમને સ્વચ્છતા ખૂબ ગમતી. ભીલોને પણ તેઓએ ચોખ્ખાઈ રાખતા કરી દીધા હતા. આજે તો ઉચ્ચ જ્ઞાતિના ઘરના આંગણાંઓમાં પણ ગંદકી ઉભરાતી જોવા મળે છે ! ‘ગંદકીના પ્રદુષણને કારણે હાલમાં એશિયાના દેશોમાં દર વર્ષે સાત લાખ લોકોનાં મૃત્યુ થાય છે ! – અહેવાલ ‘ યુનાઈટેડ નેશન્સ’ ૨૦૦૪.

“ એક મનોહારી આત્મકથા ”

ભક્તો ! ‘અરધી સદીની વાચન યાત્રા’ માં મહેન્દ્રભાઈ મેઘાણીએ મનુભાઈ પંચોળી લેખિત ‘એક મનોહારી આત્મકથા’ નામનો લેખ લખેલ છે તે જોઈએ તેઓના જ શબ્દોમાં. – અમેરિકામાં છેક ૧૮૬૫ સુધી ગુલામીનું કલંક હતું. કાળા હબસી લોકો થોડા ઘણા નહિ, પણ ૩૧ લાખ ગુલામ હતા ! તેને ઢોરની જેમ રાખતા, ઢોરની જેમ ટીપતા, ઢોરની જેમ વેચતા - માને એક જણને ત્યાં વેચે, એના છોકરાંને બીજાને ત્યાં વેચે, પતિને ત્રીજાને ત્યાં વેચે. આ હબસી ગુલામો ૯૦ ટકા અમેરિકાના દક્ષિણ ભાગમાં હતા. તેના લોહી - પરસેવાથી કપાસ, ડાંગર, અને શેરડી પાકતાં હતાં.

આ કલંક સામે લડનારા પણ હતા. બે નામ તો આ કલંક કથા જાણનારાને હોઠે ચડી ગયા છે. : વિલિયમ લોઈડ ગેરીસન અને ‘ટોમ કાકાની ઝુંપડી ’ ની લેખિકા હેરિયેટ બીચર સ્ટો. એ પુસ્તકે દેશપરદેશનાં હૈયાંને હચમચાવ્યાં છે. સારાં સારાં પુસ્તકોથી પણ મોટા ફેરફાર થાય છે, તેનો નમૂનો આ “ અંકલ ટોમ્સ કેબિન ” છે. એ જમાનામાં તેની લાખો નકલો છપાઈ અને ઘણી બધી ભાષામાં તેના અનુવાદો થયા; તેના પરથી ગુલામી નાબૂદ કરવા માગનાર પાર વગરનાં નાટકો પણ ભજવાયાં.

લેખિકાને મળવા (અમેરિકાના) પ્રમુખ લિંકને નિમંત્રણ આપેલ. તેને જોઈને લિંકન કહે, “ આટલી નાની સન્નારીએ આવડી મોટી લડાઈ સળગાવી ! ” ઉત્તર અને દક્ષિણ વચ્ચેનું અસાધારણ યુદ્ધ હતું. ગુલામી રાખવાવાળા અને ગુલામી નહિ



રાખવાવાળા બન્ને ગોરા ભાઈઓ હતા. એક જ બાઈબલ વાંચનારા ને એક જ રાજ્યમાં વસવાવાળા એ લડાઈમાં પાંચ લાખ મૂઆ (મૃત્યુ પામ્યા) બે ગોરાઓ એક ત્રીજા કાળા માટે આ કારમું યુદ્ધ લડ્યા.

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકને ગુલામી - નાબૂદી માટેનું આ યુદ્ધ કર્યું તે પહેલાંય ૭૫ - ૧૦૦ વર્ષથી ગુલામી સામે લડનારા શૂરાઓ થયા હતા, તેય મોટા ભાગે ગોરા જ હતા. આવાં પુણ્ય શ્લોક સ્ત્રી-પુરુષોમાંના એક ' લેવી કોફિને ' આ કામ ૩૦-૪૦ વર્ષ કર્યું. દક્ષિણમાંથી ગુલામોને નસાડી લાવે, કોઈ જાતે નાસી આવ્યા હોય એ બધાને આશરો આપે, કપડાં લત્તાં – ખોરાક આપે ને અમેરિકાની બહાર સેંકડો માઈલ દૂર જે બ્રિટનનું સંસ્થાન હતું, જ્યાં ગુલામી ન હતી,ત્યાં કેનેડા મોકલી આપે. આની લાંબી સાંકળને ઈતિહાસમાં ' ભોંય ભીતર ચાલતી રેલગાડી ' કહી છે. પણ વસ્તુત: એ છેક કેનેડા સુધીનાં થાણાં હતાં. ત્યાં બધાંને સંતાડી, સાચવી યોગ્ય સ્થળોએ પહોંચાડવામાં આવતાં.

આમાં કેવાં જોખમો, સાહસો હતાં, ઠંડા લોહીની કેવી તાકાત પ્રગટતી હતી, તેનું આત્મકથન લેવી કોફિને કર્યું છે, તેનું પુન: પુન: ધર્મગ્રંથની જેમ પારાયણ કરવા જેવું છે. લેવી કોફિને ૨૦ થી ૭૦ વર્ષની ઉંમર સુધી, વિકટ કામ કર્યું. તેના ઘરમાં ભોંયરાં હોય, પાછળ વાડામાં ઓરડીઓ હોય, ઉપરના માળે કાતરિયાં હોય, તેમાં ગુલામોને સંતાડી રાખે. કોઈકવાર દિવસો ને અઠવાડિયાં સુધી તેમને સાચવવાં પડે. લેવી કોફિન બધા સંજોગો માટે તૈયાર હતા.

– મનુભાઈ પંચોળી



“ પ્રેસિડેન્ટ જોન્સન ”

અમેરિકાના છત્રીસમાં રાષ્ટ્ર પ્રમુખ લિન્ડન બેઈન્સ જોન્સનનો જન્મ ઈ.૧૯૦૮ માં ટેક્ષાસ રાજ્યના સ્ટેનવોલ મુકામે થયો હતો. તેઓ ઈ.૧૯૬૩ માં કેનેડીની હત્યા પછી અમેરિકાના પ્રેસિડેન્ટ બન્યા હતા. તેઓ પોતાના પ્રવચનમાં બોલ્યા હતા તે જોઈએ તેઓના જ શબ્દોમાં :-

“પૃથ્વીના પટ ઉપર જેટલા દેશો થઈ ગયા, તેમાં આ રાષ્ટ્ર (અમેરિકા) સૌથી વધુ સમૃદ્ધ અને શક્તિાળી છે. એની સરખામણીમાં ભૂતકાળનાં સામ્રાજ્યોની તાકાત નહિવત છે. – પણ મારે એવા રાષ્ટ્રપતિ નથી બનવું કે જેણે પોતાના દેશના સીમાડા વિસ્તાર્યા હોય કે સામ્રાજ્ય ખડું કર્યું હોય. મારે એવા રાષ્ટ્રપતિ બનવું છે કે, જેણે ભુખ્યાંને ભોજન આપ્યું હોય ને કંગાલોને દિશા સુઝાડી હોય, જેણે દરેક કુટુંબની સાદી રોજિંદી જિંદગીને વધુ સમૃદ્ધ બનાવી હોય.”

ભક્તો ! તેઓના શબ્દો ઉપરથી ખ્યાલ આવે છે કે, તેઓને ગરીબો અને ભૂખના દુ:ખથી પીડાતા નિર્દોષ માનવીઓ પ્રત્યે દયા જરૂર હશે. પછી તેમણે પરોપકારનાં સારાં કાર્યો પણ ઘણા કર્યાં હતાં.



“ માતા વિનાનાં બાળકો માટે ”

દેશ ભક્તો અને શુદ્ધ ચારિત્ર્યવાન તેમજ ભૂદાન (જમીનનું દાન) પ્રવૃત્તિના પ્રણેતા વિનોબા ભાવેના માતાની નમાયા બાળકો પ્રત્યેની દયાનો એક પ્રસંગ જોઈએ. વિનોબાનું મૂળ નામ તો વિનાયક હતું. તે વિનાયક નાના હતા ત્યારે એમના પડોશમાં એક પરીવાર રહેતો હતો. તેમાં સ્ત્રી મૃત્યુ પામી; એટલે તેઓનાં સંતાનો માતા વિનાનાં બની ગયાં. નાના નાના બાળકોને રસોઈ કરતાં પણ આવડતું ન હતું, તેથી દુ:ખી થઈને રડતાં હતાં.

વિનાયકના માતા બાળકોનું દુ:ખ જોઈ દુ:ખી દુ:ખી થઈ ગયા. તેઓનું અંતર કરૂણાથી છલકાઈ ગયું. તેમણે મનમાં વિચાર કર્યો : “અરે ! આ બિચારાં બાળકોની માતા તો સ્વર્ગે જતી રહી છે, હવે તેમને કોણ રસોઈ બનાવી આપશે ? કોણ તેમને માતાનો પ્રેમ આપશે ? લાવ હું જ તેમને માતાનો પ્રેમ આપું.”

આવું મનોમન નક્કી કરી તેમના ઘેર જઈ રસોઈ બનાવવા લાગ્યાં. અને પેલાં બાળકોને પ્રેમથી જમાડવા લાગ્યાં તેથી બાળકોને તેમની માતાનો પ્રેમ મળવા લાગ્યો એટલે સુખેથી રહેવા લાગ્યાં. આ રીતે દરરોજનો ક્રમ બની ગયો. એક દિવસ પોતાના બાળક વિનાયકે પ્રશ્ન પૂછ્યો : “ બા ! તમે અમારા ઉપર અને પેલાં માતા વિનાનાં બાળકો ઉપર સમાન હેત રાખો છો ? ” માતાએ જવાબમાં હા કહી. તેથી બાળક વિનાયકે ફરીને પ્રશ્ન કર્યો :“ તો પછી અમારા

માટે પહેલાં રસોઈ બનાવી પછી જ તેઓના ઘેર કેમ જાઓ છો ? પહેલાં તો તે બાળકો માટે રસોઈ કરવી જોઈએ.”

વિનાયકનો પ્રશ્ન સાંભળી માતાજીએ સુંદર જવાબ આપ્યો : “ બેટા, સાંભળ, હું તમારા સર્વે માટે પ્રથમ રસોઈ બનાવીને પછી તેઓને ત્યાં એટલા માટે જઉં છું કે, તમે ઠંડું ખાઓ તો ચાલે, તમે મારાં બાળકો છો, પણ પેલાં બિચારાં તો માતા વિનાનાં છે, તેથી તેમને દરરોજ ગરમા ગરમ કોણ ખવડાવે ? એટલા માટે જ હું આપણા ઘર માટે પ્રથમ રસોઈ બનાવી લઉં છું અને પછી બાળકો માટે રસોઈ બનાવવા જઉં છું તેથી તેઓ ગરમા ગરમ ખાઈ શકે.”

જોયું ભક્તો ! બીજાનાં બાળકો માટે પણ નિ:સ્વાર્થપણાની કેવી ઉત્તમ ભાવના હતી વિનોબાનાં માતૃશ્રીની ? આપણે પણ આપણી આજુબાજુમાં રહેતાં માતા વિનાનાં બાળકો પ્રત્યે આવી ભાવના રાખવી જોઈએ, જેથી માનવ તરીકે સાચી ગણાના થાય અને પરમાત્માની કૃપાના પાત્ર બની જઈએ.

“ પાક સળગાવી લોકોને બચાવ્યાં ”

ચીન દેશની પુરાતની વાત છે. ચીનના એક પ્રદેશમાં એક ઊંચી ટેકરી ઉપર એક ચીની ખેડૂત રહેતો હતો. તેમનું ખેતર પણ ત્યાં ઉપર જ હતું. એકવાર તેઓ પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. કામ કરતાં કરતાં અચાનક તેની નજર સમુદ્ર તરફ ગઈ. જોઈને આશ્ચર્ય થયું : “અરે ! આ હું શું જોઈ



રહ્યો છું ? સાગરે મર્યાદા ઓળંગી ? " દરિયામાંથી ભયંકર મોજાઓ આવી રહ્યાં હતાં. બરાબર સાંજનો સમય હતો. સાગર કિનારે ખેડૂતો પોતપોતાનાં કામો કરતા હતા.

સમુદ્ર ક્યારેય પણ કાંઠા તોડીને બેમર્યાદ થાય નહિ, તેથી હજારો લોકો નિર્ભય રીતે ખેતીનું કામ કરી રહ્યા હતા. - પરંતુ બનેલું એવું કે, સમુદ્રમાં ધરતીકંપ થયેલ તેના કારણે સમતુલપણું ખોરવાઈ ગયેલું તેને કારણે સમુદ્ર મર્યાદા બહાર નીકળી ગયેલ તેથી તેનું પાણી ચારેબાજું ફેલાવા લાગેલ. સમુદ્રનું ભયંકર તાંડવ જોઈને આ ખેડૂતનું દયાળુ હૃદય વલોવાઈ ગયું તેથી મનોમન વિચાર કરવા લાગ્યા : "અરે અરે ! આ નિચાણમાં કામ કરતા લોકો બેખબર છે. હમણાં જ દરિયાનું પાણી તેઓને ડૂબાડી દેશે. બૂમો પાડવાથી તેઓ સાંભળશે નહિ અને હું નીચે જઈશ તો હું પણ તણાઈ જઈશ અને કોઈ બચી શકશે નહિ, માટે એવું કંઈક કરું કે જેથી આ લોકો મૃત્યુના મુખમાંથી ઉગરી જાય."

આવું વિચારી તુરંત તે દયાળુ ખેડૂતે મહેનત કરીને તૈયાર કરેલ ડાંગરના ઊભા પાકને આગ લગાડી ! અને ટેકરા પર ઊભા રહી મદદ માટે હાથ હલાવી લોકોને બોલાવવા લાગ્યા. સાંજનો સમય હોવાથી લોકોની નજર તુરંત તે તરફ ગઈ અને આગની બાજુમાં ઊભેલ ખેડૂતને પણ જોયો.

આવું દૃશ્ય જોઈને એકપળનો પણ વિલંબ કર્યા વિના નાનાં-મોટાં સ્ત્રી-પુરુષો ટેકરા તરફ દોડવા લાગ્યાં. થોડી વારમાં તો બધા જ ટેકરા ઉપર ચઢી ગયાં. ત્યાં તો બધો જ

ડાંગરનો પાક બળી ગયો હતો. ખેડૂતે દરેકને વાત કરી કે, ‘ તમોને અહીં લાવવા માટે જ મેં આગ લગાવી હતી. જુઓ દરિયા સામું, ઘોડાપૂરે ઉછળીને મોજા આપણી તરફ આવે છે. તમોને એ ડૂબાડી દેવાનાં હતાં તેથી મેં આમ કર્યું છે.” દરેકે જોયું તો મોજાનું પાણી પોતાના ખેતરમાં આવી ગયું હતું. હજારો લોકોને બચાવવા બદલ તે ખેડૂતને સર્વે લોકોએ ભાવવિભોર બની પ્રણામ કરી આભાર માન્યો.

“ નિર્ધન છતાં ઉદાર ”

બંગાળમાં નગેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય દેશસેવક અને ધર્મના પ્રચારક હતા.તેઓએ ઘણા ગ્રંથો પણ લખ્યા છે. તેઓ મોટા વિદ્વાન હોવા છતાં ગરીબ હતા. – કારણ કે તેઓ માનતા કે, “સમૃદ્ધિમાં ભગવાન ભૂલી જવાય છે અને નિર્ધનતામાં ડગલે ને પગલે દુ:ખો આવતાં હોય છે તેથી ભગવાન વધારે સાંભરે છે.” આવું વિચારી ધન કમાવા માટે તેઓ કયારેય પણ પ્રયત્ન કરતા ન હતા.

એકવાર નગેન્દ્રનાથજી પોતાના યજમાનને ત્યાંથી લગ્નવિધિ કરાવી પોતાના ઘર તરફ આવતા હતા. યજમાને થોડા રૂપિયા આપ્યા હતા તેનું શું કરવું એ વિચારમાં ચાલતા હતા. તેવામાં તેમની નજર રસ્તામાં એક બાજુએ પડેલ બીમાર ભિખારી પર પડી. તેથી તે દુ:ખીયારાને જોઈ તેઓનું હૃદય પીગળી ગયું. તુરંત બીમાર ભિખારી પાસે આવ્યા. આવીને પૂછ્યું : “ ભાઈ ! દવા લીધી છે કે નહિ ? ”

આવું મમતાભર્યું વાક્ય સાંભળી ભિખારી રડતાં રડતાં



કહેવા લાગ્યો : "સાહેબ ! કામના આળસુ લોકો પણ ભિખારીનો વેષ ધારણ કરી ભીખ માંગવા લાગ્યા છે તેને કારણે લોકો મારા જેવા વૃદ્ધ અને બીમાર ભિખારીઓને પણ કામચોર માની પૈસા આપતા બંધ થઈ ગયા છે. પૈસા ન હોવાને કારણે દવાખાને શી રીતે જવું ? ત્યાં પણ દયાળુ ડોક્ટરો દુર્લભ બની ગયા છે."

વૃદ્ધ અને બીમાર ભિખારીની વાત સાંભળી તુરંત નગેન્દ્રનાથે પોતાના યજમાને આપેલ તમામે તમામ રૂપિયા તેના હાથમાં આપી દીધા ને બોલ્યા : " ભાઈ ! લે આ રૂપિયા ને અત્યારે જ સામેના દવાખાને જઈ સારવાર શરૂ કરી દે."

રૂપિયા આપીને નગેન્દ્રનાથ પોતાના ઘર તરફ ચાલવા લાગ્યા. તેમને યાદ આવ્યું: "અરેરે ! બિચારા બીમાર ભિખારી પાસે ઓઢવાનું પણ નથી. આટલી બધી ઠંડીમાં તે વધારે બીમાર પડી જશે, માટે હું જઈને કામળો આપી આવું." તુરંત પાછા આવીને ભિખારીને પોતે ઓઢેલ શાલ ઓઢાડી દીધી અને ઠંડીમાં પોતે ધ્રૂજતા ધ્રૂજતા ઘેર આવ્યા. આવા તો અનેક પ્રસંગો તેમના જીવન દરમ્યાન બનેલા છે.

ભક્તો ! ધનવાન લોકો જ દાન કરી શકે અને ધનવાનોએ જ દાન કરવું જોઈએ એવું સમાજમાં સામાન્ય વર્ગના લોકો કહેતા હોય છે. – તો તેવા લોકોને મારો સવાલ છે કે, નગેન્દ્રનાથજી શું ધનવાન હતા ? તેઓએ કર્યું એવું શું મધ્યમ વર્ગના ગણાતા લોકો ન કરી શકો ? એકાદ દુ:ખીયાનાં દુ:ખ ઓછાં ન કરી શકો ?



“ વિધવા નારીની મહાનતા ”

કેરળ રાજ્યમાં મન્નાઈધાડ નામનું ગામ છે. ત્યાં કૃષ્ણન્ નામના ચિત્રકાર રહેતા હતા. ચિત્રો વેચી કુટુંબનું ભરણ-પોષણ કરતા હતા. એ સિવાય બીજી કોઈ આવક એમને ન હતી. તે ચિત્રકારની બાજુમાં મુસલમાન પરીવાર રહેતો હતો. એક વાર તેના ઘરમાં અચાનક ભયંકર આગ લાગી. અંદરના રૂમમાં તેમનાં બે બાળકો સુતાં હતાં. બન્ને પતિ-પત્ની જાગીને બૂમાબૂમ કરવા લાગ્યાં. અંદર બાળકો જાગી ગયાં. તેઓ ભયાનક આગ જોઈ ગભરાઈ ગયાં અને બચાવો બચાવો કહેતા કરૂણાજનક ચીસો પાડવા લાગ્યાં તેથી બાજુના ઘરમાં સુતેલા કૃષ્ણન્ જાગી ગયા. જોયું ત્યાંતો આખું ઘર ભડકે બળતું હતું. બૂમાબૂમ સાંભળી આખું ગામ જાગી ગયું ને દોડતા દોડતા સહુ આવી ગયા, પરંતુ સળગતી આગમાં અંદર જવાની કોઈની હિંમત ન ચાલી. અંદર બાળકો બચાવવાની બૂમો સાથે આક્રંદ કરતાં હતાં.

આવી કરૂણ ચીસો સાંભળીને કૃષ્ણન્નું કાળજું કકળી ઊઠ્યું. તેનું સંવેદનશીલ હૃદય પીગળી ગયું. તુરંત મરવાની પરવા કર્યા વિના જીવના જોખમે તે અંદર ગયા અને બાળકોને તેડી બહાર લઈ આવ્યા. બાળકો બચી ગયાં, પરંતુ કૃષ્ણન્ ખૂબ દાઝી ગયા તેના કારણે થોડા દિવસ બાદ મૃત્યુ પામ્યા! તેથી તેમની પત્ની અને બાળકો આજીવિકા વિનાનાં થઈ ગયાં.

આ વાત કેરળમાંથી પ્રગટ થતાં અખબાર 'માતૃભૂમિ'ની જાણમાં આવી. તેમણે છાપામાં શહીદ બનેલ કૃષ્ણાન્‌ની વાત છાપી અને એમના કુટુંબી માટે ફંડ શરૂ કર્યું. તેથી ૨૩ હજાર રૂપિયા થયા. તે લઈને મન્નાડધાડ ગામ જઈ કૃષ્ણાન્‌ની વિધવાને આપવા લાગ્યા. ત્યારે એ આર્ય સન્નારી પોતાના દુ:ખને ગળી જઈને બોલી : "હું તો મજૂરી કરીને પણ ગુજરાન ચલાવીશ, પણ મારા પડોશીનું મકાન સળગી ગયું છે તેથી તેઓને મકાન બનાવવા માટે આ બધા રૂપિયા આપી દો! તેઓને રહેવા ઘર પણ નથી, મારે તો ઘર પણ છે."

ભક્તો ! આ પ્રસંગ ગરીબો પાસેથી લાંચ લેતા લોકોએ જીવનમાં ઉતારવા જેવો છે. ક્યાં એ ગરીબ વિધવાના નાનકડા એવા હૃદયમાંથી નીકળેલા મહાન વિચારો અને ક્યાં ઓફિસોમાં ટેબલ પર લાંબા પગ કરી ફાંદ ફૂલાવીને ૩૬ ની છાતીમાંથી નીકળતા કંજૂસ વિચારો ? લાંચ લેવાના અધમ અને હલકટ વિચારો ?

" સંત રાબિયા "

ઈસુની ૮ મી સદીમાં ઈરાનમાં એક મુસ્લિમ પરીવારમાં રાબિયાનો જન્મ થયો હતો. એમના વડવાઓ પારસી હતા. આરબોએ પર્શિયા (ઈરાન) પર આક્રમણ કરીને ત્યાંના પારસીઓને બળજબરીથી ધર્માંતર કરી મુસલમાન બનાવી દીધા હતા. અમુક પારસીઓ ભાગીને પોતાના પવિત્ર અગ્નીને લઈ ગુજરાતમાં આવી ગયા હતા તેથી તેઓ બચી ગયા હતા અને બાકીનાઓને મારીને ઈસ્લામ ધર્મ સ્વીકારવા મજબૂર

કરવામાં આવ્યા હતા.

તે પારસીઓ મુસ્લિમ બન્યા પછી તેઓના વંશમાં રાબિયાનો જન્મ થયો હતો. રાબિયા નાનપણથી જ ધ્યાન કરતી હતી. દુ:ખીઓની સેવા કરવાનું તેને ખૂબ ગમતું હતું. તે સમયમાં ગુલામ પ્રથા હતી, તેથી તેઓ પણ એક ધનવાનના ગુલામ હતાં. તેમના શેઠને તેમની સ્થિતિનો ખ્યાલ આવતાં તેમણે ગુલામીમાંથી મુક્ત કર્યાં હતાં. ત્યારબાદ રાબિયા કોઈપણ કામ કરતાં અને પૈસા આવે તે ભેગા કરતાં.

તેઓએ મહેનત કરીને જે પૈસા ભેગા કર્યા હતા તે અને ધાર્મિક માણસોએ આપેલ પૈસાને ભેગા કરી તે દયાની દેવીએ તરસ્યાં જીવપ્રાણી માત્રની તરસ છીપાવવા માટે બગદાદથી ૬૦ મદીના સુધી એક લાંબી પાણીની નહેર ખોદાવી હતી, તેના કારણે અનેક લોકોને પાણીની તકલીફ દૂર થઈ હતી. તેઓએ આજીવન સંત જેવું જીવન જીવી અનેક પરોપકારનાં કાર્યો કર્યાં હતાં. આજે પણ ઈરાનમાં અને ઈરાકમાં તેઓ સંત રાબિયા તરીકે પ્રખ્યાત છે.

“ નર્સ જહોન ”

મેમ્ફીસ દેશમાં જહોન નામનો ભલો ભોળો અને અતિ દયાળુ માણસ હતો. દુ:ખીઓને જોઈ તેનું અંતર વલોવાઈ જતું હતું. એક સમયે મેમ્ફીસમાં પીળા તાવનો ચેપ ફેલાયો હતો. તે સમયે જહોનને ખબર પડતાં તુરંત એક હોસ્પિટલમાં જઈ પોતાને નર્સ તરીકે રાખવા ડોક્ટરને વિનંતી કરી, પરંતુ

ડોક્ટરે ના કહી; તેથી જ્હોને કાકલુદી કરી અઠ્વાડિયા માટે પણ રાખવા કહ્યું. પછી ડોક્ટરે હા કહી, તુરંત દર્દીઓની સેવામાં રાતિદવસ મંડી પડ્યા તેથી દરેક દર્દીઓમાં અતિ પ્રિય બની ગયા.

તેઓની ભાવના અને કામ જોઈ ડોક્ટરે કાયમ રાખી લીધા. પછી તો બીમાર લોકોને તેઓના ઘેરથી લઈ આવી સેવા કરવા લાગ્યા. સંતાનોએ તરછોડાયેલા લોકોને સારી રીતે સાચવી સેવા કરવા લાગ્યા. તમામ પગાર ગરીબ દર્દીઓની દવા માટે વાપરતા પરંતુ પોતા માટે એક પણ પૈસો રાખતા નહિ. આવી સેવા અને ભાવનાથી તે મેમ્ફીસમાં લોકપ્રિય બની ગયા હતા.

" પાર્વતી માતાની દયા "

પાર્વતી માતાએ મહાદેવજી સાથે લગ્ન કરવા માટે ઘોર તપશ્ચર્યા કરી હતી. પછી મહાદેવજીએ સપ્તર્ષિ દ્વારા પરીક્ષા પણ કરાવી, છતાં ડગ્યાં નહિ, એટલે લગ્નની હા કહી. લગ્નની હા કહી તેથી પાર્વતીજીએ તપની સમાપ્તિ કરી ઘેર જવાની તૈયારી કરી. ત્યાં બચાવો બચાવોની બૂમો સંભળાઈ એટલે પાર્વતીજી ઉતાવળાં ઉતાવળાં અવાજની દિશા તરફ દોડ્યાં. જઈને જોયું તો સરોવરમાં એક મગરે એક બાળકનો પગ પકડેલ હતો અને પોતાની તરફ પાણીમાં મગર ખેંચી રહ્યો હતો તેથી બાળક ચીસો પાડતો હતો.

બાળકનું આક્રંદ સાંભળી પાર્વતીજીનું કોમળ હૃદય કકળી

ઊઠ્યું. તુરંત તેઓએ મગરની ભાષામાં બાળકને છોડી દેવાનું કહ્યું; પરંતુ મગરે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો, તેથી પાર્વતીજી બોલ્યાં : "મગર! તું બાળકના બદલે જે માગે તે તને હું આપવા તૈયાર છું, પણ તું બાળકને છોડી દે." ત્યારે મગર બોલ્યો : "પાર્વતી ! તમોએ શિવજીને પ્રસન્ન કરવા અને લગ્ન કરવા જેટલાં વર્ષો તપ કર્યું છે એ બધું જ તપનું ફળ મને આપી દો તો હું બાળકને છોડી દઉં. "

આવું સાંભળી અનંત વર્ષો સુધી કરેલ તપનું ફળ આપી દેવા તુરંત પાર્વતીજી તૈયાર થયાં અને હાથમાં જળ લઈને સંકલ્પ કર્યો : " આજ સુધીમાં મેં જેટલું તપ કર્યું છે તે સર્વેનું ફળ આ મગરને મળો." આ રીતે બોલીને પાણી મૂક્યું, તુરંત પેલા બાળકને મગરે છોડી દીધો. પછી મગર બોલ્યો : " આ નાનકડા બાળકને બચાવવા માટે તમોએ સમગ્ર જીવનની કમાણીરૂપ તપનું ફળ આપી દીધું ?" ત્યારે પાર્વતી માતાએ સુંદર જવાબ આપતાં કહ્યું : " મગર! તપ તો હું ફરીથી પણ કરી શકીશ, પરંતુ આ બાળકને તું ગળી જાત તો તે નિર્દોષ કોઈનો લાલ પાછો કેવી રીતે આવી શકત ? "

આ રીતે જવાબ આપી બાળકને પોતાના સ્થાન પ્રત્યે મોકલી પાર્વતીજી ફરીને તપ કરવા બેસી ગયાં ! ત્યાં તો દિવ્ય પ્રકાશ થયો અને શિવ પ્રગટ થયા. પાર્વતીજી વંદન કરી ઊભાં રહ્યાં. શિવજીએ પાર્વતીજીના માથા પર હાથ મૂકીને કહ્યું : ' દેવી ! હું પોતે જ મગરરૂપે તમારી પરીક્ષા કરી રહ્યો હતો કે, " તમારું અંત:કરણ પ્રાણીમાત્રમાં આત્મીયતાનો અનુભવ કરે છે કે નહિ ? હું તમારા પર પ્રસન્ન થયો છું હવે ફરીને તપ કરવાની જરૂર નથી,



તમે ઘેર જાવ.” આટલું કહી મહાદેવજી અદૃશ્ય થઈ ગયા અને પાર્વતીજી પોતાના ઘર તરફ ચાલવા લાગ્યાં..

“ પરહિત બસ જિનકે મનમાંહી, તિનકો જગ કછું દુર્લભ નાહિં ”

“ કુંભમેળામાં સૌથી વધુ પુણ્ય કોને ? ”

ભારતની અંદર કુંભમેળાઓ સેંકડો વર્ષોથી થાય છે. ભારતમાં કુંભમેળા ફક્ત ચાર સ્થાનોમાં જ થાય છે. તે કુંભમેળાઓ દર બાર વર્ષે એક સ્થાનમાં થાય છે. – મહારાષ્ટ્રના નાસિક શહેરમાં ગોદાવરી નદીના કિનારે, મધ્યપ્રદેશના ઉજ્જૈન શહેરની શીપ્રા નદીના કિનારે, ઉત્તરાંચલના હરિદ્વારમાં ગંગા કિનારે તેમજ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં (અલાહાબાદ) ગંગાજીના કિનારે કુંભમેળાઓ ભરાય છે.

કુંભમેળાના ઈતિહાસમાંથી એવું જાણવા મળે છે કે, આ ચાર સ્થાનોમાં સમુદ્ર મંથનના સમયે નીકળેલ અમૃત ઢોળાયું હતું, તેથી કુંભમેળાઓ ત્યાં ભરાય છે. કુંભમેળામાં અનેક દેશોમાંથી ત્યાંના મૂળ નિવાસીઓ પણ આવે છે. હવે તો દરેક કુંભમેળામાં બે - ત્રણ કરોડ લોકો શાહિ સ્નાન કરવા અને દર્શન માટે ઉમટી પડે છે; તેથી ધક્કા-મૂક્કીમાં પોતાના પ્રાણ પણ ગુમાવે છે, છતાં પણ ઘસારો વધતો જ જાય છે. આવો પવિત્ર કુંભમેળો અમુક વર્ષો પહેલાં પ્રયાગરાજમાં ભરાયો હતો ત્યારે જે સત્ય ઘટના બની ગઈ તે હું આપની સમક્ષ શબ્દ દ્વારા રજુ કરું છું.

પ્રયાગરાજમાં કુંભમેળો સમાપ્ત થવા આવ્યો ત્યારે એક પવિત્ર સંતને સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં તેમને દેખાયું કે , બધા જ તીર્થો પરસ્પર ભેગા મળીને ચર્ચા કરતા હતાં કે, " આ કુંભમેળામાં વધારેમાં વધારે પુણ્ય કોને મળ્યું હશે ?" ત્યારે પ્રયાગરાજ બોલ્યા : રામુ મોચીને." તેમનું નામ સાંભળી ગંગા મૈયા બોલ્યાં : " રામુ તો મારામાં સ્નાન કરવા આવ્યો જ નથી." ત્યારે તેમને સમર્થન આપતાં દેવ પ્રયાગ અને રુદ્ર પ્રયાગ પણ બોલ્યા : " અમારાંમાં પણ રામુ મોચીએ સ્નાન કર્યું જ નથી." પછી દરેક તીર્થોએ પૂછ્યું : " તે રામુ મોચી કયાં રહે છે અને વધારેમાં વધારે તેમને કયા કારણથી પુણ્ય મળ્યું છે ? તે કહો."

તીર્થોનો સવાલ સાંભળી પ્રયાગરાજે જવાબ આપ્યો : " રામુ કેરળ રાજ્યના દીવા ગામમાં રહે છે." સ્વપ્નમાં આટલું સાંભળ્યું ત્યાં પેલા સંતની ઊંઘ ઉડી ગઈ. સ્વપ્ન સત્ય છે કે ખોટું એ ખાતરી કરવા માટે તે સંત પ્રયાગરાજ અલાહાબાદથી ઠેઠ કેરળના દીવા ગામ આવી રામુ મોચીને મળીને પૂછ્યું : " તમે કુંભમેળામાં પ્રયાગ ગયા હતા ? "

ત્યારે રામુએ માંડીને વાત કરી : " સ્વામીજી ! ઘણાં સમયથી જવાની ઈચ્છા તો હતી જ એટલે તો દરરોજ એક ટકો બચત કરતો હતો. એક વર્ષ સુધી બચત થઈ. કુંભમેળાનો સમય આવ્યો એટલે હું જવા માટે તૈયાર થયો. એ સમયે મારી પત્નીને બાળક જન્મવાનું હતું. બાજુમાંથી મેથીની ભાજીની સુગંધ આવવાથી તેમને પણ ભાજી ખાવાની ઈચ્છા થઈ, તેથી મેં પડોશમાં જઈને ભાજીની માગણી કરી.



ત્યારે એ બહેનની આંખોમાં આંસુ આવી ગયાં અને તેઓએ કહ્યું : " અમોએ શાક બનાવ્યું છે, પરંતુ તમોને આપવા જેવું નથી." મેં કારણ પૂછ્યું : "કેમ આપવા જેવું નથી ? ' ત્યારે રડતાં રડતાં તે બોલ્યાં : " ભાઈ! અમો ત્રણ દિવસથી ભૂખ્યાં હતાં. ઘરમાં કંઈ ન હતું. કોઈની આગળ હાથ લંબાવતાં ખાનદાની આડી આવે છે, તેથી માંગતા નથી, પરંતુ ભૂખનું દુ:ખ સહન ન થવાથી આજે મારા પતિ સ્મશાનમાં ગયા હતા. ત્યાં કોઈએ પિતૃઓને નિમિત્તે પ્રેતશ્રાદ્ધમાં શાક-ભાજી વગેરે મૂકેલ હતું તે સંતાડીને તેઓ ઘેર લાવ્યા હતા તે અપવિત્ર ભોજન અમો જમી રહ્યા છીએ. આવું અશુદ્ધ અન્ન તમોને કેમ આપવું ? તેથી તમોને ના કહીએ છીએ. "

સંતને વાત કરતાં રામુ મોચી બોલ્યો : " એ બહેનની વાત સાંભળી મને ખૂબ દુ:ખ થયું. મને વિચાર આવ્યો : "હું હલકી જ્ઞાતિનો માણસ તો માગીને પણ પેટ ભરી લઈશ, પરંતુ આ આબરુદાર લોકો પોતાની મુસીબત બીજાને કહી પણ શકતા નથી ? મારી પડોશમાં ભૂખ્યા લોકો રહે છે અને હું રૂપિયા ખર્ચી કુંભમેળામાં ફરવા જાઉં તો મારી માનવતા લાજે. તુરંત જ હું એક વર્ષથી ભેગા કરેલા રૂપિયાનું સીધું-સામાન લઈ તેઓને આપી આવ્યો તેથી મેળામાં જઈ ન શક્યો. "

સ્વામીજી ! જે અનાજ વગેરે સીધાં-સામાન આપીને હું રાત્રે સૂતો હતો, ત્યારે તે દિવસે જ મને સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં દિવ્ય સ્વરૂપે પ્રયાગરાજ વગેરે તીર્થોએ આવીને મને કહ્યું :" બેટા રામુ ! તું ભલે કુંભમેળામાં નથી ગયો, પરંતુ તને બધાં જ તીર્થોનું ફળ મળી ગયું છે ! કારણ કે, તારા જેવો

દયાવાન માણસ નિ:સ્વાર્થભાવે બીજાઓનાં દુ:ખડા દૂર કરે છે, તેમને વગર શાહિ સ્નાને પુણ્યનું અવિચળ ભાથું ભરાતું જ રહે છે." સ્વામીજી ! ત્યારથી મારા અંતરમાં અખંડ શાંતિ ને શાંતિ રહ્યા કરે છે."

જોયું ભક્તો ! ભૂખ્યા લોકોને જમાડવાથી કેટલું પુણ્ય મળે છે તે સાંભળ્યુંને ? આપણે પણ આપણી આજુ-બાજુમાં જોવું કે, કોણ ખાનદાન રહે છે કે, જેઓ મહેનત કરવા છતાં પૂરું ખાઈ પણ નથી શકતા. દીકરીઓ યુવાન થઈ ગઈ છે, પરંતુ લગ્ન કરવાના પૈસા નહિ હોવાને કારણે પરણાવી નથી શકતા, ઓપરેશન કરાવવાનું ડોક્ટરે કહ્યું છે, પણ પૈસા વિના પીડા સહન કરી રહ્યા છે. આવા લોકોને જોઈતી મદદ કરી કુંભમેળામાં ગયા વિના પણ પુણ્યનો જથ્થો પ્રાપ્ત કરી લેવો અને ભગવાનને રાજી કરી લેવા.

" ફિલીપ સિડની "

જ્યારે ઈંગ્લેન્ડનાં રાણી એલિઝાબેથનું શાસન હતું ત્યારે એક યુદ્ધ થયું હતું. ત્યારનો આ પ્રસંગ છે. એ યુદ્ધમાં ઈંગ્લેન્ડનો પ્રખ્યાત લેખક અને વીર યોદ્ધો ફિલીપ સિડની ઘાયલ થયો હતો. ઘાયલ હાલતમાં જ તે યુદ્ધ મેદાનમાં પડ્યો હતો. તેમને ખૂબ તરસ લાગી હોવાથી ચારેબાજું નજર કરતો હતો, ત્યાંજ એક સૈનિક પાણી લઈને આવ્યો. તેમણે ઠંડા પાણીનો ગ્લાસ પીવા માટે આપ્યો. ફિલીપ પીવા ગયો ત્યાં બાજુમાં જ બીજો સૈનિક ઘાયલ થઈને પડેલ હતો ને પાણી પાણી પૂકાર કરતો હતો.

આ દૃશ્ય જોઈને તુરંત ફિલીપે તરસ લાગી હોવા છતાં પોતાનું પાણી પેલા તરસ્યા સૈનિકને આપી દીધું ! ભારે અહેસાનભરી નજર કરીને પેલો સૈનિક પાણીનો પ્યાલો પી ગયો. પોતે ઘાયલ અને તૃષાતુર હોવા છતાં ફિલીપ સિડનીએ બીજાને પાણી પાઈને માનવતાનું મહાન કાર્ય કરી લીધું !

" અનુકૂળ અર્ધાંગના "

મહારાષ્ટ્ર રાજ્યમાં દયાવાન મહાત્મા ફૂલે થઈ ગયા છે. ફૂલેની સેવા ભાવનાની સુવાસ સારાય મહારાષ્ટ્રમાં અત્ર, તત્ર, સર્વત્ર ફેલાઈ ગઈ હતી. તેઓનું મૂળ નામ આમ તો જ્યોતિરાવ ફુલે હતું. – પણ લોકો મહાત્મા ફૂલે કહીને બોલાવતા હતા. એકવાર તેઓ રસ્તામાં જતા હતા ત્યારે એક ભિખારી ફાટેલાં વસ્ત્રમાં અનાજને બાંધવાનો પ્રયત્ન કરતો હતો, પણ અનાજ જમીન પર ઢોળાઈ જતું હતું.

ભિખારીને જોઈને મહાત્મા ફૂલેને તેમની ગરીબાઈનો ખ્યાલ આવી ગયો કે, " આ બિચારાને અનાજ બાંધવા સારું વસ્ત્ર પણ નથી." તુરંત તેમની પાસે જઈને પોતાનો નવો ખેસ આપીને બોલ્યા : " ભાઈ ! આ ખેસમાં અનાજ બાંધો." આભાર સાથે ભિખારી તે ખેસ લઈને તેમાં અનાજ ભરતાં ભરતાં બોલ્યો : " ભગત ! ભગવાન તમારું અને આ અનાજ આપનાર બહેનનું ભલું કરે."

તેવું સાંભળી મહાત્મા ફૂલેએ પૂછ્યું : " ભાઈ ! કઈ બાઈએ તમને અનાજ આપ્યું છે ? " ત્યારે ભિખારીએ હાથની

આંગળી લાંબી કરીને કહ્યું : " પેલા ઘરમાં રહેતાં બહેને આ બધું જ અનાજ આપ્યું છે. " આવું સાંભળી ફૂલે ખૂબ રાજી થયા. - કારણ કે એ મકાન તેઓનું જ હતું અને પેલાં બહેન એ તેઓનાં ધર્મપત્ની હતાં. પોતાનાં પત્ની પણ આવાં ઉદાર ભાવનાવાળાં અને દયાળુ છે એવું જાણી ખૂબ રાજી થયા.

" સંત ફ્રાન્સિસ "

ઈટાલી દેશનો આ પ્રસંગ છે. ઈટાલીમાં પાદરી (સંત) ફ્રાન્સિસ થઈ ગયા છે. તેઓ ખૂબ દયાળુ હતા. તેમના પિતા મોટા વેપારી હતા. ઈ.સ.૧૧૯૪ માં એકવાર તેમના પિતાએ ફ્રાન્સિસને કહ્યું : "આ સુવર્ણની ભરેલી પેટી છે, તે નગર શેઠને આપી આવ." ત્યારે ફ્રાન્સિસની ઉંમર ૧૨ વર્ષની હતી તેથી સાથે એક વિશ્વાસુ નોકરને મોકલ્યો.

ઘોડાગાડીમાં બેસીને બન્ને રાજમાર્ગ પર આવ્યા. ત્યાં તો રસ્તાની બન્ને બાજુ અનેકાનેક ભિખારીઓ ખાવાની ઈચ્છાએ ત્યાં બેઠેલા હતા. બનેલ એવું કે એ વર્ષમાં ઈટાલીમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો તેથી લોકોને ખાવા પણ મળતું ન હતું. ભૂખના દુ:ખથી પીડાતા ભૂખ્યા લોકોને જોઈને નાના એવા ફ્રાન્સિસનું હૃદય દયાથી ઊભરાઈ ગયું. તુરંત નોકર પાસેથી સોનાની થેલી લઈને તેમાંથી એક સુવર્ણમુદ્રા કાઢી નોકરને પૂછ્યું : " એક મુદ્રાની કેટલી રોટલી આવે ?" નોકરે કહ્યું : " એક કુટુંબને એક મહિનો ચાલે એટલી."



આવું સાંભળી સોનાની થેલી લઈ નીચે ઉતરી ભૂખ્યા લોકો પાસે જઈને દરેકના પાત્રોમાં એક એક સુવર્ણમુદ્રા મૂકી રોટલી લેવાનું કહ્યું ! ભૂખ્યા લોકો તો આવા ઉદાર બાળકને હૃદયના આશીર્વાદ આપી રોટી લઈને પોતપોતાના ઘેર ગયા. મોટો થઈને આ બાળક પાદરી બન્યો અને ગરીબોની મદદ કરી દુનિયામાં ખ્યાતી પ્રાપ્ત કરી.

પાદરી બન્યા બાદ સંત ફ્રાન્સિસ એકવાર ઘોડા પર બેસીને એક ગામથી બીજે ગામ જતા હતાં. ત્યાં રસ્તામાં એક રોગી દુ:ખને કારણે ઉહકારા કરતો પડ્યો હતો.ઘોડાને તુરંત તેમની પાસે લઈ જઈને જોયું તો તે દર્દી રક્તપિત્તના રોગથી પીડાઈ રહ્યો હતો. તે રોગ ચેપી હોવાથી કોઈ તેમની સેવા કરતું ન હતું, તેથી વિશેષ પીડાઈ રહ્યો હતો. દર્દીની પીડા જોઈને ફ્રાન્સિસનું અંતર રડી પડ્યું. તેઓએ વિચાર કર્યો : " ઈસુ પ્રભુએ પણ રોગીઓની ખૂબ સેવા કરી છે, તો પછી મારે ચેપી રોગથી શું કામ ડરવું જોઈએ."

આવો નિર્ણય મનોમન કરીને ઘોડા ઉપરથી નીચે ઉતરી તેમણે રક્તપિત્તાયાના દેહમાંથી વહી રહેલ દુર્ગંધયુક્ત પાસ-પરું પાણી લઈને સાફ કરવા લાગ્યા. પછી પોતાના ઘોડા ઉપર તે દર્દીને બેસાડી સારવાર કેન્દ્રમાં લઈ ગયા ને જાતે સેવા કરવા લાગ્યા. ભકતો ! હાલમાં સંત ફ્રાન્સિસ જેવા સંતો-મહંતો કેટલા હશે કે, જેઓ પોતાની ગાડીઓમાં રોગીઓને બેસાડી જાતે સેવા કરે અને હોસ્પિટલમાં લઈ જાય !



“ ફ્રેડરિક ધ ગ્રેટ ”

વર્ષો પહેલાં જર્મની દેશમાં ફ્રેડરિક ધ ગ્રેટ નામના રાજા હતા. તેઓ બહુ દયાળુ અને નિરાભિમાની હતા. લોકો તેમને દયાની સાક્ષાત મૂર્તિ કહેતા હતા. એકવાર તેઓ પોતાની ઓફિસમાં રાજ્યનાં પુસ્તકો તૈયાર કરતા હતા. કોઈ જરૂરી કામ પડતાં તેઓએ નોકરને બોલાવવા બેલ વગાડ્યો. બાજુના ખંડમાં ચપરાશી બેઠો હતો, પણ તે આવ્યો નહિ; તેથી રાજા જાતે ઊઠીને તે ખંડમાં ગયા.

જઈને જોયું તો પેલો નોકર બેઠો બેઠો ઊંઘી રહ્યો હતો.! રાજાએ તેને ન જગાડ્યો, પણ તેઓની પાસે ગયા તો તે નોકરના ખીસ્સામાં એક પત્ર જોયો, તેથી ધીરે રહીને તે પત્ર ખીસ્સામાંથી કાઢીને વાંચવા લાગ્યા. પત્ર તે નોકરની વિધવા માતાનો હતો. તેમાં લખ્યું હતું : “ દીકરા ! હું હાલમાં સાવ નિર્ધન છું. પૈસા ખૂટી ગયા છે. વૃદ્ધ થવાને કારણ કામ કરી શકતી નથી, માટે થોડા રૂપિયા મોકલ. ”

પત્ર વાંચીને દયાળુ રાજાએ તુરંત પોતાના ખીસ્સાઓમાંથી જેટલા રૂપિયા હતા તેટલા બધા જ પેલા ઊંઘતા નોકરના કોટના ખીસ્સામાં ધીરે રહીને મૂકી દીધા. પછી ધીરે રહીને પોતાની ઓફિસમાં જતા રહ્યા. હાલમાં પણ જર્મનીમાં તે દયાળુ રાજા તરીકે ઓળખાય છે. આવા તો તેઓના અનેક પ્રસંગો બનેલા છે.



“ ભારતેન્દુ હરિશ્ચંદ્ર ”

ઉત્તર પ્રદેશમાં આવેલ પવિત્ર કાશીપુરી (બનારસ) માં ભારતેન્દુ હરિશ્ચંદ્ર નામના એક દયાળુ દાનવીર થઈ ગયા છે. એક વાર કાશીના રાજાએ તેઓને બોલાવીને કહ્યું : “ અરે ભાઈ ! તમો તો દીન-દુ:ખીયાઓની પાછળ બધું જ ધન ફના કરવા બેઠા છો કે શું ? દાનમાં સંયમ રાખો તો મુસીબતના સમયે બચાવેલું ધન તમને ખૂબ ઉપયોગી થશે.”

રાજાનો આવો ઉપદેશ સાંભળી ભારતેન્દુએ જવાબ આપ્યો : “ મહારાજા સાહેબ ! લક્ષ્મી તો ચંચળ છે. આજે અહીં તો કાલે બીજે જતી રહેશે. અત્યારે પ્રભુએ મને દીન-દુ:ખીયાઓની સેવામાં ધન વાપરવાનો મોકો આપ્યો છે તો મારા અંગત સ્વાર્થ માટે શું કામ સંઘરી રાખું ?” તેવું સાંભળી રાજા બોલ્યા : “ પણ ઘડપણમાં શું કરશો ? ”ત્યારે હરિશ્ચંદ્રે કહ્યું : “ દીનાનાથનાં દીન બાળકોની સેવા મેં જીવનભર કરી છે એ દીનાનાથ પ્રભુનો હું પણ દીન બાળક છું, તો તેઓ મને ખાવાનું નહિ આપે ? ” આવો જવાબ સાંભળી રાજા ખૂબ પ્રભાવિત થયા.

ભક્તો ! દીન-દુખીઓનાં દુ:ખો દૂર કરવામાં સમગ્ર સંપત્તિનું દાન કરનાર ભારતેન્દુ હરિશ્ચંદ્રને આજે પણ તે પ્રદેશમાં લોકો ખૂબ યાદ કરે છે. કંજુસ ધનવાનોએ આ પ્રસંગ જીવનમાં ઉતારવા જેવો છે.



“ ફ્લોરેન્સ નાઈટિંગલ ”

ભક્તો ! પ્રથમ વિશ્વયુદ્ધ ઈ.૧૯૧૪ થી ઈ.૧૯૧૮ ચાર વર્ષ સુધી ચાલ્યું હતું. તેમાં કુલ ૮૫ લાખ સૈનિકો શહીદ થયા હતા.! અર્થાત્ મૃત્યુ પામ્યા હતાં અને બે કરોડ સૈનિકો ઘાયલ થયા હતા ! તે સિવાય ૯૦ લાખ નાગરીકોનાં મોત થયાં હતાં ! અને કુલ ૧૮૬ અબજ ડોલરનું નુકશાન થયું હતું ! (એક ડોલરનો હાલ ઈ.૨૦૦૪ નો ભાવ ૪૫ થી ૪૭ રૂપિયા છે. કરો સરવાળો કે કેટલું નુકશાન થયું હશે !)

તે પ્રથમ વિશ્વયુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોની સેવામાં પોતાના તન, મન અને ધનથી સેવા કરનાર ‘ફ્લોરેન્સ નાઈટિંગલ’ નામનાં સ્ત્રી હતાં. બીમાર પડેલા અને ઘાયલ થયેલા સૈનિકોની જાતે માવજત કરી ૨૪ કલાક હાજરી આપી તેઓને મોતના મુખમાંથી ઉગારી લીધા હતા. તેથી તેઓને યુરોપના લોકોએ ‘ દયાની દેવી ’ નું બિરુદ આપ્યું હતું. તેનામાં બચપણથી જ દયાનાં અંકુરો ફૂટેલ હતાં. તેમના બચપણનો એક પ્રસંગ જોઈએ.

એકવાર તે નાની ફ્લોરેન્સ એક પાદરી (સંત) સાથે જતી હતી. ત્યારે એક ભરવાડ હવાડા પાસે મળ્યો. તેને પાદરીએ પૂછ્યું: “ રોજર ! તારો કેપ નામનો કૂતરો કેમ દેખાતો નથી ?” ત્યારે રોજર ભરવાડે કહ્યું : “ તેને છોકરાંઓએ પથરા મારીને ઘાયલ કરી દીધો છે. ઘા પાક્યા છે તેથી ખૂબ પીડાય છે. તેનું દુ:ખ મારાથી જોવાતું નથી એટલે હું દોરડું ગળે ભીંસીને તેને મારી નાખવાનો વિચાર કરૂં છું,

એટલે તેને પીડામાંથી છૂટકારો મળે.”

ત્યાં તો પાદરી સાથે આવેલ નાનકડી ફ્લોરેન્સ બોલી ઊઠી : “ ના...ના, મારશો નહિ; મને તમારે ઘેર લઈ જાવ. હું કૂતરાને સારો કરીશ.” પછી રોજ૨ ભરવાડ આ બાળાને પોતાને ઘેર લઈ ગયો. ફ્લોરેન્સે કૂતરા પાસે જઈને ઘા જોયા, તુરંત તે સેવામાં લાગી ગઈ. ગરમ પાણીનાં પોતાથી આખો દિવસ શેક કર્યો, તેથી જીવાતો મરી ગઈ અને પગનો સોજો ઉતરી ગયો. થોડા દિવસમાં તો કૂતરો પહેલાંની જેમ ચાલતો થઈ ગયો. !

કૂતરાની નાનકડી સેવાને કારણે ફ્લોરેન્સ નાઈટિંગલના જીવનમાં એકદમ નવો વળાંક આવ્યો. તેણે ત્યાં જ મનોમન સંકલ્પ કર્યો : “મારું સમગ્ર જીવન હવે હું ઘવાયેલા, રોગીષ્ટ અને વૃદ્ધોની સેવા કરવામાં જ વીતાવીશ.” પછી તો કોઈપણ પશુઓ કે મનુષ્યોને બીમાર જૂવે એટલે તુરંત ત્યાં પહોંચીને સેવામાં લાગી જાય. આ રીતે તેમણે પોતાની આખી જિંદગી સેવામાં સમર્પણ કરી ‘ દયાની દેવી’ તરીકે પ્રખ્યાત બની પોતાનું નામ અમર કરી જીવનનું ભાતું ભરી પ્રભુની પ્રસન્નતા મેળવી લીધી.

“ બાપ-દીકરાની ઉદારતા ”

ભક્તો ! પંદરમી સદીના અંતકાળની આ વાત છે. તે સમયે ગુજરાતમાં સુલતાન મહંમદ બેગડાનું શાસન હતું. જૂનાગઢના રાજા રા માંડલિકને અને પાવાગઢના રાજા જયસિંહદેવ (પતઈ રાવળ) ને હરાવી બન્નેના રાજ્ય લઈ મહંમદ બેગડો પૂરા ગુજરાત રાજ્ય પર શાસન કરતો હતો. તે

સમયમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો, તેથી ચાંપાનેરના વણીકો અનાજ અને ઘાસ ઉઘરાવવા માટે ગામડે ગામડે ફરતા હતા.

ફરતા ફરતા ભાલ પ્રદેશના હડાળા ગામમાં આવ્યા. તે ગામમાં દયાવાન અને દાતા જીવા દેદરાણી અને તેમના પુત્ર ખીમો દેદરાણી રહેતા હતા. બાપ-દીકરો વણીક હોવા છતાં ખૂબ ઉદાર હતા. લોકમાં કહેવત છે કે,' વાણિયા લોભી બહુ હોય.' પરંતુ તે વાત દરેક વણીકોને લાગુ પડતી નથી, કારણ કે, ભારતમાં અસંખ્ય કેટલ કેમ્પો, પાંજરાપોળો, હોસ્પિટલો વગરે જીવદયાનાં કાર્યો વણીકો દ્વારા ચાલે છે.

ખીમા દેદરાણીને ખ્યાલ આવ્યો કે, ' દુષ્કાળને કારણે વણીકો ગામડે ગામડે ફરી પરોપકારનું કાર્ય કરી રહ્યા છે, તેથી તેઓને પોતાના ઘેર લાવીને જમાડ્યા. પછી ખીમાભાઈએ પોતાના પિતાને કહ્યું : " બાપુ ! દુષ્કાળને કારણે પશુઓ તરફડીને મરવા લાગ્યાં છે. લોકો પણ અનાજ વિના ટળવળે છે. ગરીબ લોકો ભૂખની પીડાથી રીબાઈ રીબાઈને મરવા લાગ્યા છે. તેઓનું દુ:ખ જોઈને આ મહાજન લોકો તેમને મોતના મુખમાંથી ઉગારવા માટે ગામડે ગામડે ફરતા ફરતા અહીં આવ્યા છે, તો તેઓને કેટલું ઘાસ અને અનાજ આપીશુ ?"

ખીમાભાઈની વાત સાંભળી જીવાદાદા બોલ્યા : " દીકરા! લક્ષ્મીજીને જો સારા કામમાં ન વાપરીએ તો બૂરાં કામ કરાવે. આજે આપણી સાત પેઢી તરી જાય એવો ઝળો અવસર આવ્યો છે. માણસને કે પશુને દરેક જીવ પ્રાણીમાત્રને જીવાડવાનું બહુ પુણ્ય લખ્યું છે, માટે આપણા બધા જ અનાજના કોઠારો

ખાલી કરીને આપી દો.! ”

વૃદ્ધ દાદાની આવી સમજણ અને ભાવના જોઈ ચાંપાનેરના વણીકો તો આશ્ચર્ય પામી ગયા ! ‘ અરે ! બધા જ કોઠારો ખાલી કરવાનું કહે છે ! ’ તુરંત બળદ-ગાડાંઓની લાઈન લાગી ગઈ. એક પછી એક કોઠાર ખાલી કરતા ગયા અને અનાજ દાનમાં અપાતું ગયું. જ્યારે આ વાતની મહંમદ બેગડાને ખબર પડી ત્યારે બન્ને બાપ-દીકરાને ચાંપાનેર તેડાવ્યા અને જાહેરમાં પ્રશંસા કરી સન્માન કર્યું; તેમજ ‘ શાહ ’ શબ્દનો શિરપાવ આપી જીવા શાહ અને ખીમા શાહ બનાવી દીધા.

“ પહેરેલી સાડી વેચીને જમાડ્યાં ”

ભક્તો ! ૧૧ મી સદીમાં ડાંગરન ગઢના રાજા પીપાજી હતા. સમય જતાં તેઓને વૈરાગ્ય થતાં રાજ્ય પુત્રને સોંપી સાદા વેષમાં પત્ની સીતાદેવી સાથે તીર્થોમાં દર્શન કરવા અને સત્સંગ કરવા પહેરેલ વસ્ત્રે જ ચાલી નીકળ્યાં. પોતે રાજા હતા એવું કોઈને કહેતા નહિ.

દરેક તીર્થોમાં દર્શન કરતા કરતા દ્વારિકાનાથનાં દર્શન કરવા દ્વારિકા તરફ આવ્યાં. રસ્તામાં એક ગામ આવ્યું. જમવાનો સમય થયો હોવાથી પીપા ભગતે પૂછ્યું : “ અહીં કોઈ સદાવ્રત આપે છે? ” ત્યારે એક કુસંગીએ મશ્કરીના રૂપમાં કહ્યું : “ઢાંગર ભગતના ઘેર અખંડ સદાવ્રત ચાલે છે, ત્યાં જાઓ.” પછી તે ઘર બતાવીને જતો રહ્યો.

ઢાંગર ભગત ગરીબ હતા. બન્ને પતિ-પત્ની બહુ ધાર્મિક

હતાં. કોઈ પોતાને ઘેર ભૂખ્યો માણસ આવે તેમને જમાડ્યા સિવાય જવા દેતા નહિ. પીપા ભગત અને સીતાદેવીને જોઈને રાજી રાજી થઈ ગયા. પાણી પાઈ ખાટલે બેસાડ્યાં. પછી ઘરમાં જઈને પત્નીને વાત કરી કે, "ભૂખ્યાં પતિ-પત્ની આવ્યાં છે, તેઓને જમાડવાનું શું કરશું ? " પત્નીએ કહ્યું : 'લોટ તો છે નહિ અને ગામમાં આપણને કોઈ ઉધાર આપતું નથી; માટે મારી પહેરેલ સાડી છે, તેને વેચી આવો ને તેમાંથી લોટ લાવો એટલે રોટલા કરી આપું." પછી ઢાંગર ભગત સાડી લઈ વાણીકને ત્યાં ગયા અને વેચીને લોટ લઈને આવ્યા. પછી રસોઈ કરીને પીપા ભગત અને સીતાદેવીને જમવા બોલાવ્યાં.

બન્ને જમવા બેઠાં અને કહ્યું: " તમારાં પત્નીને પણ બોલાવો, આપણે સર્વે ભેગા બેસીને જમીએ." એવું સાંભળી ઢાંગર ભગતે કહ્યું : " તે પછી જમી લેશે; પહેલાં તમે બન્ને જમી લો." પરંતુ પીપા ભગત જમ્યા નહિ અને બોલાવ્યાનો આગ્રહ કર્યો ત્યારે ઢાંગર ભગતે કહ્યું : " તેઓ તો અત્યારે કોઠીની અંદર છે ! તેમની પાસે પહેરવાં વસ્ત્ર નથી એટલે તે નહિ આવી શકે."

ભગતનું આવું કહેવું સાંભળી તુરંત પીપા ભગત અને તેઓનાં પત્ની ઊભાં થયાં અને બોલ્યાં : " હમણાં જ આવીએ છીએ, તમે અહીં જ રહેજો." એમ કહીને બંને એક મંદિર આગળ જઈને ઢોલક ગળામાં પહેરી પીપા ભગત ભજન ગાવા લાગ્યાં અને તેમનાં રાણી સીતાદેવી પગમાં ઝાંઝર બાંધી નૃત્ય કરવા લાગ્યાં. તેથી લોકોએ પૈસા આપ્યા. તેની

સાડી લઈ ઢાંગર ભગતને આપી. તે કોઠીમાં નાખી, એટલે પેલાં માજી સાડી પહેરીને બહાર આવ્યાં. પછી સાથે બેસીને જમ્યાં.

" પીપા વાવનો ઈતિહાસ "

ઢાંગર ભગતને ઘેર જમીને પીપા ભગતે ચાલવાની તૈયારી કરી. આવું જોઈને ઢાંગર ભગત અને તેઓનાં ધર્મપત્ની કહેવા લાગ્યાં : "બેટ દ્વારિકા તમે જાઓ છો તો અમારે પણ આવવાની ઈચ્છા છે." હરખતે હૈયે રાજાયે હા કહી એટલે ચારે વ્યક્તિ ચાલવા લાગ્યાં.

ચાલતા ચાલતા રસ્તામાં એક વનવગડો આવ્યો. ખૂબ તરસ લાગી. તપાસ કરતાં કોઈ જગ્યાએ પાણી ન મળ્યું. પીપા ભગતે વિચાર કર્યો : " અરે ! અહીંથી હજારો યાત્રાળુઓ દ્વારિકા જાય છે. દરેકની દશા મારા જેવી થતી હશે. દરેકને પાણીની મુશ્કેલી પડતી હશે, માટે અહીં વાવ ગાળું એટલે પાણી આવતાં દરેક યાત્રિકોને પીવા મળે અને રણછોડરાયનો રાજીપો મળે."

આવો વિચાર કરી સાથે આવેલ ત્રણેને વાત કરી. પછી તો પ્રભુનું સ્મરણ કરતા કરતા દૂરના ગામથી વાવ ગાળવાનાં સાધનો લઈ આવ્યાં ને ચારે જણ વાવ ગાળવા લાગ્યાં ! એક સમયનો કાંગરન ગઢનો રાજવી પીપો સમ્રાટ ને રાણી સીતાદેવી જાતે વાવ ખોદવા લાગ્યા ! સમય જતાં તેમાં મીઠું પાણી આવ્યું ! તેના કારણે દ્વારિકાની યાત્રાએ જતા યાત્રાળુઓને

પાણીનું સુખ થયું. પીપા ભગતે વાવ ખોદાવી તેના કારણે તે વાવનું નામ ' પીપાવાવ ' પડ્યું છે.

આજે એ પીપા વાવ સૌરાષ્ટ્રના સમુદ્ર કિનારે સાક્ષી પૂરતી હયાત છે. તેની બાજુમાં રણછોડરાયનું મંદિર છે. ભગવાન સ્વામિનારાયણ વન વિચરણ વખતે સંવત્ ૧૮૫૫ માં પીપાવાવે પધાર્યા હતા અને તે સ્થળે સદાવ્રત લઈને જમ્યા હતા. આજે પણ અનેક યાત્રાળુઓ ત્યાં દર્શને આવે છે. ગુજરાત સરકાર પણ પીપાવાવને બંદર તરીકે વીકસાવવાનું વિચારે છે.

" પ્રજા પ્રેમી સુલતાન "

પાર વિનાનાં પકવાનો સામે મૂકેલાં હતાં. તેની સામે ગ્રીસ દેશના સમ્રાટ હજરત યુસુફ જોઈ રહ્યા અને બોલ્યા : " મારી ગરીબ પ્રજાને જવની રોટલીના સૂકા ટુકડા પણ પૂરા મળતા નથી અને મારે દરરોજ પકવાનો જમવાનાં ?"

એકવાર વેષપલટો કરીને પ્રજાનું જીવન જોઈને આવ્યા પછી તેઓને જમવાનું ભાવતું ન હતું. તેઓ પણ જવના રોટલા ખાવા લાગ્યા હતા તેથી શરીર પાતળું પડવા લાગ્યું. મંત્રીઓ તેઓને સમજાવવા લાગ્યા અને વૈદ્યો કહેવા લાગ્યા: "પૌષ્ટિક ખોરાક લેવાનો શરૂકરો, નહિતર શરીર ગળતું જશે."

ત્યારે દયાની મૂર્તિસમ બાદશાહે કહ્યું : " મારી ગરીબ પ્રજાને પુરું ખાવા પણ મળતું નથી અને હું પકવાનો ખાઉં તો કયામતને દિવસે ખુદાતાલાને શું જવાબ આપું ? હું મારી પ્રજા

જમશે એ જ જમીશ. મને તમારે સારું સારું ખવડાવવું હોય તો મારી પ્રજાને સમૃદ્ધ બનાવો. નવા નવા ઉદ્યોગો ખોલો, પછી કમાઈને તેઓ સારું ખાવાનું શરૂ કરશે એટલે હું પણ સારું સારું ખાવાનું શરૂ કરી દઈશ."

સમ્રાટની આજ્ઞાથી તુરંત રાજ્યના ખજાનામાંથી ધન લઈને નવા ઉદ્યોગો શરૂ કર્યા તેથી પ્રજા સુખી થઈ તેથી રાજા પણ સારાં ભોજન જમવા લાગ્યા. નેતાઓએ આ પ્રસંગમાંથી બોધપાઠ લેવો જોઈએ.

" ઝંડુ ભટ્ટ "

જામનગરના રાજા જામ સાહેબના રાજ વૈદ્ય ઝંડુ ભટ્ટજી ખૂબ દયાળુ સ્વભાવના હતા. ગરીબ લોકોને મફત દવા આપતા અને પોતે પણ સેવા કરતા હતા. તેમના દવાખાને દરરોજ કોઈને કોઈ દીન-દુ:ખી દર્દી હોય જ.

એક સમયે એક વિધવા બાઈ એક બાળકને લઈને ઝંડુ ભટ્ટ પાસે આવી અને પોતાના દીકરાને બતાવ્યો. ભટ્ટજીએ તપાસીને કહ્યું: " બેન ! તારા દીકરાને પરમીયા જેવો હઠીલો રોગ છે, તેથી સારું થતાં વાર લાગશે." પેલી વિધવા કહે : " વૈદ્યજી ! હું ગરીબ છું. મારે આ એક જ દીકરો છે. મારી પાસે પૈસા નથી. હું મોંઘી દવાઓ કેવી રીતે લાવી શકીશ ? "

આ રીતે કહીને રડવા લાગી. તેથી ભટ્ટજીનું કોમળ હૃદય પણ રડી પડ્યું. તેઓ તુરંત બોલ્યા : " બાળકને સારું થાય ત્યાં સુધી તમે બન્ને મારે ઘેર રહો." પછી બન્ને રોકાયાં એટલે

દરરોજ પોતાના ઘેરથી જમવાનું આપે, દવાઓના પૈસા આપે અને પ્રેમથી પોતે સારવાર કરે. આ રીતે કરવાથી સારું થઈ ગયું. પછી તે છોકરો મોટો થયો ત્યારે વિદેશમાં જતો રહ્યો. આ વાતને ૨૫ વર્ષ વીતી ગયા.

એક દિવસ ચાર ઘોડા જોડેલ બગી ભક્તજીના દવાખાના આગળ આવીને ઊભી રહી. તેમાંથી ગની શેઠ નીચે ઉતર્યા અને દવાખાનામાં જઈ ભક્તજીના ચરણો સ્પર્શ કરી નમસ્કાર કરી ઊભા રહ્યા. તે સમયે પણ ભક્તજી એક ગરીબ દર્દીને તપાસતા હતા અને પોતાને કોઈ શાહુકાર માણસ પગે લાગે છે એવું જોઈને આશ્ચર્ય થયું. તેથી પૂછ્યું : " પધારો મોટા શેઠ! આપની શી સેવા કરું ? હું આપને ઓળખી ન શક્યો."

ત્યારે ગની શેઠ નિર્માની થઈને બોલ્યા : "ભક્ત દાદા ! હું અબ્દુલ્લો, ૨૫ વર્ષ પહેલાં તમોએ તમારે ઘેર મફત રાખીને મફત સેવા કરી હતી તે. ભક્તજી ! આજે હું તમારા ઋણમાંથી મુક્ત થવા આવ્યો છું, મારી વિનંતી માનીને મને મુક્ત થવાનો અવસર આપો."

આ રીતે બોલીને પોતાના મુનિમજીને સંકેત કર્યો. તુરંત મુનિમે એક લાખ રૂપિયાની થેલી ગની શેઠના હાથમાં આપી. ગની શેઠે તે થેલી ભક્તજી આગળ મૂકીને કહ્યું : દાદા ! તમારી સેવાના કારણે હું સાજો થઈને આફ્રિકામાં કમાવવા માટે ગયો હતો. ત્યાં મારા તકદીરે મને સાથ આપ્યો અને હું કરોડપતિ બનીને આવ્યો છું, માટે આ રૂપિયાની થેલી ગ્રહણ કરો."

આટલું કહી પ્રણામ કરી અબ્દુલ ગની શેઠ બગીમાં

બેસી પોતાના નિવાસ સ્થાને ગયા. ઝંડુ ભટ્ટજીએ આજીવન ગરીબોની મફત દવા અને સેવા કરી તેઓની દુવા અને પ્રભુનો રાજીપો મેળવ્યો હતો.

" કિસન શેઠ "

કિસન શેઠ ઉત્તર પ્રદેશના કાનપુર શહેરના વતની હતા. દીન-દુ:ખિયા લોકો માટે તેમનાં દ્વાર ૨૪ કલાક ખૂલ્લાં રહેતાં હતાં. એકવાર ગંગા નદીમાં પ્રલયકારી પૂર આવ્યું હતું , તેથી ગામડાંઓમાં પાણી ભરાઈ ગયાં હતાં. આ વાતની કિસન શેઠને જાણ થતાં જ પોતે જ લોકોની મદદ કરવા માટે પહોંચી ગયા. પોતે ખૂબ ધનવાન હતા તેથી કોઈ પાસે ફાળો ઉઘરાવતા નહિ. પોતાના જ ધનથી અન્ન-વસ્ત્રાદિક જીવન જરૂરીયાતની ચીજ-વસ્તુઓ મંગાવતા અને લોકોને આપી તેઓનો રાજીપો મેળવતા હતા.

આ હોનારતમાં તેઓ પોતે જ સ્વયંસેવકો સાથે લોકોને સલામત સ્થળે લઈ જવામાં ઓતપ્રોત બની ગયા હતા, ત્યાં કાનપુરથી એક ગાડી આવી. અંદરથી માણસે ઊતરીને શેઠને એક બાજુ બોલાવીને કહ્યું : " શેઠજી ! ગજબ થઈ ગયો છે! આપના પુત્રનું અકસ્માતમાં મૃત્યું થયું છે ! માટે જલ્દી ઘેર ચાલો, આપને લેવા માટે હું આવ્યો છું."

આવા સમાચાર સાંભળીને પણ કિસન શેઠના ચહેરા ઉપર ભાવ ન બદલાયા ! તેઓએ ગીતાજીમાં કહેલ સ્થિતપ્રજ્ઞ અવસ્થા પ્રાપ્ત કરી લીધી હોય એ રીતે સ્વસ્થચિત્તે કહ્યું : " જુઓને ભાઈ! આજે મારો પુત્ર મૃત્યુ પામ્યો છે એ કાંઈ હવે

મારા આવવાથી પાછો આવવાનો નથી, માટે તમે તેનો અંતિમ સંસ્કાર કરી લેજો. હું આ રાહતકાર્ય છોડીને નહિ આવી શકું.”

શેઠનો આવો જવાબ સાંભળી પેલો માણસ તો આભો જ બની ગયો અને બોલ્યો : “ શેઠ ! આપનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો છે અને આપ આવવાની ના કહો છો ? કાંઈ લોકલાજનો તો વિચાર કરો; સમાજ શું કહેશે ?” ત્યારે કિસન શેઠે સરસ જવાબ આપ્યો : “ભઈલા ! ત્યાં મારો એક પુત્ર ગુજરી ગયો છે, પરંતુ અહીં લોકોને બચાવવામાં વિલંબ જો થશે તો મારા હજારો પુત્રો નદીમાં ડૂબી મરશે.” આટલું કહીને સેવામાં જોડાઈ ગયા !

હોનારતમાં તન,મન અને ધનથી ખૂબ મદદ કરી તેથી ઘણા લોકો મૃત્યુના મુખમાંથી બચી ગયાં. અમુક વર્ષો ગયા પછી તેઓનાં ધર્મપત્ની પણ પરલોક નિવાસી થયાં, તેથી શેઠ એકલા જ રહ્યા. પછી તો શેઠે પોતાની આલીશાન હવેલી ધાર્મિક સંસ્થાને પરોપકાર માટે આપી દીધી.

પછી તો પોતાની પાસે લાખો રૂપિયાની મિલકત હતી તે પણ જુદી જુદી સંસ્થાઓમાં આપી દીધી. આજીવિકા માટે થોડા રૂપિયા રાખી બાકીનું જીવન લોકોની સેવામાં પૂરું કરી લોકોના હૃદયમાં સ્થાન મૂક્તા ગયા. આજે પણ ઉત્તર પ્રદેશમાં તેઓનું નામ લોકસેવક તરીકે પ્રખ્યાત છે. પુત્ર અને પત્ની વિનાના ધનવાન લોકોએ આ કિસન શેઠનો પ્રસંગ જીવનમાં સાંગોપાંગ ઉતારવા જેવો છે.



“ વિલ્ફ્રેડ ટોમ્સન ગ્રેનફેલ

૨૦મી સદીની શરૂઆતમાં ઈંગ્લેન્ડ દેશના લંડન શહેરમાં સંવેદનશીલ હૃદયવાળા ડો. વિલ્ફ્રેડ ટોમ્સન ગ્રેનફેલ થઈ ગયા. તેઓનું દવાખાનું લંડનના એક ધનવાનોના મહોલ્લામાં હતું. આખો દિવસ દવાખાને દર્દીઓની લાઈન લાગતી હતી. તેમાં વિશેષ કરી ગરીબો આવતા હતા. કારણ કે, તે દયાળુ ડોક્ટર ગરીબ દર્દીઓની ફી લેતા ન હતા. અને દવા પણ મફત આપતા હતા. તેના કારણે પરોપકારી આ ડોક્ટરની ખ્યાતી સમય જતાં આખા લંડનમાં ફેલાઈ ગઈ હતી.

તેઓના દવાખાનાનો સમય કોઈ નક્કી ન હતો; જ્યારે દર્દીઓ આવતા બંધ થઈ જાય પછી જ દવાખાનું બંધ કરતા હતા. કાયમ આ રીતે કરતા હતા તેના કારણે પૂરો આરામ પણ લઈ શક્તા નહિ, તેથી બીમાર થઈ ગયા. જલ્દી સારું થઈ જાય એ માટે હવાફેર કરવા તેઓ આઈસલેન્ડ ગયા.

ત્યાં મચ્છીમારોની વિશેષ વસ્તી હતી. દેશના નામ પ્રમાણે જ ત્યાં નવ મહિના સુધી તો સ્નો(બરફ) પડતો હતો. ત્યાં ૩૦ હજારની વસ્તી હતી, પણ કોઈ દવાખાનું ન હતું, તેના કારણે લોકો બીમાર પડતા ત્યારે સારવારના અભાવે ખૂબ પીડાતા હતા.

લોકોને આ રીતે પીડાતા જોઈને ડો. વિલ્ફ્રેડનું હૃદય પીગળી ગયું. પોતે પોતાના માટે દવા લાવ્યા હતા તે પણ

બીજાઓને આપવાથી પૂરી થઈ ગઈ હતી, તેથી લંડન આવવા તૈયાર થયા. લોકોને ખ્યાલ આવતાં તેઓ આવીને કહેવા લાગ્યા: " સર ! આપ જતા રહેશો તો અમારી સારવાર કોણ કરશે ? માટે અહીં રોકાઈ જાવ."

ગરીબ અને બીમાર લોકોની વાત સાંભળી પોતે મનોમન નક્કી કર્યું : "અહીં રહી ગરીબોની સેવા કરી જીવન પૂરું કરવું." પછી લોકોને કહ્યું : " હું દવા વિના તમારી સારવાર નહિ કરી શકું, એટલે દવા લેવા લંડન જાઉં છું. દવા લઈને તુરંત પાછો આવી જઈશ."

આ રીતે આશ્વાસન આપી લંડન આવ્યા. પોતાની પાસે બચત કરેલ જેટલા પાઉન્ડ હતા તે બધાની દવાઓ લઈ લીધી અને ફરી આઈસલેન્ડ આવી ગયા. લોકો તેમને જોઈને રાજી રાજી થઈ ગયા. એક વર્ષ દર્દીઓની મફત સેવા કરી એટલે સાથે લાવેલ બધી જ દવા ખૂટી ગઈ. હવે પોતાની પાસે પાઉન્ડ (રૂપિયા) ન હતા તેથી ફરી લંડન આવીને દાન માટે ઝોળી ફેરવવા લાગ્યા.

લોકોએ ખૂબ દાન આપ્યું. તેમાંથી ઘણી દવાઓ અને ડોક્ટર તેમજ નર્સોને પણ સાથે લાવ્યા અને આઈસલેન્ડમાં અનેક દવાખાનાંઓ ખોલ્યાં તેમજ હોસ્પિટલ પણ શરૂ કરી. આ રીતે તે દેશમાં જ પોતાનું જીવન ગરીબ દર્દીઓની સેવામાં વીતાવી લોક હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી મનુષ્ય જન્મ સાર્થક કરી લીધો.



“ સાચી ઈબાદત ”

રાત્રીની નિરવ શાંતિ હતી. મૌલવી ખુદાની ઈબાદત (પ્રાર્થના) કરી રહ્યા હતા. બંદગીમાં તેઓ તલ્લીન બની ગયા હતા. એમનાથી થોડે દુર બેસીને એમનો એક મુરશિદ (શિષ્ય) કુરાનની આયાતો (શ્લોકો-અધ્યાયો) પઢી રહ્યો હતો.

તે સમયે એક કૂતરાના કણસવાનો અવાજ સંભળાયો. કૂતરાના અવાજમાં રહેલી વેદના મૌલવીના હૈયાને સ્પર્શી ગઈ. તેમનું સંવેદનશીલ હૃદય સહન ન કરી શક્યું એટલે તુરંત બંદગી અધૂરી મૂકી તેઓ બહાર આવ્યા. કૂતરા પાસે જઈને જોયું તો તેના શરીરમાંથી લોહી નીકળતું હતું. બીજા કૂતરાઓએ તેને નખોરિયા મારીને અને બચકાં ભરીને ઘાયલ કરી દીધો હતો, તેથી તે પીડાતો હતો.

કૂતરાની પીડા જોઈને તુરંત મૌલવીએ પોતાના શિષ્યને કહ્યું: “ તું કુરાનને પછી વાંચજે, પહેલા આ ઘાયલ કૂતરાને દવા લગાવી દે એટલે તેને પીડા ઓછી થાય.” ત્યારે જડ પ્રકૃત્તિનો શિષ્ય બોલ્યો: “મારે થોડી આયાતો વાંચવાની બાકી છે, તેથી પછી દવા લગાવી દઈશ.” આ રીતે જવાબ આપી તે કુરાનની આયાતો પઢવા લાગ્યો. તે અવિવેકીએ એટલો પણ વિચાર ન કર્યો કે, હું આયાતો પૂરી કરીશ ત્યાં સુધીમાં તો કૂતરાના શરીરમાંથી કેટલું બધું લોહી વહી જશે અને કેટલી બધી પીડા વધી જશે.

પોતાના શિષ્યનું આવું વર્તન સાંભળી પેલા વૃદ્ધ મૌલવી

બોલ્યા : "મુરશિદ ! ખુદાની હરહંમેશ બંદગી કરનારા એના બંદાઓ (ભક્તો) ખુદાના જ પ્યારા જીવોની સેવા કરવામાં વિલંબ કરે એ ખુદાને ગમતું નથી." આવું સાંભળી તુરંત શિષ્યે માફી માગી અને કબાટમાંથી દવાની બેગ કાઢી કૂતરા પાસે જઈ વાગેલ ઘા ઉપર દવા લગાવી પાટા બાંધી તે અબોલ પ્રાણીના અબોલ આશીર્વાદ મેળવી ફરીને કુરાન વાંચવા બેઠો ત્યારે હૃદયમાં દિવ્ય આનંદની અનુભૂતિ થવા લાગી !

આજે મંદિરોમાં અને આશ્રમોમાં ક્યારેક કૂતરાઓ આવી જતા હોય છે, ત્યારે તેઓને બહાર કાઢવા માટે ભગવાં વસ્ત્ર પહેરેલાં ત્યાગીઓ પણ છૂટી લાકડીઓ અને પથરાઓ મારીને અબોલ પ્રાણીઓના પગ ભાંગી નાખે છે, એવા લોકોએ આ પ્રસંગ વાંચવા જેવો છે. કદાચ આપણને કૂતરાની સેવા કરવાનું પસંદ ન પડે તો ન કરવી, પણ બિચારા નિર્દોષ પશુને નિર્દયપણે મારીને શેતાનિયત તો ન બતાવીએ ? પીપા ભગતે સાખીમાં લખ્યું છે એ પ્રમાણે કરીએ તો પણ ઘણું કર્યું કહેવાશે. તેઓએ લખ્યું છે કે –

" पीपा पाप न कीजिअे, तो पुण्य कीया सो बार ! "

" ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝર "

જર્મન કવિ ગેટેના સૌંદર્યપ્રેમ અને ગાંધીજીના સત્યપ્રેમથી રંગાઈને ચિંતન, કલા અને સેવાની સૌરભ વડે ફોરતા પોતાના જીવનકાર્યથી લેમ્બરેનના સંત તરીકે અને આફ્રિકાના ગાંધી નામે જાણીતા થયેલા ડો. આલ્બર્ટ



સ્વાઈત્ઝરના ત્યાગ અને બલિદાને જગતના લાખો લોકોને પ્રેરણા અને માર્ગદર્શન આપ્યાં છે.

ડો.આલ્બર્ટનો જન્મ ઈ.સ.૧૮૭૫ માં જર્મનીમાં કૈસરબર્ગ હોટે અલ્સાસમાં એક ખેડૂતને ત્યાં થયો હતો. બીજા મત પ્રમાણે તેઓના પિતા ઉદ્યોગપતિ હતા અને ત્રીજા મત પ્રમાણે તેઓના પિતા ધર્મોપદેશક હતા. તેઓ બાળપણથી જ લાગણીશીલ, દયાવાન અને અહિંસાવાદી હતા.

એકવાર માછલી પકડવાના કાંટામાં ભરાયેલી માછલીને તરફડતી જોઈને કદી પણ કોઈને ન દુભવવાનો નિયમ લઈ લીધો હતો. તેઓએ માત્ર ૨૪ વર્ષની ઉંમરે જ ચાર વિષયો ઉપર ડોક્ટરેટની ડીગ્રી મેળવી લીધી હતી ! પેરીસમાં સંગીતનો અભ્યાસ કરી વાદક અને ગાયક પણ બન્યા હતા. ફિલસુફીનો અભ્યાસ જર્મનીના બર્લિન શહેરમાં કર્યો હતો અને સ્ટ્રાસબર્ગ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે રહ્યા હતા.

ડો.આલ્બર્ટ ખૂબ દયાળુ હતા. નાનપણથી જ તેઓ સાદાં કપડાં પહેરતા હતા. તેમના પિતા ઉદ્યોગપતિ હતા, છતાં આલ્બર્ટ સાદાઈથી જ રહેતા હતા. જે રીતે બિહાર અને ઓરીસ્સા રાજ્યોમાં ગાંધીજીએ પાંદડાં વીંટીને રહેતી સ્ત્રીઓને જોઈ. ત્યારે તેમણે કાર્યકરને પૂછ્યું : " આ બહેનોએ પોતાના શરીરે પાંદડાં કેમ વીંટ્યાં છે ? ત્યારે કાર્યકરે જવાબ આપ્યો : " બાપુ, એમની પાસે એક જોડ કપડાં પણ નથી કે જેનાથી પોતાનું શરીર ઢાંકી શકે, આટલી બધી ગરીબાઈ તે સ્ત્રીઓને છે, માટે જ તેમણે પાનથી પોતાનું શરીર ઢાક્યું છે."

આવો જવાબ સાંભળી ગાંધીજીએ ત્યાં જ પ્રતિજ્ઞા લીધી અને બોલ્યા : " મારા દેશની પ્રજાને બે કપડાં પણ પહેરવા મળતાં નથી, તો હું કેવી રીતે સારાં કપડાં પહેરી શકું ? " બસ ત્યારથી તેઓએ પોતડી પહેરવાનું શરૂ કર્યું હતું – એ જ રીતે બાળક આલ્બર્ટને તેમનાં માતા-પિતા નવાં કપડાં પહેરવાનું કહેતા ત્યારે તેઓ જવાબ આપતાં : " મારી સ્કૂલમાં ગરીબોનાં બાળકો નવાં કપડાં નથી પહેરી શકતાં, તો હું કેવી રીતે પહેરી શકું ? "

આલ્બર્ટ નાનપણથી કુસ્તીના શોખીન હતા. ભારતના કુસ્તી સમ્રાટ દારાસીંગની જેમ તેઓ પણ પોતાના પ્રતિસ્પર્ધીને કુસ્તીમાં કયારેય જીતવા દેતા ન હતા. એક દિવસ તેમને વિચાર આવ્યો : "હું દ્વન્દ્વ યુદ્ધમાં કોઈને જીતવા દેતો નથી, પણ તેથી શું ? શક્તિ તો નબળાઓની, ગરીબોની અને દુ:ખીયાઓની સેવા માટે ભગવાને આપી છે. સેવાના ધ્યેય વિનાની શક્તિ તો આસુરી કહેવાય, તે ઘૃણાને પાત્ર છે. મારે પણ મારી શક્તિ વડે રોગમાં રીબાતા દર્દીઓનાં દુ:ખો દૂર કરી તેઓનાં મુખ હસતાં કરવાં જોઈએ, તો જ હું ખરો શક્તિવાન કહેવાઉં."

આવો વિચાર કરી પરોપકારના શ્રી ગણેશ શરૂ કરી દીધા. તેઓએ સુખેથી રહેતા ધનવાનો દુ:ખોથી પીડાતા ગરીબો અને રોગીઓ વચ્ચે જમીન-આસમાન જેટલી ઊંડી ખાઈ પડેલી જોઈ. એક બાજુ ધનિક મહિલાઓનાં કપડાંઓના ઢગલાઓ જોયા ! અને તેઓને દિવસમાં બે-ચાર વાર કપડાં બદલતી જોઈ. બીજી બાજુ અંગ ઢાંકવા અને પોતાની લાજ સાચવવા


ચીંથરાં વીંટીને કાયા સંકોરતી શીલવતી નારીઓ જોઈ.

આજે પણ દેશ-વિદેશમાં મેં ધનવાનોના ઘરમાં એટલાં બધાં કપડાં જોયાં છે કે, કોઈને કહ્યું હોય તો માન્યામાં પણ ન આવે કે, લોકો આટલાં બધાં કપડાં રાખે છે. એક વ્યક્તિ પાસે ૧૦૦ જોડ કપડાં હોય છે. અરે! અમુક હરિભક્તો તો ૧૫૦ જોડ કપડાં રાખે છે !

આવાં સ્ત્રી-પુરુષોએ વિચારવું જોઈએ કે, ગરીબોને પહેરવા પણ મળતું નથી અને અમો સો-દોઢસો જોડી કપડાં રાખીએ છીએ એ અમોને શોભે નહિ. અમારે તેમાંથી ગરીબ લોકોને દાન તરીકે આપવાં જોઈએ જેથી ભગવાન અમારાં પર રાજી થાય. ધનવાન લોકો આવું સમજે તો ગરીબ લોકો કપડાં વિનાના ન દેખાય.

આલ્બર્ટ પોતાને વાપરવા મળે એમાંથી બચત કરીને કપડાં વિનાનાં સ્ત્રી-પુરુષોને કપડાં લઈ આપતા. એકવાર તેમણે વિચાર કર્યો: " સેવાનો સાચો માર્ગ રોગીઓની સેવા કરવાનો છે, એટલા માટે મારે નિષ્ણાત તબીબ બનવું જોઈએ." પછી તેઓ ખૂબ ભણીને મોટા ડોક્ટર બન્યા. હોસ્પિટલ શરૂ કરી ગરીબ દર્દીઓની વિના મૂલ્યે સારવાર કરવા લાગ્યા. એની નિ:સ્વાર્થ સેવાને કારણે એમની કીર્તિ-પતાકા આખા યુરોપ ખંડમાં ફરકવા લાગ્યા.

એકવાર તેઓએ વિચાર કર્યો કે : "અહીં તો ઘણા ડોક્ટરો છે, પણ જ્યાં ડોક્ટરો જ નથી એવા પ્રદેશોમાં ગરીબ

દર્દીઓની શી સ્થિતિ હશે ? માટે એવા સ્થાનમાં જાઉં કે જ્યાં કોઈ ડોક્ટર જ ન હોય.”

એ સમયે આફ્રિકા ખંડ અંધારીયો ખંડ કહેવાતો હતો. ત્યાંની હબસી પ્રજા અભણ હતી. ધંધાઓ નહિ હોવાને કારણે લોકો ગરીબ હતા. જંગલ હોવાથી અનેક ઝેરી જીવજંતુઓને કારણે લોકો અનેક બીમારીઓથી પીડાતા હતા. રક્તપિત્તનો રોગ ખૂબ ફેલાયો હતો. ત્યાં કોઈ બીમારની સેવા કરનાર કે દવાઓ આપનાર હતું નહિ, તેથી ડો.આલ્બર્ટ ત્યાં જવા તૈયાર થયા.

જવાના સમયે તેમને મિત્રોએ અને સંબંધીઓએ ખૂબ સમજાવ્યા કે, “ત્યાં જંગલી લોકો તમોને હેરાન કરશે. તમો પણ રોગના ભોગ બનશો, માટે આફ્રિકા જવાનું મુલતવી રાખો.” પરંતુ કોઈની વાત ન માનીને તેઓ ગેબનના જંગલમાં રહેતા હબસીઓની વચ્ચે રહી તેઓની મફત સેવા કરીને સહુનાં દિલ જીતી લીધાં.

અમુક સમય પછી પાછા યુરોપમાં આવી આફ્રિકાના દીન-દુ:ખીયા લોકોની કરૂણ કથની યુરોપના લોકોને સંભળાવા લાગ્યા અને ત્યાં હોસ્પિટલ બાંધવા માટે ફાળો શરૂ કર્યો. લોકોને તેમના પર વિશ્વાસ હોવાથી ખૂબ પાઉન્ડ (રૂપિયા) આપ્યા. પછી આફ્રિકા જઈને દરેક સગવડવાળી મોટી આલિશાન હોસ્પિટલ લેમ્બરેન ખાતે બંધાવી; દર્દીઓને નારાયણ માની સેવા શરૂ કરી દીધી.

આ રીતે દર્દીઓની સેવા કરવામાં જ પોતાનું સંપૂર્ણ



જીવન આફ્રિકામાં જ પૂરું કરી ડો. આલ્બર્ટ સ્વાઈટ્ઝર લોકોનાં હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી પોતાનું નામ અમર કરતા ગયા, તેના કારણે આજે પણ આપણે તેઓનું નામ આદર થકી લઈએ છીએ. તેઓની નિ:સ્વાર્થ સેવા જોઈને દુનિયાનું સૌથી મોટું ગણાતું ઈનામ " નોબેલ પારિતોષિક" તેઓને આપવામાં આવ્યું હતું. તેઓએ અનેક પુસ્તકો પણ લખ્યાં હતાં. ઈ.સ. ૧૯૬૫ માં તેઓ આફ્રિકામાં જ લેમ્બરેનમાં મૃત્યુ પામ્યા હતા.

" કીસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર, જીના ઉસીકા નામ હૈ "

" સંગીતકાર જ્યોર્જ હર્બર્ટ "

ઈંગ્લેન્ડ દેશમાં વિખ્યાત કવિ અને સંગીતકાર જ્યોર્જ હર્બર્ટ થઈ ગયા છે. તેઓ ખૂબ માયાળુ હતા. બીજાઓનું દુ:ખ જોઈને પોતાનું કોમળ હૃદય પીગળી જતું હતું. એક વાર તેઓ સંગીતનો પોગ્રામ આપવા માટે ટાઉન હોલમાં જવા સૂટ પહેરીને ઘેરથી નીકળ્યા. થોડે દૂર ગયા તો તેમણે રસ્તા પર માણસોનું એક ટોળું જોયું, તેથી તેઓ ત્યાં ગયા.

જઈને જોયું તો ઘોડાગાડીના ઘોડાના બન્ને પગ ખૂલ્લા રહી ગયેલા ગટરના ઢાંકણામાં ફસાઈ ગયા હતા! તેના કારણે તેનો માલિક ઘોડાના પગને ઢાંકણામાંથી કાઢવાનો એકલો પ્રયત્ન કરતો હતો, પરંતુ પગ બહાર નીકળતા ન હતા. જો બીજો માણસ મદદ કરે તો તુરંત જ ઘોડાના પગ બહાર નીકળી જાય એમ હતા.

તેમણે રસ્તામાં આવતા-જતા સ્ત્રી પુરુષોને કહ્યું : " સજ્જનો! મને થોડી મદદ કરાવો તો મારો ઘોડો નીકળી જશે અને તમોને પુણ્ય થશે." આમ કહ્યું છતાં પણ કીચડવાળા કપડાં થાય એ બીકે કરીને કોઈ આવતું ન હતું. લોકો તો કેવળ તમાસો જોઈ રહ્યા હતા. ઘોડાનું દુ:ખ જોઈને સંગીત આપવા જતા જ્યોર્જ હર્બર્ટનું હૃદયમાં મંથન શરૂ થઈ ગયું તેથી કરૂણા પ્રગટી. કપડાંની કે પોગ્રામની કાંઈ ચિંતા ન કરતાં તેઓ ઘોડાની મદદ કરવા પહોંચી ગયા. પેલાને મદદ કરી એટલે તુરંત ઘોડાના બંને પગ બહાર નીકળી ગયા.

ઘોડાને બહાર કાઢ્યો એટલે પોતાનો સુટ કીચડવાળો બગડ્યો હતો. કપડાં બદલવા જાય તો પોગ્રામ શરૂ થઈ જાય એમ હતો, એટલે સીધા જ હોલમાં ગયા. આવાં ગંદાં કપડાં જોઈને સહ સંગીકારે કહ્યું : " આજે તમારાં ગંદાં કપડાં જોઈને સંગીત સાંભળવા આવનાર શ્રોતાઓના મનમાં કેવી છાપ પડશે ?" તુરંત જ્યોર્જ હર્બર્ટે સુંદર જવાબ આપ્યો : " ભાઈ! પેલા અબોલ પ્રાણીને બહાર કાઢવાનું મારું કર્તવ્ય પૂરું કર્યા વિના આવ્યો હોત તો મારા હૈયામાંથી સૂરીલું સંગીત ન નીકળી શકત. અત્યારે મારા હૈયામાં સંવાદિત સંગીતની સૂરાવલીઓ બહાર નીકળવા થનગની રહી છે."

" જમશેદજી મહેતા "

આધુનિક કરાંચીના પિતા તરીકે ઓળખાતા જમશેદજી મહેતા તત્ત્વજ્ઞાની અને માનવ પ્રેમી હતા. ઈ.૧૯૧૬માં તેઓ કરાંચીના મેયર હતા ત્યારે ત્યાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. તે

સમયે તેઓ જાતે જ હોસ્પિટલમાં જઈને ખૂબ સેવા કરી હતી. એ સિવાય પોતાના જ રૂપિયે જથ્થાબંધ દવાઓ મંગાવીને લોકોની બીમારીઓ મટાડી મૃત્યુના મુખમાંથી બચાવી લીધા હતા.

તેઓએ પોતાનું સમગ્ર જીવન ગરીબો અને બીમારોની સેવામાં પૂરું કર્યું હતું. તેમણે કરાંચીમાં ફ્રેનીન નામની યુવતીની સતત ૧૭ વર્ષ સુધી સેવા કરી સાજી કરી હતી. આવા તો તેમના જીવનમાં અનેકાએક પ્રસંગો બનેલ છે.

" માનવતાના ટાંકા "

લક્ષ્મીચંદ નામનો એક ખૂબ ધનવાન શેઠ હતો. તે ગરીબોને ક્યારેય પણ એક પાઈ આપતો ન હતો. જો તેઓની વાહ વાહ થાય તેવા સ્થાનમાં દાન દેવાનું થાય તો તુરંત આપી દેતો, આવો કીર્તિભૂખ્યો તે હતો.

શેઠને પોતાના વખાણ ખૂબ જ ગમે છે એવો જે સંસ્થાના કાર્યકરોને ખ્યાલ હતો તેના આગેવાનો એકવાર શેઠની પેઢીએ આવી સંસ્થાને મદદ કરવા વિનંતી કરી. ત્યારે લક્ષ્મીચંદે જવાબ આપ્યો : " હું વિચાર કરીને જવાબ આપીશ." તેથી આગેવાન ખુશાલદાસ બોલ્યા : " શેઠ ! આજે રકમનો આંકડો કહો તો કાલે અમારે છાપાંઓમાં તમારા ફોટા સહિત આંકડો છપાવવો છે." પ્રતિષ્ઠાનો લાલચુ પોતાનું નામ પેપરમાં આવશે એવું સાંભળી તુરંત મુનિમને સવા લાખનો ચેક આપવા કહી દીધું.

આ લક્ષ્મીચંદની હવેલીની બાજુમાં જ એક ગરીબ જીવો મોચી બુટ-ચંપલ સાંધી પોતાનું ગુજરાન ચલાવતો હતો. શેઠ પાસે ઘણીવાર ગરીબ વિદ્યાર્થીઓ અને ગરીબ વિધવાઓ મદદ માગવા આવતા હતાં, પણ કોઈને મદદ કરતો નહિ, તેથી તે કંજુસ તરીકે ઓળખાતો હતો.

તે લક્ષ્મીચંદનું કમ્પાઉન્ડ વાળવા માટે દરરોજ ધનો ભંગી આવતો હતો. તેનો પુત્ર ઘણા દિવસથી તાવની બીમારીથી પીડાતો હતો તેથી તેને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. ડોક્ટરે તપાસ કરી ઈન્જેકશન અને દવા લખી આપી બહારથી લઈ આવવા કહ્યું.

ધના ભંગી પાસે પૈસા ન હોવાથી શેઠની પાસે જઈ ઉછીના માંગીને કહ્યું : "શેઠજી ! મારો પુત્ર મરવા પડ્યો છે, માટે ૧૦૦ રૂપિયા ઉછીના આપો. પછી મારા પગારમાંથી કાપી લેજો." શેઠે ના કહી. તેથી કરગરીને વિનંતી કરવા લાગ્યો, પણ નિર્દય લક્ષ્મીદાસનું કોરું હૃદય પલળ્યું નહિ.

જે લક્ષ્મીદાસે કીર્તિ માટે સવાલાખનું દાન કર્યું એણે જ માનવતાને નેવે મૂકી ૧૦૦ રૂપિયા પોતાના જ નોકરને ઉછીના પણ ન આપ્યા ! ધનો રડતો રડતો બહાર આવ્યો. ત્યાં બાજુમાં જ ચંપલ સાંધતા જીવા મોચીએ રડવાનું કારણ પૂછ્યું, એટલે આંખોમાં આંસુ સાથે ધનાએ દીકરાની બીમારીની વાત કરી.

વાત સાંભળી જીવા મોચીના હૃદયમાં છૂપાયેલી કરૂણાની ધારા પ્રગટ થઈ આવી. તુરંત તેમણે આંસુઓને રોકતાં રોકતાં ધના ભંગીને કહ્યું : " ધના ! મારી દીકરીનાં લગ્નમાં ચૂડી



કરાવવા માટે દરરોજ થોડા થોડા પૈસા બચાવીને મેં ૧૦૦ રૂપિયા ભેગા કર્યા છે. એ સિવાય મારી પાસે કંઈ નથી. તારો દીકરો જો ૧૦૦ રૂપિયાથી બચી જતો હોય તો મારી દીકરીને સોનાની ચૂડી વિના ચાલશે.”

આ રીતે કહી પોતના લાંબા ફાળિયાના છેડે બાંધી રાખેલ ૧૦૦ રૂપિયા આપતા કહ્યું : “ લે ધના ! તારો દીકરો તે મારા દીકરા બરાબર છે, માટે રૂપિયાની ચિંતા કરતો નહિ, મારે આ રૂપિયા પાછા નથી જોઈતા. જલ્દી દવા લઈને ડોક્ટર પાસે પહોંચી જા.”

આંખોમાં આંસુઓ સાથે દોડતો દોડતો ધનો ભંગી ઈન્જેક્શનો અને દવા મેડિકલ સ્ટોરેથી લઈને હોસ્પિટલે ગયો. શેઠની પાસે કરગરવામાં સમય જતો રહ્યો હતો તેના કારણે હોસ્પિટલમાં ઈંજેકશનના અભાવે તેનો પુત્ર મૃત્યુ પામ્યો ! એ સમયે જ પેલો કીર્તિ ભૂખ્યો લક્ષ્મીદાસ મોટરમાં બેસીને પોતે મોટું દાન કર્યું હતું તેના સમારંભમાં પ્રમુખ સ્થાન શોભાવવા હોસ્પિટલ આગળથી નીકળ્યો! આ સમયે શ્રીમંતાઈ હસતી હતી અને માનવતા રડતી હતી !

ભક્તો ! ચામડાં પલાળી પલાળીને તેને ચૂંથી ચૂંથી ફાટેલા અને તૂટેલા જોડાને થીંગડાં અને ટાંકા મારીને માનવતાનાં મૂલ્યો સમજતો જીવો મોચી મહાન હતો કે કાળાબજાર કરીને ગરીબોનાં લોહી નિચોવીને સંપાદન કરેલી સંપત્તિ પર કીર્તિદાન કરી માનવતાના જુગાર ખેલતો શેઠ લક્ષ્મીદાસ મહાન હતો ? જીવા મોચીની ભાવના અને તેમનું આ કાર્ય તો તૂટેલી માનવતાં પર ટાંકા સમાન હતું !



“ થાળીનો ખરો અધિકારી ”

બસો વર્ષ પહેલાંની આ બનેલી ઘટના છે. મહારાષ્ટ્રમાં પંઢરપુરમાં પ્રખ્યાત વિઠ્ઠલનાથજીનું મંદિર છે. ત્યાં હજારો યાત્રાળુઓ દેશભરમાંથી આવે છે. ત્યાં એક ધનવાન વિધવાને એવો નિયમ હતો કે, દર્શન કરીને જ અન્ન-જળ લેવું. તેઓ ખૂબ પૂણ્યદાન કરતાં હતાં. મૃત્યુ પહેલાં તેમણે સોનાની થાળીનું દાન વિઠોબાની મૂર્તિ આગળ મૂકીને તેમાં લખ્યું : “ જે અધિકારી હશે તેને જ મળશે.” પછી તેઓ ગોલોક નિવાસી થયાં.

એક વાર પૂજારી સોનાની થાળી લેવા ગયા, પરંતુ હલી જ નહિ. પછી તો જેટલા યાત્રાળુઓ આવે તે દરેક પાસે ઉચકાવે, પણ શિવ ધનુષ્યની જેમ થાળી હલતી જ નહિ. ત્યાં દર કાર્તિક પુનમે મેળો ભરાતો હતો. તેમાં એક યુવાન ૫૦ ગાઉથી ચાલતો ચાલતો દર વર્ષે આવતો હતો. તે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાલતો ચાલતો આવ્યો.

સમૈયામાં હજારો માણસો આવ્યા હતા, તેથી ધક્કામૂકીમાં એક વૃદ્ધ માજી પડી ગયાં. તેના ઉપર પગ મૂકીને લોકો ચાલવા લાગ્યા! કોઈને ખ્યાલ પણ ન હતો, તેથી પેલાં માજી લોહી-લૂહાણ થઈ ગયાં. એમાં પેલા યુવાનનું તે તરફ ધ્યાન ગયું. તુરંત દોડીને માજીને તેડીને દૂર એક વડલા નીચે સુવાડ્યાં. પછી લીલાં પાન તોડી તેનો રસ કાઢી ઝખમ ઉપર રેડીને પાંદડાં ચોટાડી પોતાનું માથે બાંધવાનું વસ્ત્ર ફાડીને પાટા બાંધ્યા, તેથી લોહી વહેતું બંધ થઈ ગયું. પછી માજી ભાનમાં આવ્યા.

આ બાજુ મંદિર બંધ થવાની તૈયારી હતી તેથી માજીએ



દર્શન કરવા જવાનું કહ્યું. પેલા યુવાને વિઠ્ઠલનાથજીનાં દર્શન કર્યાં. ત્યારે પૂજારીએ તેમને પેલી થાળી ઉપાડવાનું કહ્યું, તેથી ઉપાડી. ત્યાં તો તુરંત થાળી ઊંડી ગઈ. ! ભક્તો ! કારણ સમજાયું ?

" પ્રજા માટે પોતાનું બલિદાન "

ઈ.સ. ૧૭૬૧ માં અફઘાનિસ્તાનના અહમદશાહ અબ્દાલી સાથેના યુદ્ધમાં પાણીપતના મેદાનમાં પેશ્વાનું મરાઠા સૈન્ય હારી ગયું હતું, તેથી પેશ્વાની ચડતી કળા પણ ઝાંખી થઈ ગઈ હતી. આ યુદ્ધમાં બને તરફના સૈનિકોનો મરણ આંક એક લાખ હતો ! દિલ્હીમાંથી મોગલ શાસનનો પણ અંત આવી ગયો હતો. એવા સમયે પાંચ હજાર માઈલ (આઠ હજાર કિલોમીટર) દુરથી વેપાર કરવા આવેલ લૂચ્ચા અંગ્રેજોએ ભારત દેશના નાનાં નાનાં રાજ્યો જીતી લીધાં હતાં ત્યારનો એક પ્રસંગ છે તે સાંભળો.

રાજસ્થાન રાજ્યના જયપુર શહેરમાં એક અંગ્રેજ અમલદાર પ્રજામાં પોતાની ધાક બેસાડવા માટે જૂલ્મ કરવા લાગ્યો હતો, એટલે સ્વાભિમાની પ્રજાએ હૂમલો કરીને તેનું ખૂન કરી નાખ્યું. આના કારણે ગુનેગારોને પકડવા માટે અનેક નિર્દોષ લોકોને મારી નાખ્યા! અનેક લોકોની મિલકત લૂંટી લીધી અને અનેક લોકોને કેદમાં પૂરી ભયંકર જૂલ્મ ગુજારવા લાગ્યા, છતાં પણ કોઈએ ગુનો કબૂલ કર્યો નહિ. – તેના કારણે જયપુરના રેસિડેન્ટે (અંગ્રેજ સરકારનો પ્રતિનિધિ) આખા શહેરને તોપના ગોળાઓથી ઉડાવી દેવાનો હૂકમ કર્યો

તેથી જયપુરની ચારે તરફ તોપો ગોઠવીને ફોડવાની તૈયારી કરવા લાગ્યા.

આવી વાત સાંભળી પ્રજાના દુ:ખે દુ:ખી થનારા રાજાના દીવાન ચંપાલાલજીએ વિચાર કર્યો: "હમણાં જ આખા નગરને ઉડાવી દેશે, તેના કારણે લાખો નિર્દોષ લોકો મોતના મુખમાં હોમાઈ જશે. તેને બચાવવા માટેનો એક જ ઉપાય છે કે, હું ખૂનની જવાબદારી લઈ લઉં તેને કારણે લાખો લોકોના જીવ બચી જાય." આવું વિચારી તુરંત મારતે ઘોડે તેઓ રેસિડેન્ટ પાસે જઈને ખૂનનો ગુનો કબૂલ કરી લીધો. તેથી તોપખાનાને પાછા બોલાવી લીધા.

દીવાન ચંપાલાલજીની ધરપકડ કર્યા બાદ આખા જયપુરમાં ઘોષણા કરી દીધી કે, દીવાને અમલદારનું ખૂન કબૂલ કર્યું છે. ત્યાર બાદ કોર્ટમાં કેસ ચાલ્યો અને ન્યાયાધીશે દીવાનને ફાંસીની સજા ફટકારી ! જયપુરના લોકોને ખ્યાલ આવતાં લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં અને ઉચ્ચ સ્વરથી કહેવા લાગ્યા : "દીવાનજી નિર્દોષ છે તેમને છોડી મૂકો." પરંતુ કોઈનું સાંભળ્યું નહિ અને ફાંસીએ ચડાવવા લઈ ગયા. આ સમયે આખા જયપુરનાં નર-નારીઓ રડતાં હતાં ! કારણ કે તેઓને ખ્યાલ આવી ગયો હતો કે, અમારા પ્રાણ બચાવવા જ દીવાનજીએ ખૂનનો ગુનો પોતાને માથે લઈ લીધો છે.

ફાંસીના માંચડે જઈ દીવાનજીએ આકાશ તરફ જોઈને પ્રભુને પ્રાર્થના કરી : " પ્રભુ ! મારા દેહને લટકતો જોઈને મારી પ્રજા જોઈ નહિ શકે, તેના કારણે વિદ્રોહ કરી અંગ્રેજો સામે લડશે, તેના કારણે હજારો નિર્દોષો મરાશે, માટે ફાંસીએ

ચડાવતા પહેલાં તમો મારા પ્રાણ લઈ લો.”

એ જ સમયે પ્રભુએ પ્રાર્થના સાંભળીને ત્યાં જ પ્રાણ નીકળી ગયા ! પછી તેમના મૃતદેહને એમના પરીવારને સોંપી દીધો. પછી ‘ચંપાલાલ અમર રહો’ ના જયઘોષ સાથે એમની સ્મશાનયાત્રામાં આખું જયપુર ગયું હતું.

“ મુઝફ્ફરશાહ સુલતાન ”

સોળમી સદીમાં અમદાવાદમાં મુઝફ્ફરશાહ (બીજા)નું શાસન હતું. તેઓ મુસ્લિમ હોવા છતાંય દરેક ધર્મના લોકોને માન આપતા હતા અને પોતાના પરિવારની જેમ પ્રજા સાથે સ્નેહભાવ રાખતા હતા; તેના કારણે તેઓ પ્રજાપ્રિય સુલતાન બની ગયા હતા. રાજ્યમાં દરેક લોકો સુખચેનથી રહીને પોતપોતાનું કર્તવ્ય બજાવતા હતા.

એવામાં એકવાર ભયંકર દુષ્કાળ પડ્યો. તેના કારણે અનાજ અને પાણી વિના નિર્દોષ મનુષ્યો અને અબોલ પશુ-પક્ષીઓ મરવા લાગ્યાં. (હાલમાં ઝડપી વાહન - વ્યવહાર ચાલે છે તેવો એ સમયમાં ન હતો તેથી અન્ય રાજ્યોમાંથી અનાજ વગેરે જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ તાત્કાલિક લાવી શકાતી ન હતી.) મુજફ્ફરશાહે નિર્દોષ મનુષ્યો અને પ્રાણીઓના જીવ બચાવવા અનેક પ્રયત્નો કર્યા, પણ અનાજ અને પાણી વિના તરફડતા પ્રાણીઓના પ્રાણને તેઓ રોકી શક્યા નહિ.

ભૂખના દુ:ખથી ટળવળતા લોકોને જોઈને મુઝફ્ફરશાહનું હૃદય રડવા લાગ્યું. તેમને ખૂબ દુ:ખ થયું.

પ્રજાના દુ:ખમાં ભાગીદાર થવા માટે તેઓ અન્ન-જળનો ત્યાગ કરી પ્રભુની પ્રાર્થના કરવા બેસી ગયા. બંદગી કરતાં કરતાં તેઓ બોલ્યા : " ખુદા ! મારો પ્રાણ લઈ લ્યો, પરંતુ મારી પ્રજાને અન્ન-જળ આપીને મોતના મુખમાંથી બચાવો, તેઓ માટે વરસાદ વરસાવો." વારંવાર આ રીતે પ્રાર્થના કરવાથી પ્રભુએ તેમની વિનંતી સાંભળી હોય એ રીતે વરસાદ વરસવા લાગ્યો, તેથી લોકો આનંદથી નાચવા લાગ્યા અને મુઝફ્ફરશાહને અંતરથી આશીર્વાદ આપવા લાગ્યા.

આ સુલતાન મુઝફ્ફરશાહ ખુબ ધાર્મિક પણ હતા. તેઓએ કયારેય પણ દારૂ પીધો ન હતો. ઈ.સ.૧૫૧૧ માં તેઓનો વ્હાલો ઘોડો બીમાર પડ્યો એટલે વૈદ્યે ઘોડાને દારૂ પાયો ! સમય જતાં ઘોડો સારો થયો એટલે સુલતાન પાસે લાવ્યા. હકીમે દારૂ પાયો હતો એવું સાંભળ્યું તેથી પોતાને અતિ વ્હાલો હોવા છતાં તે ઘોડા ઉપર જિંદગીમાં કયારેય પણ બેઠા ન હતા ! આવા તેઓ ધાર્મિક હતા.

તેઓ સંત કક્ષાના બાદશાહ હતા. પરસ્ત્રીઓ તરફ ક્યારેય પણ ખરાબ દૃષ્ટિથી જોતા ન હતા. તેઓમાં અનેક સદ્‌ગુણો હોવાને કારણે પ્રજામાં પ્રિય હતા. એકવાર માળવા જીતીને માંડુગઢમાં રાત રોકાયા. ત્યારે ત્યાંના સુલતાને પોતાના જનાનખાનાની ખૂબસૂરત સ્ત્રીઓને મુઝફ્ફરશાહ પાસે સહશયન કરવા મોકલી હતી, પરંતુ તે સ્ત્રીઓને બહેન કહીને પાછી મોકલી હતી. આવા તેઓ નિષ્કામી હતા. તેઓ દરરોજ પાંચ વાર નમાજ પઢતા હતા અને કુરાન પણ હંમેશાં વાંચતા હતા.



“ કાર્લ સ્પ્રિન્ગલ ”

ભક્તો ! એક કબર પર સુંદર અક્ષરે લખ્યું હતું કે, ૨૦૦ માણસોના પ્રાણ બચાવનાર કાર્લ સ્પ્રિન્ગલ, ઉંમર ૧૪ વર્ષ! તે કબર ઉપર ફૂલો ચડાવીને બે બાળકોએ એમના પિતાને પૂછ્યું : “ ડેડી ! આ શું છે ? આપણે શા માટે આ કબર પર ફૂલો ચડાવ્યાં ? તેની વાત અમોને સંભળાવો.”

બાળકોનો પ્રશ્ન સાંભળી પેલા સજ્જનની આંખોમાં આંસુઓ વહેવા લાગ્યાં. તેઓએ વાત શરૂ કરી. પુત્રો ! કાર્લ નામનો બાળક તમારી જેટલી જ ઉંમરનો હતો. તેમના પિતા રેલવેમાં નોકરી કરતા હતા. પહાડી પ્રદેશમાં નદી ઉપર પૂલ બનાવેલ હતો. તેના ઉપર રેલગાડી ચાલતી ને તેમાં કાર્લના પિતા નોકરી કરતા હતા. તેમનું કુટુંબ પણ ત્યાં પહાડની નીચે જ રહેતું હતું.

એક સમયે ચોમાસામાં એક રાત્રીએ ભયંકર વાવાઝોડું આવ્યું. મૂશળધાર વરસાદ વરસવા લાગ્યો. તે દિવસે કાર્લના પિતા ઘેર આવ્યા નહિ, તેથી તેમને શોધવા કાર્લ ગયો, પણ તેઓ મળ્યા નહિ. રાત્રીના ભયંકર અંધકારમાં નદીએ જઈ જોયું તો પૂલનો એક ભાગ નદીમાં તણાઈ ગયો હતો ! ગાડી આવવાની તૈયારી હતી. કાર્લે વિચાર કર્યો : અરે ! હમણા ગાડી આવશે એટલે નદીમાં પડશે તેને કારણે તેમાં બેઠેલા નિર્દોષ લોકો મરાઈ જશે, તેઓને બચાવવા મારે પ્રયત્નો કરવા જોઈએ.”

આમ વિચાર કરી તુરંત ઠેલાગાડી લઈ આવ્યો. તેને પાટા પર રાખીને ફ્રાનસ બતાવી બૂમો પાડવા લાગ્યો : "ગાડી રોકો, ગાડી રોકો; આગળ પૂલ તૂટી ગયો છે." ગાડીના ડ્રાઈવરે જોયું તો ખતરાની નિશાની બતાવે છે તેથી પૂરવેગમાં આવતી ગાડીને રોકવાનો ખૂબ પ્રયત્ન કર્યો, તો પણ ગાડી કાર્લ સાથે અથડાઈ ગઈ ! તેના કારણે કાર્લ હવામાં ઉછળીને દૂર પડ્યો ને ત્યાં જ તેમનું પ્રાણ પંખેરુ ઊડી ગયું !

ગાર્ડ અને મુસાફરો નીચે ઉતર્યા, જોયું તો ખ્યાલ આવ્યો કે, આ બાળકે આપણા પ્રાણ બચાવવા પોતાની કુરબાની આપી દીધી છે. દરેકની આંખોમાં આંસુઓ આવી ગયાં અને બોલ્યા : " તેં આજે તારા પ્રાણ આપીને ૨૦૦ મુસાફરોના પ્રાણ બચાવ્યા છે. તને ધન્ય છે. તું હંમેશાં યાદ રહીશ." પછી તે લોકોએ ત્યાં ' શહીદ સ્મારક' બનાવ્યું અને તેની ઉપર લખ્યું : ૨૦૦ લોકોના પ્રાણ બચાવનાર કાર્લ સ્પિનગલ. ઉંમર ૧૪ વર્ષ. "

" કુંવર મૂળરાજ સોલંકી "

ભક્તો ! આશરે ૯૦૦ વર્ષ પહેલાનો આ પ્રસંગ છે. તે સમયે ગુજરાતની રાજધાની અણહિલપુર પાટણ હતી. ગુજરાત પર ભીમદેવ સોલંકીનું શાસન હતું. તેમના કુંવરનું નામ મૂળરાજ હતું. તે ઘોડેસ્વારી શીખીને આજે જાહેરમાં પોતાની કળા બતાવવાનો હતો, તેથી રાજા ભીમદેવ પણ મેદાનમાં આવી પોતાના પુત્રની ઘોડેસ્વારી જોવા આવવાના હતા. હજારો


લોકો મેદાનમાં ભેગા થયા હતા.

એ સમયે સૈનિકો ઘણા ખેડૂતોને હાથકડી પહેરાવીને ત્યાંથી નીકળ્યા. તેથી કુંવર મૂળરાજે પૂછ્યું : "આ સૈનિકો નિર્દોષ દેખાતા ખેડૂતોને પકડીને શું કામ લઈ જાય છે. ?" ત્યારે ઉસ્તાદ સાઈસે કહ્યું : " દુષ્કાળના કારણે આ ખેડૂતો જમીનવેરો ભરી શક્યા નથી, તેના કારણે જેલમાં લઈ જાય છે. કુંવરજી ! તેઓએ વાવેલ અનાજ સૂકાઈ ગયું છે અને ખાવા અનાજ પણ નથી, તો પછી વેરો કેમ ભરી શકે ?" ત્યારે કુંવરે ફરીને પૂછ્યું : " હવે તે ખેડૂતોનું શું થશે ?" સાઈસે કહ્યું : " તેમના ઘરોમાં જે જે ચીજ-વસ્તુઓ હશે તે જપ્ત કરશે અને તેમ છતાં કર બાકી રહેશે તો જેલમાં સખત મજૂરી કરાવી કર વસુલ કરાવશે."

આવું સાંભળી બાળારાજા મૂળરાજનું હૃદય દયાથી છલકાઈ ગયું અને મનોમન બોલ્યો : "અરેરે ! આ બિચારા ભૂમિપૂત્રો નિર્દોષ છે, છતાં મારા પિતા તેઓને જેલમાં પૂરાવે છે ? ગમે તે રીતે હું ખેડૂતોને છોડાવીશ." આ રીતે મનમાં નક્કી કરી લીધું.

તે સમયે રાજા ભીમદેવ આવ્યા. તેમની આજ્ઞા થતાં જ કુંવર અનેક પ્રકારની ઘોડેસ્વારીના દાવો બતાવવા લાગ્યો. તે જોઈને ભીમદેવ ખુશ થઈ ગયા તેથી કુંવરને મનપસંદ ઈનામ માંગવા કહ્યું. તુરંત જ મૂળરાજે મનમાં ગાંઠ વાળી રાખી હતી તેને છોડતાં બોલ્યો : "પિતાશ્રી ! મને વરદાનમાં એ આપો કે, તમારી આજ્ઞાથી સૈનિકોએ નિર્દોષ ખેડૂતોને પકડીને જેલમાં પૂર્યા છે તે સર્વે ગરીબ છે, તેથી તેઓ પાસે કરવેરા ભરવાના

પૈસા નથી, માટે તેઓનો વેરો માફ કરી તે દરેકને છોડી મૂકો.”

આવું સાંભળી રાજા ઊભા થઈને કુંવરને ભેટી પડ્યા અને દરેક ખેડૂતોને છોડી મૂકી જમીનવેરો માફ કરી દીધો તેમજ દુષ્કાળમાં વેરો નહિ લેવાની પ્રતિજ્ઞા કરી. ખેડૂતો હૃદયથી કુંવરને આશીર્વાદ આપતા આપતા પોતપોતાને ઘેર ગયા. આ કુંવર મોટા થઈ પાટણના રાજા બન્યા હતા અને પરોપકારનાં અનેક કામો કરી પ્રજાપ્રિય બન્યા હતા.

“ એબ ”

ગરીબ પરિવારમાં ઉછેર થયેલ વ્યક્તિને બચપણમાં બધા લોકો એબ કહીને બોલાવતા હતા. એબના પિતા ગરીબ ખેડૂત હતા. ગરીબાઈને કારણે તેમણે ઘણા અન્યાયો સહન કરવા પડ્યા હતા, તેથી તે બાળક મોટો થઈને ગરીબો પ્રત્યે ખૂબ હમદર્દી રાખતો હતો.

બાળક એબ એક દિવસ સાંજે મિત્રો સાથે ફરવા નીકળ્યો હતો. ત્યાં તેની પાસે એક ઘોડો આવ્યો ! તે ઘોડા ઉપર જીન મૂકેલ હતું, પણ કોઈ બેઠેલ ન હતું, તેથી એબે મિત્રોને આનું કારણ પૂછ્યું ત્યારે બાળ મિત્રોએ કહ્યું : “ હશે કોઈ નશેબાજ. દારૂના નશામાં ભાન ગુમાવી નીચે પડી ગયો હશે.”

આવું સાંભળી એબે કહ્યું : “તો તો આપણે તેને શોધવા જવું જોઈએ.” ત્યારે મિત્રોએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું :



"એવા દાઢીયાને શોધીને શું કામ છે, અમારે નથી આવવું. એ જ્યાં પડ્યો હોય ત્યાં પડ્યો રહેવા દે." મિત્રોએ ના કહી એટલે એબ્ર એકલો જ તે ઘોડો લઈને ઘોડાના માલિકને શોધવા નીકળી પડ્યો.

રાત્રીના અંધકારમાં એબ્ર ચારેબાજુ શોધી રહ્યો હતો. ત્યાં તેની નજર રસ્તા પર પડેલ એક દાઢીયા પર ગઈ. તુરંત તેમની પાસે જઈને ઉઠાડ્યો, પણ ન ઊઠ્યો. તેથી તે માણસને મહેનત કરી ઉચકી ઘોડા પર બેસાડીને બેઠા બેઠા સૂવડાવી દીધો તેથી ઘોડો તે શરાબીના ઘેર જ આવ્યો !

ઘેર તેમના ધર્મપત્ની વાટ જોઈ જ રહ્યા હતાં. ઘોડાને જોઈને તુરંત ઘોડા પાસે જઈ પોતાના પતિને નીચે ઉતારી પલંગમાં સૂવાડી સેવા કરવા લાગી ગઈ. પછી એબ્ર રજા લઈને રાત્રીએ જ પોતાના ઘેર આવ્યો. એ સમયે તેમની માતા અને બહેન બંને રાહ જોતાં બેઠાં હતાં.

અનેક દુ:ખો વેઠીને આગળ આવનાર આ એબ્ર મોટો થઈને અમેરિકાનો પ્રેસિડેન્ટ બન્યો હતો. ભક્તો ! ઓળખો છો એ બાળકને ? એ જ બાળક એબ્ર યુવાન થતાં જ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ થયા અને અબ્રાહ્મ લિંકન નામે પ્રજાના દિલમાં સ્થાન પ્રાપ્ત કરી નામ અમર કરી ગયા. વર્તમાન સમયે પણ અમેરિકનો તેઓને "પિતા લિંકન" કહીને શ્રદ્ધાથી યાદ કરે છે. અત્યાર સુધીના તમામ પ્રમુખોમાં અબ્રાહ્મ લિંકનનું સ્થાન પ્રજાના દિલમાં સૌથી શ્રેષ્ઠ છે.

“ મધર ટેરેસા ”

“ ચાર વેદ ષટ્શાસ્ત્રમેં, બાત મિલી હૈ દોય;
દુઃખ દીને દુઃખ હોત હૈ, સુખ દીને સુખ હોય. ”

કલકત્તાની ‘ધ મિશનરિઝ ઓફ ચેરિટી’ નામની સંસ્થામાં દેવીની જેમ દરેક દર્દીના મુખે જેમનું નામ રટાણ થયા કરે છે એવાં દયાની દેવી મધર ટેરેસાનો જન્મ યુગોસ્લાવિયા દેશમાં ઈ.૧૯૧૦ માં થયો હતો. તેમનું નામ એગ્નસ હતું. ૧૮ વર્ષની ઉંમરે તેઓ સાધ્વી બન્યાં હતાં. ત્યાર બાદ ભારતમાં આવી કલકત્તામાં ‘ધ મિશનરિઝ ઓફ ચેરિટી ’ નામે સંસ્થાની સ્થાપના કરી હતી.

તેઓ ગરીબો અને દર્દીઓની જાતે સેવા કરતાં હતાં. નાત, જાત અને ધર્મના ભેદભાવ વિના તેઓ રોગીઓ અને તરછોડાયેલાંઓની નિ:સ્વાર્થભાવે સેવા કરતાં હતાં. તેઓની સેવાની સુવાસથી હાલમાં પણ તેમની સંસ્થામાં દર્દીઓની સંખ્યા વધતી જ રહે છે. આજે મધર ટેરેસાની ૮૦ શાણાઓમા ૭૫,૦૦૦ કરતાં વધુ અનાથ બાળકોને શિક્ષણ અપાય છે. ૩૩૫ ફરતાં દવાખાનાંઓ મારફત દરેક વર્ષે લગભગ સોળ લાખ દર્દીઓને મફત અથવા તો મામૂલી કિંમતે દવાઓ અપાઈ રહી છે. ! રક્તપિત્ત અને કોઢના રોગીઓ માટે ૬૦ કેન્દ્રો છે ! તેમાં ૪૭ હજાર રક્તપિત્તિયાઓને સારવાર અને



આશ્રય અપાય છે.

તેઓમાં નાનપણથી જ દયાળુતાના સદગુણો હતા. તેઓ પ્રાથમિક શાળામાં ભણતાં હતાં ત્યારે કલકત્તાના ગરીબ લોકોની બીમારીઓ વિષે અને અશિક્ષણ વિષે સાંભળ્યું હતું. ત્યારથી જ તેમનાં મનમાં કલકત્તા આવીને સેવા કરવાની ઈચ્છા થયા કરતી હતી.

કલકત્તા આવી તેઓએ શૂન્યમાંથી સર્જન કર્યું છે. આજે તેમની સંસ્થાની શાળાઓ શ્રીલંકાના કોલંબો શહેરમાં, ઈટાલીના રોમ શહેરમાં, તાન્ઝાનિયાના ટાબોરા શહેરમાં, ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં, જોર્ડનના અમાન શહેરમાં અને વેનેઝુએલા દેશના કારાકાસ શહેરમાં ફેલાયેલી છે.

તેઓનો પરોપકાર અને નિ:સ્વાર્થભાવની સેવા જોઈને દુનિયાના અનેક દેશોએ તેઓને પુરસ્કાર આપ્યા છે. દુનિયાનો સૌથી મોટો પુરસ્કાર ' નોબલ પારિતોષિક ' અને ભારતનો સૌથી મોટો પુરસ્કાર ' ભારત રત્ન ' તેમને મળેલ છે. જીવનનાં અંતિમ શ્વાસ સુધી તેઓએ સેવાનાં કાર્યો કરી ઈ.૧૯૯૭ માં આ ફાની દુનિયામાંથી વિદાય લઈ પોતાનું નામ અમર કરી સેવાની સુવાસ છોડતાં ગયાં છે. આજે પણ તેઓની સંસ્થા અનેક દર્દીઓની સેવા કરી રહી છે.



“ ગૌભક્ત ઘનશ્યામભાઈ ”

(ઉપજાતિવૃત્ત)

“ જેને દયા છે દિલમાં અપાર, ઘણા જનોનો જન પાળનાર;
જે કામ સારાં કરશે હંમેશ, એવા જનો તો જીવજો વિશેષ;
જેના જશો આ જગમાં ગવાય, જેને જનો સૌ ચિત્તમાં ચહાય;
કાપે સદા જે પરના કલેશ, એવા જનો તો જીવજો વિશેષ;
જે કોઈનું દિલ નહિ દુખાવે, કુકર્મથી અંતર લાજ લાવે;
જેનાથી થાશે કુળમાં ઉજેશ, એવા જનો તો જીવજો વિશેષ.”

– વિહારીલાલજી મહારાજ

ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન એવું કહેતા કે, “ જે લોકોના દિલમાં અપાર દયા છે. જે માનવ પોતાના ધન દ્વારા અનેક મનુષ્યો અને પશુઓનું પાલન-પોષણ કરે છે. જે લોકો પરોપકારનાં અનેક કાર્યો કરે છે, એવા લોકો આ પૃથ્વી ઉપર વધારે રહે. તેવા માણસોનું આયુષ્ય વધે. બીજાઓનાં દુ:ખોને જે દૂર કરે છે, એવા લોકોની કીર્તિ આમ જનતા ગાતી હોય છે. એવા લોકોનું સ્થાન પ્રજાના હૃદયમાં રહેલું હોય છે. આવા દયાળુ સ્વભાવના જે મહામાનવો છે એ વધારે જીવે એવા અમારા આશીર્વાદ છે.” આ શબ્દોની નોંધ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃતગ્રંથના પ્રથમ કળશના સત્તરમાં વિશ્રામમાં લીધી છે.

એક વાત હકીકત છે કે, મનુષ્યોની સેવા કરવી એ કરતાં અબોલ પશુઓની સેવા કરવી એ વિશેષ દયાવાન માનવ જ



કરી શકે છે. કારણ કે, દાતાને એમ થાય કે, હું લોકોની સેવા કરું તો મારા વખાણ કરે વગેરે ઊંડી ઊંડી અંતરમાં કદાચ ઈચ્છા રહ્યા કરે; પણ અબોલ અને વૃદ્ધ એવા નિરાધાર પશુઓનું પાલન કરવું એ અતિ દયાળું સ્વભાવ હોય ત્યારે જ શક્ય બને છે. તો એવા દયાળુ પશુ-પ્રેમી ભક્ત છે - ખાંધલી ગામના પરમ ભક્ત ઘનશ્યામભાઈ શિવાભાઈ પટેલ.

વડતાલ ધામની બાજુમાં આણંદ જીલ્લામાં આવેલ ખાંધલી ગામમાં રહીને નિરાધાર એવા આશરે ૩૦૦ થી ૪૦૦ ગાયોની પોતે જ તનથી અને ધનથી સેવા કરી રહ્યા છે. પોતાની જમીનમાં ગૌશાળાની સગવડ કરી નિ:સ્વાર્થભાવે તેઓ ગૌમાતાની સેવા કરી રહ્યા છે. એવા દયાળુઓ માટે શ્રીજી મહારાજ બોલ્યા છે કે, " એવા જનો તો જીવજો વિશેષ. "

ભક્તો ! રૂષ્ટ-પુષ્ટ અને દૂઝણી ગાયો રાખીને ગૌશાળા ચલાવનારા તો અનેકાનેક છે. એમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી. કારણ કે ગૌશાળા ચલાવનારા માણસો કે સંસ્થાઓને એમાં દૂઝણી ગાયો દૂધ આપે એ ફાયદો થતો હોય છે. એ ઉપરાંત અમુક વ્યક્તિને કદાચ પોતાના મનમાં એવું પણ હોય છે કે, આપણી ગૌશાળામાં સરસ ગાયો છે એવી બીજી કોઈ ગૌશાળામાં નથી, માટે એવી સુંદર ગૌશાળા રાખીએ કે જેથી આપણી ગૌશાળા જોવા માટે મોટા મોટા લોકો આવે જેથી આપણી કીર્તિ ફેલાય ને આપણી સંસ્થાનું નામ રોશન થાય.

મારો કહેવાનો ભાવ એ છે કે, દૂધ આપતી યુવાન ગાયોને રાખી ગૌશાળા ચલાવવામાં છૂપો સ્વાર્થ સંતાયેલો હોય છે,

પરંતુ નિરાધાર, વૃદ્ધ અને બીમાર ગાયોની પાંજરાપોળો ચલાવનારા ઘનશ્યામભાઈ જેવા દયાવાન લોકો જ ખરેખર ધન્યવાદને પાત્ર છે. ભારત દેશમાં અનેક જગ્યાએ દયાળું લોકો આવી પાંજરાપોળો ચલાવી રહ્યા છે અને પુણ્યનું ભાથું ભરી પ્રભુનો રાજીપો મેળવી રહ્યા છે.

હાલમાં ઉત્તર પ્રદેશમાં ૧૦ હજાર ગાયોની પાંજરાપોળ મેનકા ગાંધી ચલાવી રહ્યા છે. જેઓ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના સ્વ.પુત્ર સંજય ગાંધીનાં ધર્મપત્ની છે.

ગૌ સેવાને કારણે

ભક્તો ! નિ:સ્વાર્થભાવે ગાયમાતાની સેવા કરવાથી પરમાત્મા પણ દર્શન આપી વરદાન આપે છે તે પ્રસંગ પુરાણમાં આવે છે તે સાંભળો. પૂર્વે સત્યયુગમાં ગોકુળના નંદરાય દ્રોણ નામના વસુ હતા અને યશોદાજી ધરા નામના તેમનાં પત્ની હતાં. આ દ્રોણ અને ધરા બન્નને બ્રહ્માજીએ કહ્યું કે, " તમો ગાયોની સેવા કરો." બ્રહ્માજીની આજ્ઞાથી બંને સુખ-દુ:ખ છોડી ગાયોની સેવામાં લાગી ગયાં.

તેઓએ ખૂબ સેવા કરી તેના કારણે ભગવાને તેઓને દર્શન દીધાં અને વરદાન આપ્યું : "હે દ્રોણ ને ધરા ! ગાયોની સેવા કરવાથી હું તમારા પર પ્રસન્ન થઈને વરદાન આપું છું કે, દ્વાપરયુગના અંતમાં હું વસુદેવનાં પત્ની દેવકીજીને ત્યાં પ્રગટ થઈને તમારે ત્યાં ગોપાલ બનીને રહીશ અને તમોને પુત્રરૂપે સુખ આપીશ." પછી તે જ દ્રોણ નંદ થયા અને ધરાદેવી



યશોદાજી થયા. પ્રભુએ પોતાનું વરદાન સત્ય કરવા તેઓને ત્યાં ગોપાલ કૃષ્ણ બની ગાયોની સેવાને બદલે પુત્ર-સુખ આપ્યું.

" અબ્દુલ અઝીઝ "

આરબ દેશનો બાદશાહ ખૂબ લોભી હતો. એકવાર રાજ્યમાં ભયંકર દુષ્કાળ પડ્યો, તેના કારણે લોકો ભૂખના દુ:ખથી મરવા લાગ્યાં હતાં; પરંતુ નિર્દય બાદશાહે પ્રજા માટે કોઈ પણ મદદ કરી નહિ. એક દિવસ બાદશાહનો શાહજાદો અબ્દુલ અઝીઝ ફરવા નીકળ્યો હતો. ત્યારે તેમણે અનેક બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોને ભૂખના દુ:ખથી ટળવળતાં જોયાં તેથી હૃદયમાં અપાર દુ:ખ થયું; પરંતુ તેમની પાસે રોકડા રૂપિયા પણ ન હતા, કારણ કે કંજુસ બાપ રોકડા દીનાર (રૂપિયા) પણ આપતો ન હતો.

શાહજાદાએ વિચાર કર્યો : "અરે ! નિર્દોષ પ્રજા ભૂખના દુ:ખથી પીડાઈ રહી છે, મરી રહી છે અને મારો લોભીયો બાપ કરોડોની સંપત્તિ દબાવીને બેઠો છે; મને પણ આપતો નથી, મારે કેવી રીતે આ ગરીબોને મદદગાર થવું ? "

આ પ્રમાણે વિચાર કરતો હતો ત્યાં તેમની નજર આંગળીમાં પહેરેલ સાચા હીરા જડેલ સોનાની વીંટી પર ગઈ. તુરંત ત્યાંથી સીધો જ ઝવેરીની દુકાને ગયો અને વીંટી વેચી નાખી. તેની જેટલી રકમ આવી તે તમામનું અનાજ લઈ લીધું અને ગરીબો પાસે જઈ દરેકને સરખે ભાગે વહેંચી આપ્યું. ગરીબ લોકોના અંતરના આશીર્વાદ મેળવી હરખાતા હૈયે શાહજાદો પોતાને મહેલે ગયો.

“ હું દેવળમાં જ છું. ”

ક્રિશ્ચિયન ધર્મના સંસ્થાપક ઈસુ ખ્રિસ્તને બચપણથી જ રોગીઓની અને દુ:ખીયાઓની સેવા કરવાની ભાવના હતી. કોઈ દુ:ખી માણસને જોતાં જ તેમના દિલમાં દયાનો પ્રવાહ વહેવા લાગતો હતો. તરત જ તમામ કામ છોડીને તે દુ:ખીની સેવા કરવા લાગી જતા હતા. ગરીબોનાં આંસુઓ લૂંછવામાં જ તેઓ પરમાત્માની સેવા માનતા હતા.

એકવાર તેઓ સવારથી બહાર ગયા હતા. રાત્રી થઈ ગઈ છતાં પણ તેઓ ઘેર ન આવ્યા, તેથી તેમનાં માતા મેરી શોધવા નીકળ્યાં. શોધતાં શોધતાં દેવળમાં ગયાં, તો ત્યાં પણ ઈસુને જોયા નહિ. પછી ઘેર પાછાં આવતાં હતાં ત્યાં એક રસ્તા પર દુ:ખી અને રોગીઓની સેવા કરતા ઈસુને જોયા. તુરંત ત્યાં જઈને મેરી બોલ્યા: “બેટા ! મને એમ હતું કે , તું દેવળમાં દર્શન કરવા ગયો હોઈશ, પણ તું તો રોગીઓની સેવા કરે છે.” તુરંત ઈસુ બોલ્યા :“ માતા! રોગીઓ અને દુ:ખી લોકો જ્યાં હોય ત્યાં હું દેવળ જ માનું છું. હું દેવળમાં જ બેઠો છું, કારણ કે દુ:ખી અને રોગીઓની સેવાને પણ હું પ્રભુની જ સેવા માનું છું.”

“ ડો. હેમરીક્ષ ”

ભક્તો ! રક્તપિત્તના ભયાનક રોગોથી પીડાતા ગરીબ લોકોના જીવનમાં એક નૂતન જીવન આપનારા અને માનવજાતના મુક્તિદાતા મનાતા ડોક્ટર હેમરીક્ષનું જીવન



ખરેખર દરેક લોકોને પ્રેરણા આપે એવું છે.
નાનકડા બેલ્જિયમ દેશમાં તેઓનો જન્મ થયો હતો. નાનપણથી જ તેઓને રોગીઓ પ્રત્યે લગાવ રહેતો હતો.

એ સમયે આફ્રિકાની ગરીબ પ્રજા શુમ્બે પ્રદેશમાં બીમારીથી પીડાતી હતી. એમાં પણ રક્તપિત્તના દર્દીઓની સેવા કરવા કોઈ જતું નહિ. એટલું જ નહિ, પરંતુ એવા દર્દીઓ પાસે જવા પણ કોઈ તૈયાર ન હતું, તેના કારણે તે રોગના દર્દીઓ અતિ દુ:ખી હતા.

ડો. હેમરીક્ષને ખ્યાલ આવ્યો તેથી પોતાનાં સુખો છોડીને આફ્રિકા જઈ શુમ્બે પ્રદેશમાં જ ઈ.૧૯૨૯ માં દવાખાનું શરૂ કરી રક્તપિત્તિયાઓની મફત સારવાર શરૂકરી. તેઓના હૃદયની ખરી લાગણી અને ધગશને કારણે અનેક રોગીઓના રોગો સારા થવા લાગ્યા. પછી તો ડોક્ટરો અને નર્સોની ટીમ રાખી અનેક દેશોમાં પોતાનાં સારવાર કેન્દ્રો શરૂ કરી દીધાં.

તેઓની સેવાની સુવાસ અનેક દેશોમાં ફેલાઈ ગઈ હતી, તેથી તેઓને દર્દીઓના હૃદયમાં સ્થાન મળી ગયું હતું. આફ્રિકાની જેમ જ એ સમયે ભારતમાં પણ રક્તપિત્તનો રોગ વકર્યો હતો, તેથી બેલ્જિયમના રાજાએ ડો. હેમરીક્ષને હિંદુસ્તાન જવાનું કહ્યું . રાજાના કહેવાથી હેમરીક્ષ ભારત આવ્યા. ઈ.૧૯૫૪ માં તેઓએ ભારતમાં આવીને જોયું તો ૨૦ લાખ રક્તપિત્તના દર્દીઓને જોયાં ! અને તેઓનો અંતરાત્મા ખળભળી ગયો.

તુરંત રાત્રી-દિવસ જોયા વિના દર્દીઓની સેવામાં જોડાઈ ગયા. તેમની નિ:સ્વાર્થભાવની સેવાથી જાણે ભગવાન પ્રભાવિત

થયા હોય એ રીતે ભયંકર મનાતો રાજરોગ રક્તપિત્ત પણ ભાગવા લાગ્યો ! અનેકાનેક દર્દીઓ સાજા થઈ ગયા અને ડો. હેમરીક્ષને અંતરથી આશીર્વાદ આપવા લાગ્યા. ૧૦ વર્ષ સતત સેવા કરી ત્યાર બાદ ડો.હેમરીક્ષ બેલ્જિયમ પાછા ગયા. હાલમાં પણ ભારતમાં ' 'બેલ્જિયમ ફાઉન્ડેશન' ચાલે છે.

" સેવા કરવા લગ્ન ન કર્યાં ! "

" પાણી વગરનું સરોવર નકામું, વૃષ્ટિ વિનાનાં વાદળ નકામાં; તાલ વગરનું સંગીત નકામું, વર વિનાની જાન નકામી; પુષ્પ વિનાના છોડ નકામા, ફળ વિનાનાં વૃક્ષો નકામાં; સ્નેહ વિનાનું હૃદય નકામું, દયા વિનાનો માણસ નકામો. "

ભક્તો ! લગ્નજીવનનું સુખ એ ગૃહસ્થ માટે મહત્વનું મનાય છે. બાર વર્ષના બાળકને પૂછ્યું હોય કે, "તારે લગ્ન કરવાં છે ?" તો તુરંત શરમાઈ જઈને હા કહેશે.સાંસારિક ભોગો માટે તો મોટાં મોટાં યુદ્ધો પણ ભૂતકાળમાં ખેલાયાના ઈતિહાસ સાક્ષી પૂરે છે.

સંસારનું સુખ ત્યાગના માર્ગે ચાલનારાઓ છોડી દે છે અને જેઓને વિષયભોગમાં ઘૃણા ઉત્પન્ન થઈ ગઈ હોય એવાં નર-નારીઓ છોડી દે છે, પરંતુ ગરીબ લોકો અનેક પ્રકારની બીમારીઓથી પીડાતા હોય તેવા લોકોની સેવા કરવા માટે વિષયભોગ છોડનારાઓ દુનિયામાં ભાગ્યે જ જોવા મળશે. તો એવા વિષય છોડી સેવા કરનાર એક સન્નારીનો પ્રસંગ સાંભળો.



જાપાન દેશના ટોકિયો શહેરમાં બૌદ્ધ ધર્મમાં દયાની દેવી તરીકે મનાતાં કન્નોન દેવીનું ભવ્ય મંદિર આવેલું છે. આ મંદિર ટોકિયો શહેરમાં વહેતી સુમિડા નદીના કિનારે આવેલું છે. તે મંદિરની બાજુમાં જ દયાની દેવીનો અવતાર મનાતી રૈકો કિટીહારાનું નિવાસ સ્થાન હતું. તે રૈકો એક ધનવાન બાપની દીકરી હતી, પરંતુ એકદમ સાદાં કપડાં પહેરી પોતાનું જીવન જીવતી હતી.

રૈકો નાની હતી ત્યારથી જ પોતાના ખીસ્સા ખર્ચમાંથી બચત કરી ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરી બીમાર લોકોને દવા લાવી આપતી હતી. જેમ જેમ મોટી થતી ગઈ, તેમ તેમ તેનામાં દયા-કરૂણા વગેરે સદ્‌ગુણો પણ વધતા ગયા તેથી વધારેને વધારે અનાથો અને ગરીબોની તે સેવા કરવા લાગી. મોટી થતાં તે ગરીબોના ઘેર જઈને બીમાર રહેતા ઘરના લોકોની જાતે જ સેવા કરવા લાગી તેથી લોકપ્રિય બનવા લાગી.

ગરીબોની સભા કરી સ્વચ્છતા રાખવાનું શીખવાડતી, બાળકોને જાતે જ ભણાવતી અને ગંદી પ્રજાને સદાચારમય જીવન જીવવા ઉપદેશ આપતી હતી. ઉંમરલાયક થઈ હોવાથી માતા-પિતાએ લગ્ન કરવા કહ્યું, પરંતુ તેણીએ કહી દીધું કે, “ગરીબોની અને રોગીઓની સેવા છોડીને હું વિષયસુખ ભોગવવા માગતી નથી. લગ્નનું બંધન મને સેવા કરવા નહિ દે, માટે હું આજીવન કુંવારી રહીને સેવા કરવામાં જ મારું જીવન સમર્પણ કરવા માંગું છુ. આ રીતે માબાપને જવાબ આપી ગરીબ રોગીઓની સેવામાં પોતાનું સંપૂર્ણ જીવન હોમી દીધું !”



“ પ્રેસિડેન્ટ ટોમસ જેફર્સન ”

ઈ.૧૭૪૩ માં અમેરિકાના એરોડવેલ મુકામે ટોમસનો જન્મ થયો હતો. તેઓ અમેરિકાની આઝાદીના ઘડવૈયા હતા. ઈ.૧૮૦૦ માં તેઓ અમેરિકાના પ્રેસિડેન્ટ બન્યા હતા. તેઓ અમેરિકાના ત્રીજા રાષ્ટ્ર પ્રમુખ હતા અને નવી રાજધાની વોશિંગ્ટનમાંથી રાષ્ટ્રનું તંત્ર સંચાલન કરનાર પ્રથમ પ્રમુખ હતા. ગુલામોની મુક્તિના એ યુસ્ત હિમાયતી હતા. તેઓ અતિ બુદ્ધિમાન હતા એ તેઓની ડિગ્રી પરથી ખ્યાલ આવે છે.

તેઓએ અનેક ઉપાધિ (ડિગ્રીઓ) પ્રાપ્ત કરી હતી એટલા માટે આ પ્રસંગ નથી લખી રહ્યો અથવા તો તેઓ અમેરિકાના પ્રેસિડેન્ટ હતા તેને કારણે પણ આ પ્રસંગ નથી લખવામાં આવ્યો, પરંતુ તેઓ સાચા અર્થમાં એક માનવ હતા અને દયાળુ હતા તેના કારણે જ આ પ્રસંગ લખવામાં આવ્યો છે.

પ્રેસિડેન્ટ ટોમસ જેફર્સન એકવાર પોતાના માણસો સાથે ઘોડા પર બેસીને નદીની સામે પાર જતા હતા. તે સમયે નદી કિનારે એક વૃદ્ધ અતિ ઠંડીના કારણે ધ્રૂજતા હતા. તે વૃદ્ધે કહ્યું: “ ભાઈ ! મારે સામે કાંઠે જવું છે, પણ મારી પાસે વાહન નથી અને તરીને જવાની મારામાં તાકાત નથી, માટે તમારા ઘોડા પર બેસાડીને લઈ જશો ?”

નિરાધાર અને પરવશ એવા વૃદ્ધની દયામય સ્થિતિ જોઈ હૃદયના કોમળ રાષ્ટ્ર પ્રમુખ ટોમસ તુરંત પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયા અને વૃદ્ધને બેસાડી તેઓના ઘેર



મૂકી આવ્યા. આવા તો અનેક પ્રસંગો તેઓના જીવનમાં બનેલા છે. આજેય પણ તે પ્રમુખની માનવતા અને કરૂણાનાં ગાન અમેરિકન લોકો ગાય છે.

ભક્તો ! સમાજની રચના જ એવી હોય છે કે, દરેક વ્યક્તિને પોતાના પણ પ્રશ્નો હોય જ છે. પરંતુ આપણે જો દયાળુ હોઈએ તો કોઈકના આંસુઓ સૂકવવામાં, કોઈકના હોઠ પર હાસ્યને રમતું કરવામાં, કોઈકના તાપ અને સંતાપને છાયા આપવામાં, કોઈકને માટે કશું કર્યું છે ખરું ? એની આત્મખોજ કરવી જોઈએ. જો એનો જવાબ હા માં આવે તો સમજવું કે આપણે કોઈકનું જીવન થોડું-ઘણું પણ જીવ્યા છીએ ખરું.

" સદ્‌ગુરૂ નીલકંઠચરણ સ્વામી "

" પર હિત બસ જિનકે મનમાંહિ, તિન કહું જગ દુર્લભ કછું નાહિ;
પર હિત લાગી તજે જો દેહી, સન્તત સંત પ્રસંસત તેહી."

- તુલસીદાસજી

ભક્તો ! સંતોના જીવનમાં હંમેશાં કરૂણા અને નમ્રતાની મહેંક પ્રસરતી હોય છે. સેવા અને પરોપકારની સુવાસ મહેંકતી હોય છે. તેઓ સહન કરીને પણ દુ:ખીઓને સુખી કરવાના સતત પ્રયત્નો કરતા હોય છે. વિશાળ દિલના સંતો કેવળ આધ્યાત્મિક ઉપદેશ જ આપતા નથી હોતા, પણ ઉપદેશની સાથોસાથ દયાસભર પરોપકારનાં કાર્યો પણ કરતા હોય છે.

દરેક વ્યક્તિએ એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે, અધ્યાત્મ જગતના માનવી એવા સંતની મહાનતાને ઘડીભરની

મુલાકાતથી માપી શકાતી નથી. તેઓના સાચા સ્વભાવનો ખ્યાલ તેઓની સાથે રહેવાથી જ આવતો હોય છે. દર્દથી પીડાતા લોકોને જોઈ તેઓ પ્રત્યે હમદર્દીની ભાવના જેમને થાય છે એ જ ખરા અર્થમાં સંત કહેવાય છે; તો એવા સંતના થોડા પ્રસંગો જોઈએ.

સૌરાષ્ટ્રના જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામની અંદર તા.૧૩-૩-૫૯ ના પવિત્ર દિવસે જેમનો જન્મ થયો છે એવા સદ્‌ગુરૂ શ્રી નીલકંઠચરણદાસજી સ્વામીના હૃદયમાં ભરેલી કરૂણાની થોડી વાત કરવી છે.

સુરત વરાછા રોડ પર આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર (કલાકુંજ) ના તેઓ પ્રણેતા છે તથા 'સ્વામિનારાયણ મિશન' (સુરત)ના પણ તેઓ સંસ્થાપક છે. તેઓનું હૃદય સંવેદનશીલ હોવાથી દુ:ખિયા લોકોને જોઈ તેઓ મદદગાર બને છે. લોકો ધનવાન હોય કે ગરીબ, પરંતુ દર્દની પીડા તો બન્નેને સરખી જ થાય છે, એ પરમ સત્ય છે. ફેર એટલો જ છે કે, ધનવાનોને તાત્કાલિક સારવાર મળી જાય છે, જ્યારે ગરીબ લોકોને સારવારના અભાવે પીડાવું પડતું હોય છે.

ગરીબ દર્દીઓને યોગ્ય સારવારના અભાવે પીડાવું ન પડે એ માટે સ્વામીશ્રીએ પોતે બનાવડાવેલ મંદિરમાં જ એક સરસ સુવિધાયુક્ત દવાખાનું શરૂ કરાવેલ છે. ઈ.૨૦૦૦ થી શરૂ થયેલ આ દવાખાનામા આવતા ગરીબ દર્દીઓની ફી માત્ર પાંચ રૂપિયા જ રાખેલ છે. તે દવાખાનામાં મોટા મોટા ડોક્ટરો સેવા આપે છે અને માત્ર પાંચ રૂપિયામાં તપાસ કરી દવાઓ



આપવામાં આવે છે; એના કારણે દર્દથી પીડાતા દર્દીઓ જલ્દી સાજા થઈ જાય છે.

જે વ્યક્તિનું હૃદય કરુણા સભર હોય છે. એની પ્રતીતિ એવા કરુણાના પ્રસંગોમાં આવતી હોય છે. પૂજ્ય સ્વામીના દયાળુ સ્વભાવનો ખ્યાલ પણ એવા સમયે જણાઈ આવ્યો હતો.

બનેલું એવું કે, ઈ.૧૯૬૪ માં એકવાર નીલકંઠ સ્વામી અને મારા ગુરુશ્રી (કંડારી ગુરુકુળના ઘનશ્યામ સ્વામી) મૂળીધામ, ભાદરા અને શેખપાટ વગેરે તીર્થોમાં દર્શન કરીને સરધાર જઈ રહ્યા હતા. ત્યારે રાજકોટ હાઈવે ઉપર બન્ને ગાડીઓ ચાલતી હતી. તેમાં કંડારી ગુરુકુળની ગાડી આગળ જતી રહી હતી અને સુરત કલાકુંજ મંદિરની ગાડી પાછળ હતી, તેમાં નીલકંઠ સ્વામી હતા.

ગાડી પૂરપાટ જતી હતી. તે સમયે જ એક ટ્રક સાથે એક સ્કુટરનો એક્સિડન્ટ થયો ! તેથી તે સ્કુટર પર બેઠેલાં પતિ-પત્ની અને એક પુત્ર ફંગોળાઈ ગયાં ! તેના કારણે તેઓ ઘાયલ થઈ ગયાં. તેમાં નાનો બાળક સિરિયસ બની ગયો તેથી તેનાં માતા-પિતા તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા માટે રસ્તા પર ચાલતાં વાહનોને ઊભાં રાખવા હાથ ઉંચા કરવા લાગ્યાં, પણ દિલમાં દયા હોય તો કોઈ વાહન ઊભું રાખેને ?

એ સમયે જ પૂજ્ય નીલકંઠ સ્વામીની ગાડી ત્યાંથી પસાર થઈ. જોયું તો બાળક જીવન-મરણ વચ્ચે ઝોલાં

ખાતો હતો. તુરંત સ્વામીનું હૃદય પોકારી ઊઠ્યું : " દયા ધર્મકા મૂલ હૈ...." એક માનવ તરીકે મારી ફરજ છે કે, આવા સમયે મદદ કરવી જોઈએ."

આવો મનોમન નિર્ણય કરીને પોતે ગાડી નીચે ઉતરી ગયા અને પોતાના ડ્રાઈવરને કહ્યું : " તમે આ બાળક અને તેનાં માતા-પિતાને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જાઓ." સ્વામીની આજ્ઞા થતા જ બાળકને ગાડીમાં સૂવડાવી રાજકોટ લઈ જવામા આવ્યો. આવા દયાળુ સ્વામી હાલમાં પણ રક્તદાન શિબિરો, અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ વગેરેમાં અન્ન-વસ્ત્રાદિકનું દાન કરી પરોપકારનાં કાર્યો કરી રહ્યા છે.

ભક્તો ! આપણા જીવનમાં પણ આવા પ્રસંગો ઘણીવાર બનતા હોય છે. શું આપણે ગાડીને સાઈડ પર લઈને જવા દઈએ છીએ કે પછી ઘાયલ થયેલાં નિર્દોષ માનવોને દવાખાને પહોંચાડી તેઓના હૃદયમાં રહેલા પરમાત્માનો રાજીપો મેળવીએ છીએ ? એનું મનોમંથન કરી જોજો.

" મિલેનિયમ મેન ગાંધીજી "

" દેદી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ
સાબરમતિ કે સંત તુંને કર દીયા કમાલ. "

વિશ્વના મહાન પુરુષોમાં ગાંધીજીનું સ્થાન સર્વથી ઊંચું છે. 'મિલનેયિમ મેન' તરીકે પ્રથમ નંબર ગાંધીજીનો આવેલ છે. અર્થાત્ વિશ્વના કુલ ૩૧૧ દેશોમાં છેલ્લા એક હજાર વર્ષમાં થયેલા મહા માનવોમાં ગાંધીજીને પ્રથમ સ્થાન



દુનિયાના દેશોએ આપેલ છે ! એ ભારત માટે અને વિશેષ કરી ગુજરાત માટે ગૌરવ લીધા જેવું છે, કારણ કે ગાંધીજીની જન્મભૂમિ ગુજરાત (પોરબંદર) છે.

તેઓનું જીવન ભારતના દરેક નાના-મોટા લોકો જાણે છે તેથી આઝાદી વિષે હું કાંઈ લખતો નથી, પણ તેઓની દયાળુતાના એક-બે પ્રસંગો લખીશ કે જે સજ્જનો માટે માર્ગદર્શક થઈ શકે. ઈ.૧૮૬૯ ના પવિત્ર દિવસે તેમનો જન્મ સૌરાષ્ટ્રના પોરબંદર શહેરમાં થયો હતો. લંડન અભ્યાસ કરી બેરિસ્ટર બની આફ્રિકામાં નોકરી કરી ઈ.૧૯૧૫ માં ભારત આવી દેશને આઝાદ કરવાની અને ગરીબોને આગળ લાવવાની પ્રવૃત્તિ શરૂ કરી.

તેઓનું હૃદય એટલું બધુ કરૂણાયુક્ત હતું કે, તેઓનો દ્રોહ કરનારાઓ પ્રત્યે પણ તેમને હમદર્દી રહેતી હતી. ઈ.૧૯૧૬ માં "કાશી વિશ્વ વિદ્યાલય"ના સ્થાપના દિને તેઓએ દેશના અનેક રાજ્યોમાંથી આવેલ રાજાઓને ઉદ્દેશીને બનારસમાં પ્રવચન કરેલું કે, "તમો આ કીમતી આભૂષણો પહેરીને બેઠા છો એ તમારે માટે શરમજનક છે. દેશમાં ગરીબ લોકોને ખાવા પણ પૂરું મળતું નથી અને તમો હીરા-જડીત આભૂષણો પહેરો છો ? તમો આભૂષણો વેચીને ગરીબોની સેવા કરો."

એકવાર તેઓ બિહાર અને ઓરીસ્સા ગયેલા. ત્યાં ગરીબ સ્ત્રીઓને શરીર પર કેળની છાલ વીંટીને જોયેલ. ત્યારે ગાંધીજીની આંખોમાં આંસુઓ આવી ગયાં અને ત્યાંજ તેઓએ

પ્રતિજ્ઞા લીધી : “મારા દેશની સ્ત્રીઓને જ્યાં સુધી પહેરવા માટે પૂરાં કપડાં નહિ મળે ત્યાં સુધી હું શરીર પર સારાં કપડાં નહી પહેરું, ફક્ત એક પોતડી જ પહેરીશ.” ત્યાં લીધેલ પ્રતિજ્ઞા તેઓએ જીવનના અંતિમ શ્વાસ સુધી પાળી હતી. બ્રિટનમાં ભરાયેલ ‘ ગોળમેજી પરિષદ’ માં પણ તેઓએ પોતડી પહેરીને જ હાજરી આપી હતી; સૂટ પહેરવાનું કહેતાં તેઓએ સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો.

એકવાર ગાંધીજી ટ્રેનમાં જઈ રહ્યા હતા. ત્યાં એક ભૂખ્યા ભિખારીએ આવીને કહ્યું : “ દયા કરીને કોઈ ખાવાનું આપો. ત્રણ દિવસથી ખાવાનું મળ્યું નથી. ”આવું સાંભળી ગાંધીજીનું સંવેદનશીલ હૃદય રડી પડ્યું. એ સમયે તેઓ ઉપવાસમાં કેવળ દૂધ જ પીતા હતા; એટલે દૂધ સાથે હતું. તુરંત સાથે રહેલ કાર્યકર્તા પાસેથી દૂધ મંગાવીને બધું જ દૂધ ભૂખ્યા ભિખારીને આપી દીધું અને પોતે નકોરડો ઉપવાસ કર્યો હતો. આવા અનેક પ્રસંગો તેમના જીવનમાં બનેલા છે.

“ રાષ્ટ્રપ્રમુખ ક્લીવલેન્ડ ”

અમેરિકાના પ્રેસિડેન્ટ ક્લીવલેન્ડ એકવાર એક ટ્રેનમાં બેસીને બીજા શહેરમાં જતા હતા. એ જ ટ્રેનમાં અમેરિકાના પ્રખ્યાત સાહિત્યકાર રિચર્ડ ગિલ્ડર પણ જઈ રહ્યા હતા. ટ્રેનમાં બહુ જ ગિરદી હતી, તેથી તે સાહિત્યકારને વિચાર આવ્યો કે, “ આ ટ્રેનમાં રાષ્ટ્ર પ્રમુખ ક્લીવલેન્ડ પણ પ્રવાસ કરી રહ્યા છે અને તેઓ મને નજીકથી ઓળખે છે, માટે



તેઓના ડબામાં જઉં એટલે સારી જગ્યા મળી જાય.”

આ રીતે વિચાર કરી તુરંત ગાડીના ગાર્ડ પાસે જઈને પૂછ્યું: “ સાહેબ ! પ્રેસિડેન્ટ સાહેબ કયા ડબ્બામાં બેઠેલા છે તે બતાવો. હું ખ્યાતનામ લેખક રિચર્ડ ગિલ્ડર છું.” ગાર્ડે જવાબ આપ્યો : “મહાશય! રાષ્ટ્ર પ્રમુખ પેલા સામાન મૂકવાના ડબામાં બેઠા છે.”

આવું સાંભળીને રિચર્ડને લાગ્યું કે, મારી મશ્કરી કરતો લાગે છે. પછી જઈને જોયું તો તે આભા જ બની ગયા ! અરે! આ હું શું જોઈ રહ્યો છું ? અમેરિકાના પ્રમુખ સામાનના ડબામાં એક પેટી પર બેઠા હતા અને મુખ પર આનંદ ઉભરાઈ રહ્યો હતો.

તુરંત પાસે જઈને પૂછ્યું : ‘ અરે, તમે અહીં યા કેમ બેઠા છો?’ ત્યારે સરળ સ્વભાવના પ્રમુખ કલીવલેન્ડે જવાબ આપ્યો : “ભાઈ ! હું મારા ડબામાં મારી સીટ ઉપર આરામથી બેઠો હતો. તે સમયે એક નાના બાળક સાથે એક સ્ત્રી આવી. તે બાળકને તેડી ઊભી હતી. ગાડીમાં ખૂબ ભીડ હતી તેથી બાળક રડતું હતું, પણ કોઈ ઊભું ન થયું. માનવતાની દૃષ્ટિએ દરેક માણસે નાના બાળક સાથેની સ્ત્રીને મદદ કરવી જોઈએ એવું સમજી મેં મારી સીટ પર તે સ્ત્રીને બેસાડી અને હું આ માલ-સામાનના ડબામાં આવીને બેઠો છું.” ભારતના નેતાઓ આવો વિચાર કરતા હશે ખરા ?

“ પશુપાલક ગીતાબેન ”

ભક્તો ! પોતે કષ્ઠ વેઠીનેય સામી વ્યક્તિને સુખ પહોંચાડવામાં જેટલો આનંદ મળે છે અને જે જીવન રસાયણ મળે છે એની પાસે જગતનાં બીજા બધાંય સુખો તુચ્છ છે. એવો આનંદ લેનારાં અને ભોગવનારાં દિલ્હીનાં ગીતાબેન છે. દિલ્હીની ‘ગાર્ગી કોલેજ’ ના અધ્યાપીકા ગીતાબેન પશુઓ પ્રત્યે એવાં દયાવાળાં છે કે, ગમે ત્યારે બહાર જતાં હોય ત્યારે રસ્તા પર રખડું પ્રાણીઓને જૂવે કે તુરંત તેને પોતાની સંસ્થામાં લાવી દે છે અને સેવા કરે છે.

તેઓના હૃદયમાં અબોલ પ્રાણીઓ પ્રત્યે અપાર કરૂણા અને દયા છે, એટલા માટે તો તેમણે દિલ્હી શહેરની અંદર અનેક જગ્યાઓએ બોર્ડ મૂકીને એમાં લખ્યું છે કે, “ રખડતા જાનવરો વિષે અમોને સૂચના આપો. અમો આવીને લઈ જઈશું અને અમારા સ્વજનની જેમ તેઓને સાચવીશું.”

હાલમાં તો ઘણાં શહેરોમાં રખડતાં પશુઓને મીઠાઈમાં ઝેર ભેળવી મારી નાખવામાં આવે છે, ત્યારે દયાની દેવી આ ગીતાબેને પ્રભુને રાજી કરવાની આ પરબ શરૂ કરી છે. ગીતાબહેને મદારીઓને રૂપિયા આપી તેઓ પાસેથી ૪૦૦ તો રીંછોને છોડાવ્યાં છે !

ભક્તો ! જે ભારતમાં જીવમાત્ર ઉપર દયા કરવાની વાતો ઋષિ-મુનિઓએ શાસ્ત્રોમાં લખી છે, તેમજ સ્વામિનારાયણ ભગવાને પણ સ્વહસ્તે લખેલ શિક્ષાપત્રીમાં અહિંસાધર્મના

અનેક શ્લોકો લખી જીવ પ્રાણીમાત્ર પણ દયા રાખવાનું કહેલ છે એ પવિત્ર ભૂમિ પર આજે ટી.વી. પર એવી જાહેરાતો આવે છે કે, " સન્ડે હો યા મન્ડે, રોજ ખાવ અંડે ! " અર્થાત્ રવિવાર હોય કે સોમવાર દરરોજ ઈંડાં ખાવ. આજે તો ફેશનના નામે ગામડાંઓમાં પણ ઈંડાંઓ ખાવાના શરૂ થઈ ગયાં છે.

જે દેશમાં કબૂતરો માટે ગામડે ગામડે ચબૂતરા હતા. પશુઓને પાણી પીવા માટે હવાડાઓ હતા. ગાયોને માટે પાંજરાપોળો હતી, કૂતરાંઓ માટે રસોઈમાં પહેલી રાનકી બનતી અને કીડીઓના દરમાં કણ પૂરાતા એ દેશમાં આજે છત્રીશ હજાર કતલખાનાઓ થઈ ગયાં છે !! આજે યાંત્રિક કતલખાનાઓ મારફતે માંસની નિકાસ કરાય છે. આજે ગેરકાયદેસર પશુ-પક્ષીઓ તો ભારતમાં લાખોની સંખ્યામાં કપાઈ જાય છે, પણ કાયદેસર રીતે દરરોજ સાત લાખ પક્ષીઓ કપાય છે ! સાડા ત્રણ લાખ દરરોજ ઘેટાં-બકરાં અને ભૂંડ વગેરે કપાય છે અને પચાસ હજાર ગાયો દરરોજ કપાય છે !!

" કન્ફ્યુશિયસનો જવાબ "

ચીન દેશમાં કન્ફ્યુશિયસ ધર્મના સ્થાપક સંત કન્ફ્યુશિયસનો જન્મ ઈ.પૂર્વે ૫૫૦ માં અર્થાત્ ૨૫૦૦ વર્ષ પહેલાં ચીન દેશના લૂ રાજ્યમાં થયો હતો. એકવાર તેઓને ચીન દેશના સમ્રાટે પ્રશ્ન પૂછ્યો: " ચીનમાં મહાન વ્યક્તિ કોણ છે ? " ત્યારે કન્ફ્યુશિયસે કહ્યું : "સમ્રાટ ! આપ છો." સમ્રાટે પૂછ્યું : "હું કેવી રીતે મહાન છું ?" કન્ફ્યુશિયસે કહ્યું :

"તમે એટલા માટે મહાન છો કે, તમે હંમેશાં સત્ય જાણવા માટે તત્પર રહો છો." પછી સમ્રાટે ફરીને પૂછ્યું : " મારાથી કોણ મહાન છે ! " ત્યારે કન્ફ્યુશિયસે કહ્યું : "હું."

આવું સાંભળી રાજાએ પૂછ્યું : " તમે મારા કરતાં મહાન છો તેનું કારણ શું ?" કન્ફ્યુશિયસે કહ્યું : "તમે સત્યના કેવળ શોધક છો; જ્યારે હું તો સત્યનો પાલક છું, માટે તમારા કરતાં હું શ્રેષ્ઠ છું." ફરી સમ્રાટે પ્રશ્ન પૂછ્યો : " આપણાં બન્ને કરતાં પણ કોઈ મહાન છે ?" ત્યારે કન્ફ્યુશિયસે સુંદર જવાબ આપતાં કહ્યું : "રાજન્ ! એક પરોપકારી વૃદ્ધ વ્યક્તિ છે તે આપણા બન્નેથી શ્રેષ્ઠ છે, કારણ કે તે તો સત્યને સમર્પિત છે. તે વૃદ્ધ પરમાર્થ માટે હજુ પણ પરિશ્રમ કરે છે.

જે માનવ કીર્તિ અને સ્વાર્થ વિના કેવળ પોતાની ફરજ જાણી પ્રભુ પ્રસન્નાર્થે પરોપકાર કરે છે અને જેને પરોપકારના બદલામાં પોતાને પૂજાવાનો ડોળ નથી એ જ વ્યક્તિ હે રાજન્! સર્વથી મહાન કહેવાને લાયક છે; કારણ કે તેવા મહામાનવો ચંદનની પેઠે પોતે ઘસાઈને અન્યોને સુવાસ આપતા હોય છે."

ભક્તો ! રૂપિયા ત્રણ પ્રકારે વપરાતા હોય છે. આ વિશ્વની ધરતી ઉપર હાલ ઈ.૨૦૦૪ માં સવા છ અબજની વસ્તી છે. નાનાં બાળકોને બાદ કરતાં બાકીનાં તમામ નર-નારીઓ સંપત્તિને કાં તો વાપરે છે, કાં તો વેડફે છે અને કાં તો વાવે છે. સંપત્તિ વાપરવી એટલે જીવન ઉપયોગી વસ્તુ-પદાર્થમાં રોકાણ કરવું, સંપત્તિ વેડફવી એટલે મવાલી બની



ભોજ-શોખમાં ઉડાવી દેવી અને વાવવી એટલે પરોપકારમાં સદુપયોગ કરવો.

પરોપકારમાં વપરાયેલ ધનને એટલા માટે વાવવું કહેવામાં આવ્યું છે કે, એક અનાજનો દાણો વાવીએ એટલે ચાર મહિના બાદ એક દાણાના અનેક દાણા પાછા મળે છે; એ જ રીતે પરોપકારમાં જેટલું ધન વાપરીએ એટલે તેના નિશ્ચિત સમય પ્રમાણે અનંતઘણું થઈને ફરીને કોઈપણ રીતે પાછું મળે છે, તેથી જ વાવવું શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

" ચક્ષુદાન "

" पराया दर्द अपनाये, उसे ईन्सान कहते है ;
किसी के काम जो आये, उसे ईन्सान कहते है
पथिक को बांटकर खाये, उसे ईन्सान कहते है. "

ભક્તો ! દરેક જીવ પ્રાણી માત્રનું મૃત્યુ અનિવાર્ય છે અને મૃત્યુ બાદ શરીરને બાળી મૂકવાનું કે દાટી દેવાનું પણ નિશ્ચિત છે; એટલે શરીરનાં દરેક અંગોનો પણ નાશ થવાનો જ છે. તો આવા સમયે આંખ વગેરે અંગોનું દાન કરી દઈએ તો તેથી કોઈ સૂરદાસનું જીવન ઉજળું બની શકે છે.

સામાન્ય રીતે માણસના મૃત્યુ પછી તેમનાં કુટુંબીજનોની સંમતિ પછી આંખ વગેરેના શરીરનાં અવયવો દાન તરીકે લેવામાં આવે છે; પરંતુ હવે તો મૃત્યુ પહેલા પણ માણસ ચક્ષુદાનની નોંધ કરાવી શકે છે. મેં (લેખકે) પણ આંખોનું દાન કરી દીધેલ છે.

આંખોનું દાન કરનાર વ્યક્તિએ પોતાના નજીકના સ્નેહીઓને કહી રાખવું જોઈએ કે, મેં ચક્ષુદાન કર્યું છે, એટલે મારું મૃત્યુ થાય તુરંત નજીકની હોસ્પિટલને ફોન કરી બોલાવજો એટલે ડોક્ટર આવી મારી આંખો લઈ જાય અને કોઈની બુઝાઈ ગયેલ રોશનીને ફરી ઝળહળતી કરે. જો મૃત્યુ બાદ ૨૪ કલાક થઈ ગયા હોય તો પછી તે આંખો કામ આવી શકતી નથી, માટે તુરંત ડોક્ટર બોલાવવા અનિવાર્ય છે.

આજે ગુજરાતીઓ માટે ગૌરવ લીધા જેવું છે કે, ભારત દેશના તમામ અઠ્ઠાવીશ રાજ્યોમાં સૌ કરતા ગુજરાતમાં ચક્ષુદાન વધારે થાય છે ! હાલમાં તો ઘણા કોલેજીયન યુવકો અને યુવતીઓ પણ આઈબેંકમાં જઈ આંખોનું દાન કરવા પોતાનાં નામો નોંધાવી રહ્યાં છે. આંખોનું દાન તો દરેક સ્ત્રી-પુરુષોએ અત્યારથી જ કરી દેવું જોઈએ; કારણ કે જિંદગીનો દીપ કયારે બુઝાઈ જાય એનો કોઈ સમય નક્કી નથી. આપણી આંખોથી બીજા અંધને નવું જીવન મળે તેથી મોટું દાન બીજું કયું હોઈ શકે ?

આંખ સિવાય પણ શરીરના ઘણા અવયવો મૃત્યુ બાદ અન્યોના કામમાં આવતા હોય છે તો તેવાં અંગોનું પણ દાન કરવું જોઈએ. અમુક પરોપકારી તો જીવતા હોય ત્યારે પણ કીડની વગેરેનું દાન કરી બીજા માણસની જિંદગી બચાવી લેતા હોય છે. હમણા જ ઈ. ૨૦૦૪ માં અમેરિકાના પેન્સિલવેનિયામાં ઝેલ કાવિન્સકી નામના ધનવાને પોતાની જ એક કીડનીનું દાન કર્યું છે.



“ ભણસાલી ટ્રસ્ટ ”

“ औरों का भेडा पार कर तो तेरा भेडा पार है ;
कलजुग नहि, करजुग है, यह इस हाथ दे, उस हाथ ले.”

ભક્તો ! જ્યોતિ એ જીવનનું ચાલકબળ છે. જીવનમાં પ્રકાશ વિના અંધારું છે; તેથી વિચાર કરો કે આંખો વિનાના સૂરદાસોની શી હાલત હશે ? તેમને દુનિયાના કોઈ પણ પ્રકારનાં દૃશ્યો જોવા મળતાં નથી. દૃષ્ટિ સુખ એ ખૂબ મોટું સદ્‌નસીબ છે.

વર્તમાન સમયના અતિ વ્યસ્ત જીવનમાં આવા માનવો પ્રત્યે હમદર્દનો વિચાર કરનારાઓની ઘણી ખોટ જણાય છે - પણ ખારા સાગરમાં કયાંક મીઠી વીરડી કાંઠે નીકળતી હોય છે. એ જ રીતે સમાજમાં પણ એવા મહામાનવો અને મહા સંસ્થાઓરૂપી મીઠી વીરડીની સરવાણીઓ ફૂટી નીકળી તરસથી પીડાતા લોકોની પ્યાસ બુઝાવતી હોય છે. તો આવી એક મીઠી સરવાણી નીકળી છે ઉત્તર ગુજરાતમાં રાધનપુર શહેરમાં.

રાધનપુરમાં ‘ભણસાલી ટ્રસ્ટ’ છે. તે હંમેશાં નેત્રયજ્ઞો કર્યા કરીને માનવતાનું મહાન કાર્ય કરી રહ્યું છે. તે ટ્રસ્ટ છેલ્લા ૨૦ વર્ષથી સતત બૌદ્ધગયા (બિહાર રાજ્ય)માં જ્યાં બુદ્ધ ભગવાનને જ્ઞાન પ્રાપ્ત ગવા થયું હતું તે સ્થાનમાં નેત્રયજ્ઞ શિબિરોનું આયોજન કરે છે.

ઈ.૧૯૮૪ માં પ્રથમવાર ત્યાં ૧૮૦૦ જેટલાં આંખનાં ઓપરેશનો થયાં હતાં. અને પછી તો દર્દીઓનો વધારો થતો ગયો છે. ઈ.૨૦૦૩ માં સોળ હજાર પાંચસો આંખનાં ઓપરેશનો થયાં ! ત્યાં બૌદ્ધગયામાં ૧૯ વર્ષ દરમ્યાન કુલ બે લાખ ઉપર આંખનાં ઓપરેશનો થયાં છે !!

તે નેત્રયજ્ઞ શિબિરમાં ઉત્તરપ્રદેશ, દિલ્હી, ઝારખંડ અને ઠેઠ નેપાળથી પણ ગરીબ દર્દીઓ આવે છે. ત્યાં ટ્રસ્ટ તરફથી મફત સારવાર અને મફત જમવાનું પણ આપવામા આવે છે. આ કેમ્પ ત્રણ મહિના સુધી ચાલે છે. દરરોજ ચાર હજાર માણસોને તો ત્યાં જમવાનું આપવામાં આવે છે ! ત્યાંના લોકો ગુજરાતની સેવા-ભાવનાનાં ખૂબ ગુણગાન કરે છે. ભણસાલી ટ્રસ્ટની કાયમ માટે રાધનપુર અને ડીસામાં હોસ્પિટલો પણ ચાલે છે અને બીજા રાજ્યોમાં પણ નેત્રયજ્ઞો કરી દર્દીઓના આશીર્વાદો મેળવી પ્રભુને રાજી કરી રહ્યા છે.

આ પ્રમાણે સુરેન્દ્રનગરમાં આવેલ નિર્મળનગર સોસાયટીમાં પણ 'પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ' સંસ્થા ચાલે છે. ત્યાં અંધ યુવતીઓને રાખવામાં આવે છે અને તેમને યોગ્ય કામ પણ શીખવવામાં આવે છે. એ બાજું જાઓ ત્યારે મુલાકાત લઈ તેઓને મદદરૂપ બની પરોપકારનું ભાથું ભરી માનવતા બતાવજો.



“ ગોવિંદભાઈ ધોળકીયા ”

“ જ્યારે સાગર શોષાયે ખુશીથી, ત્યારે વાદળ બને છે ગગનમાં ;
દાણા દેવાને દુનિયાને માટે, પીડા વેઠે છે ધરતી બદનમાં.
જાતે સળગી ખુશ્બુ ફેલાવે ધૂપસળી, એની કુરબાની કેવી તમન્ના ભરી;
મારી શક્તિ વપરાજો પરમાર્થમાં, એજ માગું પ્રભુ તવ ચરણોમાં.”

ભક્તો ! સામાન્ય માણસ જીવતો હોય ત્યાં સુધી જ તેમનું નામ બોલાયા કરતું હોય છે. માણસ જીવતો હોય ત્યાં સુધી જ તેમનું આયુષ્ય કહેવાય છે; કારણ કે મૃત્યુની સાથે જ તેમનું અસ્તિત્વ નષ્ટ થઈ જાય છે; પરંતુ પરોપકારી લોકો માટે એવું નથી, પરોપકારી પુરુષોનું બીજું આયુષ્ય મૃત્યુ પછી શરૂ થાય છે ! તેઓએ કરેલાં સદ્કાર્યોરૂપે તેઓ જીવંત દેખાઈ આવે છે. બીજાઓનું જીવન વધુ સુખી થાય એવો પ્રયાસ કરવો, બીજાઓનાં જીવન ટકાવવાના પ્રયત્નો કરવા અને બીજાઓનાં જીવનનું પોષણ કરવું તેમજ વિકાસ કરવો એ પરોપકારનું હાર્દ માનવામાં આવે છે.

એક વાત યાદ રાખો કે, આવેશભાવને વશ થઈ સમાજ અને દેશ માટે ગોળી ખાઈને શહીદ થઈ જવું એ સરળ કહેવાય છે, પણ દીવડાની જેમ આખાયે જીવનદીપને પરોપકાર માટે પ્રકાશવો એ કઠિન તપ છે અને એ છતાં એ માર્ગે જે ચાલી રહ્યા છે તેઓ વંદન કરવા યોગ્ય છે અને ધન્યવાદને પાત્ર છે.

પોતાના જીવનદીપ દ્વારા અનેકના જીવન દીવડાઓમાં



પરોપકારનાં દિવેલ પૂરી ઝળહળાવી રહ્યા છે એવા વર્તમાન સમયમાં ઘણા દીપક છે, એવા દીવડાઓમાંથી એક દીપકની રોશની આપ સર્વે વાચકવર્ગ સમક્ષ પ્રગટ કરી રહ્યો છું, તેઓનું શુભ નામ છે ગોવિંદભાઈ ધોળકિયા.

તેઓનો જન્મ સૌરાષ્ટ્રના અમરેલી જીલ્લાના લાઠી તાલુકામાં આવેલ દુધાળા ગામમાં ઈ.સ.૧૯૫૦ માં થયો હતો. નાનપણથી જ સંવેદનશીલ અને ઉદાર હૃદય હતું અને વળી પરમાત્માએ દૈવી લક્ષ્મી આપી; એટલે તે સંપત્તિનો માનવ જીવનના ઉત્થાન માટે સદુપયોગ કરવા લાગ્યા.

હાલમાં તેઓ ડાયમંડ નગરી સુરતમાં રહી ડાયમંડનો બહોળો બિઝનેસ ચલાવી રહ્યા છે. અને સાથોસાથ 'માનવ સેવા એ પણ પ્રભુ સેવા છે ' આ મંત્રને જીવનમાં ઉતારી ૨૦ ઉપરાંત સંસ્થાઓ ચલાવી રહ્યા છે. ભગવાન અને મહાપુરુષોની કૃપાથી તેઓનો બહોળો પરિવાર અબજો રૂપિયાની સંપત્તિ ધરાવતો હોવા છતાં સંપૂર્ણપણે વ્યસનોથી રહિત છે. ! અતિવૃષ્ટિ,અનાવૃષ્ટિ વગેરે કુદરતી હોનારતોમાં માનવ સેવા કરી તેઓ માનવ તરીકે ફરજ બજાવી રહ્યા છે.



ભક્તો ! ધાર્મિકતાનું માપ કેવળ સંપ્રદાયનાં ચિહ્નો પરથી નથી કાઢી શકાતું, પણ તે સંપ્રદાયના અનુયાયીઓ માનવતાનાં કેટલાં કાર્યો કરે છે તેના પરથી નીકળી શકે છે. દીન-દુ:ખિયા-લાચાર એવા નિરાધાર માનવો અને અબોલ પશુઓ-પક્ષીઓ


વગેરેના સહાયક થવામાં ખરી ધાર્મિકતા રહેલી છે.

પ્રસાદ ભાળીને તેના પર તૂટી પડવાથી ધાર્મિકતા નથી કહેવાતી. દુ:ખથી પીડાતા માણસને કોઈ આવી દુ:ખથી છોડાવે એટલે પેલા માણસને તેના પ્રત્યે સદ્‌ભાવના તુરંત પ્રગટે છે અને પછી તે તેનો આશ્રિત પણ જઈ જાય છે. ખ્રિસ્તી મિશનરીઓ તેનું જીવંત દૃષ્ટાંત છે. દરેક સંપ્રદાયના ધર્મગુરૂઓ અને સંતો માનવતાનાં કામો કરવા લાગી જાય તો તેઓનાં ધર્મસ્થાનો સોના-ચાંદીના દ્વાર વિના પણ દીપી ઊઠે છે.

વર્તમાન સમયમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં આગવું સ્થાન ધરાવતી સંસ્થા રાજકોટમાં આવેલ છે. જે સંસ્થા શિક્ષણને માધ્યમ બનાવી મુમુક્ષુઓને ભક્તિ અને મુક્તિનો રાહ બતાવે છે. આ સંસ્થાનું શુભ નામ છે. " શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ." જેઓના સંસ્થાપક હતા પ.પૂ.સદ્‌ગુરૂવર્ય શ્રી ધર્મજીવનદાસજી સ્વામી.

ઈ.સ. ૧૯૪૮ની સાલમાં પૂજ્ય સ્વામીજીએ સંસ્થાની શરૂઆત કરી હતી. હાલમાં આ સંસ્થાના અધ્યક્ષ દેવકૃષ્ણ સ્વામી અને શાસ્ત્રી શ્રી માધવપ્રિય સ્વામી વગેરે સંતો માનવતાનાં અનેક કાર્યો કરી સ્વામિનારાયણ મહાપ્રભુનો રાજીપો મેળવી રહ્યા છે.

હાલમાં સંપૂર્ણ સુવિધાયુક્ત સંસ્થાની હોસ્પિટલ છે. તેમાં મધ્યમ વર્ગના લોકોને સામાન્ય ફી લઈને તેમજ ગરીબ વર્ગને ફ્રી અર્થાત્ મફત સારવાર આપવામાં આવે છે. આ સિવાય સંસ્થા દ્વારા અનેક રક્તદાન કેમ્પો, અન્નદાન વિતરણો, દંતયજ્ઞો, જળ સંગ્રહ માટે અનેક ચેકડેમોનું નિર્માણ,

અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ સમયે લોકોને આર્થિક સહાય, ભૂકંપ વગેરે કુદરતી આપત્તિઓમાં જરૂરી ચીજ-વસ્તુઓનું વિતરણ અને અનેક સર્વરોગ નિદાન કેમ્પો દ્વારા દર્દીનારાયણોની સેવા કરી માનવ મંદિરમાં બીરાજતા પરમાત્માને પ્રસન્ન કરી રહ્યા છે. વર્તમાન સમયમાં આ સંસ્થાની ૧૦ શાખાઓ ચાલે છે, તેમાં ચૈતન્ય મંદિરોનું નિર્માણ થઈ રહ્યું છે.

" રણછોડદાસજી મહારાજ "

" જિંદગીની એ જ સાચોસાચ પડઘો છે ગની;
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે "

– ગની દહીંવાલા

ભક્તો ! 'માનવ સેવાથી મોટો કોઈ ધર્મ નથી ' એવું રણછોડદાસ મહારાજ માનતા હતા. નિજ સ્વાર્થના હેતુસર કર્મ કરવાની અને તેને વિકસાવવાની પ્રવૃત્તિ સર્વત્ર થતી હોય છે, પરંતુ નિ:સ્વાર્થભાવે કર્મની પ્રવૃત્તિ કરવી એ મહાપુરુષોનું લક્ષણ છે. સૌથી વધુ ખાવાના અને સૌથી વધુ સમય ભુખ્યા રહેવાના વર્લ્ડ રેકોર્ડ ગિનેસ બુકમાં નોંધાયેલા છે, પણ માનવ સેવા કરવામાં તો ભારતનો વર્લ્ડ રેકોર્ડ સતયુગથી આજ પર્યંત સુધીનો અણનમ જ છે.

ભારતનાં સજ્જનો, સંતો અને મહામાનવો દ્વારા માનવસેવા આજ સુધી જેટલી થઈ છે તેટલી દુનિયાના કોઈપણ દેશના લોકો દ્વારા થઈ નથી એવું ઈતિહાસ દ્વારા



જાણવા મળે છે. હા, અનેક દેશોમાં માનવ-સેવાની પ્રવૃત્તિ ઘણી ચાલે છે, પરંતુ ભારત જેટલી તો નથી જ ચાલતી ! એ નિર્વિવાદ સત્ય છે. એવા જ માનવ-સેવાના ભેખધારી થયા છે રણછોડદાસજી મહારાજ.

ચિત્રકૂટ ધામમાં 'સદ્‌ગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ'ની સ્થાપના રણછોડદાસજી મહારાજે કરી છે. તેઓએ સૌ પ્રથમ ઈ.૧૯૫૦ માં અંધાપા નિવારણ માટે આંખનો કેમ્પ યોજ્યો હતો. ૫૩ વર્ષમાં કુલ ૫,૨૬,૧૮૭ લોકોની આંખનાં ઓપરેશનો કરીને તેમને નવી રોશની પ્રદાન કરાઈ છે ! ઈ.૧૯૯૮ થી દર વર્ષે ૨૦ હજાર કરતાં વધુ ઓપરેશનો થાય છે. ચિત્રકૂટમાં વિશાળ સંખ્યામાં લોકો લાભ લઈ શકે તે માટે જ ૩૫૦ પથારી અને સંપૂર્ણ સુવિધાસભર ' સદ્‌ગુરૂ નેત્ર ચિકિત્સાલય' હોસ્પિટલ ઈ.સ. ૨૦૦૧ માં શરૂ થઈ છે. દર વર્ષે આ હોસ્પિટલ ૩૦ હજાર સર્જરી કરે છે !

ચિત્રકૂટમાં સદ્‌ગુરૂ સેવા સંઘ ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૨૦૦૨-૨૦૦૩ માં ૧,૭૬,૧૫૩ આઉટડોર, (સંસ્થા દ્વારા બહાર કેમ્પો કરીને) અને ૩૭,૭૮૫ ઈનડોર (સંસ્થાની હોસ્પિટલ તથા દવાખાનાંઓ દ્વારા) દર્દીઓને સારવાર અપાઈ હતી અને ૨૯,૩૧૫ આઈ સર્જરી કરવામાં આવી હતી ! દેશમાં લાખો લોકો અપંગ છે, તેથી પોલિયો સુધારણા કેમ્પનું પણ અહીં ૧૯૮૮ થી દર વર્ષે ગુરૂપૂર્ણિમાએ આયોજન થાય છે. દર વર્ષે પ્લાસ્ટિક સર્જરી કેમ્પ પણ થાય છે.

આ સિવાય સંસ્થામાં ' શ્રી રામ સંસ્કૃત મહાવિદ્યાલય'



ગૌશાળા, સ્કુલ વગેરે અનેક પરોપકારનાં કાર્યો હાલ ચાલી રહ્યાં છે. ઈ.૧૯૭૩ થી વિદિશા જીલ્લાના આનંદપુરમાં અદ્યતન હોસ્પિટલ ચાલે છે. જેમાં અત્યાર સુધીમાં અઢાર લાખ દર્દીઓને સારવાર આપી છે !! લાખો દર્દીઓના જેમને અંતરના આશિષ મળે છે એવા રણછોડદાસજી મહારાજનાં ચરણોમાં વંદન કરું છું.

“ વીરાયતન ટ્રસ્ટ ”

ભક્તો ! વીરાયતન ટ્રસ્ટ ખરેખર માનવજાતની સેવા કરવા માટેનું સમર્પિત ટ્રસ્ટ છે. તે ટ્રસ્ટ કોઈપણ પ્રકારના નાત-જાત, ધર્મ-સંપ્રદાય કે સામાજિક-આર્થિક દરજ્જાના ભેદભાવોથી પર છે. માનવજાતની સેવા દ્વારા મહાવીર સ્વામીના અહિંસા, પ્રેમ અને કરુણાના સંદેશની જ્યોત જેમણે પ્રજ્વલિત કરી છે, એવા જૈન ઉપાધ્યાય શ્રી અમરમુનિજી મહારાજની પ્રેરણાથી સાધ્વી શ્રી ચંદનાજીએ ઈ.૧૯૭૩ માં મહાવીર સ્વામી અને બુદ્ધપ્રભુની કર્મભૂમિ એવા બિહાર રાજ્યની પવિત્ર ભૂમિ રાજગીરમાં ‘વીરાયતન’ ટ્રસ્ટની સ્થાપના કરી છે.

તેઓએ અન્ય સાધ્વીઓના સાથ-સહયોગથી ત્રણ દાયકામાં લોક-કલ્યાણના ક્ષેત્રે સેવા,શિક્ષણ અને હજારો ગરીબો, અનાથો અને દુ:ખીઓના અંધકારમય જીવનમાં પ્રકાશની જ્યોત ઝગમગાવી છે. ટ્રસ્ટના સ્થાપક આચાર્યશ્રી ચંદનાજી અને તેમનું સાધ્વીવૃંદ પીડિતો અને વંચિતોના



અંધકારમય જીવનમાં મીણબત્તીઓ પ્રગટાવવાનું કાર્ય એટલી સુંદર રીતે કરી રહ્યા છે કે, અમેરિકી કોંગ્રેસમેન ફ્રેન્ક પેલોન પણ ચંદનાજીનાં કાર્યોને મધર ટેરેસાનાં સેવાકાર્યો સાથે સરખાવી રહ્યા છે.

ઈ. ૨૦૦૧ ની સાલના ભૂકંપ પછી કચ્છના પીડિતો અને અનાથોની સેવાનું ભગીરથ કાર્ય તેમનાં શિષ્યા શ્રી શિલાપીજી કરી રહ્યાં છે. ભૂજથી ૫૦ કિલોમીટર દૂર આવેલ જખનિયામાં 'વીરાયતન'નું નવું કાયમી મથક ૨૧ એકર જમીનમાં આકાર લઈ રહ્યું છે. બિહાર રાજગીરમાં આંખની હોસ્પિટલ ચાલે છે અને હાડકાંના દર્દોની હોસ્પિટલ ચાલે છે. ત્યાં આઠ લાખથી વધુ દર્દીઓની આંખોની સારવાર કરાઈ છે! અને દોઢ લાખ લોકોના મોતિયાનાં ઓપરેશનો કરાયાં છે!

આપણે જનસેવા દ્વારા પ્રભુસેવાના પાઠ ભણીશું તો પ્રભુપ્રાપ્તિના વિશ્વ વિદ્યાલયમાં દાખલ થવાની યોગ્યતા જલ્દી પ્રાપ્ત કરી શકાશે. જનસેવા એ ઋણભક્તિ છે. આખું જીવન આપણે સમાજ પાસેથી લાભો મેળવતા રહ્યા છીએ એ કરજ ચૂકવ્યા સિવાય વિદાય થવાનો આપણને અધિકાર નથી. જીવનમાં સેવા, સમર્પણ અને ભક્તિ આવે, પછી જે સર્વોત્તમ આનંદ છે તેને શોધવા જવું પડતું નથી તે તો સામે ચાલીને પ્રાપ્ત થાય છે.' પ્રેમ દ્વારા જીવનનું પાંદડું ફૂલ બને છે, પણ સેવા દ્વારા તે ફૂલ ફળ બની જાય છે !'

“ રોક ફેલરના ચેક રીટન ! ”

ભક્તો ! અબજોપતિ રોક ફેલરના જીવનની આ ઘટના છે. આખી જિંદગી ડોલર ભેગા કરતાં કરતાં એક વાર આ વ્યક્તિ અબજોપતિ બની ગઈ હતી ! તેના જીવનનું લક્ષ્ય કેવળ સંપત્તિ જ ભેગી કરવાનું હતું. તેમાં અચાનક ભયંકર બીમારીએ ભરડો લીધો અને ભીતરથી જ્ઞાન પ્રગટ થયું : “અરે ! આખી જિંદગી ડોલર કમાવવા પાછળ વેડફી નાખી ! ન કાંઈ દાન કર્યું કે ન કોઈ પ્રાર્થના કરી. લાવ, હજું જીવન બાકી છે એમાં પુણ્યનું ભાથું ભરી લઉ.”

આ પ્રમાણે મનોમન નક્કી કરી રોક ફેલરે પોતાના સેક્રેટરીને બોલાવી ચેકબુક મગાવીને લાખો ડોલરના ચેક પરોપકાર કરતી સંસ્થાઓના નામે લખી, મોકલી આપવા હુકમ કર્યો. આશ્ચર્ય સાથે સેક્રેટરીએ દરેક ચેક નામાંકિત એવી દરેક સંસ્થાઓને મોકલી આપ્યા. પણ આશ્ચર્ય થયું !

થોડા દિવસ પછી દરેક ચેક પાછા આવ્યા ! સેક્રેટરીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે, તમામ સંસ્થાવાળાઓ એવું માનતા હતા કે, “રોક ફેલર એટલો બધો કંજૂસ માણસ છે કે તેમણે જિંદગીમાં ક્યારેય પણ દાન કર્યું નથી. આવા લોભિયાનું દાન આપણે જો રાખીશું તો આપણી સંસ્થાઓની પડતી આવશે અને પાઈમાલ થઈ જઈશું.”

આવું નક્કી કરી બધા જ ચેક પરત મોકલી આપ્યા હતા ! આ વાત સેક્રેટરીએ રોક ફેલરને કહી ત્યારે એ સ્તબ્ધ જ બની ગયો ! પોતાની કંજુસાઈ બદલ તેમને પસ્તાવો થવા લાગ્યો અને

તેથી બંને આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી ! પછી તે ચેકો બીજી વ્યક્તિના નામે લખીને ગુપ્તરીતે મોકલ્યા તેથી સ્વીકારવામાં આવ્યા હતા !

ભક્તો, જ્યાં દાનધર્મની આરાધના છે ત્યાં વિગ્રહ થવાની કોઈ સંભાવના નથી. ઈતિહાસ તપાસતાં એવું જાણવા મળે છે કે, જ્યાં સંગ્રહની વૃત્તિ જોર પામી છે ત્યાં ખૂંખાર યુદ્ધો ખેલાઈ ગયાં છે અને આની સામે જ્યાં છોડી દેવાની વૃત્તિ કેળવાઈ છે ત્યાં શરૂ થયેલાં યુદ્ધો પણ અટકી ગયાં છે.

'હું દુનિયા આખીને મારી કરી દઉં' આ પ્રકારની ગોઝારી વિચાર સરણીએ કાળો કેર વર્તાવ્યો છે. – તો આની સામે જ એવા પણ લોકો છે કે જેઓ બોલે છે કે, " હું મારી સંપત્તિ પરોપકાર માટે વાપરું અને નિરાધાર લોકોને આગળ લાવી તેઓની આજીવિકા બાંધી આપું !" આવી વિચારવાન વ્યક્તિ સર્વત્ર પ્રસન્નતાનું વાતાવરણ ખડું કરી દે છે.

" સેવામૂર્તિ કાગાવા "

સેવામૂર્તિ કાગાવાનો જન્મ ઈ.૧૮૮૮ માં જાપાનમાં થયો હતો. તેમનું નામ ટોયોહિકો હતું. એમની યાદ શક્તિ એટલી બધી પ્રબળ હતી કે, ભણાવનારા પ્રોફેસરો પણ છક્ક થઈ જતા હતા. તેઓનો સ્વભાવ એકાંતપ્રિય હતો અને સદ્ગ્રંથો વાંચવાનો એમને શોખ હતો. સૌથી વિશેષતા એમનામાં એ હતી કે, તેઓનું હૃદય હંમેશાં કરૂણા સભર જ રહેતું હતું. કોઈ પણ જીવ પ્રાણીમાત્રને દુ:ખી જોઈ તેઓ પણ દુ:ખી થઈ જતા અને સામેવાળાનું દુ:ખ પણ દૂર કરતા.

એકવાર તેઓ કોલેજમાં જતા હતા. ત્યાં તેમની નજર એક બિલાડીના બચ્ચા પર પડી. તે બચ્ચું પાણીમાં તણાઈ રહ્યું હતું. કંઈ પણ વિચાર કર્યા વિના કાગાવાએ તુરંત પાણીમાં ઝંપલાવ્યું અને બચ્ચાને પકડી બચાવી લીધું. તેઓ કોઈપણ ભિખારીને જુવે એટલે પહેરેલાં કપડાં પણ આપી દેતા અને જમાડતા. પગમાં ચંપલ ન હોય તો પહેરેલા ચંપલ પણ આપી દેતા. આવા તો દયાળુ હતા.

તેઓએ ઈ. ૧૯૦૮ માં ગરીબોના લત્તાઓમાં જઈને રોગીઓની સેવા કરવાનું શરૂકર્યું હતું. સાથોસાથ દારૂડિયાઓને પણ સમજાવી સુધારવાનું શરૂ કર્યું હતું. તેઓ જાતે મહેનત કરી લોકોને ખવડાવતા હતા. બીજી કોઈ જરૂર પડે તો પણ મદદ કરતા હતા.

કાગાવા ગરીબ મજૂરો પ્રત્યે અન્યાય કરતા જમીનદારોને સમજાવતા હતા, પરંતુ તેઓ માનતા ન હતા તેથી મજૂરોની આગેવાની નીચે હડતાલો પડાવતા અને ગરીબોના પક્ષમાં સતત રહેતા હતા. એના કારણે ધનવાન શેઠિયાઓ ગુંડાઓને મોકલી માર મરાવતા હતા, તો પણ કાગાવા માર સહન કરીને પણ પોતાની પરોપકારની પ્રવૃત્તિ તો ચાલુ જ રાખતા હતા.

એક વાર ધનવાનોના કહેવાથી જાપાનની સરકારે એવો કાયદો કર્યો કે, " મજૂર મહાજન વગેરે મંડળોની સ્થાપના કોઈએ પણ કરવી નહિ અને સભાઓ પણ ભરવી નહિ." આ કાયદાનો કાગાવાએ વિરોધ કર્યો એટલે ધરપકડ કરી જેલમાં પૂર્યા હતાં. તેઓ સાહિત્યકાર હોવાથી જેલમાં પણ સમયનો સદુપયોગ કરી પુસ્તક લખ્યું હતું. લોકોનો વિરોધ થતાં તેઓને



છોડી મૂક્યા અને સરકારે કાયદો પાછો ખેંચી લીધો. પછી કાગાવાએ ઈ.૧૯૨૧ માં ' શ્રમજીવી સંઘ' ની સ્થાપના કરી.

ઈ.૧૯૨૩ માં જાપાનમાં ભયંકર ભૂકંપ થયો હતો તેમાં એક લાખ લોકો મૃત્યુ પામ્યા ! લાખો લોકો ઘવાયા, લાખો લોકો બેઘર થઈ ગયા હતા અને અબજો પાઉન્ડનું નુકશાન થયું હતું. તે સમયે કાગાવાની આગેવાની નીચે ખુબ સેવા કરવામાં આવી હતી તેના કારણે આખા જાપાન દેશમાં તેઓ પ્રખ્યાત બની ગયા હતા.

તેઓએ મજૂરો અને ગરીબો માટે અનેક કાયદાઓ કરાવ્યા હતા, તેથી જ તેઓ ગરીબોના દિલમાં વસી ગયા હતા. સાહિત્યક્ષેત્રમાં પણ તેઓએ ૫૦ પુસ્તકો લખી પોતાનું નામ અમર કરતા ગયા છે. તેઓનું પુસ્તક છપાયું તુરંત જ ૧૨ લાખ કોપીઓ (પુસ્તકો) વેચાઈ ગઈ હતી !

" મહારાજા રણજીતસિંહજી "

૧૯ મી સદીની શરૂઆતમાં મહારાજા રણજીતસિંહજી પંજાબ કેસરી તરીકે ઓળખાતા હતા. તેઓએ પંજાબથી છેક અફઘાનિસ્તાન સુધી પોતાના રાજ્યના સીમાડા વધાર્યા હતા. અંગ્રેજો ઉપર તેઓની ધાક હતી એને કારણે તો જ્યાં સુધી તેઓ જીવતા હતા ત્યાં સુધી તેમની સરહદમાં પગ મૂકવાની અંગ્રેજ સરકાર હિંમત પણ કરી શકતી ન હતી.

આ પ્રસંગમાં તેમની શૂરવીરતાની વાત નથી કરવી,

પણ ઉદારતા અને પરોપકારની વાત કરવી છે. પંજાબમાં એકવાર ઉપરા ઉપરી ત્રણ વર્ષ દુષ્કાળ પડ્યો. તેના કારણે પૈસા આપતાં પણ અનાજ કે પાણી મળતું ન હતું. લોકો ભૂખના દુ:ખથી મરવા લાગ્યા હતા.

આવા સમયે દયાળુ દિલના એ શૂરવીરની આંખોમાં પણ આંસુઓ છલકાયાં હતાં. તેઓએ રાજ્યના કોઠાર તો ખોલાવી નાખ્યા હતા, પણ પોતાના પરિવાર માટે રાખેલ અનાજના કોઠારો પણ ખોલાવી નાખ્યા અને રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે,“ ગરીબ વ્યક્તિને દર અઠવાડિયે ૨૦ શેર અનાજ રાજ્યના કોઠારમાંથી મફત મળશે, માટે ગરીબોએ આવીને અનાજ લઈ જવું.”

આવું સાંભળતા તો ભૂખ્યાઓનાં ધાડાંને ધાડાં આવવા લાગ્યા. તેમાં એક વૃદ્ધ પણ નાના બાળકને લઈને અનાજની લાઈનમાં ઊભા હતા. સાંજ પડી તેથી કોઠાર બંધ થયા. દરેકને સવારે આવવા કહ્યું. ત્યારે પેલા દાદાએ તેના પુત્રને કહ્યું : “બેટા ! આપણો કેવા અભાગિયા છીએ કે નદીને કિનારે આવીને પણ તરસ્યા જવું પડે છે.”

આ વાત બાજુમાં ઊભેલા સૈનિકે સાંભળી તેથી પૂછ્યું: “તમે કોણ છો ?” વૃદ્ધે કહ્યું : “ગરીબ ધોબી છીએ. આ છોકરાનો બાપ મરી ગયો છે અને બીજું કોઈ યુવાન ઘરમાં નથી એટલે હું અહીં અનાજ લેવા માંડ માંડ આવ્યો છું, કાલે ફરીને ચાલી શકાશે નહી, કારણ કે ઘણા દિવસથી અનાજ ખાવા મળ્યું નથી.”

આવું સાંભળી પેલા સૈનિકનું હૃદય કરૂણાથી વલોવાઈ

ગયું. તુરંત ૨૦ શેર આપવા નોકરને હૂકમ કર્યો. ત્યારે વૃદ્ધે કહ્યું: "બે અઠ્વાડિયાનું ભેગું આપી દો તો સારું, હું માંડ માંડ ચાલી શકું છું." પછી બીજું ૨૦ શેર અપાવ્યું. ૪૦ શેર અનાજ બાંધીને ઉપાડ્યું, પણ વૃદ્ધ હોવાને કારણે ચાલી શક્યા નહિ, ત્યાં જ પડી ગયા ! તુરંત પેલા સૈનિકે ઊભા કર્યા અને પેલી અનાજ ભરેલી ગાંસડી પોતાની ઉપર લઈ ડોસાને ઘેર મૂકી આવ્યા.

રસ્તામાં સૈનિકો સલામ કરતા હતા તેથી વૃદ્ધે કારણ પુછ્યું. ત્યારે સૈનિકોએ કહ્યું : "તમારું અનાજ ઉપાડનાર સૈનિક ન હતા, પણ ખુદ મહારાજા રણજીતસિંહજી હતા !"આવું સાંભળી વૃદ્ધની આંતરડીમાંથી આશીર્વાદ નીકળ્યા : "લાખો મરજો, પણ લાખોનો પાલનહાર ન મરજો."

" ડો.આઈન્સ્ટાઈન "

વિજ્ઞાન જગતના પિતામહ ગણાતા મહાન વૈજ્ઞાનિક અણુ સંશોધક ડો.આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મ ઈ.૧૮૭૯ માં દક્ષિણ જર્મનીમાં યહૂદી જ્ઞાતિમાં થયો હતો. તેઓ રશિયામાં સૂર્યગ્રહણનો અભ્યાસ કરવા ગયા તે સમયે પહેલું વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું હતું. તેથી યુદ્ધમાં જીત મેળવવા માટે બીજા વિજ્ઞાનીઓએ આઈન્સ્ટાઈનને કહ્યું : "જેટલી માગો તેટલી સંપત્તિ આપી દઈએ, પણ તેના બદલારૂપે અમોને અણુશક્તિની શોધ સુપરત કરી દો. અમારે અણુબોંબ બનાવવો છે."

આવું સાંભળતા જ ક્રોધ કરીને આઈન્સ્ટાઈન બોલ્યા: "અત્યાચારીઓ ! મારી શોધનો ઉપયોગ લોક કલ્યાણ માટે મેં કર્યો છે. મારા આવાસમાં તો માનવતાનાં ગીતોનું અખંડ ગુંજન થાય છે. તમારી ક્રૂર કત્લેઆમમાં હું હાથો બનવા નથી માંગતો." ઈ. ૧૯૨૧માં તેઓને અણુશક્તિ સંશોધન બદલ વિશ્વ પ્રસિદ્ધ 'નોબેલ પારિતોષિક' આપવામાં આવ્યું હતું. યહૂદી હોવાથી પોતાની હત્યા હિટલર કરાવવાનો છે એવો ખ્યાલ આવતાં જ તેઓ જર્મની છોડી અમેરિકા જતા રહ્યા હતા.

આ પ્રસંગે મારે તેઓના દયાળુ અને પરોપકારી સ્વભાવની થોડી વાત કરવી છે. તેઓ કેવળ વિજ્ઞાનિક જ ન હતા, પરંતુ એક મહામાનવ પણ હતા. દરરોજ તેઓના બંગલે દાન લેનારાઓની લાઈન લાગતી હતી ! વિજ્ઞાન શાળામાં સંશોધન બદલ જેટલા ડોલર પગારરૂપે અને પુરસ્કારરૂપે આવતા તેમાંથી ઘર ચાલે એટલા રાખી બાકીના ડોલરનું ગરીબોને દાન કરી દેતા હતા, આ એમનો કાયમ માટે નિયમ હતો! તેઓ બજારમાં નીકળે અને કોઈ ઠંડીથી ધ્રૂજતો હોય તો પોતાનો પહેરેલ કોટ પણ આપી દેતા. આવા દયાળુ હતા.

તેઓ કાયમ માટે સાદાં કપડાં જ પહેરતા. દુ:ખી લોકોને જોઈ ગમે તેમ કરી તેઓનાં દુ:ખ દૂર કરતા હતા. ડો. આઈન્સ્ટાઈન હંમેશાં થર્ડ કલાસના ડબામાં જ મુસાફરી કરતા હતા. પોતે ખાવા-પીવામાં અને હરવા-ફરવામાં કરકસર કરી ડોલર બચાવતા અને ગરીબોને મદદ કરતા હતા. કેટલીયવાર તો તેમણે ડોલર ખૂટી જવાને કારણે પહેરેલાં વસ્ત્રો ગરીબોને દાનમાં આપી દીધાં હતાં ! તેઓ કહેતા કે,



"અંગત સ્વાર્થ ખાતર જીવાતું જીવન એ પશુ જીવન છે. જીવનની પળેપળનો સદુપયોગ પરમાર્થે કરાનારનું જીવન જ ખરા અર્થમાં માનવ જીવન કહેવાય છે."

ઈ.૧૯૪૫ માં અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે આઈન્સ્ટાઈનને પૂછ્યું હતું કે : " અણુબોંબ નાખ્યા સિવાય યુદ્ધ જીતાય એમ નથી તો શું કરવું ?" ત્યારે તેઓએ કહ્યું હતું : " માનવ જાતનું શ્રેય ઓછા સમયમાં થાય તે માટે મે અણુ સંશોધન કર્યું છે. તેનો વિનાશક વિચાર સ્વપ્નમાં પણ વિચાર્યો નથી. છતાં દુશ્મનોને ડરાવવા નિર્જન સ્થાનમાં ઉપયોગ કરો, એટલે કોઈ મરે નહિ." પરંતુ લશ્કરી વડાના આગ્રહને વશ થઈ અણુબોંબ જાપાનના નાગાસાકી અને હિરોશીમા પર ફેંકાયા ! તેથી ઈતિહાસ સર્જાઈ ગયો.

" ગોલ્ફ ખેલાડી રોબર્ટ "

ભક્તો ! માણસની મહત્તા એનામાં રહેલી કરૂણાથી ઓળખાય છે. જો કરૂણા જેવો ગુણ ન હોય તો માણસનું કોઈ મૂલ્ય નથી ગણાતું. પછી એ સજીવ માણસ હોય કે નિર્જીવ પૂતળું, બંને સંવેદન શૂન્યતાની દૃષ્ટિએ સમાન ગણી શકાય છે; પરંતુ મારે વાત કરવી છે એવા માનવની કે જે કરૂણાના સાથી હતા અને ઉદારતાના સાગર હતા. તો સાંભળો છલકાતી ઉદાર ભાવનાવાળા માનવીની ઉદાર ભાવના.

દક્ષિણ અમેરિકા ખંડમાં આર્જેન્ટિના, કોલમ્બિયા, ગયાના, પેરુગ્વે, પેરુ, બોલિવિયા, બ્રાઝિલ, ઉરુગ્વે,

વેનેઝુએલા અને સુરિનામ વગેરે ૧૩ નાના નાના દેશો આવેલ છે. તેમાં આર્જેન્ટિના દેશમાં ગોલ્ફ ટીમના રમતવીર રોબર્ટ ડી.વિન્સેન્ઝો જેટલા રમતવીર તરીકે પ્રખ્યાત હતા, તેટલા જ કરુણાભીના માનવી તરીકે પણ પ્રખ્યાત હતા. કોઈ દીન-દુ:ખી આવીને જે માગતા તુરંત તેઓ આપી દેતા હતા. બે કે આવી ઉદારતાને કારણે તેમની માનવતાનો ઘણીવાર અમુક લોકો ગેરલાભ પણ ઉઠાવતા હતા.

એક વાર ગોલ્ફની સ્પર્ધામાં વિજય મેળવી આયોજકો તરફથી સન્માનનો ચેક લઈને તેઓ પોતાની મોટરમાં બેસતા હતા ત્યાં જ એક યુવતી આવીને કરગરતી કહેવા લાગી : " હું ગરીબ છું, મારો બાળક મરણ મથારીએ છે. તેની દવાના પૈસા મારી પાસે નથી, માટે મને મદદ કરો; નહિતર મારો પુત્ર મૃત્યુ પામશે."

આવું સાંભળી દયાનો દિલરાવ પીગળી ગયો. તુરંત તેમણે પેલો મોટી રકમનો ચેક ભેટ આવ્યો હતો તે આપીને બોલ્યા :" લે બેન ! અત્યારે જ તારા પુત્રને હોસ્પિટલમાં લઈ જા.વધારે જરૂર પડે તો મારા ઘેર આવજે." ત્યાર પછી ફરી ગોલ્ફ રમવા માટે તેઓ આવ્યા ત્યારે મિત્રોએ કહ્યું : " પેલી સ્ત્રી તમોને છેતરીને ચેક લઈ ગઈ છે; તે હજું પરણી જ નથી, તો પછી બાળક ક્યાંથી હોય ? અમોએ તેની તપાસ કરી છે."

આવું સાંભળી રોબર્ટ બોલ્યા : "બાળક મરણ પથારીએ જ નથી, એવું મને કહી તમોએ એક આનંદદાયક સમાચાર સંભળાવ્યા છે; પણ તે સ્ત્રી ખોટું બોલી ચેક લઈ ગઈ તેનું મને



દુઃખ નથી. હું એવું માનીને ગરીબોને મદદ કરવી બંધ કરી દઉં, તે કરતાં ક્યારેક છેતરાઈ જવું વધું પસંદ કરીશ. - કારણ કે માનવતાને મુરઝાવી દેવા કરતાં ક્યારેક છેતરાઈ જવું સારું છે."

જોયું ને ? કેટલી ઉદારભરી માનવતા ! આપણે પણ આવો અભિગમ રાખીશું તો કદાચ છેતરાયા પછીય પણ જીવનના ચોપડે તો હિસાબ જમાખાતે જ લખાશે, કિંતુ ઉધાર ખાતે નહિ લખાય. સમજ્યા ?

" મથુરભાઈ સવાણી "

" મળ્યો છે દેહ માનવનો, ધૂપસળી બની જજો;
સુગંધી અન્યને દેવા, તમે પોતે બળી જજો. "

એક સમયે સૂરજ આથમી રહ્યો હતો અને અંધારુ થવાની તૈય ારી હતી. ત્યારે સૂર્યનારાયણ બોલ્યા : " હવે મારું કામ કોણ કરશે? અંધારાને કોણ હટાવી શકશે ? " ત્યારે નાનું એવું કોડિયું બોલી ઊઠ્યું : " મારાથી થાય એટલો પ્રયત્ન અંધારાને હટાવવામાં હું કર્યા કરીશ."

ભક્તો ! માટીના કોડીયા જેટલી ઉદારતા અને માનવતા બતાવવાનું કામ માનવ કરવા માંડે તો કોઈ ભૂખ્યું રહે નહિ અને કોઈ તરસ્યું રહે નહિ. દરેક નાના મોટા લોકો પોતાના પરિવારના ખર્ચમાં કરકસર કરી થોડા રૂપિયા બચાવી કોઈ ગરીબને અનાજ કે કપડાં લઈ આપે તો કોઈ વ્યક્તિ

અન્ન-વસ્ત્ર વિનાની ન રહે.

હાલમાં ઘણા યુવાનો એક મહિનામાં ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયાનાં પાન, તમાકુ, ગુટકા કે સિગારેટ વગેરે વ્યસનમાં વાપરી નાખતા હોય છે. આ બધાં ખોટાં વ્યસનો છોડીને તે રૂપિયાથી પોતાના ગામને પાદર નાની પરબ બંધાવી વટેમાર્ગુઓના આશીર્વાદ લઈ શકે તેમ છે. પોતાનાં વ્યસનોથી બચેલા રૂપિયાની કબૂતરોને ચણ નાંખવામાં આવે તો પુણ્યનું ભાથું ભરી શકે તેમ છે. મારાથી બનતું હું કરીશ આવો ભાવ ભીતર ઘૂંટાવા લાગે તો આવી નાની નાની સરવાણીઓ જગતને નંદનવન સમાન રળિયામણું બનાવી દે એમ છે.

જો કે આપણે નિરાશ થઈ જવાય એમ નથી. કારણ કે ગામ હોય ત્યાં ઊકરડા હોય જ છે, એ જ રીતે ગામ હોય ત્યાં ધૂપસળી (અગરબત્તી) પણ હોય જ છે. ઊકરડાઓ પોતાની દુર્ગંધ ફેલાવતા હોય છે, તો તેની સામે જ ધૂપસળી પોતાની સુવાસ ફેલાવતી હોય છે. ધૂપસળીનો સ્વભાવ છે પોતે બળી બીજાને સુગંધ આપવાનો, તો એવા જ સ્વભાવવાળા યુવાનોમાં એક છે મથુરભાઈ સવાણી.

ભાવનગર જીલ્લાના ખોપાળા ગામના મથુરભાઈ હાલ સુરતમાં ડાયમંડના વેપારી છે અને પોતાનો કીમતી સમય કાઢીને સૌરાષ્ટ્રનાં ઘણાં બધાં ગામડાંઓમાં નદીઓ પર ચેકડેમો બાંધી આપી પરોપકારનાં કાર્યો કરી રહ્યા છે.

જળ એ જ દરેકનું જીવન છે. કારણ કે પાણી હશે તો લોકોની તરસ છીપાશે. પશુ-પક્ષીઓને પીવા મળશે અને

અનાજ વગેરે પાકો પકવી શકાશે. જો પાણી જ નહિ મળે તો મકાન કે રૂપિયાથી જીવન ચાલવાનું નથી. જીવનના મૂળમાં જળ સમાયેલું છે અને એ જળ બચાવવાનું કામ ચેકડેમો દ્વારા મથુરભાઈ સવાણી અને સુહાગીયાભાઈ જેવા યુવાનો માનવતાનું મહાન કાર્ય કરી રહ્યા છે. તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

" સાવિત્રીબાઈ "

ભક્તો ! ઈસ્ત્રી જો ગરમ કરેલી હોય અને કપડાં ઉપર એક જ જગ્યાએ પડી રહે તો કપડું બળી જાય છે, એ જ રીતે સદ્‌ગુણવાળી સ્ત્રી પણ આધ્યાત્મિક માર્ગમાં કે પરોપકારના માર્ગમાં જો રસ ન લે તો તેમના સદ્‌ગુણો પણ નિષ્ક્રિય બની જાય છે. ઈસ્ત્રી કપડાં ઉપરથી કરચલીઓ દૂર કરી શકે છે, એ જ પ્રમાણે ગુણિયલ સ્ત્રીઓ પણ માનવતાનાં કાર્યો કરીને અનેકના જીવન ઉજ્જવળ બનાવી શકે છે.

મહારાષ્ટ્ર રાજ્યના નાયગાંવમા ઈ.૧૮૩૧ માં એવાં માનવતાવાદી મહિલા સાવિત્રીબાઈનો જન્મ થયો હતો. તેમના પતિનું નામ જ્યોતિબા હતું. તેઓ પણ સમાજ સુધારક હતા તેથી સાવિત્રીબેનને સારો સાથ મળ્યો હતો. નાનપણથી જ કોઈના કામમાં આવી પરોપકાર કરવાની ભાવના તેમના મનમાં તીવ્ર હતી.

એ સમયે અર્થાત્ આશરે પોણા બસ્સો વર્ષ પહેલાં તો સ્ત્રીઓને ભણાવવાની પ્રથા જ ન હતી. કોઈ ભણાવે તો ગામમાં અને નાતમાં તેમના પરિવારની ટીકા થતી હતી. એવા

સમયમાં સાવિત્રીબાઈને પોતાના પતિએ જ ભણાવીને હોંશિયાર બનાવ્યાં હતાં.

પોતે ભણ્યા પછી તેઓએ પરોપકારનાં કામો શરૂ કરી દીધાં. ગરીબ લોકોની પુત્રીઓને ભણાવવાનું શરૂ કર્યું. ગરીબોના લત્તામા ભણાવવા જાય ત્યારે ખાનદાન ગણાતા લોકો તેમને ગાળો દેતા અને ગંદકી નાખી પથ્થરો ફેંકતા, તેના કારણે ઘણીવાર ઘાયલ થઈ જતા, તો પણ ભણાવવાનું તો શરૂ જ રાખ્યું હતું. લોકો તેમને લાજ-શરમ વિનાની અને સ્વચ્છંદી સ્ત્રી કહીને અપમાન કરતા હતા.

ઈ.૧૮૯૩ માં મહારાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. તે સમયે સાવિત્રીબાઈએ ગામડે ગામડે ફરી અનાજ ઉઘરાવી ગરીબોને આપી પ્રાણ બચાવ્યા હતા; આ કારણે તેઓ મહારાષ્ટ્રમાં પ્રખ્યાત બની ગયાં હતાં.

ત્યાર પછી ઈ.૧૮૯૭ માં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે અનેક લોકો મરવા લાગ્યા હતા. જેઓ સાજા હતા તેઓ ચેપ લાગવાના ભયથી બીમારોની સેવા કરતા ન હતા, તેના કારણે દર્દીઓ બહુ દુ:ખી થઈ ગયા હતા. આવા સમયે પણ ચેપ લાગવાની પરવા કર્યા સિવાય સાવિત્રીબાઈ ગરીબ દર્દીઓની સેવામાં જોડાઈ ગયાં હતાં અને ઘણા લોકોને સમજાવી સેવા કરવાની પ્રેરણા આપી હતી. તેમની નિ:સ્વાર્થભાવની સેવાને કારણે ઘણાને સારું થઈ ગયું હતું અને તેઓ સાવિત્રીબાઈને આશીર્વાદ આપી સેવામાં જોડાઈ જતા હતા. સાવિત્રીબેન અંતકાળ સુધી બીમારોની સેવા કરી માનવતાના પૂજારી બની ગયાં હતાં.



“ અનોખું કન્યાદાન ”

ભક્તો ! ઘણાં વર્ષો પહેલાં અમદાવાદમાં બનેલ એક પ્રસંગ છે. અમદાવાદમાં એક કોલેજમાં એક માનવતાવાદી પ્રિન્સીપાલ હતા. તે કોલેજમાં ઠાકોરભાઈ નામના એક ગરીબ અને ભલાભોળા માણસ પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. તેઓ પગારના પૈસાથી માંડ માંડ પરિવારનું પોષણ કરતા હતા. એવા સમયમાં દીકરી યુવાન થતાં તેના લગ્નનું નક્કી થયું. તેથી ઠાકોરભાઈએ કોલેજમાં જઈ પ્રિન્સીપાલને વિનંતી કરી : “સાહેબ ! દીકરીનાં લગ્ન માટે રૂપિયાની જરૂર પડશે, માટે પી.એફ.માંથી લોન લેવાની જરૂર છે, એટલે તમો સહી કરી આપો.”

આવું સાંભળી પ્રિન્સીપાલે થોડીવાર વિચાર કરીને કહ્યું: “હું પછી સહી કરી આપીશ.” ઠાકોરભાઈ મનોમન રાજી થયા અને પોતાને લોન મળવાની જ છે એ ભરોસે બધી ખરીદી ઉધારમાં કરી લીધી. સમય થતાં લગ્નનો દિવસ આવ્યો. ત્યારે પણ પી.એફ.ની લોન મળી નહિ. તેથી તેની ચિંતામાં એટેક આવ્યો ! તુરંત હોસ્પિટલમાં દાખલ કર્યા અને સારવારથી રાહત મળી.

પછી ડોક્ટરે ઘેર જઈ આરામ કરવાનું કહ્યું, એ સમયે જ પેલા પ્રિન્સીપાલ ત્યાં આવી ઠાકોરભાઈની દીકરીના હાથમાં મોટું બોક્સ આપીને કહ્યું : લે બેટા ! મારા તરફથી આ ભેટ અને બીજું કવર ઠાકોરભાઈના હાથમાં આપતાં બોલ્યા :

"આ કવરની અંદર ૨૫ હજાર રૂપિયા છે. તેમાંથી તમારી દીકરીનાં લગ્ન માટે લાવેલ વસ્તુઓના રૂપિયા બાકી છે તે આપી દેજો અને બીજી વધારે જરૂર પડે તો કહેજો. આ રૂપિયા મારા તરફથી કન્યાદાન સમજજો. તમોએ પી.એફ.ની અરજી કરી હતી તે મેં ફાડી નાખી છે; કારણ કે તમો અત્યારે રૂપિયા ઉપાડી લેશો તો પછી નિવૃત્ત થશો ત્યારે શું બચશે?"

આટલું કહી પ્રિન્સીપાલ ચાલ્યા ગયા. બાપ-દીકરી બન્નેની આંખોમાંથી આંસુઓની ધારાઓ ચાલવા લાગી અને પ્રિન્સીપાલ ગયા એ દિશામાં જોઈ રહ્યાં. તે સમયે અંતરની દુવાઓ વાણી દ્વારા ન નીકળી શકી, પણ આંસુઓ દ્વારા નીકળવા લાગી હતી.

આ પ્રસંગ આપણને ઘણું બધું સમજાવે છે કે, આપણી પડોશમાં, આપણા ગામમાં, આપણી ઓફિસમાં અને આપણા ઘરના નોકરોને ઘેર ગરીબીને કારણે આવા લગ્ન પ્રસંગો આવે ત્યારે ઉદારતા રાખી કન્યાદાન કરવું એટલે તેઓના આશીર્વાદ સાથે માનવતાનું એક કાર્ય કર્યું ગણાશે. કન્યાદાન માટે આપેલ રૂપિયાનું અનેકગણું પુણ્ય થાય છે, માટે ધનવાનોએ આ પ્રસંગ જીવનમાં ઉતારવો.

" કવિ બાયરન "

ઈંગ્લેન્ડમાં એક મૂર્ધન્ય કવિ થઈ ગયા છે. એમનું શુભ નામ હતું બાયરન. એવું કહેવાય છે કે, એમનાં કાવ્યો પાછળ આખા દેશની પ્રજા ઘેલી બની ગઈ હતી એવા એ મહાન કવિ



હતા. તેઓ કેવળ કવિ જ ન હતા, પણ સાથોસાથ એક માનવતાવાદિ પરદુ:ખભંજન પણ હતા. તેઓ દેશ-વિદેશમાં જઈને માનવ સ્વભાવનાં વિવિધ અને વિચિત્ર પાસાંઓનું અવલોકન પણ કરતા હતા.

એક વાર બાયરન ફ્રાન્સ દેશમાં ગયા હતા, ત્યારનો આ પ્રસંગ છે. તેઓ જે જગ્યાએ ઉતર્યા હતા તેમની નજીકમાં જ એક મોચીની દુકાન હતી. એક વાર બાયરન ફરવા નીકળ્યા હતા. સાંજનો સમય હતો તેથી લોકોની અવર-જવર ખૂબ હતી. સૌ પોતપોતાની મસ્તીમાં મસ્ત હતા. તે સમયે જ પેલા ભલા ભોળા મોચીની દુકાનમાં આગ લાગી અને જોતજોતામાં તો દુકાન બળીને ભસ્મ થઈ ગઈ.

પોતાની આજીવિકાનો નાશ થઈ ગયો એટલે મોચી બહાર ઓટલે બેઠો બેઠો રડતો હતો. લોકો તેમની પાસે આવીને આશ્વાસન આપી રહ્યા હતા. કોઈ કહેતું હતું : " અરે ભાઈ ! હવે રડવાથી શું ફાયદો થવાનો છે ? જે બની ગયું તે બની ગયું; હવે કાંઈ પાછું આવવાનું નથી."

આવી રીતે શાબ્દિક આશ્વાસનો આપી દરેક લોકો હમદર્દી વ્યક્ત કરીને પોતપોતાને ઘેર જતા રહ્યા. આ બધું દૃશ્ય દુર ઊભા રહીને કવિ બાયરન જોઈ રહ્યા હતા. તેઓઓ જોયું તો મોચી આજીવિકાની ચિંતામાં જ બેઠેલ હતો. તેઓ લુખ્ખા આશ્વાસનોમાં માનતા ન હતા. તેઓ બોલ્યા : "અરે! આ લોકો એટલું પણ સમજતા નથી કે, આ ગરીબની દુકાન

સળગી ગઈ છે એટલે હવે તેની આજીવિકા બંધ થઈ છે. હવે આ કેવી રીતે પરિવારનું ભરણપોષણ કરશે ? માટે આપણે દરેક તેમને થોડી થોડી મદદ કરીએ એટલે દુકાન બની જાય ને આજીવિકા શરૂ થઈ જાય. કેવળ શાબ્દિક આશ્વાસનથી શું થવાનું ?"

આવું મનોમન બોલતા બોલતા તેઓ મોચી પાસે આવ્યા ને કહ્યું : " ભાઈ ! તારી દુકાન નવી બનાવવી હોય તો કેટલા ફ્રેન્ક (ફ્રાંસ દેશનું ચલણી નાણું) જોઈએ ?" પેલાએ કિંમત કહી. તુરંત દિલના રાજા કવિ બાયરને પોતાના પાસે હતા એ બધા જ ફ્રેન્ક આપીને કહ્યું : "લે આ ફ્રેન્ક, તાત્કાલિક નવી દુકાન બનાવી લેજે." આટલુ કહી ચાલતા થયા. પેલો મોચી તો સામું જ જોઈ રહ્યો. પછી પ્રેમનાં આંસુઓ પાડતો પાડતો બોલ્યો : "હે ભગવાન ! આ માણસનું ભલું કરજો."

" ડો. બી.સી.રોય "

એક સમયના બંગાળના મુખ્ય પ્રધાન અને માનવતાવાદિ લોક લાડીલા નેતા બિધાનચંદ્ર (બી.સી.રોય) રોય જ્યારે ડોક્ટર તરીકેની પ્રેક્ટિસ કરતા હતા તે સમયનો આ પ્રસંગ છે. એક દિવસ તેઓ દવાખાને દર્દીઓને તપાસી રહ્યા હતા ત્યાં એક કોલેજીયન યુવતી આવી. ૨૦ વર્ષની ઉંમર હતી, પરંતુ ચહેરો એકદમ ફિક્કો પડી ગયેલો અને શરીર પીળું પડી ગયેલ હતું.

ડો. રોયે તે યુવતીની તપાસ કરીને જોયું તો પેટમાં મોટી



ગાંઠ હતી ! તેમણે યુવતીના પિતાને કહ્યું : “પેટમાં મોટી ગાંઠ છે, તેથી તત્કાળ ઓપરેશન કરવું પડશે. જેટલી વધારે વાર લાગશે એટલું જાનનું જોખમ છે.”

આવું સાંભળી તે યુવતીના પિતા બોલ્યા : “ડૉક્ટર સાહેબ ! મારા ઘરની પરિસ્થિતિ એવી છે કે, માંડ માંડ કૉલેજની ફી ભરી શકું છું. મારી દીકરીની જિંદગી સુખમય રીતે વીતે એટલા માટે અમો પતિ-પત્ની મજૂરી કરીને તેને ભણાવીએ છીએ. એમાં હૉસ્પિટલનો ખર્ચો ક્યાંથી કાઢવો ? માટે હું ઘેર જઈને પૈસાની જોગવાઈ કરીને પછી તમોને જવાબ આપીશ કે કયા દિવસે ઓપરેશન કરાવવું છે.”

ગરીબ બાપની કરુણાસભર વાણી સાંભળી ડૉક્ટર બિધાનચંદ્રનું હૃદય પીગળી ગયું. તેઓ કેવળ પૈસાની કમાણી માટે જ ડૉક્ટર બન્યા ન હતા, પણ ગરીબ દર્દીઓની સેવા કરવા માટે પણ ડૉક્ટર બન્યા હતા. તેઓએ તુરંત કહ્યું: “અત્યારે હું ઓપરેશનનો બધો જ ખર્ચો આપી દઉં છું. ઓપરેશન મોટી હૉસ્પિટલમાં કરાવવું પડશે. પછી તમો તમારી સગવડતાએ દર મહિને હપ્તા ભરી ભરીને પૂરા કરી દેજો.”

આ રીતે ગોઠવણ કરી હૉસ્પિટલમાં દાખલ કરી. બિધાનચંદ્રની દેખરેખ નીચે ઓપરેશન સફળ થયું. થોડા દિવસમાં સારું થઈ ગયું. પછી પેલી યુવતી કોઈ સજ્જનની ઓફિસમાં થોડો સમય કાઢી નોકરીએ જવા લાગી અને નિયમિત ડૉક્ટરને હપ્તા મોકલવા લાગી, એને કારણે ચાર વર્ષમાં બધા રૂપિયા પૂરા થઈ ગયા. છેલ્લો હપ્તો પૂરો થયો એટલે ડૉક્ટર

રોયે ચાર વર્ષના તમામ રૂપિયા અને એક પત્ર તે યુવતી પર મોકલીને પત્રમાં લખ્યું : " મારી નાની બહેન ! તારા તમામ રૂપિયા હું સહર્ષ પાછા મોકલું છુ. મેં સાંભળ્યું છે કે, તારાં લગ્ન થવાનાં છે; તો આ રૂપિયા લગ્ન પ્રસંગે તારા ભાઈ ડો. રોય તરફથી વાપરજે." પત્ર વાંચી પરિવારની દરેક વ્યક્તિની આંખોમાં પ્રેમનાં આંસુઓ વહેવા લાગ્યાં ! સૌ ભાવવિભોર બની ગયાં.

" મહારાજા ભાવસિંહજી "

ભક્તો ! ભાવનગરના મહારાજા ભાવસિંહજી ઉદાર દિલના, પાપથી ડરનારા અને પ્રજાવત્સલ રાજવી હતા. તેમના સમયમાં રાજ્ય તરફથી રાજ્યના માળવાવ ગામમાં જોરાવરસિંહ નામના ફોજદારની નિમણૂક થઈ હતી. તે ખુબ ક્રોધી અને ક્રૂર હતો. તે ગયો ત્યારે ચોમાસાનો સમય હતો તેથી કાદવ હતો. તુરંત તેમણે ગામના ખેડૂતોને બોલાવી હૂકમ કર્યો : "મારા રહેવાના સ્થાનથી તે ઓફિસ સુધી પથ્થરો નાખી પાકો રસ્તો બનાવવાનું શરૂ કરી દો."

આવું સાંભળી ખેડૂતોએ વિનંતી કરી : " સાહેબ ! આ વરસાદ થયો છે તે વાવણીનો છે, તેથી અનાજ ન વાવે તો કાંઈ પાકે નહિ, માટે બધા અનાજ વાવી લે પછી રસ્તો પાકો કરી દઈશું." ત્યાં તો જમ જેવો જોરાવર ત્રાડુક્યો : " ખબરદાર! મારે ત્રણ દિવસમાં પાકો રસ્તો જોઈએ, નહિતર હાડકાં ખોખરાં કરી નાખીશ. અત્યારે જ કામે લાગી જાવ." મારની બીકથી ખેડૂતો કામે લાગી ગયા, તેથી વાવણીયા પડ્યા રહ્યા !



તે સમયે ગામના આગેવાન મેઘજી માંડાણી બહારગામથી ઘેર આવ્યા. તેમને પુત્ર વાલજીએ બધી વાત કરી. તુરંત તેમણે ખેડૂતોને બોલાવી આગેવાની લીધી અને ત્રાપજ ગામમાં રોકાયેલા ભાવસિંહજી રાજા પાસે માથે સગડી મેલીને ગયા. આવું દૃશ્ય જોઈને રાજા ચોંક્યા! તુરંત અંદર બોલાવીને આવું કરવાનું કારણ પૂછ્યું . ત્યારે મેઘજી પટેલ બોલ્યા : " મહારાજા! વાડ ઊઠીને ચિભડાં ગળે, પછી કોને ફરિયાદ કરવી ? ફોજદારે વાવણીયા છોડાવી રસ્તો બનાવડાવ્યો છે અને ખેડૂત પાસેથી દરરોજ દૂધ, શાક વગેરે મફતમાં પડાવે છે."

આવું સાંભળી ભાવસિંહજી બોલ્યા : "અરે ! મારી પ્રજા ઉપર મારો નિમેલો માણસ આટલો બધો જૂલ્મ કરે ? " પછી દરેકને કંસાર જમાડીને ભાવસિંહજી બોલ્યા : "પટેલો ! મારા જીવતાં તમોને કોઈ હેરાન કરે તો ભગવાન મને માફ ન કરે. તમોને નુકશાન થયું છે તેનું વળતર રાજ તરફથી મળી જશે અને ફોજદારને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવશે."

તુરંત એક અધિકારીને (મહુવા પાસે આવેલ તે માળવાવ ગામમાં) તપાસ કરવા મોકલ્યા. તપાસ કરી તેથી રસ્તા સહિતના બધા જ પુરાવા મળ્યા. એ જ સમયે જોરાવર ફોજદારને બોલાવી સસ્પેન્ડ કરી જેલમાં મોકલી આપ્યો અને દરેક ખેડૂતોને નુકશાન થયું એનું વળતર પણ ચૂકવી આપ્યું."



“ ડો. અબ્રેકેટ ”

અબ્રેકેટ નામના એક માનવતાવાદિ ડોક્ટર હતા. તેઓ એક રાત્રીએ એક યુવતી સાથે પોતાનો લગ્ન દિવસ નક્કી કરી રહ્યા હતા. ત્યાં એક હબસી ગરીબ સ્ત્રીએ આવી રડતાં રડતાં કહ્યું : “સાહેબ! મારો એકનો એક પુત્ર મૃત્યુની પથારીએ પડ્યો છે. તમો અત્યારે નહિ આવો તો તે જીવી નહિ શકે, માટે દયા કરો ને અત્યારે મારે ઘેર આવો.”

માનવતાના સંસ્કારોમાં ઉછેર થયેલ ડોક્ટર અબ્રેકેટ તો તુરંત તૈયાર થવા લાગ્યા. ત્યાં તો પેલી ફક્કડ યુવતી ઓર્ડર કરતી હોય એમ બોલી : “ મિસ્ટર ! હું કહું છું કે તમારે આવી ભિખારણ સ્ત્રી સાથે રાત્રીના સમયે નથી જવાનું; એ તમને શું ફી આપી દેવાની છે?”

મંદહાસ કરતા ડોક્ટરે સુંદર જવાબ આપ્યો : “ હું ફી માટે નથી જતો. હું માનવતાની દૃષ્ટિએ મારી ફરજ બજાવી રહ્યો છું. મારાથી એક બાળકનો જીવ બચી જતો હોય તો પૈસાની મારે કોઈ જરૂર નથી.” ત્યાં તો મોર્ડન જમાનાની પેલીએ કહી દીધું: “જો તું મારી ઈચ્છા વિરૂદ્ધ તેના ઘેર જઈશ તો હું તારી સાથે લગ્ન નહિ કરું.”

આવું કહ્યું તો પણ ડોક્ટર રોકાયા નહિ. તાત્કાલિક ગરીબ હબસીને ઘેર જઈને બીમાર બાળકની સારવાર શરૂ કરી દીધી. સવાર સુધી બાળક પાસે જ બેસીને અલગ અલગ દવાઓનાં ઈન્જેક્શન આપતા રહ્યા. સવારે બાળક



ભાનમાં આવ્યો ને બોલવા લાગ્યો ત્યાર પછી જ ડોક્ટર પોતાને ઘેર આવ્યા.

આવીને જોયું તો ટેબલ ઉપર ચિઠ્ઠી પડી હતી. વાંચી તો એમાં લખેલ હતું : "હું માનવતાવાદમાં માનતી નથી. પત્ની બનનાર સ્ત્રીની ઈચ્છાને ઠુકરાવનાર પુરુષ સાથે હું મારું જીવન અર્પણ કરી શકું તેમ નથી. તું કોઈ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લેજે, જે તને માનવતામાં કામ લાગે."

આવું વાંચીને ડોક્ટરને વિચાર આવ્યો : " અરે ! જગતમાં આવી સ્વાર્થી સ્ત્રીઓ છે ! હું પરોપકારનાં સારાં કામ કરું છું એ પણ ગમતું નથી ? હું બીજી સ્ત્રી સાથે લગ્ન કરીશ અને કદાચ એ પણ આવી નીકળે તો મારે કાયમના ઝઘડાઓ શરૂ રહેશે; માટે મારે લગ્ન જ નથી કરવાં ; એકલો હોઈશ તો ગમે ત્યારે દર્દીઓની સેવા કરતાં કોઈ રોકશે નહિ. "

આવું મનોમન નક્કી કરી આજીવન ગરીબ દર્દીઓની સેવા કરી ખુબ આશીર્વાદ મેળવ્યા. તેઓનું મૃત્યુ થયું ત્યારે તેની સમાધી પર બોર્ડ મૂકાયું: "ગરીબોની આજીવન સેવા કરનાર ડોક્ટર અબ્રેકેટની હોસ્પિટલ પરલોકમાં છે ! "

" એલિઝાબેથ ફ્રાય "

માનવ જાતિની મહાન સેવા કરીને પોતાની જાતનું સર્વસ્વ અર્પણ કરનાર એલિઝાબેથ ફ્રાયનો જન્મ ઈંગ્લેન્ડ દેશમાં ઈ.૧૭૮૦માં થયો હતો. ૧૭ વર્ષની ઉંમરે તો તેણે ગરીબ લોકો માટે સ્કૂલ શરૂ કરી મફત ભણાવવાનું શરૂ કર્યું

હતું ! ભણાવ્યા બાદ માનવતા વિષે ઉપદેશ આપી પોતાના વિદ્યાર્થીઓને સજ્જન બનાવતી હતી. ત્યાર બાદ તે લંડન શહેર આવી. ત્યાં પણ ગરીબો અને કેદીઓનાં નિરાધાર સંતાનો માટે શાળાઓ શરૂ કરી માનવતાનાં ફૂલડાંઓ તૈયાર કરતી હતી.

પોતાનો સ્વભાવ અતિ માયાળુ હોવાને કારણે નર્સની થોડી ટ્રેનીંગ લઈને ગરીબ દર્દીઓની સેવા કરવાનું શરૂ કરી અનેકાનેક રોગીઓને પણ સારા કર્યા હતા. તે પ્રવચન કરતી હતી તેના કારણે અનેક ખરાબ લોકો કુટેવો છોડી સજ્જન બની ગયા હતા. જેલોમાં જઈ પ્રભાવશાળી પ્રવચનો કરી દરેકને સમજાવી અનેક વ્યસની સ્ત્રી કેદીઓને વ્યસનો છોડાવી સુધારી હતી. લોકો તેમને દયાની મૂર્તિ કહીને વખાણાતા હતા.

ઈ.૧૮૧૭ માં તેમણે ન્યુગેટમાં 'સ્ત્રી કેદી સુધારણા મંડળ'ની સ્થાપના કરી હતી. તે સમયમાં દેહાત દંડની સજા સામાન્ય ગણાતી હતી, તેથી એલિઝાબેથે તેની સામે વિરોધ કરી સરઘસો કાઢી સુધારા કરાવ્યા હતા. સ્કોટલેન્ડ, ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ દેશમાં કેદીઓને બેડીઓથી બાંધી રાખી અંધારી ઓરડીઓમાં પૂરી રાખતા હતા. ત્યાં જઈ દરેકની હાલત જોઈ તેમાં સુધારા કરવા માટે પ્રવચનો કર્યાં અને કેદીઓ વિષે પુસ્તક લખ્યું, તેના કારણે બ્રિટિશ પાર્લામેન્ટે જેલમાં સુધારા કર્યા.

એ સમયે લંડનમાં ભિખારીઓ ખુબ હતા. તેઓને રહેવા

માટે ઘર પણ ન હતાં, તેથી ઠંડીમાં તેઓ પીડાતા હતા. તેઓને ઠંડીથી ધ્રૂજતા જોઈ એલિઝાબેથે ઈ. ૧૮૨૦ માં 'ભિક્ષુક ગૃહ' ની શરૂઆત કરી ભિખારીઓને રહેવાની સગવડતા કરી આપી હતી. પોતે શિક્ષણ પ્રેમી હોવાને કારણે અનેક લાયબ્રેરીઓ સ્થાપી હતી, એટલે જ્ઞાનના જીજ્ઞાસુ શાંતિથી બેસી જ્ઞાન મેળવી શકે.

આવાં તો અનેક પરોપકારનાં કાર્યો તેમણે કર્યાં હતાં તેથી પ્રભાવિત થઈને પ્રશિયાના રાજા સામે ચાલીને તેમના ઘેર મળવા માટે આવ્યા હતા અને માનવતાનાં કામો બદલ અભિનંદન આપ્યાં હતાં. એલિઝાબેથે જીવનની અંતાવસ્થા સુધી પરોપકારનાં કાર્યો કરી ઈ.૧૮૪૫ માં નશ્વરદેહનો ત્યાગ કરી પોતાનું નામ અમર કરી પરલોક સીધાવ્યાં હતાં. આજે પણ યુરોપના દેશોમાં તેમનું નામ આદરથી લેવાઈ રહ્યું છે.

" ધોંડો કેશવ કર્વે "

ભક્તો ! બંગાળમાં જેમ હિંદુ બાળ વિધવાના પરમ ઉદ્ધારક તરીકે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું નામ પ્રસિદ્ધ છે, એ જ રીતે મહારાષ્ટ્ર રાજ્યમાં પણ બાળ વિધવાના પરમ ઉદ્ધારક અને સમગ્ર સ્ત્રી જાતિના શિક્ષણ કાર્ય માટે પોતાનું જીવન હોમી દેનાર મહર્ષિ ધોંડો કેશવ કર્વેનું પણ નામ પ્રખ્યાત છે.

મહારાષ્ટ્રના શેરવલી ગામમાં ૧૮૫૮ માં કર્વેનો જન્મ થયો હતો. તેમના પિતા સાથે તેઓ મુરુડમાં રહેતા હતા. તેઓને નાનપણથી જ પરોપકારનાં કામો કરવાની લગની લાગી હતી. તેઓ પુનામાં કોલેજના પ્રોફેસર હતા. તે સમયે

દરેક યુવતીનાં લગ્ન ૮ કે ૧૦ વર્ષની ઉંમરે જ થઈ જતાં હતાં ! અને નાની ઉંમરમાં પતિ મૃત્યુ પામે તેથી પેલી આઠ વર્ષની બાળકીને વિધવા બનીને આખી જિંદગી ઓશીયાળું જીવન જીવવું પડતું હતું. તે સમયે વિધવાને બીજો પતિ કરવાનો અધિકાર ન હતો. વિધવા સાથે લગ્ન કરવા કોઈ તૈયાર થતું ન હતું.

આવા સમયે કેશવ કર્વે ૩૫ વર્ષે વિધુર બન્યા. પ્રોફેસર હોવાથી કુંવારી યુવતીઓનાં માતા-પિતા લગ્ન માટે આવવા લાગ્યાં, પરંતુ કર્વેજીએ દરેકને કહ્યું કે, "હું બાળ વિધવા સાથે લગ્ન કરી તેમને નવું જીવન આપી નવી ક્રાંતિ કરવાનો છું." પછી તેમણે આઠ વર્ષની વિધવા આનંદીબાઈ બાળા સાથે લગ્ન કર્યું એટલે સમાજમાં તેમની ખુબ નિંદા થવા લાગી, પણ તેમણે કોઈને ગણકાર્યા નહિ.

ત્યાર બાદ તેમણે ઈ.૧૯૦૦ માં પુનાથી આઠ માઈલ દૂર હિંગળોની ટેકરીની જગ્યાએ અનાથ બાલિકાશ્રમની સ્થાપના કરી. દરરોજ સાંજે પુનાથી આઠ માઈલ ચાલીને તેઓ ત્યાં આવતા હતા! તેઓએ ત્યાં સ્ત્રીઓના ઉત્થાનની અનેક પ્રવૃત્તિઓ શરૂ કરી.આજે એ સ્થાનમાં લાખો રૂપિયાનાં બનેલાં અનેક આશ્રયસ્થાનો છે અને ત્યાં સ્ત્રીઓ શિક્ષણ મેળવી રહી છે.

ધોંડો કેશવજીનું જીવન આપણને માનવ કર્તવ્યનું ભાન કરાવે છે. તેઓએ અનાથાશ્રમ, વિધવાશ્રમ, મહિલા વિદ્યાલયો અને વાનપ્રસ્થાશ્રમોની સ્થાપનાઓ કરી માનવતાનાં અનેક કાર્યો કર્યાં હતાં. તેઓ આદર્શ આર્યપુરુષોના જીવનની આપણને ઝાંખી કરાવે છે. આજે પણ બાળ વિધવાઓના ઉદ્ધારક તરીકે મહારાષ્ટ્રમાં તેમનું નામ સુવર્ણાક્ષરે લખાઈ ગયેલ છે.



“ કાલી કમલીવાલે ”

ભક્તો ! ગંગામૈયાને કિનારે ઋષિકેશમાં ‘બાબા કાલી કમલીવાલા’ નામની ભવ્ય સંસ્થા આવેલી છે. તેના સ્થાપક પૂજ્ય વિશુદ્ધાનંદજી મહારાજ હતા. તેમનો જન્મ પંજાબના જલાલપુર ગામમાં ઈ.૧૮૩૧ માં થયો હતો. તેમનું નામ બિસાવાસિંહ હતું.

તેઓને નાનપણથી જ માનવસેવાની તાલાવેલી લાગેલ હતી તેથી ૩૨ વર્ષની ઉંમરે પત્ની અને પુત્રને છોડી સંન્યાસી બની સંતોની સેવામાં જોડાઈ ગયા હતા. તેઓ કાળી કામળી ઓઢતા હોવાથી લોકો એમને કાળી કામળીવાળા બાબા તરીકે ઓળખતા હતા.

એ સમયે અર્થાત્ દોઢસો વર્ષ પહેલાં ઋષિકેશની ભૂમિ જંગલથી ભરપૂર હતી. ત્યાં હિંસક પશુઓ પણ રહેતાં હતાં, છતાં પણ સાધુ-સંતો ધ્યાન-ભજન કરવા ત્યાં જતા હતા. ત્યાં વૃક્ષો પર થતાં ફળ-ફૂલ ને કંદમૂળ ખાઈને જીવન નિર્વાહ કરતા હતા. આવા પવિત્ર સ્થાનમાં કમલીવાલા બાબા આવ્યા. પછી તેમણે વિચાર કર્યો: “ અખંડ ધ્યાન-ભજન કરતા આ સંતોની સેવા કરું. સંતોની સેવા એ પણ એક સાધના જ કહેવાય છે. આવું કરવાથી પરમાત્મા મારા પર ખુબ રાજી થશે.”

આવું વિચારી સેવા શરૂ કરી દીધી. આજુબાજુ પહાડોમાં વસેલા નાનાં નાનાં ગામડાંઓમાં જઈ અનાજ વગેરે સીધાં-સામાન લાવીને ભજન કરતા સંતોને જમાડવાનું શરૂ કરી

દીધું ! સીધાંઓ જોઈતાં હોય તેમને કાયું સીધું આપવા લાગ્યા. સમય જતા લોકો સહકાર આપવા લાગ્યા એટલે મકાનો બનાવ્યાં. પછી તો દીન-દુ:ખી, સાધુઓ, અનાથો, વિધવાઓ અને વિધાર્થીઓ વગેરેને રાખી મોટા પાયે સેવાનું સદાવ્રત શરૂ કર્યું. લોકો દર્શને આવવા લાગ્યા એટલે પ્રવૃત્તિ પણ વધવા લાગી.

બાબાએ લક્ષ્મણઝૂલાનો કાચો પૂલ હતો તે સૂરજમલ શેઠને પ્રેરણા કરી પાકો બનાવડાવ્યો. ઈ.૧૮૮૦ માં બાબા પગપાળા ચાલી બદરીનાથ-કેદારનાથ વગેરે તીર્થોમાં ગયા હતા, ત્યારે માર્ગમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો; તેથી દિલ્હી, મેરઠ અને કલકત્તા વગેરે શહેરોમાં જઈ ધનવાનોની મદદ લઈ માર્ગમાં નેવું ધર્મશાળાઓ, દવાખાનાંઓ,સદાવ્રતો, પરબો અને પુસ્તકાલયો બંધાવ્યાં, જેથી બદરીનાથ જતા યાત્રાળુઓને મુશ્કેલી ન પડે.

લોકો તેઓની પ્રશંસા કરતા તો તેઓ કહેતા : "તમે મને માનરૂપી મદિરા ન પીવડાવો. મને એનો નશો ચડી જશે તો તેના જવાબદાર તમે ગણાશો." હાલમાં પણ બાબાના આશ્રમમાંથી હજારો સંતો દરરોજ જમવાનું લઈ જાય છે ! હજારો સીધાં લઈ જાય છે. સંસ્થામાં વિધાલય, ઔષધાલય વગેરે અનેક માનવતાનાં કાર્યો થઈ રહ્યાં છે. આજે તેમનાં કાર્યોમાં તેઓની કૃતિ દેખાય છે. કાર્યો દ્વારા તેઓ અમર છે.



“ દીન બંધુ એન્ડ્રયુઝ ”

ઈંગ્લેન્ડ દેશના કાર્લાઈલ નગરમાં ઈ.૧૮૭૧માં દયાળુ દિલના એક માનવનો જન્મ થયો અને તેનું નામ રાખવામાં આવ્યું – ચાર્લ્સ ફ્રીઅર એન્ડ્રયુઝ. નાનપણથી જ એવો સ્વભાવ હતો કે, કોઈપણને દુ:ખી જૂવે એટલે તેની સેવામાં જોડાઈ જાય. એકવાર પિતા પાસેથી સાંભળ્યું કે, “ દાદાનું મૃત્યુ કેળાની છાલ પર લપસતાં ગંભીર ઈજા થઈને થયું હતું.”

આવું સાંભળ્યું ત્યારથી જ એન્ડ્રયુઝે નિયમ લઈ લીધો કે, “કોઈ પણ રસ્તા પર છાલ પડેલી દેખાય એટલે તુરંત લઈ લેવી.” આ નિયમ તેણે જિંદગી પર્યંત પાળ્યો હતો ! આપણે પણ આવો નિયમ રાખીએ તો કેટલું સરસ પરોપકારનું કામ કર્યું ગણાશે ? તેથી રોડ સ્વચ્છ રહેશે, એને કારણે બીમારી પણ ઓછી થશે.

ત્યારે અંગ્રેજોનું શાસન હોવાથી તેઓ ભારતીઓને હલકા માનતા. એન્ડ્રયુઝે ભારત આવી રંગભેદનો વિરોધ શરૂ કર્યો હતો. એ સમયે આસામ રાજ્યમાં ગરીબ મજૂરોનું ખૂબ શોષણ થતું હતું. તેઓની દુર્દશા જોઈ તેઓની સેવામાં રહી ગયા અને ભારતને પોતાનું વતન માનવા લાગ્યા.

પોતે પ્રોફેસર હોવાથી સભાઓ ભરી પ્રવચનો કરી ગરીબ મજૂરોની મદદ કરવા લોકોને ભલામણ કરવા લાગ્યા. તેઓનું માનવતાનું કાર્ય જોઈ ગાંધીજીએ તેમને ‘દીનબંધુ’ (ગરીબોના ભાઈ) નું માનવંતું બિરૂદ આપ્યું હતું, જેથી તેઓ દીનબંધુ તરીકે ઓળખાતા હતા.

એન્ડ્રયુઝનો ઉદ્દેશ પોતાના જીવનને ચંદનની જેમ પરાર્થે ઘસી નાખીને બીજાઓને સુવાસ પહોંચાડવાનો હતો. પોતે સંકટ સહીને બીજાઓને સુખી કરવાનો હતો. એ ઉદ્દેશની પૂર્તિ માટે એમણે આજીવન પરિશ્રમ કરી ગરીબોની સેવા કરી હતી. તેઓ સેવા કરતાં કરતાં જેમ કેટલાક સેવાને ભૂલી મેવામાં પડી જાય છે. અર્થાત્ પદ,પ્રતિષ્ઠા, પૈસા કે મદમાં લેવાઈ જાય છે, એમ લોભાયા ન હતા. એમણે તો આજીવન સેવામાં જ મેવાની મીઠાશ માણી હતી.

એક વાત યાદ રાખવી : જેમનું હૃદય બીજાઓને સુખી રાખવા માટે જ સંવેદનશીલ બને છે અને જે સદાય સમર્પણ ભાવના સેવે છે એમની સેવા ગમે તે ક્ષેત્રમાં હોય તો પણ સમાજને માટે આશીર્વાદરૂપ જ છે. એવા મહામાનવો તો માનવજાતિની મહામૂલી મૂડી છે. સમાજની સૂરત પણ આવા સમાજ ઘડવૈયા જ ફેરવી શકે છે. વિદેશની ધરતી પર જન્મ અને વિદેશી માનવ હોવા છતાં સારાયે સમાજને પ્રેરણા મળે એવાં કાર્યો કરી ઈ. ૧૯૪૦ માં પોતાનું નામ અમર કરી પરલોકમાં પ્રયાણ કરી ગયા.

“ લોકસેવક ગોકુળભાઈ ”

માનવ સેવામાં જીવન વિતાવનાર અને લોક સેવકનું બિરૂદ મેળવનાર ગોકુળદાસનો જન્મ કચ્છના માંડવી તાલુકામાં બાંભડાઈ ગામમાં સંવત્ ૧૯૩૭ માં થયો હતો. તેઓ ગર્ભશ્રીમંત હતા તો પણ ખુબ સાદાઈથી રહેતા હતા. તેઓ વૃક્ષોપ્રેમી પણ હતા, તેથી અનેકાનેક વૃક્ષો રોપીને ઉછેર્યાં હતાં.



તેઓએ ગરીબ અને દલિત ઉદ્ધારક કાર્યને પોતાનો જીવનધર્મ બનાવ્યો હતો. વનસ્પતિની દવાઓ બનાવી દરેક બીમારોને વિના મૂલ્યે આપતા હતા. તેઓ ધનવાન હોવા છતાં બીમાર લોકોની જાતે સેવા કરતા હતા. તેઓ ગાંધીજી સાથે ઈ. ૧૯૩૨ માં સવિનય ભંગની લડતમાં જોડાયા હતા. ધરપકડ બાદ પંદર માસ જેલમાં પણ રહ્યા હતા. કચ્છમાં જ્યારે બાળ ગંગાધર તિલક સ્વરાજ ફાળો ઉઘરાવવા આવ્યા ત્યારે ગોકુળભાઈએ બહુ મોટી રકમ દાનમાં આપી હતી.

માંડવીમાં તેઓએ ' ગાંધી હરિજન છાત્રાલય ' શરૂ કર્યું હતું. ગરીબોને રહેવા માટે તેઓએ મફત મકાનો બાંધી આપ્યાં હતાં. બધા જ વણકરોનું દેવું ભરીને વેપારીઓના સકંજામાંથી છોડાવી ખાદી વણવાનું શીખવ્યું હતું. કચ્છમાં અનેક જગ્યાઓએ કૂવાઓ, વાવો અને તળાવો બંધાવ્યાં હતાં. જે ગરીબ લોકોને મજૂરી ન મળતી એવા લોકોને અનાજ આપી જીવનદાન આપતા હતા. વનસ્પતિ સૃષ્ટિના પોતે રચેલા ગ્રંથો કોલેજો અને પુસ્તકાલયોમાં ભેટ તરીકે આપ્યા હતા.

સહુથી શ્રેષ્ઠકામ ગોકુલદાસે એ કર્યું જે દરેક ધનવાનોએ કરવા જેવું છે. તેઓએ વૃદ્ધાવસ્થામાં પોતાની સંપત્તિનુ વિલ કર્યું અને અડધી સંપત્તિ તેમાંથી જુદી તારવીને પોતાના હાથે જ રક્તપિત્તિયાઓની હોસ્પિટલોમાં, કોલેજોમાં અને ગરીબોને દાન કરી દીધુ !

વર્તમાન સમયમાં દરેક ધનવાનો આવું કરે તો દુનિયામાં કોઈ રોગી સારવારને અભાવે અને અન્નના અભાવે મરે નહિ. આવાં પરોપકારનાં અનેક કાર્યો કરી તેમણે "લોક સેવક" નું બિરૂદ મેળવ્યું હતું. 'તેન ત્યક્તેન ભુંજિથા:' સૂત્રને જીવી બતાવી સંવત ૨૦૧૮ માં ૮૧ વર્ષની ઉંમરે સ્વર્ગે સીધાવ્યા હતા.



“ સમ્રાટ અશોક ”

ભક્તો ! ભારતમાં અનેક રાજાઓ અને મહારાજાઓ થયા છે, પરંતુ સર્વે કરતા સમ્રાટ અશોકનું સ્થાન લોક હૃદયમાં વધારે છે. ભારત સરકારે રૂપિયાની નોટમાં પણ અશોકનું ચિહ્ન મૂકેલ છે. તેમજ રાષ્ટ્રધ્વજ ત્રિરંગામાં પણ તેમનું ચક્ર મુકેલ છે. તેઓ ઈ. પૂર્વે ૨૭૨ માં થયા છે. અર્થાત્ ૨૨૦૦ વર્ષ પહેલાં તેમનું શાસન હતું. કલિંગના યુદ્ધ સમયે બાળકો, સ્ત્રીઓ અને ઘાયલ સૈનિકોનાં આક્રંદ જોઈને તેમનું હૃદય ખળભળી ગયું હતું અને ત્યાં જ તેઓએ કયારેય પણ યુદ્ધ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી હતી.

તેઓના શાસન દરમ્યાન એક વર્ષે દુષ્કાળ પડ્યો હતો. લોકોને ખાવાના સાંસા (ફાફા) પડવા લાગ્યા હતા. એ સમયે સમ્રાટ અશોકે અનેકાનેક અન્નક્ષેત્રો ખોલાવ્યાં હતાં. દરેક લોકોને મફત સીધું-સામાન આપવામાં આવતું હતું. એક અન્નક્ષેત્રમાં લાંબી કતાર લાગેલી હતી. સાંજ પડતા એક વૃદ્ધનો વારો આવ્યો. તેમને સીધું આપ્યું, પણ અવસ્થાને કારણે તેઓ ઉપાડી શકતા ન હતા. એ સમયે એક તેજસ્વી યુવાને આવી માથે અનાજનું પોટલું ઉપાડ્યું અને દાદાના ઘર તરફ ચાલવા લાગ્યો.

રસ્તામાં સામે સૈનિકો મળ્યા. તેઓએ સલામ કરી, તેથી વૃદ્ધને વહેમ જતાં હાથ પકડીને પૂછ્યું : “ સાચુ બોલો આપ કોણ છો ? ” હસીને વજન ઉપાડનારે જવાબ આપ્યો : “ હું પ્રજાનો દાસ સમ્રાટ અશોક છું. ” વૃદ્ધ તો અચંબો પામી ગયો,

અરે ! આટલા બધા દયાળુ અમારા મહારાજા છે ?

આવા તો અનેક પ્રસંગો તેમના છે. આવા માનવીઓનાં ચરણોમાં તો યશ ને કીર્તિ હાજરા હજુર રહે છે.

સમ્રાટ અશોકનું જીવન એક સંત જેવુ સાદું હતું. તેઓ અહિંસાધર્મમાં ખુબ માનતા હતા. તેઓએ પોતાની ધર્મલિપિમાં લખાવ્યું છે કે, "કયારેય પણ પ્રાણીઓનો વધ ન કરવો. માતા-પિતા અને વૃદ્ધોની સેવા કરવી. ગરીબો અને બીમારો પ્રત્યે ઉદારતા રાખી તેઓને મદદ કરવી. ઘરના નોકરો પ્રત્યે સદ્‌ભાવ રાખવો."

તેઓએ કેવળ મનુષ્યો માટે જ નહિ; પરંતુ પશુઓ માટે પણ અનેકાનેક દવાખાનાંઓ બંધાવ્યાં હતાં અને વાવ, કૂવા અને તળાવો વગેરે કરાવી અનેક લોકોના હૃદયના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સમ્રાટ અશોક શાસકની દૃષ્ટિએ અને માનવતાની દૃષ્ટિએ શ્રેષ્ઠ રાજા તરીકે હાલ પણ ગણાય છે. તેઓની રાજધાની મગધમાં (બિહાર રાજ્ય) હતી. તેઓનો શાસનકાળ ઈસવી સન પૂર્વે ૨૭૨ થી ૨૩૨ મનાય છે.

" શાસકને પુરસ્કાર "

એક વાર સમ્રાટ અશોકનો જન્મ દિવસ હતો. તેઓ પોતાના જન્મ દિવસે દર વર્ષે પુરસ્કાર આપતા હતા. પુરસ્કારની પસંદગી માટે તેમણે ચારેય દિશાઓના પોતાના શાસકોને બોલાવીને પૂછ્યું: "તમોએ આ વર્ષમાં રાજ્યમાં શું શું પ્રવૃત્તિ કરી છે અને રાજ્યકોષમાં કેટલાં નાણાં જમા કરાવ્યાં છે ? "ત્યારે પૂર્વ દિશાના શાસકે કહ્યું : "મહારાજા !

મેં કર્મઠ અને શક્તિશાળી યુવાનોની ભરતી કરી સેના બમણી કરી દીધી છે, એટલે દુશ્મનો આંખ ઉઠાવવાની હિંમત પણ ન કરી શકે."

ત્યાર બાદ ઉત્તર દિશાના શાસકને પૂછતાં તેમણે જવાબ આપ્યો: "મહારાજા ! મેં કરવેરા વધારીને અને ઉદ્યોગો શરૂ કરાવીને દર વર્ષની સરખામણીએ ત્રણ ઘણી આવક વધારી છે. રાજ્યના ખજાનામાં હવે હું ત્રણ ઘણી સંપત્તિ મોકલીશ, એટલે ખજાનો ભરાઈ જશે." ત્યાર પછી દક્ષિણના શાસકને પૂછતાં તેમણે કહ્યું : " રાજન્ ! મારા વિસ્તારમાં સોનાનો ધંધો વિકસાવ્યો છે અને કરના રૂપમાં હુ સોનું લઉં છું એટલે સોનાની આવકને કારણે રાજ્યની તિજોરી છલોછલ સોનાથી ભરાઈ જશે."

ત્યાર બાદ અશોકે પશ્ચિમના મગધના શાસકને પૂછ્યું : "આ ત્રણેય દિશાઓના શાસકે રાજ્ય માટે આટલી પ્રગતિ કરી છે તમે શું કર્યું છે તે કહો." આવું સાંભળી મગધના શાસકે વિનમ્ર ભાવે જવાબ આપ્યો : " માફ કરજો મહારાજા ! આ વર્ષે હું રાજ્યના ખજાનામાં કંઈ પણ જમા નહિ કરાવી શકું; કારણ કે પ્રજા પરથી કરવેરાનો બોજો ઓછો કરી નાખ્યો છે. જેઓને ઘર ચલાવવા માટે નોકરીના રૂપિયા ઓછા પડતા હતા, તેના કારણે લાંચ લેતા એવા રાજ્યના નોકરીયાતોના પગાર વધારી દીધા છે, એટલે લાંચ લેવાનું બંધ કરી દીધું છે. નવી પાઠશાળાઓ શરૂ કરી છે. કૂવા, વાવ અને ધર્મશાળાઓ બંધાવી છે. આવા લોક-કલ્યાણનાં ઘણાં કામો કરવાને કારણે

રાજ્યની તિજોરમાં મૂકવા કંઈ પણ બચાવી શક્યો નથી.”

આવું સાંભળી તુરંત અશોક સિંહાસનેથી ઊભા થયા અને તે શાસકને ભેટીને બોલ્યા : “આજના જન્મ દિવસનો પુરસ્કાર તમોને આપું છું, કારણ કે તમોએ દરેક કાર્યો માનવતા ઉપયોગી કર્યા છે. આ પુરસ્કારથી અન્ય શાસકોને પણ પ્રેરણા મળશે કે, શાસક કેવો હોવો જોઈએ. માનવતાની શક્તિ, શાંતિ, દયા અને માધુર્ય વધારનારા તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.” આ રીતે કહી સમ્રાટ અશોકે જાહેર સભામાં તે શાસકને પુરસ્કાર અર્પણ કર્યો.

“ કાશ્મીરના તુંજન રાજા ”

ભક્તો ! એક કહેવત છે કે, “ પૈસો પાપને ખેંચી લાવે છે.” એ જ રીતે દયાળુ સ્વભાવ પણ અઢળક સદ્‌ગુણોને ખેંચી લાવે છે. દયા હોય ત્યાં ઉદારતા તો આવે જ છે. એક વાત યાદ રાખો : “ઉદારતાની મોનોપોલી (માલિકી-હકપણું) સંપત્તિવાળા પાસે નથી, પણ કોમળતાના પરિણામવાળા પાસે જ છે.”

નદી સુકાય જાય ત્યારે જે સ્થિતિ સર્જાય છે, એવી સ્થિતિ માણસના હૃદયમાંથી દયા સુકાઈ જાય ત્યારે સર્જાય છે; નદી જ્યારે વહેતી હોય છે ત્યારે ચારેબાજુ આનંદ-કલ્લોલ જેવું વાતાવરણ સર્જાઈ જાય છે, એ જ રીતે માણસના હૃદયમાં કરૂણા અને દયાનો પ્રવાહ વહેતો હોય છે ત્યારે પણ ચારે તરફ

પ્રેમમય વાતાવરણ સર્જાઈ જાય છે. ફૂલોની ખૂશ્બુ તો માત્ર પવનની દિશામાં જ પ્રસરતી હોય છે, જ્યારે માનવીનાં માનવતા ભરેલાં કાર્યોની સુવાસ તો ચોતરફ ફેલાઈ જતી હોય છે. એવા જ એક મહામાનવની સુવાસ ૨૧૦૦ વર્ષ થઈ ગયાં છે તો પણ હજું ફેલાયેલી જ રહી છે. એમનું નામ છે મહારાજ તુંજીન !

વિ.સંવત ૧૨૬ વર્ષ પહેલાં કાશ્મીરમાં તુંજીન નામના અતિ દયાળુ ને ધાર્મિક રાજા થઈ ગયા છે. તેઓનાં રાણીનું નામ હતું વાક પુષ્પ. બન્ને પોતાની પ્રજાનું પુત્રની જેમ પાલન કરતાં હતાં. એક વાર અનાજ વગેરે પાક પાકવાની તૈયારી હતી, ત્યાં જ ભયંકર સ્નો પડ્યો અર્થાત્ બરફનો વરસાદ વરસ્યો ! તેના કારણે બધો જ પાક બળી ગયો, તેથી ગરીબ લોકો અનાજ વિના ભૂખના દુ:ખથી મરવા લાગ્યા.

આવું જોઈને પોતાને માટે સંગ્રહ કરેલ બધું જ અનાજ રાજા-રાણી પ્રજાને ઘેર ઘેર જઈને આપી આવ્યાં, તેથી અનાજનો ભંડાર ખાલી થઈ ગયો. આપેલ અનાજ પણ ખાલી થઈ ગયું એટલે દયાળુ રાજા પ્રજાને મરતી જોઈ ન શક્યા તેથી તેમણે આત્મહત્યા કરવાનો નિર્ણય કર્યો. એ સમયે રાણી પણ અન્ન-પાણી છોડી દઈ પરમાત્માને ખાવાનું આપવા પ્રાર્થના કરવા લાગ્યાં. રાણીએ કહ્યું : " હે પ્રભુ ! જ્યાં સુધી મારી પ્રજાને ખાવાનું નહિ આપો ત્યાં સુધી હું અહીંથી ઊભી નહિ થાઉં અને અન્ન-જળ નહિ લઉં. હું પણ આમરણાંત ઉપવાસ કરી મારા પ્રાણ છોડી દઈશ."

આ રીતે પ્રભુને પ્રાર્થના કરી પ્રભુ-સ્મરણમાં પોતાના મનની વૃત્તિ લગાડી દીધી. ત્યાં તો ચમત્કાર થયો. પરમાત્માએ એમની પ્રાર્થના સાંભળી હોય એ રીતે આખા કાશ્મીરમાં ખાદ્ય પદાર્થોનો વરસાદ વરસવા લાગ્યો ! લોકો ટોપલાઓ લઈ લઈને મીઠાઈ વગેરે ભરી ભરીને સંગ્રહ કરવા લાગ્યા. આખું વર્ષ ચાલે એટલો વરસાદ થયો. લોકો રાજા-રાણીને અંતરથી આશિષ દેવા લાગ્યા.

" ગોરધનભાઈ પાટીદાર "

વસો ગામના પાટીદાર ગોરધનભાઈને અંગ્રેજ સરકારે સૌરાષ્ટ્રના ઢસા અને રાયસાંકળી વગેરે ત્રણ તાલુકા પુરસ્કારરૂપે આપેલા, તેથી તેઓ સૌરાષ્ટ્રમાં રહેતા હતા. લોકો તેમને દરબાર સાહેબ કહીને બોલાવતા હતા. તેઓ પોતાના માલિકીના ગામોના લોકો સાથે પોતાના પરિવાર જેવો સંબંધ રાખતા હતા.

તેઓના સમયમાં ગામડાઓમા શિક્ષણનું પ્રમાણ હતું નહિ, તેથી તેઓએ રાત્રીશાળાઓ શરૂકરી ખેડૂતોને ભણાવવાનું શરૂકર્યું હતુ. તે સમયે સ્ત્રીઓને કોઈ ભણાવતું જ ન હતું તેથી ગોરધનભાઈએ તેમના તાલુકાના ગામડાંઓના લોકોને ભેગા કરી પોતાની દીકરીઓને ભણાવવાનું કહ્યું. ત્યારે દરેકે એવો જવાબ આપ્યો કે, " છોકરીઓને ભણાવીએ તો બગડી જાય અને સ્વતંત્ર બની જાય, માટે અમો કોઈ ભણાવવાના નથી."

આવું સાંભળી ગોરધનભાઈને ખુબ દુ:ખ થયું. જો કે તેઓ પોતાની સત્તાના રૂવાબથી ભણાવવાની ફરજ પાડી શકત, પણ તેઓએ એમ ન કરતાં ઉપવાસ શરૂ કરી દીધા ! લોકોને ખબર પડતાં બધા ખેડૂતો પોતાની પુત્રીઓને ભણાવવા તૈયાર થયા અને ભણાવા મોકલી; ત્યારે ગોરધનભાઈએ ઉપવાસ છોડ્યા !

ગોરધનભાઈ જેવા શિક્ષણ પ્રેમી હતા એવા જ દયાળુ પણ હતા. પોતે તો કોઈ જીવ પ્રાણીમાત્રને દુ:ખવતા નહિ, પરંતુ તેઓએ પોતાના ગામડાંઓમાં કાયદો કર્યો હતો કે, " પશુ કે પક્ષી કોઈપણનો શિકાર કરનારને તેમજ નદી-તળાવમાં રહેલાં માછલાં વગેરે પ્રાણીઓને મારનારને ભયંકર સજા કરવામાં આવશે."

એકવાર કોઈ અંગ્રેજ અધિકારીએ પોતાના નોકરોને ગોરધનભાઈની સરહદમાં આવેલ નદીમાં માછલાં પકડવા મોકલ્યા હતા. ત્યારે પણ અંગ્રેજની શરમ છોડીને કે ધાક ધમકીની પરવા કર્યા વિના નોકરોને પાછા કાઢી મૂક્યા હતા !

વળી તેઓ દેશભક્ત પણ હતા. મોતીભાઈ અમીનને તેઓ ગુરૂ માનતા હતા. ગાંધીજીની સાથે રહી ખાદી પહેરવાનું શરૂ કરી દીધું હતું. ઈ.૧૯૨૧માં સ્વદેશી વ્રતના આંદોલનને વેગ આપવા ખેડા જીલ્લાના વરતાલમા ૨૭ ગામોના જુથવાળા પાટીદારોની સભા મળી તેમાં ગોરધનભાઈને પ્રમુખ બનાવ્યા હતા.



પછી જાહેરમાં તેઓ દેશને સ્વતંત્ર કરવાના પ્રવચનો કરવા લાગ્યા. આવું જોઈ બ્રિટીશ સરકારે કહ્યું : "તમો આંદોલનમાંથી રાજીનામું આપી દો, નહિતર તમોને આપેલ ત્રણેય તાલુકા લઈ લેવામાં આવશે." છતાં પણ ગોરધનભાઈએ માન્યું નહિ, તેથી અંગ્રેજ સરકારે ત્રણેય તાલુકા પાછા લઈ લીધા ! તો પણ ડગ્યા ન હતા અને સ્વરાજ આંદોલન શરૂ જ રાખ્યું હતું. કેવી દેશભક્તિ !

" કરીમ આગાખાન "

ભક્તો ! વર્તમાન સમય ઈ.૨૦૦૪ માં દુનિયાની વસ્તી સવા છ અબજની છે. તેમાં મુસલમાનો અર્થાત ઈસ્લામ ધર્મને માનનારાઓની સંખ્યા ૧,૧૨,૬૩,૨૫,૦૦૦ (એક અબજ બાર કરોડ ત્રેસઠ લાખ પચ્ચીસ હજાર) છે. ઈસ્લામ ધર્મમાં સુન્નીપંથી અને શિયાપંથી બે વિભાગો છે. તેમાં જે શિયાપંથીઓ છે તેમાં પણ ત્રણ ફાંટા છે : (૧) ખોજા શિયા ઈથના-અશેરી (૨) ખોજા શિયા ઈસ્માઈલી અને (૩) દાઉદી વહોરા.

પ્રથમ પ્રકારના શિયાપંથીઓ ઈરાનના ખામોશીને માને છે. બીજા પ્રકારના શિયાપંથીઓ આગાખાનને માને છે અને ત્રીજા પ્રકારના દાઉદી વહોરાઓ સૈયદ સાહેબને માને છે. તેમાં ઈસ્માઈલી ખોજા આગાખાનનો પરિચય જાણીએ.

વર્તમાન આગાખાનનું નામ કરીમખાન છે. તેઓ ચોથા આગાખાન ગણાય છે. તેઓનો જન્મ યુરોપના જીનિવા દેશમાં

ઈ.૧૯૩૬ માં થયો હતો. તેઓએ નાનપણથી જ અનેક પરોપકારનાં કાર્યોમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. તેઓ કોલેજમાં ભણતા હતા ત્યારે પણ દારૂ કે સિગારેટને ક્યારેય પણ હાથ અડાડ્યો ન હતો, આવા સંયમી હતા. વિદેશની ભૂમિ પર રહેવા છતાં એક પણ દુર્ગુણ પેસવા દીધો ન હતો.

આવા સદ્‌ગુણોને કારણે તેમના દાદા સુલતાન મોહંમદ આગાખાન ત્રીજાએ પોતાના પુત્ર અલીખાનને પોતાની ગાદીના વારસ ન બનાવ્યા, પણ પોતાના પૌત્ર કરીમને ફક્ત ૨૦ વર્ષની ઉંમરે ઈમામ(ધર્મગુરુ) બનાવ્યા હતા.

નામદાર કરીમ આગાખાન હાલ દુનિયાના ૨૫ દેશોમાં રહેતા પોતાના બે કરોડ અનુયાયીઓના ધર્મગુરૂતરીકે આદરમાન ધરાવે છે. દુનિયાના અનેક દેશોમાં તેઓની પરોપકારની પ્રવૃત્તિઓ ચાલે છે. તેનું લીસ્ટ લખાઈ શકે તેમ નથી એટલી બધી પ્રવૃત્તિઓ ચાલે છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પણ તેમના કેટલાય સિંચાઈ અને શિક્ષણના પ્રોજેક્ટ ચાલે છે. તેઓ વિશેષ કરી ઈસ્માઈલી ખોજાઓને મદદ કરી દુનિયાના ધર્મગુરૂઓને શીખ આપતા હશે કે, તમો પણ તમારા આશ્રિતોના આર્થિક ઉત્થાનમાં મદદરૂપ બનો.

ઈસ્માઈલીઓ આવકમાંથી ૧૦ ટકા ધર્માદામાં આપે છે, તેના કારણે અબજો રૂપિયાનો ધર્માદો આગાખાન ટ્રસ્ટમાં



જમા થાય છે. તેમાંથી ખોજાઓને સ્વાવલંબી બનાવવામાં પણ ખુબ રૂપિયા વપરાય છે. કરીમ આગાખાન હાલ પેરિસ(ફ્રાન્સ)અને જીનિવામાં રહે છે.

તેમના યુસ્ત આશ્રિતો છે તેઓ દરરોજ ચાર વાગે ઊઠે છે અને પવિત્ર થઈ જમાતખાનામાં (મંદિરમા) ભેગા થઈ દરરોજ દોઢ કલાક ધ્યાન ભજન કરે છે ! ઘેરથી પ્રસાદ લાવે તેની દરરોજ હરાજી થાય છે. પછી તે પ્રસાદ ગરીબ લોકોને આપવામાં આવે છે અને હરાજીના જે પૈસા આવે તેનું પણ દાન કરી દેવામાં આવે છે. આ રીતે ઈસ્માઈલી ખોજાઓ દરરોજ પરોપકાર કરે છે. આગાખાન પણ ઉદાર દિલના હોવાથી પરોપકારનાં કામો કરી રહ્યા છે.

“ ગ્રેન વિલ શાર્પ ”

દરેક દેશોમાં ગુલામોના તારણહાર અલગ અલગ મહામાનવો થયા છે અને પશુઓની જેમ જીવન જીવતા ગુલામોને માણસ તરીકે જીવતા કર્યા છે. એવા લોકોમાં ઈંગ્લેન્ડ દેશના ગુલામોને ગુલામીમાંથી છોડાવનાર દયાળુ હૃદયના મહામાનવ હતા ગ્રેન વિલ શાર્પ. તેમનો જન્મ ઈંગ્લેન્ડમાં થયો હતો.

નાનપણથી જ ધાર્મિક વાંચનનો શોખ ધરાવનાર ગ્રેન વિલના હૃદયને સદ્વાંચને ખુબ સંવેદનશીલ બનાવી દીધું હતું, તેથી કોઈપણને દુ:ખી જોઈ પોતે દુ:ખી થઈ જતા અને સામેની વ્યક્તિનું દુ:ખ દૂર કરવામાં લાગી જતા હતા. એ સમયના બ્રિટનના ધનવાન લોકો ગુલોમોને ખરીદતા અને

અતિ પરિશ્રમ કરાવતા હતા. તે ગુલામ જ્યારે વૃદ્ધ થાય અથવા તો અતિ બીમાર પડે એટલે પોતાના ઘેરથી કાઢી મૂકતા હતા.

ગુલામો પાસે પશુઓની માફક કામ કરાવતા જોઈને ગ્રેનવિલનું હૃદય દ્રવી ઊઠ્યું અને હૃદયમાં કરૂણાની સરવાણીઓ શરૂ થઈ જતી હતી. પોતે મનોમન નક્કી કર્યું કે, "ગમે તેમ કરી આ નિર્દોષ લોકોને ગુલામીમાંથી છોડાવવા છે." પછી તેમણે નોકરી છોડી દીધી અને ગુલામોનો છૂટકારો કરાવવા કાયદાઓનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. ત્યારબાદ તેમણે લોર્ડ મેન્સફિલ્ડની કચેરીમાં કેસ રજુ કર્યો.

ગ્રેન વિલ શાર્પે રાત્રી-દિવસ અથાગ મહેનત કરી, તેને કારણે કાયદો થયો કે, " બ્રિટનની (ઈંગ્લેન્ડની) ભૂમિ પર પગ મૂકતાની સાથે જ કોઈપણ દેશોમાંથી લાવવામાં આવેલ ગુલામો, ગુલામીમાંથી છૂટીને સ્વતંત્ર માણસ તરીકે રહીને પોતાનું જીવન પોતાની રીતે જીવી શકશે તેઓને કોઈ ગુલામ તરીકે ખરીદી શકશે નહિ."

નવા ગુલામો થતા બંધ થઈ ગયા, પરંતુ ધનવાનો પાસે લાખો ગુલામો હતા તેનું શું કરવું ? એ વિચાર કરી ગ્રેન વિલે ફરીને ઝુંબેશ શરૂ કરી. તેમાં તેમને અનેક મુસીબતો આવી અને ધનવાનો તરફથી યાતનાઓ આપવામાં આવી, તો પણ તેઓ ડગ્યા નહિ અને અંતે તમામે તમામ ગુલામોને છોડાવ્યા ! ગુલામીનાં મૂળને તેમણે હચમચાવી ઉખાડી કાઢ્યાં.

ગરીબ ગુલામોને મુક્ત કરાવ્યા તેથી લાખો ગુલામોના હૃદયમાંથી ઊઠ્તો એક જ ધ્વની વાતાવરણને ભરી દેતો હતો: "ગ્રેન વિલ શાર્પ ઝિંદાબાદ." બ્રિટનનો ઈતિહાસ આજે પણ આ મહામાનવની ભવ્ય યશોગાથા ગાય છે.



“ વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ”

ભક્તો ! ભારતના મહાન વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝનો જન્મ ત્યારનું ભારત અને હાલના બાંગ્લાદેશના ઢાકા જીલ્લાના વિક્રમપુર ગામમાં ઈ.૧૮૫૮ માં થયો હતો. પિતા ભગવાનચંદ્ર ખુબ દયાળુ હતા. ઈ.૧૮૮૦ ના ભયંકર દુષ્કાળમાં તેઓએ ગરીબોને અનાજ, કપડાં અને રૂપિયા વગેરેનું ખૂબ દાન કર્યું હતું. દયાળુ પિતાના સંસ્કારો પુત્ર જગદીશમાં નાનપણાથી જ જોવા મળતા હતા.

તેઓ પોતાની માતા અબલા બોઝને ઘણીવાર કહેતા : “લોકોની સેવામાં જીવન વિતાવવું એ જ સાચું જીવન છે. પોતાના માટે તો સૌ જીવે છે. મારે પણ જીવનમાં મોટા થઈને દાનેશ્વરી કર્ણ જેવા દાતા બની ગરીબોની સેવા કરવી છે. તેઓ સ્કુલમાં ભણવા જતા ત્યારે કોઈનાં ફાટેલાં કપડાં જુવે કે તુરંત પોતાનાં પહેરેલાં કપડાં ઉતારીને આપી દેતા અને ગરીબોને પોતાના ઘેર લઈ જઈને જમાડતા હતા.

તેઓ મોટા થઈ ચાર વર્ષ લંડનમાં ભણી વિજ્ઞાનના સ્નાતક બન્યા હતા. તેઓએ પોતાની ૩૧મી વર્ષગાંઠ સાદાઈથી ઉજવીને જાહેર કર્યું કે, “ મારું હવે પછીનું સમગ્ર જીવન દેશના કલ્યાણ અર્થે અને વિજ્ઞાનને ચરણે હું સમર્પી દઉં છું. મારા જીવનની પળેપળ માનવજાતનું કલ્યાણ કરનારી વૈજ્ઞાનિક શોધો પાછળ જ વપરાશે.”

ત્યાર પછી તેમણે પ્રયોગશાળા શરૂ કરી અને પ્રકાશના નાના એવા કિરણનું માપ માપી શકાય અને એના વેગની એક સેકન્ડનો હજારમો ભાગ દર્શાવતું યંત્ર બનાવ્યું ! આ યંત્ર દ્વારા વિજળી વિશેના સંશોધનમાં વિદેશના વિજ્ઞાનીઓ કરતાં પણ સારી પ્રગતિ કરી. તેમજ તાર વિનાના સંદેશા વ્યવહારની (વાયરલેસની) શોધ દુનિયામાં સૌથી પહેલાં જગદીશચંદ્રે કરી હતી, પરંતુ માર્કોનીએ બોઝના લેખના આધારે પ્રગતિ કરી પોતાની શોધ પેટન્ટ કરાવી દીધી હતી.

શાસ્ત્રોમાં તો લખ્યું જ છે કે, વનસ્પતિમાં જીવ છે, પણ વિજ્ઞાન માનતું ન હતું તેથી બોઝે ફ્રાન્સમાં અને લંડનમાં પ્રયોગ કરી સાબિત કરી બતાવ્યું કે, વનસ્પતિમાં મનુષ્યમાં હોય એવો જ જીવ છે અને એ પણ માણસની જેમ લાગણી અનુભવે છે ! તેઓએ અનેક શોધો કરી હતી, પણ રોયલ્ટી (સંશોધનના બદલે રૂપિયા) લીધી ન હતી.

ઈ.સ.૧૯૧૭ માં 'બોઝ સંશોધન પીઠ'ની સ્થાપના કરી દેશને અર્પણ કરી દીધી. તેમાં વિના મૂલ્યે વિદ્યાર્થીઓને પ્રવેશ મળે એવી વ્યવસ્થા કરી હતી. તેઓ પાસે ભેટના રૂપમાં લાખો રૂપિયા આવ્યા હતા, તે રૂપિયા દેશની અનેક શાળાઓમાં ભેટ આપી ઈ.૧૯૩૭ માં અવસાન પામ્યા; પણ પોતાનું નામ અમર કરતા ગયા.



“ હાન્સ વેડર ”

યુરોપ ખંડમાં જર્મની પાસે હોલેન્ડ દેશ છે. એ દેશની મોટા ભાગની જમીન દરિયા કરતાં નીચાણ ભાગમાં આવેલ છે. તેના કારણે વસ્તીમાં પાણી આવી જતું અને ગામડાંઓ ડૂબી જતાં તેમજ અનેકાનેક મનુષ્યો અને પશુઓનાં કરૂણ મોત થતાં હતાં.

આવું વારંવાર બનતું હતું તેથી પાણીને અંદર આવતું રોકવા માટે હોલેન્ડ સરકારે જ્યાં જ્યાં સમુદ્ર કિનારે ગામડાંઓ હતાં ત્યાં ત્યાં દરિયા કિનારે લાંબા અને પહોળા કોટ ચણાવ્યા છે. એ કોટને ત્યાં પુસ્તો કહેવામાં આવે છે.

એક દિવસ સમુદ્રના કાંઠે આવેલ એક ગામનો બાળક સ્કૂલેથી ભણીને સાંજે ઘેર જતો હતો. દીવાલની બાજુમાં રસ્તો હોવાથી ત્યાં ચાલતો હતો. એવામાં એની નજર દીવાલમાંથી ટપકતા પાણી ઉપર પડી. તુરંત ત્યાં જઈને જોયું તો નાનું છિદ્ર પડેલ હતું અને તેમાંથી ધીરે ધીરે પાણી બહાર નીકળતું હતું.

આવું જોઈને હાન્સ વેડર નામનો આ બાળક ચોંક્યો ! “અરે ! આ કાણાંમાથી પાણી શરૂ રહેશે તો મોટું કાણું થશે અને કદાચ દીવાલ પણ પડશે ! જો દરિયાનું પાણી ગામમાં ઘુસશે તો એક પણ માણસ કે જાનવર બચી નહિ શકે, માટે અત્યારે જ તે પાણીને અંદર આવતું રોકી દઉં એટલે મોટું છિદ્ર થાય નહિ.”

આવો મનોમન નિર્ણય કરી પોતાના હાથની હથેળી જે

કાણામાંથી ઠંડું પાણી આવતું હતું ત્યાં આડી રાખી દીધી, તેથી પાણી રોકાઈ ગયું. સાંજ પડી ગઈ તેથી અંધારું થવા આવ્યું, પણ તે રસ્તેથી કોઈ નીકળ્યું જ નહિ. જેમ જેમ રાત્રી વધતી ગઈ તેમ તેમ યુરોપની ભયંકર ઠંડી વધતી ગઈ તેના કારણે હાન્સ આખી રાત્રી ઠંડીમાં ઠુંઠવાતો રહ્યો. તેણે વિચાર કર્યો : "હું ઠંડીના કારણે ઘેર જતો રહીશ, તો મોટું બાકોરું પડી જશે અને મારા એકને કારણે આખું ગામ પાયમાલ થઈ જશે, એના કરતાં હું ઠંડીના કારણે મૃત્યુ પામું તો શહીદ બની જઈશ."

આવું વિચારી મનોબળ મક્કમ કરી આખી રાત ઠંડીમાં ધ્રૂજતો રહ્યો અને આખી રાત ત્યાં જ ઉભો રહીને પાણીને આવતાં રોકી રાખ્યું. સવારે લોકો નીકળ્યા. તેને પાસે બોલાવી બધી વાત કરી. તુરંત ભૂમો પાડી ગામના લોકોને બોલાવ્યા અને તાત્કાલિક સીમેન્ટ લાવી પેલું કાણું પૂરી દેવામાં આવ્યું. હાન્સ વેડરે આખા ગામના પ્રાણ બચાવ્યા તે બદલ તેમને સરકાર તરફથી પુરસ્કાર આપી બહુમાન કરવામાં આવ્યું.

" અલેક્કોટ ટિક્કા પાન્યો "

ઓસ્ટ્રેલિયા દેશનો અલેકકોટ ટિક્કા પાન્યો નામનો વિદ્યાર્થી ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટીમાં અભ્યાસ પૂરો કરી થાઈલેન્ડ દેશના બેંગકોક શહેરમાં નોકરી માટે ગયો, ત્યાં સારી નોકરી મળી ગઈ. ત્યાં એક યુવતી સાથે લગ્નનું નક્કી થયું, પણ તે સ્ત્રીએ બીજા જોડે લગ્ન કરી લીધાં તેને કારણે પાન્યોને ખુબ આઘાત લાગ્યો. પછી તેને શાંતિ ન મળતાં



બૌદ્ધમઠમાં ગયો અને સંતોને શાંતિ માટેનો ઉપાય પૂછ્યો.

માનવતાવાદી સંતોએ કહ્યું : " શાંતિ તો નિ:સ્વાર્થભાવે સેવા કરવાથી મળે છે, એવી બીજા કોઈ સાધનોથી મળતી નથી, માટે તમો માનવસેવામાં લાગી જાઓ. એ તમારું જીવન મધુર બનાવી દેશે." એ સમયે થાઈલેન્ડમાં એઇડ્સના રોગીઓ વધવા લાગ્યા હતા. તેઓ અતિ પીડાતા હતા તો પણ કોઈ માણસ ચેપના ભયથી તેમની સેવા કરવા જતું ન હતું.

પાન્યોએ મનોમન નક્કી કર્યું : " એઇડ્સના બધા દર્દીઓ કાંઈ વિલાસી જીવનને કારણે રોગના ભોગ બન્યા નથી, પરંતુ મોટા ભાગના લોકો તો લોહીના સંબંધે કરીને પીડાઈ રહ્યા છે; માટે તેઓની સેવા કરી માનવતાનું કાર્ય કરી શાંતિ મેળવું." આવો નિર્ણય કરી એઇડ્સના દર્દીઓને લઈ મઠમાં લાવી સેવા કરવા લાગ્યો. ત્યાં તો મઠના જૂના સાધુઓએ વિરોધ કર્યો :" તારે એકલા રહેવું હોય તો રહે, પણ આવા રોગીઓ અહીં રાખી શકાશે નહિ. તારે તેઓની સેવા કરવી હોય તો મઠમાંથી જતો રહે."

સાધુઓના વિરોધને કારણે એક એક દર્દીઓને- ખભે ઉંચકી દૂર નિર્જન જગ્યામાં લઈ ગયો અને ત્યાં ઝુંપડાંઓ બનાવી રહેવા લાગ્યો. રોગીઓ માટે દરરોજ ભોજન માગવા જાય અને માથે ઉપાડી પાછો ઝુંપડે લઈ જઈ દરેકને ખવડાવે. કપડાં ફાટી જાય તો શહેરમાં જઈ દરેક માટે કપડાં માંગી લાવે.દર્દીઓની હાજરી વધવા લાગી એટલે નજીકમાં રહેતા

લોકોએ વિરોધ કર્યો, પણ હિંમત ન હાર્યો.

આ રીતે ઈ.૧૯૯૧ માં અર્થાત્ ૧૩ વર્ષ પહેલાં અલેકઝાંડ્રોટ ટિક્કા પાન્યોએ શરૂકરેલ આ એઈડ્સના દર્દીઓની સંસ્થામાં દર્દીઓનો વધારો થતો જાય છે અને લોકજાગૃત્તિના કારણે તેમાં દાનનો પણ પ્રવાહ આવતો રહે છે તેને કારણે હાલમાં આ સંસ્થા ખુબ મોટી બની ગઈ છે અને એઈડ્સના દર્દીઓ માટે શાંતિધામ બની ગઈ છે.

અત્યારે એઈડ્સ રોગ દિનપ્રતિદિન વધતો જ જાય છે, તેનું મુખ્ય કારણ વેશ્યા સમાગમ અને લગ્નેતર સંબંધ છે અને બીજું કારણ એવા રોગીઓનું લોહી સારા માણસને ચડાવવામાં આવે એટલે પણ થાય છે. ઈ.૨૦૦૧ના જૂન માસમાં ન્યૂર્યોકમાં આંતરરાષ્ટ્રીય મહાસભામાં યુનોના મહામંત્રી કોફી અન્નાને કહ્યું હતું કે, " એઈડ્સના રોગથી આજ સુધી દુનિયામાં કુલ બે કરોડ ને વીશ લાખ લોકોનાં મૃત્યુ થયાં છે !!

" નેપોલિયન બોનાપાર્ટ "

નેપોલિયન ફ્રાંસના એક નાનકડા સૈનિકમાંથી પોતાની હિંમત અને કુનેહને કારણે એક દિવસ ફ્રાન્સ દેશના શહેનશાહ બની ગયા હતા. દુનિયાના શ્રેષ્ઠ સેનાપતિઓમાં તેમની ગણના થાય છે. તેઓએ યુરોપના ઘણા દેશોને જીતીને પોતાનું સામ્રાજ્ય વધાર્યું હતું. ઓગણીશમી સદીની શરુઆતમાં યુરોપખંડમાં તેમની હાક વાગતી હતી. અહીં તેમની બહાદુરીની નહિ, પણ માનવતાની વાતો કહેવી છે, જે અન્યોને પ્રેરણારૂપ બની શકે.



એક વાર નેપોલિયન સાદાં કપડાં પહેરી લોકોનાં સુખ-દુ:ખ જોવા નીકળ્યા હતા. એક જગ્યાએ મજૂરો થાંભલો ઊભો કરવા મહેનત કરતા હતા, પણ એક મજૂરના અભાવે થાંભલો ઊભો થતો ન હતો, તેથી મજૂરોએ કહ્યું : "સાહેબ! એક માણસ હજુ હોય તો થાંભલો જલ્દી ઉભો થઈ જાય." ત્યાં તો માલિક ગાળો દેતો દેતો કહેવા લાગ્યો : "કોઈ માણસ નહિ બોલાવાય, તમારે જ થાંભલો ઊભો કરવો પડશે."

આ દૃશ્ય જોઈ નેપોલિયને પેલા માલિકને કહ્યું : "તમો ઊભા ઊભા ગાળો દો છો તે કરતાં મદદ કરાવો તો થાંભલો ઊભો થઈ જાય." ત્યાં તો પેલો ક્રોધ કરી બોલ્યો : "તું મોટો દયાળુનો દીકરો હો તો કરને મદદ." તુરંત ઘોડા ઉપરથી ઉતરી મદદ કરી એટલે થાંભલો ઉભો થઈ ગયો. તેથી મજૂરોએ આ માણસનો આભાર માન્યો.

પછી તેમણે જવાની તૈયારી કરી ત્યારે માલિકે નામ પૂછ્યું ત્યારે તેઓએ કહ્યું : "મારું નામ નેપોલિયન બોનાપાર્ટ છે. ફરી જરૂર પડે તો બોલાવજો." આવું સાંભળતા જ પેલો ધ્રૂજવા લાગ્યો ને માફી માગી. ત્યારે નેપોલિયને તેને કહ્યું : "કોઈપણ કામને આપણા હોદ્દાની દૃષ્ટિએ ન જોવું જોઈએ. મદદ કરવી એ દરેક નાના-મોટા માણસની ફરજ છે."

એક વાર તેઓએ ઓસ્ટ્રીયાની રાજધાની વિયેના પર આક્રમણ કર્યું હતું. જીતવાની તૈયારી જ હતી, ત્યાં વિયેનાના શાંતિદૂતે આવીને કહ્યું:"અમારી નાની રાજકુમારી અતિ

બીમાર છે અને તેમને સારવારની અતિ જરુર છે. અમારા રાજા હમણા હારી જવાના કારણે તેમને છોડીને ગુપ્તમાર્ગેથી ભાગી જવાની તૈયારી કરે છે, માટે તમો યુદ્ધ બંધ કરો તો કુંવરીનો પ્રાણ બચી જાય."

તુરંત માનવતાના એ પૂજારીએ હૂકમ કર્યો કે : "યુદ્ધ બંધ કરો." ત્યારે સેનાપતિએ કહ્યું : શહેનશાહ ! જીતવાની તૈયારી છે અને યુદ્ધ બંધ કરીશું તો બાજી હારમાં પલટાઈ જશે." ત્યારે નેપોલિયને જવાબ આપ્યો : " માનવતાની નીતિ અમલમાં મૂકવાનો આ સમય છે. દુનિયામાં કેવળ યુદ્ધ જ નહિ, પણ માનવતા નામની પણ કંઈક વસ્તુ છે." તુરંત યુદ્ધ બંધ થયું. દરેકને ફ્રાંસ જવાની આજ્ઞા કરી. આ બાજુ મોટા ડોક્ટરને બોલાવી સારવાર શરૂ કરી એટલે રાજકુમારીને સારું થઈ ગયું.

" દેવીદાસ - અમરબાઈ "

ભક્તો ! એક વાત તો દરેકે સ્વીકારવી જ રહી કે, દાન આપવું સહેલું, ભક્તિ કરવી સહેલી અને પરોપકારનાં અનેક કામો કરવા પણ સહેલાં છે, પરંતુ રોગીઓની દેહથી કાયમ માટે સેવા કરવી એ અતિ કઠિન છે. એમાંય પણ રક્તપિત્તિયાઓની સેવા કરવી એ તો એનાથી પણ કઠિન છે. છતાં આવી કઠિન સેવા કરનાર નર-નારીઓ પણ દુનિયાના અનેક દેશોમાં થઈ ગયાં છે. તેમાં મારે વાત કરવી છે સૌરાષ્ટ્રમાં જૂનાગઢની બાજુમાં આવેલ પરબ વાવડીના દેવીદાસ બાપુ અને અમરબાઈ માતાની.



૧૮મી સદીમાં આશરે ૨૦૦ વર્ષ પહેલા જૂનાગઢ પાસે આવેલ મુંઝિયાસર ગામમાં રબારી જ્ઞાતિમાં દેવીદાસ ભગતનો જન્મ થયો હતો. નાનપણથી જ દુ:ખીયાઓની સેવા કરવાનો ખુબ મહિમા હતો. મોટા થઈ સંસાર છોડી પરબ ધામમાં ઝુપડીઓ બનાવી ત્યા રક્તપિત્તિયાઓને લાવી સેવા કરતા હતા. દરરોજ દૂર દૂર ગામડાંઓમાં જઈ રોટલા - શાક વગેરે માંગી લાવી રોગીઓને ખવડાવે, દેશી ઔષધિઓ ગોતી ગોતીને રક્તપિત્તના દર્દીઓની સેવા કરે અને લીમડાંનાં પલાળેલાં પાનના પાણીથી દરરોજ સાથ સાફ કરી દર્દીનારાયણના આશીર્વાદ મેળવે; આ દેવીદાસ બાપુનો નિત્યક્રમ હતો.

એકવાર શોભાવડલા ગામની ૧૯ વર્ષની આહીર યુવતી અમરબાઈ પોતાના સાસરે પ્રથમવાર આણું વળીને જતી હતી. વેલડું પરબ-વાવડીની જગ્યા પાસે વિસામો લેવા ઊભું રાખ્યું. ત્યાં સામે જ દેવીદાસ બાપુ રક્તપિત્તિયાઓની સેવા કરતા હતા. લીમડાના પાણીથી સાંઠના ઘા સાફ કરી રહ્યા હતા તેના કારણે પીડા પામતાં નર-નારીઓ ચીસો પાડતાં હતાં.

આવું દૃશ્ય જોઈને અમરાબાઈનું અંતર વલોવાઈ ગયું. હૃદયમાંથી કરૂણાની સરવાણીઓ ફૂટી. મનોમન વિચાર કર્યો : "અરે ! આ દેહને વિષય ભોગવી પરિવારની ચાકરી કરી વેડફી નાખવો એ કરતાં આ નિરાધાર રોગીઓની સેવામાં જોડી દઉં એટલે મારો જન્મ સફળ થઈ જશે."

આવું વિચારી તુરંત ત્યાં જઈ સેવા કરવા લાગી ગયાં.

તેના કારણે તેમના પતિ વગેરે તરફથી ઉપદ્રવ થયો, પણ સાસરે ગયાં નહિ. પછી તો અમરબાઈ પરબ-ધામને પોતાનું ઘર માનીને આશ્રમનું તમામ કામ કરવા લાગ્યાં. ગામડાંઓમાં જઈ અનાજ અને રાંધેલું ભોજન લઈ આવે અને દરેક દર્દીઓને જમાડી પોતે જમે. દેવીદાસ બાપુની જેમ રોગીઓની સેવામાં પોતાનું જીવન સમર્પણ કરી અંતે ભૌતિક દેહનો ત્યાગ કરી પરલોકના માર્ગે પ્રયાણ કર્યું.

તે જગ્યામાં જ ભેંસાણ ગામના શાર્દૂળ ભગત કાઠીએ પણ પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરી ઓળીઓ ભાગી દર્દીઓને જમાડી તેઓની સેવા કરી માનવ જન્મ સાર્થક કરી માનવતાનું મહાન કાર્ય કર્યું હતું. એવા જ રક્તપિત્તના રોગીઓની સેવા કરવા માટે ઈ.૧૯૭૯માં પુરુષોત્તમભાઈ પંચાલે વડોદરામાં 'રક્તપિત્ત નિવારણ સેવા સંઘ' ની સ્થાપના કરી છે. પછી વિકલાંગો માટે "સેવાતીર્થ" સંસ્થા પણ શરૂ કરી માનવતા મહેંકાવી છે.

" રંતિદેવ રાજા "

ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયના એક સારા સંત વક્તા સ્થાને બેસીને હરિભક્તો આગળ એવું કહે છે કે: "સ્વામિનારાયણ ભગવાને પરોપકાર કરવાનું ક્યાંય કીધું નથી. બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરી અક્ષરધામમાં જતું રહેવાનું જ કહ્યું છે."

આવું બોલનારા એ સંત એ ભૂલી ગયા લાગે છે કે,



શ્રીજી મહારાજે પોતે એક નહિ, પરંતુ અનેક પરોપકારનાં કાર્યો કરેલાં છે. એટલું જ નહિ, પણ પરોપકાર કરવાની પોતાના આશ્રિતોને આજ્ઞા પણ કરી છે. એના પુરાવા માટે સ્વયં શ્રીહરિજીએ કહેલ રંતિદેવ રાજાનું આખ્યાન અહીં રજુ કરી રહ્યો છું.

શ્રીજી મહારાજ વિક્રમ સંવત ૧૮૬૧ માં પ્રથમવાર કારિયાણીમાં પધાર્યા ત્યારે યજ્ઞો કરાવી વિશાળ સભામાં સિંહાસન પર બિરાજમાન થઈને બોલ્યા હતા : " હે ભક્તો ! મારું વચન સાંભળો. પરોપકાર સમાન બીજું પુણ્ય નથી. જે લોકો પોતે દુ:ખ સહન કરીને પણ બીજા જનોનું હિત કરે છે તે પુરુષોએ જ પોતાનું કાર્ય સંપાદન કર્યું છે આ પ્રમાણે નિશ્ચે જાણો.

આ લોકમાં જે પુરુષો બીજાઓનાં દુ:ખોને જોઈ પોતાની શક્તિ પ્રમાણે તેમનાં દુ:ખોનું નિવારણ ન કરે તે પશુ સમાન છે. આ પૃથ્વીમાં રંતિદેવરાજા પરોપકારથી ધન્ય થઈ ગયા હતા. એ રાજાનો નિર્મળ યશ આ લોકમાં હજુ પણ ગવાય છે, એ રાજાનું આખ્યાન સાંભળો.

પૂર્વે (સત્યુગમાં) ચંદ્રવંશના સંકૃતિ નામના રાજા હતા. તેમને રંતિદેવ નામના પુત્ર હતા. પિતા પરલોકમાં ગયા પછી દયાળુ રંતિદેવ ધર્મથી રાજ્ય કરવા લાગ્યા. તેઓએ અનેક યજ્ઞો કરી સમગ્ર સમૃદ્ધિ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી હતી. પછી તે રાજા પરિવાર સહિત અયાચિતવૃત્તિનો (માગ્યા વિના મળે તો ખાવાનું) આશ્રય કરી રહેવા લાગ્યા. કોઈ સમયે તેઓને લૂખું અન્ન મળતું, તો કયારેક મિષ્ટાન્ન મળતું હતું;

કયારેક કેવળ જળ જ મળતું તો કયારેક ફળ મળતાં હતાં.

આ રીતે તેઓ જીવન નિર્વાહ કરતા હતા. એવા સમયમાં એકવાર તેઓને ૪૮ દિવસ સુધી અન્ન-જળ મળ્યું નહિ, તેથી ૪૮ ઉપવાસ થયા ! ૪૯ માં દિવસે કોઈ બ્રાહ્મણે રાંધેલું અન્ન અને જળ આપ્યું. પછી રંતિદેવે અન્નાદિકના વિભાગ કરી પરિવારને આપી સર્વે ભોજન કરવા બેઠાં.

ત્યાં અન્નાાર્થી બ્રાહ્મણે આવી જમવાનું માગ્યું. તેથી શ્રદ્ધાપૂર્વક તેમને આપ્યું. તે ગયો ત્યાં બીજા અતિથિએ આવી જમવા માગ્યું ! તુરંત રંતિદેવે દયા લાવી તે શૂદ્રને જમવાનું આપ્યું. એ ગયો ત્યાં તો ત્રીજો અતિથિ આવીને કહેવા લાગ્યો: "રંતિદેવ ! હું અને મારાં કૂતરાંઓ ભૂખના દૂ:ખથી ખુબ દુ:ખી છીએ, માટે અમોને જમવાનું આપો."

આવું સાંભળી તેમને પણ પ્રસન્ન ચિત્તે બાકી વધેલ બધું જ જમવાનું આપી દીધું ! પછી બાકી રહેલ ફક્ત જળ પીવા દરેક ગયાં ત્યાં તો એક ચાંડાળ આવીને કરગરવા લાગ્યો : "તરસ્યે મારા પ્રાણ જાય, તરસ્યાને કોણ પાણી પાય." એક પળનો વિચાર કર્યા વિના તેને પાણી આપી દીધું અને દયાળુ રંતિદેવ બોલ્યા : " હું પરમાત્મા પાસેથી અણિમાદિક અષ્ટ સિદ્ધિ ઈચ્છતો નથી તથા મારે મોક્ષ પણ જોઈતો નથી. હું સર્વે પ્રાણીઓની અંદર રહેલા આત્માની સાથે એકપણું પામી તેમનાં દુ:ખોના ભોક્તારૂપે વર્તતો થકો તેમના દુ:ખોને પામું અને તેઓ સર્વે દુ:ખોથી રહિત થાય !!"

હે ભક્તજનો ! અતિ દયાળુ અને મહાધૈર્યશાળી રંતિદેવ



આ પ્રમાણે બોલી તરસ્યા ચાંડાલને પાણી આપી પોતે તરસ્યા રહ્યા. આવી દયાળુતા અને પરોપકારપણું જોઈ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે પ્રસન્ન થઈ રંતિદેવને દર્શન આપ્યાં. ત્રણેયે વરદાન માગવાનું કહ્યું, પણ રંતિદેવે કંઈપણ માગ્યું નહિ. તુરંત સત્વ, રજ અને તમોગુણવાળી માયા તેમના હૃદયમાંથી સ્વપ્નની માફક લીન થઈ ગઈ ! ત્યાર પછી રાજાના અનુયાયી પ્રજાજનો, રાજાનું આવું આચરણ જોઈ ભક્તો બની ગયા અને રાજા પરોપકાર ધર્મથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. - સત્સંગિ જીવન.બીજું પ્ર.અ.- ૨૯ મો.

“ અન્નદાન મહિમા ”

“ કરે ઘણું કાંચન દાન કોઈ, દે મોતિ માણેક ઉદાર હોઈ
આપે ભરેલા ધનના નિધાન, નહિ નહિ અન્ન સમાન દાન
ન કૃષ્ણના નામ સમાન નામ, ન ધામ જેવું ગઢપુર ધામ
ન તીર્થ ઉન્મત નદી સમાન, નહિ નહી અન્ન સમાન દાન ”

- સ્વામિનારાયણ ભગવાન હ.મૃત.ક-૭. વિ-૫૧

ભક્તો ! પવિત્ર સ્થાનોમાં જઈને દર્શન કરે તેનું અપાર ફળ મળે છે એવું શાસ્ત્રોમાં લખ્યું છે એ સત્ય જ છે, પણ ક્યારેક ક્યારેક એવા પ્રસંગો બનતા હોય છે કે, યાત્રા કરવા જવા માટે રૂપિયા બચાવ્યા હોય અને એ રૂપિયાથી જ કોઈ અન્ન વિનાના લોકો માટે અનાજ ખરીદીને આપવામાં આવે તો તેનું ફળ યાત્રાના ફળ કરતાં વધારે મળતું હોય છે. એનો પ્રસંગ અરબસ્તાન દેશમાં બની ગયેલ છે. તે પ્રસંગ “ મુસ્લિમ

મહાત્માઓ" એ ગ્રંથમાં લેવામાં આવ્યો છે. તો સાંભળીએ એ સત્ય ઘટના.

એકવાર મુસ્લિમ મહાત્મા મહર્ષિ અબ્દુલ્લા સાઉદી અરેબિયા દેશમાં આવેલ મુસ્લિમ લોકોના પેગાંબર મહંમદ સાહેબના જન્મ સ્થાન એવા મક્કા નગરનાં દર્શન કરવા ગયા હતા. ત્યાં દર્શન કરીને રાત્રીના સમયે ખૂલ્લી જગ્યામાં સૂઈ ગયા. રાત્રે તેઓને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેઓએ સ્વર્ગમાંથી આવેલ બે ફિરસ્તા (મુક્તો) ને પરસ્પર વાતો કરતા જોયા.

એક ફિરસ્તો બીજાને કહેતો હતો : "આ વર્ષે કેટલા લોકો મક્કાની યાત્રા કરવા માટે આવ્યા છે?" ત્યારે બીજાએ જવાબ આપ્યો : "છ લાખ લોકો શ્રદ્ધાપૂર્વક દૂર દૂરનાં સ્થાનોમાંથી અને દૂર દૂરનાં દેશોમાંથી અહીં યાત્રા કરવા આવેલ છે." પછી પેલા ફિરસ્તાએ પૂછ્યું : "આ છ લાખ નરનારીઓમાંથી કેટલાની સંપૂર્ણ યાત્રા ખુદાએ સ્વીકારી છે?" ત્યારે બીજાએ જવાબ દીધો : "એકપણની નહિ ! પરંતુ એક માણસ મક્કા આવી શક્યો નથી, તો પણ તેની સંપૂર્ણ યાત્રાનો ખુદાએ સ્વીકાર કર્યો છે અને એ વ્યક્તિ દમસ્ક નગરમાં રહે છે. તેમણે યાત્રાના પૈસાનું અનાજ લઈ ભૂખ્યાઓને દાન કરી દીધું છે."

એ સમયે જ અબ્દુલ્લાની ઊંઘ ઉડી ગઈ. સ્વપ્નનો પ્રસંગ સત્ય છે કે નહિ એ જાણવા માટે તુરંત તેઓ દમસ્ક શહેરમાં જઈને સભા કરી પૂછ્યું : "મક્કા જવાની તૈયારી કરી



કઈ વ્યક્તિ મક્કા જઈ શકી નથી ?" ત્યારે એક માણસે કહ્યું : " હું તૈયારી કરીને જઈ શક્યો નથી." પછી અબ્દુલ્લાએ કારણ પૂછતાં તેમણે કહ્યું : " મેં મહેનત કરી કરીને દીનાર (સાઉદી અરેબિયા દેશનું ચલણી નાણું) બચાવી મક્કા જવાની તૈયારી કરી. ત્યાં મને ખ્યાલ આવ્યો કે, પાડોશીનાં બાળકોને સાત દિવસથી જમવાનું મળ્યું નથી. તેઓ બધાં જ ભૂખથી ટળવળે છે. તેમનું દુ:ખ જોઈ મારા મનમાં કરૂણા ઉત્પન્ન થઈ એટલે તુરંત બધા જ રૂપિયાનું હું અનાજ લઈ આવ્યો અને બધું જ તે લોકોને આપી દીધું."

આવુ સાંભળતાવેંત મહાત્મા અબ્દુલ્લા તેમને ભેટી પડ્યા અને વંદન કરી કહેવા લાગ્યા : "ખરા અર્થમાં તું ફિરસ્તો જ છે. તારી યાત્રા ખુદા પાસે પહોંચી ગઈ છે. મેં સ્વપ્નમાં ફિરસ્તાઓને તારી વાત કરતા સાંભળ્યા હતા અને એટલા માટે જ હું અહીં સુધી સત્ય જાણવા આવ્યો હતો. મક્કા આવ્યા વિના પણ તને મક્કા યાત્રાનું સંપૂર્ણ ફળ મળ્યું છે. જ્યારે બીજા છ લાખ મુસ્લિમો ઘણા બધા રૂપિયા ખર્ચીને આવ્યા છે, પણ સંપૂર્ણ યાત્રાનું ફળ તેઓને મળ્યું નથી. તેં ભૂખ્યાને અન્નદાન આપી ખુદાને રાજી કરી લીધા છે અને યાત્રાનું પણ ફળ મેળવી લીધું છે."

આ રીતે તેમની પ્રશંસા કરતાં કરતાં અન્નદાનનો મહિમા ગાતા ગાતા અબ્દુલ્લા ત્યાંથી વિદાય થયા અને મક્કા આવી કાબા વગેરે પવિત્ર સ્થાનોનાં દર્શન કર્યાં.

“ નોળીયો સોનાનો થયો ! ”

“ ભલે કરે કોટિક યજ્ઞ કોઈ, ભલે વળે તીર્થ સમસ્ત જોઈ
ભલે ભણે સાર્થક સામગાન, છે શ્રેષ્ઠ એ સર્વથી અન્નદાન
હરેક ભૂખ્યો જન કોઈ હોય, દેખાય દુઃખી તનમાંહિ તોય
જેને દિલે કાંઈ દયા ન આવે, તે જાતિ તો રાક્ષસની કહાવે ”

– સ્વામિનારાયણ ભગવાન

ભક્તો ! અન્નાર્થીઓનો મહિમા સમજવા એક બ્રાહ્મણની કથા નિષ્કુળાનંદ સ્વામીએ ‘ધીરજાખ્યાન’ ગ્રંથમાં લખી છે તે સાંભળીએ. એક શિલોંચ્છ વૃત્તિવાળા પવિત્ર બ્રાહ્મણ હતા. તેઓ આઠ દિવસ સુધી બજારમાંથી અને ખેતરમાંથી અનાજના કણ વીણી વીણીને ભેગા કરે અને પછી તેની રસોઈ બનાવી તૈયાર કરી કોઈ ભૂખ્યા અતિથિની રાહ જુવે. કોઈ આવે તેને જમાડીને જમે. આ તેઓનો નિયમ હતો.

એક સમયે આઠ દિવસ અનાજના દાણા વીણીને રસોઈ બનાવી. કારણ કે શિલોંચ્છવૃત્તિનો નિયમ જ એવો છે કે, અનાજ વીણીને જ જમવું પડે. ભોજન તૈયાર કરી બ્રાહ્મણ, તેમનાં પત્ની, પુત્ર અને પુત્રવધુ આ ચારેયે અતિથિની રાહ જોઈ જમવાની તૈયારી કરી. તે સમયે જ ધર્મરાજ બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા ને જમવાનું માગ્યું. તુરંત પ્રણામ કરી



બ્રાહ્મણે પોતાના ભાગનું બધું જ ભોજન આવનારને આપી દીધું. તે બધું જ પેલા આવનાર ભૂદેવ જમી ગયા. પછી ક્રમશ: ત્રણેયે પોતાનું ભોજન આપી દીધું. તેથી એ ત્રણેયનું પણ બ્રાહ્મણના રૂપમાં આવેલ ધર્મરાજ જમી ચાલ્યા ગયા !

ત્યારબાદ ઘટના એ ઘટી કે, પેલા ભૂદેવના હાથ ધોવડાવ્યા હતા, ત્યાં આવીને એક નોળીયો આળોટ્યો તેથી તેનું અડધું અંગ સોનાનું થઈ ગયું ! પછી તે નોળીયો પોતાનું બીજું અંગ સોનાનું કરવા માટે પાંડવોના રાજસૂર્ય યજ્ઞમાં ગયો અને ત્યાં પોતાનું શરીર ફેરવવા લાગ્યો, પણ સોનાનું અંગ થયું નહિ.

ત્યારે તે નોળીયો મનુષ્યની ભાષામાં પાંડવોને કહેવા લાગ્યો: "તમારા જવ, ચોખા, દૂધ અને ઘી હોમેલા યજ્ઞ કરતાં તો ભૂખ્યા અને અતિથિઓને જમાડવારૂપી યજ્ઞ મહાન છે. કારણ કે, એક બ્રાહ્મણે જમાડેલ અતિથિના સ્થાનમાં આળોટવાથી મારું અડધું અંગ સોનાનું થઈ ગયું છે, માટે હું તો તમારા યજ્ઞ કરતાં એને મહાન માનું છું."

" એમ સમે આવી કોઈ અન્ન જાચે, વળી હોયે ક્ષુધાએ આતુર;
પોચ્ય પ્રમાણે આપવું, રાજી થઈ જન જરૂર;
અન્ન ન આપે ઉત્તર આપે, કાં તો સંતાપે કઠણ કહી;
નિષ્કુળાનંદ હરિજનની, એવી રીત જોઈએ નહિ."



“ જીવા ખાચર ”

“જીવો ખાચર જગ જાણિતા, ગઢપુર વિષે રહેનાર
તેને જગતજન સૌ કહે, રાજા કરણ સમ દાતાર
જેમ જઈ ગંગા તટે, જન કોઈ ન તરશો જાય
જીવા ખાચર પાસે જઈ, નહિ કોઈ નિરાશી થાય.

- હ.-મૃત.-ક.૭. વિ.૩૪

ભક્તો ! ગઢપુરના જીવા ખાચર ઉદાર દિલના હતા. તેમનો સ્વભાવ ગરીબ લોકો પ્રત્યે દાનેશ્વરી કર્ણ ને રાજા ભોજ જેવો હતો. શરૂઆતમાં શ્રીજી મહારાજ થોડા દિવસ તેમના ઘેર રોકાયા હતા ત્યારે એવું બનેલ કે, શ્રીજી મહારાજ શેરડી જમતા હતા, તે સમયે સોયો વાગ્યો તેથી આંગળીમાંથી લોહી નીકળવા લાગ્યું.

આવું જોઈ તુરંત જીવા ખાચરે પોતાની માથે બાંધેલ કીમતી મેકર ફાડીને હરિજીની આંગળીએ પાટો બાંધ્યો હતો. ફરી એકવાર વરસાદના સમયે હરિજીને સ્નાન કરવું હતું, પણ લાકડાં પલળી ગયાં હતાં. આવું જોઈ જીવા ખાચરે તે સમયે જ પોતાના હાથથી જ છપ્પર પલંગ ફાડી તેના લાકડાથી ગરમ પાણી કરી હરિજીને નવડાવ્યા હતા !

જીવા ખાચર બહુ જ પરોપકારી હતા. દુ:ખી માણસને તુરંત મદદ કરતા હતા. એકવાર ભયંકર દુષ્કાળ પડ્યો એટલે



ભૂખ્યા લોકોનાં ટોળેટોળાં જીવા ખાચર પાસે આવી અન્ન માગવા લાગ્યા. ભિક્ષુકોને જોઈ તુરંત પોતાના અનાજના કોઠારો ખોલીને દરેક ગરીબોને આપવા લાગ્યા.

" એવી રીતે અન્ન આપતાં, વીત્યા કાળ તણા કાંઈ માસ
કોઠારમાં કણ ખુટિયા, થયું અંતર એથી ઉદાસ
જમવા બેસે જે સમે, કોઈ આવે ધરી અન્ન આશ
આહાર નિજનો આપી દે, અને આપ કરે ઉપવાસ
કોઈને પણ ભુખ્યો કાઢતાં, પોતે પાડે આંસુની ધાર
એવી ઈચ્છા ઉરમાં ધરે, વિખ ખાઈ મરું આ વાર."

"અનાજ ખુટવા આવ્યું છે તેથી ભૂખ્યા ભિખારીઓને હવે શું આપીશ ? ભૂખ્યાઓને પાછા કાઢવા એ કરતાં આત્મહત્યા કરી મરી જાઉ." આવો વિચાર કરી પીવા માટે ઝેર તૈયાર કર્યું. તે સમયે તેમનાં દીકરી અમુલાબેને દાદા ખાચરના દરબારમાં જઈ શ્રીજી મહારાજને બધી વાત કરી.

તુરંત શ્રીજી મહારાજે આવીને કહ્યું : "લ્યો આ અનાજ, તેને કોઠીમાં નાખી કોઠી બંધ કરી દેજો અને સાણોથી (બાકોરાથી) અનાજ કાઢી ગરીબોને આપજો. આ કાળ રહેશે ત્યાં સુધી અનાજ નહિ ખૂટે." પછી પ્રભુના વરદાનને કારણે આખું વર્ષ અનાજ ખુટ્યું ન હતું. ભક્તો ! બીજાઓને માટે મરવા તૈયાર થયા હતા, આવા હતા જીવાબાપુ !

"નિરંજનભાઈ પટેલ"

"વૈષ્ણવ જન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે;
પર દુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે."

– નરસિંહ મહેતા

ભક્તો ! સૃષ્ટીની અંદર માનવ માત્રમાં ચાર પ્રકારના સ્વભાવ જોવા મળે છે. તેમા એક તો મખ્ખીચુસ, બીજા કંજુસ, ત્રીજા દાની અને ચોથા ઉદાર. તેમા જે મખ્ખીચુસ હોય છે તેઓ પોતે ન ખાય અને બીજાને પણ ન ખાવા દે. બીજા જે કંજુસ હોય છે તે પોતે તો ખાય છે પણ બીજાઓને આપતા નથી. ત્રીજા જે દાની લોકો છે તેઓ પોતે ખાય છે અને બીજાઓને પણ પ્રેમથી ખવડાવતા હોય છે અને ચોથા નંબરના જે ઉદાર માનવો હોય છે તેઓ તો પોતે ભૂખ્યા રહીને પણ બીજા લોકોને ખવડાવે છે.

સ્વ પ્રત્યેનો તીવ્ર રાગ ઘટે, તેમ સ્વાર્થ ભાવના ઘટે છે અને જેમ જેમ સ્વાર્થ ભાવના ઘટતી જાય છે, તેમ તેમ માનવ વધુ ને વધુ ઉદાર બનતો જાય છે. વસંત ઋતુમાં વૃક્ષો પાનનાં, પુષ્પોનાં અને ફળોના વૈભવ ધારણ કરીને બેઠાં હોય છે અને એના જ કારણે પોતાની પાસે આવનાર તમામને એ વૃક્ષો પાન, પુષ્પો અને ફળ આપતાં હોય એ વાત તો મગજમાં (મસ્તિષ્કમાં) બેસે એવી છે; પણ પાનખર ઋતુની શરૂઆત થઈ ગઈ હોય છતાં પણ વૃક્ષો, પાન, પુષ્પો અને ફળનું દાન



કરવાનું શરૂ રાખતાં હોય અર્થાત્ આપતાં હોય, ત્યારે એ વૃક્ષોને આપો આપ નમસ્કાર કરવાનું મન થઈ જાય છે.

એ જ રીતે પરિસ્થિતિ મોટા ધનવાન જેવી ન હોય, અને નોકરી કરી જીવન નિર્વાહ ચલાવતા હોય, છતાં પણ જીવન જરૂરીયાતોમાં કસર કરી તથા મોજ-મઝા છોડી સાદાઈપૂર્વક જીવન નિર્વાહ કરી બચેલી રકમમાંથી ધનવાનોની જેમ અનેક પ્રકારની પ્રવૃતિઓ કરતાં હોય એવા માનવને જોઈએ મનોમન પ્રણામ કરવાની ઈચ્છા થઈ જાય છે. - તો આવાં માનવતાના દીવડામાં એક દીપક અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં ઝળહળે છે, એનું નામ છે 'નિરંજન ભાઈ પટેલ.'

સ્વામિનારાયણ મહાપ્રભુના પરમ ઉપાસક આ ભક્તરાજનું આધ્યાત્મિક અને વ્યવહારીક બન્ને પ્રકારનું જીવન દરેક લોકોને પ્રેરણાદાયી બને એવું છે. તેઓનો જન્મ ઈ.સ. ૧૯૪૧ માં વડોદરા જીલ્લાના જૂના રામપૂરા ગામે થયો હતો. તેઓનું મૂળ વતન વડોદરા જીલ્લાનું મંડાળા ગામ છે. હાલમાં તેઓ ન્યુયોર્કમાં રહીને હરિભક્તો સાથે 'આધ્યાત્મિક વિકાસ કેન્દ્ર' અને 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ' ના સહયોગથી પરોપકારનાં અનેક કાર્યો કરી માનવ તરીકે ફરજ બજાવી પ્રભુનો રાજીપો મેળવી રહ્યા છે.



“ ઉત્તમચંદ ગાંધી ”

ભક્તો ! અભયદાનના બે પ્રકારો છે. એક તો એ કે મુમુક્ષુઓને પ્રભુનો નિશ્ચય કરાવી એકાંતિક ભક્ત બનાવવા અને બીજો પ્રકાર એ કે, કોઈ પણ જીવમાત્રને મોતના મુખમાંથી બચાવી લેવો; તો એવા બીજા નંબરના અભયદાન આપનાર હતા કુતિયાણા ગામના ઉત્તમચંદ ગાંધી.

સૌરાષ્ટ્રના કુતિયાણા ગામના ગાંધી પરિવારના અને આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીના સગા દાદા ઉત્તમચંદ ગાંધીનો આ પ્રસંગ છે. તેઓ પોરબંદરના દીવાન હતા, ત્યારે રાજાનું મૃત્યુ થવાથી રાણી રાજ્ય ચલાવતી હતી. રાજ્યના ખજાનચી તરીકે ખીમાભાઈ હતા. તેઓ ખોટા રૂપિયા વેડફવા દેતા ન હતા.

રાણીની દાસીઓ મોજશોખમાં બહુ રૂપિયા વાપરતી તેથી તેમણે ખર્ચ માટે કંટ્રોલ કર્યો. દાસીઓનું કાંઈ ચાલ્યુ નહિ, એટલે તેમણે રાણીને કાન ભંભેરણી કરી ખીમાભાઈ પર ખોટો આક્ષેપ મૂક્યો. કાચા-કાનની રાણી તેમની વાત માની ગઈ. તુરંત ખીમાભાઈને પકડવા સૈનિકોને હૂકમ કર્યો.

ખીમાભાઈને ખ્યાલ આવતાં તેઓ ભાગીને દીવાન ઉત્તમચંદને ઘેર ગયા અને પોતે નિર્દોષ છે એવા સોગંદ ખાધા તેથી ખીમાભાઈને દીવાને પોતાને ઘેર રાખ્યા. આ વાતનો રાણીને ખ્યાલ આવતાં તેમણે તુરંત સોંપી દેવા કહ્યું. ત્યારે



ઉત્તમચંદે કહ્યું : "જ્યાં સુધી ગુનો પુરવાર ન થાય ત્યાં સુધી હું નહિ સોપી શકું. હું પ્રાણના ભોગે પણ તેમનું રક્ષણ કરીશ. હું વિનંતી કરું છું કે, તમારે પણ ત્યાં સુધી ધીરજ રાખવી જોઈએ."

સત્તામાં અંધ બનેલ રાણીને પોતાનું અપમાન જણાયું તેથી તુરંત તોપના ગોળાથી દીવાનનું ઘર ઉડાવી દેવા માટે તોપચીને હૂકમ કર્યો. પછી તો તત્કાળ તોપ ગોઠવાણી. આ બાજુ ઘરની અંદર દીવાનજી, તેમનાં પત્ની, પુત્રો અને પેલા ખીમાભાઈ બધાં જ બેસી ગયાં ને પ્રભુ સ્મરણ કરવાં લાગ્યાં. તોપના ગોળા છૂટવા લાગ્યા તેને કારણે ઘરમાં બાકોરાં પડવા લાગ્યાં.

આ વાતની રાજકોટમાં અંગ્રેજ એજન્સીને ખબર પડી. તુરંત સ્ટે આપી તોપ બંધ કરાવી. દીવાને પ્રાણની પરવા કર્યા વિના નિર્દોષની રક્ષા કરી તેથી વિશેષ લોકપ્રિય બની ગયા; પરંતુ તેઓએ રાજીનામું આપી દીધું ને કુતિયાણા રહેવા જતા રહ્યા.

જૂનાગઢના નવાબ સાહેબને ખબર પડતાં ઉત્તમચંદ ગાંધીને જૂનાગઢના દીવાન બનવા માટે આમંત્રણ આપ્યું. પરંતુ ઉત્તમચંદે ના પાડતા કહ્યું: "હવે હું રાજ્યની ખટપટથી દૂર રહેવા માગું છું." ત્યારબાદ અમુક વર્ષો પછી પોરબંદરનો કુંવર મોટો થયો અને રાજા થયો. પછી તે કુતિયાણા આવ્યો અને ઉત્તમચંદના નાના દીકરા કરમચંદને પોતાની સાથે લઈ જઈ દીવાન બનાવ્યા. જેઓ ગાંધીજીના પિતા હતા.



“ફાધર ફ્લેનેગન”

ફાધર ફ્લેનેગન અમેરિકામાં થઈ ગયા છે. તેઓએ પોતાના સરળ સ્વભાવના કારણે અનેક તોફાની બાળકોને સુધાર્યા હતા. તેમણે ‘બાલકનગર’ નામની સંસ્થા ખોલી હતી. સમાજમાં ફરી ફરીને ગુનાઓ કરતા હોય એવાં બાળકોને પોતાની સંસ્થામાં લાવી રાખતા હતા. સાવ મવાલી હોય એવા બાળકોને પણ પોતાની સાથે રાખી સ્નેહ આપી સુધારતા હતા. ગમે તેમ કરી છોકરાંઓને સજ્જન બનાવવાં એ એમનો ધ્યેય હતો.

બાલકનગરમાં તેઓએ સંસ્થાના પ્રમુખ તરીકે, સભ્યો તરીકે અને ચોકીદાર તરીકે બાળકોને જ રાખ્યાં હતાં ! બાળક મોટો થાય એટલે એક સજ્જન બની જતો. પછી તેમને નોકરી અપાવે અને આદર્શ ગૃહસ્થ બનાવી સાચો માનવ બનાવી દેતા.

ફ્લેનેગનની સંસ્થામાં તોફાની બાળકો સારાં બની જાય છે, એવો ખ્યાલ આવતાં દૂર દૂર શહેરોમાંથી પણ સજ્જન લોકો પોતાનાં તોફાની બાળકોને બાલકનગરમાં મૂકી જતા. એકવાર વર્જિનિયા રાજ્યમાંથી એક દંપતિ પોતાના મિત્રના આઠ વર્ષના તોફાની બાળક એડીને મૂકી ગયા હતા. બનેલું એવું કે, એડીના મમ્મી-પપ્પા બન્નેનું અવસાન થયું હતું તેને કારણે સ્વતંત્રપણું આવતાં તે મવાલી બની ગયો હતો. ક્યાંકથી રીવોલ્વરની ચોરી કરી લોકોને બતાવી ડોલર (અમેરિકા દેશનું ચલણી નાણું) પડાવી લેતો હતો.

તેણે પોતાની ઉંમરનાં અનેક બાળકોને મિત્રો બનાવી ગુંડાઓની એક ટોળકી બનાવી હતી અને તે ટોળીનો એડી સરદાર બન્યો હતો. ચોરીઓ કરી મોજ-મઝા કરવી એ જ એનું ધ્યેય બની ગયું હતું. લોકોની ફરિયાદોને કારણે એડીના દૂરના સ્નેહી તેને ફોસલાવી ફરવાના નિમિત્તે બાલકનગરમાં લાવી ફાધર ફ્લેનેગનને સોંપી દીધો હતો.

એડીએ પોતાના સ્વભાવ મૂજબ એક વર્ષ સુધી ખૂબ તોફાનો કર્યાં, પણ ફાધરનો સરળ સ્વભાવ અને સ્નેહ આગળ તે નરમ બની ગયો તેથી ક્યારેય પણ ખરાબ કાર્યો નહિ કરવાનાં નિયમ લીધા. પછી તો એડી મોટો થયો અને અમેરિકાના નૌકાસૈન્યનો સૈનિક બની અનેક બહાદુરી બતાવી અનેક ચંદ્રકો મેળવ્યા હતા.

ફાધર ફ્લેનેગનના પ્રયત્નોથી અમેરિકાને અનેક સજ્જનો અને સાચા નાગરિકો મળ્યા હતા. હાલમાં અમેરિકા દેશમાં બાળગુનાઓ ખૂબ વધી રહ્યા છે, તે જોઈને એવું લાગે છે કે, અત્યારે ફાધર ફ્લેનેગન જેવા સજ્જનોની તાતી જરૂર છે.

"નવાબ રસુલખાન"

માર્ટિન લ્યુથર કિંગે તેમના પુત્રને કહ્યું હતું : "બેટા ! જીવનની પહોળાઈ એ છે કે, જ્યારે આપણે પરોપકાર કરીએ અને જેને જેની જરૂર હોય તેને તેની મદદ કરીએ તેમજ દુ:ખીઓનાં દુ:ખ ઓછાં કરીએ"

ભક્તો ! બીજમાં વૃક્ષ જરૂર હોય છે, પરંતુ તેને વાવવું પડે, જળ પાવું પડે અને તેની માવજત બરાબર કરવી પડે,

પછી જ તેને ફળ-ફુલ આવે છે. એ જ રીતે માનવ જીવન પણ એક બીજરૂપ છે. માણસ કોઈ પણ માનવતાનું કાર્ય કરવાની સંપૂર્ણ જવાબદારી સમજીને જો પરોપકારનાં કાર્યો કરે, તો પછી તે બીજ ફળે-ફુલે અને તો જ જીવન અર્થપૂર્ણ ગણી શકાય છે. જેમ વૃક્ષનાં ફળ ખાવાથી શાંતિ થાય છે; તેમ માનવના પરોપકારરૂપી ફળ ખાવાથી પણ અન્ય લોકો તૃપ્ત થાય છે. આવાં પરોપકારનાં ફળ ખવડાવીને પોતે તૃપ્ત થનાર હતા જૂનાગઢના નવાબ રસુલખાન.

તેઓ એક મુસ્લિમ રાજા હોવા છતાં હિંદુ પ્રત્યે અને હિંદુ ધર્મ પ્રત્યે તેઓને અપાર માન હતું. તેમનો સ્વભાવ પહેલેથીજ પરોપકારી હતો. તેઓ ફકીરો અને સંતોનો હંમેશાં સમાગમ કરતા હતા તેના કારણે તેમના જીવનમાં હંમેશાં ધાર્મિકતાના અને પરોપકારનાં સંસ્કારો જળવાઈ રહ્યા હતા. તેઓ હિંદુઓના તહેવારો પણ ખૂબ આદરથી ઊજવતા હતા.

તેઓ દરરોજ ગરીબોને દાન આપતા હતા, કાયમ માટે નિરાધાર લોકોને જમવાનું સદાવ્રત ચલાવતા હતા અને ભૂખ્યાઓને જમાડવામાં બહુ માનતા હતા. ઈ. ૧૯૦૦ની સાલમાં જ્યારે ભયંકર છપ્પનીયો (વિ.સવંત-૧૯૫૬ માં) દુષ્કાળ પડ્યો ત્યારે રસુલખાને અન્ન-વસ્ત્રો વગેરેનાં દાન માટે એ સમયમાં ૨૦ લાખ રૂપિયા પરોપકારનાં કાર્યોમાં વાપરીને ગરીબોના આશીર્વાદ મેળવ્યા હતા.

તેઓ હંમેશાં સત્સંગ કરતા હતા તેથી પાપથી ખૂબ ડરતા હતા. તેમણે જૂનાગઢ રાજ્યમાં દારૂબંધી, વેશ્યાબંધી, શૃંગારગીત ગાવાની મનાઈ અને પરંપરાગતની રીતે દરબાર

ભરાય ત્યારે યુવાન યુવતીઓ દ્વારા થતાં નૃત્યો પર પણ પ્રતિબંધ કરી દીધો હતો. ચારિત્ર્યહિન લોકો પર તેઓને સખત નફરત હતી. હિન્દુઓને રસુલખાન નવાબ પ્રત્યે અપાર માન હતુ.

તેઓની ધર્મનિષ્ઠા અને ચારિત્ર્ય જોઇ હિન્દુઓ તેમને મહાપુરુષ માનતા હતા અને મુસ્લિમો ઓલિયા માનતા હતા. આવા મહામાનવની સુવાસ બ્રિટિશ સરકાર સુધી પહોંચી ગઇ હતી તેને કારણે અંગ્રેજ સરકારે ઇ.૧૮૯૯ માં ચંદ્રકો આપી તેઓનું બહુમાન કર્યું હતું. ઇ.૧૯૧૧ માં આ મહામાનવ ભૌતિક દેહ છોડી ખુદાને પ્યારા બની ગયા હતા.

“ બાલવીર રામારાવ ”

ભક્તો ! બેંગ્લોર શહેરમાં બનેલી આ ઘટના છે. એક દિવસ સવારનો સમય હતો. તે સમયે ૧૧ વર્ષનો રામારાવ નામનો નાનકડો બાળક નદીએ સ્નાન કરવા આવ્યો. તે સમયે નદીના ઘાટ પર અનેક લોકો સ્નાન કરતા હતા અને અનેક સ્ત્રીઓ કપડાં ધોઇ રહી હતી.

રામારાવ નાહવાની તૈયારી કરતો હતો તે સમયે જ ૧૫ વર્ષની દેવાંગી નામની યુવતીનું કપડું પાણીમાં પડી ગયું, તેથી કપડાં ધોતી ધોતી તેને લેવા શરીર નમાવ્યું. તેને કારણે શરીરનું સમતોલપણું ગુમાવ્યું એટલે પાણીમા પડી ગઇ અને ડુબવા લાગી ! તેને કાંઠે કપડાં ધોતી સ્ત્રીઓ જોઇ ગઇ એટલે બચાવવા માટે બૂમાબૂમ કરવા લાગી.

આ દૃશ્ય ફક્ત ૧૧ વર્ષના બહાદુર રામારાવે જોયું. તેથી હૃદયમાં માનવતા ઊભરાઈ આવી એટલે તુરંત જ પાણીમાં કુદી પડ્યો. લોકો આશ્ચર્ય થકા જોઈ રહ્યા, ત્યાંતો તરતો તરતો રામારાવ દેવાંગી પાસે પહોચી ગયો અને ખભે ઉપાડી કાંઠે લાવવા લાગ્યો ! પોતા કરતા મોટી ઉંમરની યુવતીને કાંઠે લાવવામાં ખૂબ મુશ્કેલી પડી, પણ અંતે તેમણે એક નિર્દોષ બાળાનો જીવ બચાવી લીધો ! આ વાતનો ખ્યાલ બાલવીર પ્રવૃતિના પ્રણેતા 'સ્કાઉટ' ને આવ્યો તેથી તેઓએ તે રામારાવને મળી માનવતાના કાર્ય બદલ ખૂબ અભિનંદન આપ્યા હતા.

" વીરબાળા ગ્રેસ "

ભારતમાં અંગ્રેજોનું શાસન હતું ત્યારનો આ પ્રસંગ છે. ઇંગ્લેન્ડ દેશમાં ગ્રેસ નામની ચૌદ વર્ષની એક બાળા હતી. તેમના પિતા દીવાદાંડીના કર્મચારી હતા. રાત્રે અંધારામા જહાજવાળાઓને દિશાનો ખ્યાલ આવે એ માટે અને પાણીમાં ડૂબેલી મોટી ટેકરીઓ સાથે જહાજ અથડાય નહિ એ માટે દીવાદાંડીઓ બનાવેલી હતી, તેથી રાત્રીના સમયે જહાજવાળાઓને ખ્યાલ આવે.

એક દિવસ ગ્રેસના પિતા બહાર ગયા હતા. રાત્રીનો સમય હતો. ત્યાં અચાનક ભયંકર અવાજ થયો, તેથી ગ્રેસ જાગી ગઇ ! તુરંત તેની મમ્મીને જગાડીને કહ્યું : "મમ (મમ્મી) ! કોઇ ટેકરી સાથે જહાજ અથડાયું છે. બિચારા લોકો દરિયામાં



ડૂબતા હશે. તેઓને કોણ બચાવશે ?”

ગ્રેસનું કહેવું સાંભળી તેની મમ્મીએ કહ્યું: “અત્યારે અંધારું છે એટલે આપણે કંઈ ન કરી શકીએ, સવારે પ્રયત્નો કરીશું તું અત્યારે સૂઈ જા,” આ રીતે સમજાવી ગ્રેસને સૂવડાવી દીધી. પરંતુ ગ્રેસને ઊંઘ ન આવી, તે મનોમન ખૂબ દુ:ખી થઈ ગઈ હતી. ક્યારે અજવાળું થાય અને કયારે હું વહાણ લઈ પેલા લોકોને બચાવવા ઉપડી જાઉં, એ વિચારમાં ને વિચારમાં સવાર થઈ ગયું !

અજવાળું થતા જ ગ્રેસ દુરબીન લઈને દીવાદાંડી ઉપર ચડી ગઈ અને દુર દુર જોવા લાગી, ત્યાં તો એક માલવાહક જહાજ તૂટેલ જોયું ! નવ ખલાસીઓ તૂટેલ પાટિયાઓના સહારે ઠંડા પાણીમાં બચવાના પ્રયત્નો કરી રહ્યા હતા.

આવું દૃશ્ય જોઈ નાની એવી ગ્રેસનું હૃદય દયાથી રડી પડ્યું. ગમે તે ભોગે ખલાસીઓને બચાવવા જ છે એવુ નક્કી કરી નાની નૌકા લઈને એકલી ઉપડી ગઈ ! તૂટેલ જહાજ પાસે જઈ ધીરે ધીરે દરેક ખલાસીઓને નૌકામાં ખેંચી લીધા અને ઘેર લાવી સારવાર કરી સાજા કર્યા. જ્યારે ઇંગ્લેન્ડના લોકોને આ વાતનો ખ્યાલ આવ્યો કે, નાની એવી બાળાએ દયા ને બહાદુરીથી નવ માણસોને બચાવ્યા છે, એટલે ગ્રેસ ઉપર અભિનંદનના પત્રોનો વરસાદ વરસાવ્યો હતો !

“ તન્વાંગી પુરસ્કાર ”

આપણા દેશમા દર વર્ષે બહાદુર અને પરોપકારી બાળકોને પુરસ્કાર આપી રાષ્ટ્રપતિના હસ્તે તેઓનું સન્માન કરવામાં આવે છે. ઇ.૧૯૯૮ માં આ સન્માન સાત વર્ષની તન્વાંગીને મળ્યું હતું ! કેવી રીતે મળ્યું હતું તે પ્રસંગ જોઇએ.

બાળકોને વેકેશનની રજાઓ હતી. તન્વાંગીની મમ્મી બપોરે જમીને સૂઇ ગઇ હતી એટલે પોતાના ભાઇ નિશિત સાથે તે બહાર રમવા ઉપડી ગઇ. ત્યાંતો પાછળના બંગલામાંથી શોરબકોરનો અવાજ આવવા લાગ્યો. એક સ્ત્રી પોતાના બે વર્ષના બાળકને બચાવવા બૂમો પાડી રહી હતી. મકાન આગથી સળગી રહ્યું હતું, અંદરથી બારણું બંધ હતું અને તેમાં બે વર્ષનો બાળક હતો.

લોકો બાળકને બહાર લાવવા દરવાજો તોડવાની તૈયારી કરતા હતા. ત્યારે એક નાની એવી બારી ખૂલ્લી હતી, તે જોઇને નિશિતે કહ્યું : “તન્વાંગી ! તું પાતળી છે તેથી અંદર જઇ શકીશ.” ત્યારે તન્વાંગીને થયું : “બિચારો બાળક બળીને મરી જશે એટલે તેની મમ્મી ખુબ રડશે; માટે જલ્દી હું અંદર જઈને બાળકને બચાવી લઉં; અંદર જતા હું દાઝી જઇશ તો દવાખાને જઇ સારવાર કરાવી લઇશ પણ બાળક તો બચી જશે.”

આ રીતે મનોમન નક્કી કરી હિંમત અને દયાને એકઠી



કરી સાત વર્ષની બાળાએ બળતા મકાનમાં બારી દ્વારા પ્રવેશ કર્યો ! અંદર જઇ તુરંત આંકડી ખોલી નાખી, તેથી દરવાજો ખુલી ગયો. તરત જ અંદર જઈને બાળકને તેની માતાએ તેડી લીધો. તેથી આનંદ આનંદ છવાઇ ગયો. સૌ લોકો તન્વાંગીના વખાણ કરવા લાગ્યા. પછી રાષ્ટ્રપતિ દ્વારા સન્માન કરવામાં આવ્યું. એટલુ જ નહિ, પરંતુ ગામ લોકોએ ફંડ ભેગું કરી 'તન્વાંગી પુરસ્કાર' દર વર્ષે આપવાનો શરૂ કર્યો. જે હાલ અપાય છે.

" બાળક સુભાષ બોઝ "

ઈ.સ. ૧૯૧૦ માં આખા બંગાળ રાજ્યમાં કોલેરાનો રોગ ફેલાઈ રહ્યો હતો. તેમાં પણ સૌથી વધારે કલકત્તામાં લોકો એક પછી એક મરવા લાગ્યા હતા ! એમાંય પણ ગરીબ વસ્તીમાં કોલેરાના દર્દીઓની સેવા કરનાર કોઈ હતું નહિ. એવા લત્તામાં ડોક્ટરો પણ જતા ન હતા. તેથી વિશેષ લોકો મરી રહ્યા હતા અને પીડાઈ રહ્યા હતા.

એ સમયે તેર વર્ષનો એક વિદ્યાર્થી મેદાને પડ્યો ! તેણે પોતાની વાણીથી અનેક વિદ્યાર્થીઓને ભેગા કર્યા. પોતાના મિત્રો બનાવ્યા. તેઓને ગરીબો અને કોલેરાના દર્દીઓની સેવાનો મહિમા સમજાવ્યો. પોતે તે ટુકડીનો પ્રમુખ બન્યો અને મિત્રોને લઈ ગરીબ વસ્તીમાં જઈ રોગીઓની સેવા કરવા લાગ્યો. પ્રથમ ગંદકી સાફ કરી દરેક ઘર અને ઝુંપડાંઓ સાફ કર્યાં. પછી પૈસા ઉઘરાવી તેની દવા લઈ ગરીબ દર્દીઓને

આપવાની શરૂ કરી.

આ ગરીબ લત્તામાં એક હૈદરખાં નામનો ગુંડો રહેતો હતો. તેણે દરેક છોકરાંઓને ધમકી આપી જતાં રહેવા કહ્યું. પણ કોઈ ગયું નહિ. એવામાં તેના જ પરિવારના લોકોને ઝાડા-ઉલટી શરૂ થયા ! બાળકોને ખ્યાલ આવતાં તેઓ આવીને દવા આપી સેવા કરવા લાગ્યા. બાળકોની નિ:સ્વાર્થભાવની સેવા જોઈ હૈદરખાંનું હૃદય પીગળી ગયું. પછી તેણે માફી માગી ને દાદાગીરી છોડી દઈ તે પણ સેવામાં લાગી ગયો.

દવા અને ખંતપૂર્વકની સારવારને કારણે લોકોને સારું થવા લાગ્યું. એટલે આખા કલકત્તા શહેરમાં બાળકોનાં વખાણ થવા લાગ્યાં. દરેક સજ્જનો બાળ મંડળને પ્રેરણા આપનાર પેલા ૧૩ વર્ષના પ્રમુખને અભિનંદન આપવા લાગ્યા. જાણો છો એ કોણ હતો નાનો એવો પ્રમુખ ? એ હતા આપણા દેશ નેતા અને અંગ્રેજોના દાંત ખાટા કરનારા સુભાષચંદ્ર બોઝ ! તેઓ આજના નેતા જેવા ન હતા, પણ ખરા અર્થમાં દેશ સેવક હતા.

ઈ.૧૮૯૭ માં કલકત્તામાં જન્મેલ સુભાષ બાબુ વિવેકાનંદ સ્વામીની જેમ તીવ્ર બુદ્ધિશાળી હતા. તેમનું વ્યક્તિત્વ પણ અદ્‌ભૂત હતું. તેઓએ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન સીંગાપુરમાં 'આઝાદ હિંદ ફોજ' ની સ્થાપના કરી જાપાનની સાથે ભળી અંગ્રેજોનો ખાત્મો બોલાવ્યો હતો.



"સ્વામી રામતીર્થનો જવાબ"

" ભરા હૈ પેટ તો સંસાર ઝગમગાતા હૈ,
સતાયે ભૂખ તો ઈમાન ડગમગાતા હૈ. "

ભક્તો ! અન્ન-વસ્ત્રાદિકથી પરિપૂર્ણ થયેલ વ્યક્તિ જગતમાં આનંદથી રહી શકે છે, પરંતુ ભૂખના દુ:ખથી પીડાતો માણસ ઘણીવાર ઈમાનદારી છોડીને બેઈમાની કરવા તૈયાર થઈ જતો હોય છે. પરંતુ એવા લોકોને અન્નાદિક આપી પેટનો ખાડો પૂરી દેવામાં આવે તો તેમનું જીવન અધર્મના માર્ગે જતું અટકી જાય છે.

આપણે કોઈને નવાં વસ્ત્રો ન આપી શકીયે તો કાંઈ નહિ, પણ જૂનાં વસ્ત્રો તો આપી શકીયેને ? કોઈને બાસમતી ચોખા ન આપી શકાયે તો કાંઈ નહિ, પણ ખીચડી બનાવી શકે એવા દાળ ચોખા તો આપી શકીયેને ? યાદ રાખો : ફૂટપાથ પર રહેતા નિરાધાર વૃદ્ધો, બાળકો, બીમારો અને હાથ પગ વિનાના લોકોને અન્ન-વસ્ત્ર આપવા એ માનવ માત્રની ફરજ છે. આપણા સ્વાર્થી મનના અંધકારમાં જે દિવસે બીજાઓને ઉપયોગી થવાની શુભ ભાવના જાગશે ત્યારે ખરા અર્થમાં આપણે માનવ કહેવાશું.

પ્રચંડ પ્રતિભા ધરાવનાર અને બુદ્ધિના ખેરખા ગણાતા સ્વામી રામતીર્થ એકવાર અમેરિકા ગયા હતા. એક હોલમા તેઓ પ્રવચન આપી રહ્યા હતા. તેમના પ્રવચનથી પ્રભાવિત થયેલી એક અમેરિકન મહિલાએ તેમની પાસે આવીને કહ્યું :

"સ્વામીજી મારો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો છે, તેનો મને ખૂબ આઘાત લાગ્યો છે; તો મને આનંદ થાય અને આઘાત જાય એવું કંઈક કરો."

નિર્દોષ સ્ત્રીની કરૂણા સભર વાણી સાભળી રામતીર્થ બોલ્યા : બહેન ! હું કહું તેમ કરવા તૈયાર છો ? તો અત્યારે જ તમારો આઘાત જતો કરી દઉં." પેલી સ્ત્રી તો નવાઇ પામી ગઇ અને તુરંત હા કહી દીધી. એ જ સમયે સ્વામીએ સામે ઊભેલ એક નિરાધાર હબસી બાળકનો હાથ પકડી પેલી સ્ત્રીના હાથમાં આપીને બોલ્યા : "આને મા બાપ નથી. અત્યારે તેને માતાની જરૂર છે અને તમારે બાળક નથી, માટે આ નિરાધાર બાળકને પુત્ર માનીને ઉછેર કરો. તમોને આનંદ થશે, આઘાત જશે અને બાળકને નવું જીવન મળશે."

આવું સાંભળી એ જ સમયે પેલી સ્ત્રીમાં માતૃત્વ ખીલી ઊઠ્યું ને તુરંત બાળકને તેડી લઈ વહાલ કરતી કરતી પોતાને ઘેર લઈ ગઈ! ભક્તો ! આજની સ્ત્રીઓ આવું સમજી એક એક નિરાધાર બાળકનો ઉછેર કરે તો પણ ઘણાં બાળકોનાં કરમાયેલાં જીવન ખીલી ઊઠે ને સાચા અર્થમાં 'નારી તું નારાયણી' કહેવાય.

"રવિશંકર મહારાજ"

ભક્તો ! માનવતાના દીવડામાં ખુદ પોતાની જાતને દીવેટરૂપે પ્રજાળી પ્રકાશ પાથરનાર વિભૂતિ વિરલ હોય છે. એવી એક વિરલ વિભૂતિ એટલે રવિશંકર મહારાજ. ગુજરાતની



ગ્રામીણ પ્રજાના ભેરુ, શોષિતોના સાચા હામી અને મૂકસેવક એવા રવિશંકર મહારાજનો જન્મ ઈ. ૧૮૮૪ માં મહેમદાવાદ તાલુકાના સરસવણી ગામમાં થયો હતો. તેઓ ૧૬ વર્ષના હતા ત્યારે પ્લેગ નામનો રોગ ફાટી નીકળ્યો હતો. તે સમયે રોગીઓની સેવામાં અને મૃત્યુ પામેલાઓને અગ્નિદાહ આપવાની અખંડ સેવામાં તેઓ જોડાઈ ગયા હતા.

સ્વામિનારાયણ ભગવાને દારુ-માંસ ને લૂંટફાંટમાં વ્યસ્ત અને મસ્ત રહેતા ભયંકર લોકોને સજ્જનો બનાવ્યા હતા એ જ રીતે રવિશંકર મહારાજે પણ મહિસાગરની કોતરોમાં રહી લોકોને લૂંટી દારુની મહેફીલો માણનારા એવા નિર્દય લોકોને પોતાના ઉપદેશ અને આચરણથી સુધાર્યા હતા. ગુજરાતની ગુનેગાર ગણાતી અને પ્રજાને ત્રાસરૂપે નીવડેલી કોમમાં જીવનભર કામ કર્યું હતું.

એકવાર બિહારમાં દુષ્કાળ પડ્યો ત્યારે ત્યાં જઈને રવિશંકર મહારાજે ગામડે ગામડે ફરી કૂવાઓ બંધાવ્યા હતા. તેઓ તે સમયે ૮૦ વર્ષના હતા, છતાં પણ ટાઢ-તડકો સહન કરી અખંડ સેવા કરતા હતા ! લોકસેવાનું વ્રત લઈ તેઓ હંમેશાં ગામડાંઓમાં વિચરણ કરી માનવતાની સેવા કરતા હતા.

ભારત દેશ ઈ.૧૯૪૭ માં આઝાદ થયો ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક હતા. પછી ઈ.૧૯૬૦ માં ગુજરાતને રાજ્ય તરીકે અલગ માન્યતા મળી ત્યારે ગુજરાત રાજ્યનું ઉદ્ઘાટન કરવા માટે રવિશંકર મહારાજની પસંદગી કરવામાં આવા હતી.

તેઓના મુખારવિંદ પર હંમેશાં આનંદ જ દેખાતો હતો. કારણ કે તેઓ બિલકુલ નિ:સ્વાર્થભાવે સેવા કરતા હતા. કોઈ પણ સ્વાર્થ વિનાની સેવા આનંદની ખાણ કહેવાય છે. સમાજમાં કીર્તિ માટે ને પેપરોમાં ફોટા છપાવવા માટે તો ઘણા સાધુ-સંતો અને ધર્મગુરુઓ પણ જનસેવા કરતા હોય છે, પરતું આવી સેવાથી અંતરમાં આનંદ આવતો નથી; કારણ કે તેઓને તો કીર્તિની ભૂખ હોય છે.

જે સંતો કરુણાવશ થઈ દયાપૂર્ણ હૃદયે જનસેવા કરે તો ચોક્કસ તેઓના હૃદયમાં આઠે પહોર આનંદની છોળો ઉછળ્યા કરે. જેના જીવનમાં સેવા અને સમર્પણ આવે, પછી સર્વોત્તમ આનંદને શોધવા જવુ પડતું નથી, તે તો સામે ચાલીને જ આવી જાય છે, તેથી અખંડ આનંદ માટે નિ:સ્વાર્થભાવે સેવામાં જોડાઈ જવું જોઈએ.

"જૈનુલ આબ્દીન"

ભક્તો ! ભારતના લોક હૃદયમાં જે સ્થાન ઉજ્જૈનના મહારાજા વિક્રમાદિત્યનું છે, એટલું જ સ્થાન કાશ્મીરમાં સુલતાન જૈનુલ આબ્દીનનું છે. કાશ્મીરમાં અનેક હિંદુ અને મુસ્લિમ શાસકો થઈ ગયા છે. કાશ્મીરમાં જે સ્થાન લલિતાદિત્ય અને યુક્તાપીઠે પ્રાપ્ત કર્યું છે, એ જ સ્થાન સુલતાન જૈનુલનું છે. કાશ્મીરમાં આજે પણ ત્યાંના લોકો સુલતાનને બડેશાહ નામથી યાદ કરે છે.

સમ્રાટ જૈનુલે કાશ્મીરમાં ઈ.૧૪૨૦ થી ઈ.૧૪૭૦ સુધી



રાજ્ય કર્યું હતું. તેમના પિતા સિકંદર મહાકટ્ટર મુસ્લિમ હોવાને કારણે હિંદુઓ કાશ્મીર છોડીને ભાગી ગયા હતા ! જ્યારે જૈનુને તો હિંદુઓનાં મંદિરો રાજ્યના ખર્ચે બંધાવી હિંદુઓને પાછા લાવી આજીવિકા આપી હતી. તે સુલતાન જ્ઞાતિથી પર થઈને દરેક પ્રજાનું પુત્રની જેમ પાલન કરતા હતા. તેઓ સંસ્કૃત, ફારસી-કાશ્મીરી અને પાલી આ ચાર ભાષાના પંડિત હતા. એ સિવાય તેઓ ખૂબ ન્યાયપ્રિય હતા. એકવાર તેમના ખાસ મિત્ર એવા અંગરક્ષકે પોતાની પત્નીની હત્યા કરી હતી, ત્યારે મિત્રનો સંબંધ જતો કરી ન્યાયનો પક્ષ રાખી મિત્રને ફાંસીએ ચડાવી દીધો હતો.

બીજી એક ન્યાયની વાત એમ બનેલ કે, શ્રીનગરના શાદુલ્લા નામના મુસ્લિમ પંડિત હતા. તેઓ જ્યારે સભામાં આવતા ત્યારે ખુદ સમ્રાટ જૈનુલ ઊભા થઈને તેમનું સ્વાગત કરતા હતા. આટલું હેત તેમના પ્રત્યે હતું. તે શાદુલ્લાની બાજુમાં જ એક યોગી બ્રાહ્મણ રહેતા હતા. તેઓની વાણીની મધુરતાને કારણે તેમની કથામાં અનેકાનેક લોકો આવતા હતા અને આ વિદ્વાન હોવા છતાં તેમની પાસે એટલા લોકો જતા ન હતા, તેથી શાદુલ્લાને ઈર્ષા ખૂબ થતી. એક દિવસ ઈર્ષાના આવેશમાં આવી જઈ સભામાં જઈ યોગી ભૂદેવનું માથું કાપી નાખ્યું ! ને સભામાં જ બોલ્યો : "મને તો સમ્રાટ જૈનુલ, ગુરૂ તરીકે માને છે તેથી કોઈ સજા નહિ કરે."

આ ખૂનની અને આ વાતની સમ્રાટને ખબર પડી તુરંત શાદુલ્લાનું મુખ કાળું કરાવી, ગધેડા ઉપર ઊંધો બેસાડી આખા શ્રીનગરમાં ફેરવી લોકોને માથે થૂંકાવી અંતે જાહેરમાં માથું કપાવી નાખ્યું ! આવી ન્યાય પ્રિયતાને

કારણે તેઓ પ્રજા પ્રિય બની ગયા હતા.

એક વાર ઈ.૧૪૬૦ માં કાશ્મીરમાં ભયંકર હિમપાત થયો તેને કારણે બધો જ પાક નાશ પામી ગયો ! તેથી હજારો લોકો ભૂખે મરવા લાગ્યા. આ સમયે રાજા જૈનુલે પોતાના રાજ્યના અન્નભંડાર ખૂલ્લા મૂકીને પ્રજાનું રક્ષણ કર્યું હતું. એ સિવાય પ્રજા ઉપર વેપારીઓનું જે દેવું હતું તે રાજ્ય તરફથી ભરી દીધું હતું.

ત્યાર બાદ ૧૪૬૨ માં ભયંકર પૂર આવ્યું તેથી કાચાં મકાનો હજારોની સંખ્યામાં પડી ગયાં હતાં અને ઘરનું અનાજ પણ તણાઈ ગયું હતું. એ સમયે પણ તેમણે પોતાના ખર્ચે દરેક મકાનો બંધાવી દીધાં હતાં. આ રીતે પરોપકારનાં અનેક કાર્યો કરી પ્રજાના હૃદયમાં સ્થાન પામી ઈ. ૧૪૭૦ માં મૃત્યુ પામ્યા હતા.

"સ્વર્ગ અને નર્કનાં ભોજન"

પ્રસિદ્ધ લેખક કુમારપાળ દેસાઈએ એક પ્રસંગ લખ્યો હતો. તેમાં લખેલ હતું કે, એક માનવી સ્વર્ગ અને નરકની મુલાકાતે ગયો. પ્રથમ સ્વર્ગમાં જોયું તો ત્યાંના લોકો આનંદી, શક્તિશાળી હતા અને પ્રસન્નતાથી ચોતરફ ફરતા હતા. પછી નરકમાં જઈને જોયું તો તેમાં રહેતા લોકોના શરીરનાં હાડકાં દેખાતાં હતાં ! તેઓના ચહેરા સાવ નિસ્તેજ અને ફિક્કા હતા. જીવતા છતાં મરેલા જેવા લાગતા હતા.

મુલાકાતી માણસ ફરતાં ફરતાં ભોજનાલયમાં ગયો.



નરકના ભોજનાલયના ટેબલ પર વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ ગોઠવાયેલી હતી. પણ મુશ્કેલી એ હતી કે, આ વાનગીઓ જમવા માટે છરી-કાંટાના હાથા ચાર ફૂટ લાંબા હતા ! તેથી ખવાય કેવી રીતે ? વાનગીઓ એમાં પકડીને મુખમાં મુકાય કેવી રીતે ? વળી પોતાના હાથ નહિ અડાડવાનો કાયદો હતો, આને કારણે નર્કવાસીઓ અતિ પ્રયાસ કરવા છતાં ભોજન જમી શકતા ન હતા, તેથી તેમનાં શરીર સૂકાઈ ગયાં હતાં અને સ્વભાવ પણ ચીડિયો બની ગયો હતો.

પછી મુલાકાતીએ સ્વર્ગમાં જઈને જોયું તો આશ્ચર્ય પામ્યો ! ત્યાં પણ છરી-કાંટા ચાર ફૂટના જ હતા, પણ દરેક વ્યક્તિ છરી-કાંટાથી સામે બેઠેલ વ્યક્તિને ખવડાવતી હતી ! અને એ રીતે બધા જ પરસ્પરને ભોજન કરાવતા હતા. કારણ કે ચાર ફૂટના છરી-કાંટા પોતાના મુખમાં ન જઈ શકે, પણ બીજાના મુખમાં તો જઈ શકેને; પરિણામે ત્યાં સહુનાં શરીર તંદુરસ્ત હતાં ને સૌ ખુશખુશાલ હતા.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે, માત્ર 'સ્વ' નો વિચાર કરનાર સ્વાર્થ પરાયણ વ્યક્તિ સંકુચિત વર્તુળમાં જ જીવે છે અને જીવનભર પોતાની પ્રાપ્તિની ગણતરી કરતો રહે છે. આવી સંકુચિતતા એને ભીતરની પ્રસન્નતા અને જીવનના પરમાનંદથી દૂર લઈ જાય છે; જ્યારે બીજાઓને મદદરૂપ થનાર પરોપકારી વ્યક્તિ પોતાના જીવનમાં સ્વર્ગ સર્જી શકે છે. બીજાને મદદરૂપ થઈને પોતાને મદદરૂપ થાય છે.



"રશિયન પ્રમુખ લેનિન"

ભક્તો ! વર્ષો પહેલાં અનેક દેશો પરતંત્ર હતા. ઈ.૧૯૧૦ ની સાલ સુધી તો ઈંગ્લેન્ડ દેશ પાસે દુનિયાના ૩૬ દેશોનું આધિપત્ય હતું. તેમની પાસે દુનિયાનો ૧/૪ હિસ્સો હતો ! ઘણા દેશો બીજા દેશોને આધિન હતા અને શાસકો મનફાવે તેવા કાયદાઓ લાવી પ્રજાને પરેશાન કરતા હતા. તો ઘણા દેશોમાં દેશના રાજા પોતેજ પોતાની પ્રજાને પીડતા હતા. તેમાંનો એક રાજા હતો રશિયાનો ઝાર.

ઝારશાહીને જડમુળથી ઉપાડી નાખનારાઓમાં મુખ્ય વ્યક્તિ હતા લેનિન. રશિયાની પ્રજાને મુક્ત કરવા માટે ઈ.૧૮૮૭ માં વિદ્યાર્થી વ્લાદીમીરે(લેનિન) સંકલ્પ કર્યો કે, "રશિયાની પ્રજાને ઝારશાહીના જુલ્મોમાંથી મુક્ત કરીશ." તેમણે અનેકાનેકને ભણાવી સંગઠ્ઠનો કર્યાં. સતત ૩૦ વર્ષ ઝઝુમી લોકનેતા બની ઝારશાહી ફંગોળી દઈને લોકરાજની (સામ્યવાદની) સ્થાપના કરી. તે સમયના લોકો તેઓને દેવ સમાન માનતા હતા. લોકો પ્રેમથી તેમને લેનિન કહીને બોલાવતા હતા.

લેનિનનો જન્મ ઈ.૧૮૭૦ માં રશિયાના સિમ્બીરસ્કમાં થયો હતો. તેમનું પુરું નામ વ્લાદીમીર ઈલીચ ઉલાનોવ હતું. તેમણે ક્રાંતિવીરો સાથે મળી ઈ.૧૯૧૭ માં ૭ મી નવેમ્બરે રશિયાને આઝાદ કર્યો હતો. પછી પ્રજાએ તેમને રશિયાના



અર્થાત્ સોવિયેત સંઘના રાષ્ટ્રપતિ બનાવ્યા હતા.

લેનિન રાષ્ટ્રપતિ બન્યા પછી અત્યારના નેતાઓની માફક એશ-આરામમાં ફસાઈ ગયા ન હતા, પણ સામાન્ય પ્રજાની જેમ જ રહેતા અને જમતા હતા. તેઓ પ્રમુખ હતા ત્યારે એક વર્ષ ભયંકર દુષ્કાળ પડ્યો. તેમને ખ્યાલ આવ્યો કે લોકો પેટ ભરીને ખાઈ શકતા નથી, એટલે તેમને પણ જમવાનું ઓછું કરી નાખ્યું !

બીજા રાજ્યોમાં સારું હતું તેથી ત્યાંના લોકો પ્રમુખના નામે મોટા મોટા અનાજના બોક્સ મોકલતા હતા, પરંતુ તેઓ દરેક બોક્સ અનાથાશ્રમોમાં અને ગરીબોના વિસ્તારમાં મોકલી આપતા! એકવાર કાર્યકર્તાઓએ કહ્યું : "પ્રમુખ શ્રી ! તમો ખુબ પરિશ્રમ કરો છો, તેથી તમારે વીટામીન યુક્ત પુરો ખોરાક લેવો જોઈએ. ત્યારે લેનિને કહ્યું : "મારા રાષ્ટ્રનાં બાળકો ભૂખ્યાં રહે છે ને હું કેવી રીતે પેટ ભરીને ખાઈ શકું ? બાળકો તો રાષ્ટ્રનું ભવિષ્ય છે."

એકવાર લેનિન બીમાર પડ્યા ત્યારે ડોક્ટરે મોંઘી દવા લેવાનું કહ્યું. ત્યારે પણ લેનિને જવાબ આપેલ : "જે દવા મારા દેશના લોકોને ન મળે તે દવા હું કેમ લઈ શકું ? ભલે મારું મૃત્યુ થાય પણ મારે મોંઘી દવા લઈને જીવવું નથી." સમય જતા ઈ. ૧૯૨૪ માં તેઓનું અવસાન થયું હતું.

“મહાકવિ માઘ”

ભક્તો ! માળવામાં (ઉજ્જૈન) ભોજરાજા રાજ્ય કરતા હતા ત્યારનો આ પ્રસંગ છે. શ્રીમાલ નગરીમાં એક શ્રીમંતને ત્યાં બાળકનો જન્મ થયો અને નામ રાખ્યું માઘ. માઘ તીવ્ર બુદ્ધિશાળી હોવાથી મહાન વિદ્વાન બની ગયા. કેવળ પંડિત નહિ, પરંતુ મહા દાનેશ્વરી પણ બની ગયા હતા. દરરોજ તેમના ઘેર ગરીબોનાં ટોળાં આવતાં હતાં અને મહાકવિ માઘ તેમને જે જોઈએ તે આપતા હતા. પિતાની અપાર સંપત્તિ હતી એટલે દાનનો પ્રવાહ સતત વહેતો મુક્યો હતો.

મહાકવિ માઘે અનેક કાવ્યો પણ લખ્યાં હતાં. તેમની ખ્યાતિ સાંભળીને ધારાનગરીથી ખુદ ભોજરાજા પણ તેઓના ઘેર મળવા આવ્યા હતા. પછી પોતાના રાજ્યમાં બોલાવી માઘનું ભવ્ય સ્વાગત કર્યું હતું. માઘનું પ્રખ્યાત મહાકાવ્ય “શિશુપાલ વધ” છે. તે હાલમાં દરેક સંસ્કૃત પાઠશાળાઓમાં ભણાવાય છે.

મારે વાત એમની વિદ્વત્તાની નથી કરવી, પણ ઉદારતાની કરવી છે. એમને એવો નિયમ હતો કે કોઈ પણ યાચક ઘેરથી ખાલી હાથે ન જવો જોઈએ. પોતાના આ નિયમના કારણે પિતાની અઢળક સંપત્તિ ખલાસ થઈ ગઈ ! પરંતુ ગરીબોનું આવવું તો શરૂ જ રહ્યું, તેથી ગરીબને હવે શું આપી શકીશું ? એવી ચિંતા કરતાં કરતાં બંને પતિ પત્ની ઘર છોડીને ભોજરાજાની રાજધાની ધારાનગરી (ઉજ્જૈન)માં ચાલ્યાં ગયાં.

ત્યાં જઈને એક ધર્મશાળામાં ઉતરી આજીવિકા માટે વિચાર કરવા લાગ્યાં. પછી તેમના પત્ની "શિશુપાલ વધ" ગ્રંથ લઇને માથે ઘુંઘટ તાણી ભોજના દરબારમાં જઇ ગ્રંથ ભેટ કર્યો. ભોજરાજે ગ્રંથ ખોલી એક શ્લોક વંચાવ્યો. તેમાં લખ્યું હતું:

"सहसा विदधीत न क्रियाम् अविवेक परमापदास्पदम्"

ભોજરાજા શ્લોકનું મનન કરી બોલ્યા : "આ શ્લોકનું મૂલ્ય અમૂલ્ય છે. છતાં આ શ્લોકના પુરસ્કાર રૂપે એક લાખ સોનામહોર આ દેવીને આપો." તુરંત આપવામાં આવી. તે સોનામહોર લઇને ઘેર જતા હતા ત્યાંજ સામેથી ગરીબ યાચકોનુ ટોળું આવ્યું અને કરગરીને કહેવા લાગ્યું : "અમોને દાન આપો. ભુખના દુ:ખથી અતિ પીડાઇ રહ્યા છીએ. તમો તો દાનકેસરી મહાકવિ માઘનાં ધર્મપત્ની છો."

જેઓની આજીવિકા ફક્ત તે સોનામહોર જ હતી, છતાં પણ હસતા મુખે બધી જ સોનમહોરનું દાન કરી ખાલી હાથે ધર્મશાળામાં આવ્યાં ! આવીને પતિ માઘને સર્વે વાત કરી. તે સાંભળી માઘ પણ ખૂબ રાજી થયા. એક દિવસ પતિ-પત્ની બેઠાં હતાં. ત્યાં એક નિર્ધન માણસ આવી રડતાં-રડતાં બોલ્યો: "મહાકવિ ! મારી દીકરી યુવાન થઈ ગઈ છે તેથી તેનાં લગ્ન કરવાં છે, માટે મુજ ગરીબ પર દયા કરો ને મદદ કરો."

આવું સાંભળી કોમળ હૃદયના મહાકવિ માઘનું હૃદય દ્રવી ગયું, પરંતુ પૈસા ન હોવાને કારણે લાચાર બની પત્ની સામે જોઈ રહ્યા. પતિવ્રતા પત્ની તુરંત સમજી ગયાં, તેથી

એક પળનો પણ વિચાર કર્યા વિના હાથમાં પહેરેલ છેલ્લી બે સોનાની બંગડીઓ હતી તે કાઢીને માધના હાથમાં આપી દીધી. !

પત્નીની ઉદારતા જોઈ માધની આંખમાં આંસુઓ આવી ગયાં! તેઓને ધન્યવાદ આપી પેલા ગરીબ માણસને આપતા કહ્યું: "લ્યો આ સોનાની બે બંગડીઓ લઈ જાઓ. તેને વેચી દીકરીનાં લગ્ન કરજો." બંગડીઓ લઈ અંતરથી આશીર્વાદ આપતો આપતો પેલો ગરીબ પોતાના ઘર પ્રત્યે જવા ચાલતો થયો.

ફરી એકવાર બન્ને દંપત્તિ બેઠાં હતાં. તે સમયે એક ગરીબ અચાયકે આવીને કહ્યું : " મહાકવિ ! તમોએ કોઈને નિરાશ નથી કર્યા, માટે મને પણ દાન આપો. હું ખૂબ જ ગરીબ છું, તમો મારું દારિદ્ર કાપો." તુરંત માધે પત્નીને કહ્યું : "ઘરમાં કંઈક હોય તો આપો." આવું સાંભળી તેમનાં પત્નીની આંખોમાં આંસુઓ આવી ગયાં, કારણ કે ઘરમાં દાન દીધા જેવું કંઈ પણ હતું જ નહિ. તેમણે કહ્યું : "પતિદેવ! પહેરેલાં કપડાં સિવાય ઘરમાં કાંઈ જ નથી, શું આપીશુ ?"

એ જ સમયે અંતરમાંથી વેદના સભર કાવ્ય નીકળ્યું : "જો યાચક નિરાશ થઈને મારે ઘેરથી પાછો જાય તો હવે જીવવું શું કામ ? જીવવું વ્યર્થ છે. હે પ્રાણો ! તમે પણ જાઓ." એ કાવ્યની છેલ્લી પંક્તિ પૂરી થતા જ એમના પ્રાણ જતા રહ્યા ! અમર આત્મા જતો રહ્યો અને નામ અમર મૂક્તો ગયો ! પ્રણામ કરીએ એ મહામાનવનાં ચરણોમાં કે જેઓએ પ્રાણ છોડી દીધા, પણ યાચકને ના ન કહી !



“ભાવનગરના દીવાન પટ્ટણી”

ભક્તો ! ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણી ખૂબ નિષ્ઠાવાન ઉદાર અને કરૂણાના સાગર હતા. કોઈપણ માણસ ગમે ત્યારે અને ગમે તે સમયે તેઓને મળી શકતા હતા. રાજ્યના દીવાન હોવા છતાં સરળ સ્વભાવના હતા. તેઓમાં અહમ્ તો જોવા જ મળતો ન હતો.

એક વાર તેઓ શિયાળામાં કોટ પહેરીને દરબારમાં જતા હતા. તે સમયે એક ગરીબ ભૂખ્યો માણસ દોડતો દોડતો આવ્યો અને પટ્ટણી સાહેબને ગાળો દેતો બોલ્યો : “ એય પટણા ! તને શરમ નથી આવતી ? હું બે દિવસથી ભૂખ્યો છું અને ટાઢને કારણે ધ્રૂજી રહ્યો છું અને તું કોટ પહેરીને ફરે છે ?’

આવું બોલતાની સાથે જ સૈનિકોએ પકડી લીધો. ત્યાં તો ક્ષમાવાન અને દયાનો દરિયો એવા પટ્ટણીજી બોલી ઊઠ્યો : “મારશો નહિ એને, છોડી મૂકો. એને ભૂખનો પોકાર અને ટાઢ ગાળો બોલાવે છે.” આમ કહી પહેરેલ કોટ ઉતારી ગરીબને પહેરાવી દીધો અને ભોજન માટે અનાજ લેવા પૈસા આપી ચાલતા થયા ! સૈનિકો આશ્ચર્ય પામ્યા. કેવી સહનશીલતા, કેવી દયા !

એક વાર ઓફિસમાં બેઠા હતા. એ સમયે ગામડાંના એક ગરીબ ખેડૂતે આવી રડતાં રડતાં કહ્યું ! “દીવાનજી ! રાજ્યના મહેસુલખાતાની આજ્ઞાથી સૈનિકો આવી મારા બળદો અને ઘરની બધી વસ્તુઓ લઈ જઈ હરાજી કરી વેચી નાખી છે. હવે

હું મારા પરિવારને કેવી રીતે ખવડાવી શકીશ ? દુકાળ હોવાથી હું મહેસુલ ભરી શક્યો નથી. મેં વિનંતી કરી, પણ કોઈએ મારું સાંભળ્યુ નહિ.”

ગરીબ ખેડૂતની વાત સાંભળી પટ્ટણીજી રડી પડ્યા અને તમામ રકમ પાછી આપવા લાગ્યા, પણ નિષ્ઠાવાન ખેડૂતે ન લીધી. પછી મહેસુલખાતામાં સુધારા કરાવ્યા.

એક વાર એક વકીલે આવી તેઓના હાથમાં સાત હજાર રૂપિયાનો ચેક આપ્યો. તેથી પટ્ટણીજીએ કારણ પૂછ્યું. ત્યારે વકીલે કહ્યું : “દીવાન સાહેબ ! હું ગરીબ વિદ્યાર્થી હતો. આગળ ભણવાની ઈચ્છા હતી, પણ પૈસા ન હોવાથી તમારી પાસે આવીને મદદ માગી હતી. તમોએ મદદ કરી એટલે જ હું એલ.એલ.બી. થયો છું. હવે સુખી છું તેથી તમારી રકમ પાછી આપવા આવ્યો છું.

ત્યારે માનવતાના એ પૂજારી પટ્ટણી સાહેબે કહ્યું : “જેમ મેં તમોને મદદ કરીને ભણાવ્યા હતા, એમ તમો પણ આ રૂપિયાથી કોઈ ગરીબને ભણાવો અને એને પણ તમારા જેવા અન્ય ગરીબોને ભણાવી શકે એવા બનાવજો ત્યારે જ તમે ઋણમુક્ત કહેવાશો.”

“હરિપ્રસાદ દેસાઈ”

ભક્તો ! ભાવનગરમાં જ્યારે મહારાજા તખ્તસિંહ રાજ્ય કરતા હતા તે સમયે સમગ્ર હિંદુસ્તાનમાં સર્વોપરી સત્તા અંગ્રેજોની હતી, ત્યારનો આ પ્રસંગ છે. ભાવનગરમાં કર્ણ



સમાન દાનેશ્વરી હરિપ્રસાદ દેસાઈ હતા. કોઈપણ દીન-દુ:ખી અને જરૂરીયાતવાળા લોકો તેમના આંગણેથી કયારેય પણ પાછા જતા ન હતા. તેમની દયાળુતા અને દાતા તરીકેની ખ્યાતિ સારાય પંથકમાં પ્રસરાઈ ગઈ હતી. અન્ન-વસ્ત્રાદિકનાં દાન સાથે તેઓ વિદ્યાદાનને પણ ખૂબ મહત્વ આપતા હતા, તે વિષેનો એક પ્રસંગ જોઈએ.

એક સમયમાં આખા મુંબઈમાં વકીલ તરીકે પ્રખ્યાતી પામેલા ફિરોજશાહ મહેતાના કોલેજકાળની આ વાત છે. તેઓ વિદ્યાર્થી હતા ત્યારે આખા મુંબઈમાં બી.એ. માં પ્રથમ નંબરે પાસ થયા હતા. તેમને લંડન જઈ વકીલ થવાની ઈચ્છા હતી, પરંતુ પોતે ગરીબ પરિવારના હતા અને તે સમયમાં ૨૦ હજાર રૂપિયાનો ખર્ચ થાય તેમ હતો તેથી પોતાના કાકાને રૂપિયા બાબત વાત કરી. કાકાની પણ આર્થિક સ્થિતિ સારી ન હતી તેથી તેમણે કહ્યું : "ફિરોજ ! તું ભાવનગર જા. ત્યાં દાનેશ્વરી હરિપ્રસાદ દેસાઈ રહે છે તેને તારી મુશ્કેલી કહેજે."

કાકાના કહેવાથી ફિરોજશાહ ભાવનગર આવ્યા અને દેસાઈજીને મળી પોતાને વિદ્યાદાન માટે સહાય કરવા વિનંતી કરી. એક હોંશિયાર વિદ્યાર્થી પૈસા ન હોવાને કારણે આગળ ભણી શકતો નથી, આવું સાંભળતા જ તેમણે ૨૦ હજાર રૂપિયા ભણાવા માટે આપ્યા તથા બીજા પાંચ હજાર આપીને કહ્યું : "ત્રણ વર્ષ લંડન રહીશ ત્યાં ખાવા અને રહેવાનો પણ ખર્ચ થશે તેથી આ પાંચ હજાર એમાં વાપરજે." આવી ઉદારતા જોઈ આભાર માની પ્રેમનાં આંસુઓ પાડતો ફિરોજ લંડન ગયો. ભણીને મોટો બેરિસ્ટર થઈ મુંબઈ આવી વકીલાત શરૂ

કરી તેથી ખ્યાતનામ વકીલ બની ગયા !

એકવાર લુચ્ચા અંગ્રેજોએ એવી ચાલ ગોઠવી કે, ભાવનગર બંદરની કસ્ટમ ડ્યુટી રાજ્યને ન મળે, પણ અંગ્રેજ સરકારને મળે. તેના કારણે તખ્તસિંહ રાજાએ કેસ કર્યો. ત્યારે વકીલ તરીકે ફિરોજશાહ મહેતા પ્રખ્યાત હતા. તેથી તેમને વિધાદાન આપનાર હરિપ્રસાદ દેસાઈએ બોલાવ્યા.

પોતાને ભણાવનારનું નામ સાંભળતાવેંત ભાવનગર આવી ગયા. પછી કેસ શરૂ કર્યો. ખૂબ દલીલોને અંતે કેસ જીતી ગયા. તેના સન્માનમાં તખ્તસિંહે સભા કરી અને એ સમયમાં પાંચ લાખ રૂપિયા આપ્યા. તુરંત તે રૂપિયા પાછા આપતાં ફિરોજશાહ બોલ્યા: "આટલી પદવીએ મને હરિપ્રસાદજી દાદાએ પહોંચાડ્યો છે. એ મારા પિતા તૂલ્ય છે અને તેમની આજ્ઞાથી આ કેસ લડ્યો હતો. હું કૃતઘ્ની નહિ બની શકું."

" ઝવેરચંદ મેઘાણી "

" ખુમારીથી ઝગુમતી હોય જોવી ગુર્જરી વાણી,
કસુંબી રંગનો એક જ કવિ છે માત્ર મેઘાણી "

– સુરેશ દલાલ

ભક્તો ! જેઓએ ગામડે ગામડે અને નેસડે નેસડે ઘુમી ઈતિહાસ એકઠો કરી સાહિત્યનો ખજાનો ગુજરાતની પ્રજાને આપી જ્ઞાનદાન આપ્યું છે, એવા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મ સૌરાષ્ટ્રના ચોટીલા ગામમાં ઈ.૧૮૯૭ માં


વાણીક જ્ઞાતિમાં થયો હતો.

તેઓએ સાહિત્યની દુનિયામાં કોઈની પણ શેહ કે સહાય વિના સીધા જ લોકહૃદય પાસે જઈ પોતાનો અણમોલ એકતારો બજાવી ગુજરાતને મંત્રમુગ્ધ કરનાર એ અજબ બજવૈયાનું નામ પરોપકારી અને શૂરવીર તરીકે પણ લેવાય છે. તો એ વાતની સાક્ષી પૂરતો આ રહ્યો એક પ્રસંગ.

સ્વામિનારાયણ ભગવાનનાં ચરણોથી પાવન બનેલ રાણપુર નામનું ગામ છે. જે ગામ લોયાધામની બાજુમાં આવેલ છે. ત્યાં મેઘાણી, પ્રેસ ચલાવતા હતા. રાણપુર બાજુમાં નાગનેશ ગામ છે. તે ગામમાં એક દિવસ જાસા ચિઠ્ઠી બાંધીને કોઈ જતું રહ્યું.

પછી આગેવાનોએ છોડીને વાંચી તો તેમાં લખ્યું હતું કે," આજે રાત્રે તમારું ગામ ભાંગવાના (લૂંટવાના) છીએ, ભડના દીકરા હો તો સામે આવજો." વાત આખા ગામમાં ફેલાઈ ગઈ. બધા ગભરાઈ ગયા તેથી બંદૂક લઈને બહારવટિયા સામે ઊભા રહેવાની કોઈની હિંમત ન ચાલી.

એવા સમયે કોઈ વૃદ્ધ બોલ્યા:"રાણપુરમાં છાપાવાળા મેઘાણી છે તેમને જઈને વાત કરીએ." ત્યારે અમુક કહેવા લાગ્યા: "ઈ વાણિયાનું કામ નહિ. ઈ તો કલમ ચલાવી જાણે, પણ બંદૂક નહિ." ત્યારે અમુક સજ્જનોએ કહ્યું : " ઈ લોકોનાં દુ:ખો પણ સાંભળે છે અને દૂર પણ કરે છે, માટે જવામાં શો વાંધો છે ?" પછી આગેવાનો રાણપુર ગયા અને મેઘાણીને વિગતથી વાત કરી રડતાં રડતાં કહ્યું : "આજે તો તમો ઉગારો તો જ ઉગરીએ તેમ છીએ; નહિતર એ લૂંટારા બધું લૂંટી જશે."

આવું સાંભળી મેઘાણીનાં ચ્હાંડા ખડાં થઈ ગયાં અને

હાથમાં બંદૂક લઈ બોલ્યા : " કાં તો ગામનું રક્ષણ કરીશ અથવા તો લડતાં લડતાં શહીદ બની જઈશ. મેં અત્યાર સુધી વીરતાની વાતો ઘણી લખી છે અને શહાદતનાં ગીતો પણ ગાયાં છે, પણ આજે તો શહીદ બનવું છે."

આમ કહીને નાગનેશ આવ્યા. ત્યાં ગામના યુવાનોને ભેગા કરીને ચોરે બેઠા. સાંજે અંધારું થયું ત્યાં તો એક પછી એક બધા જ યુવાનો ઘેર જતા રહ્યા ! એકલા મેઘાણી જ રહ્યા. તે સમયે ૧૦ પડછાયા દેખાયા, બંદૂકો ઘણાઘણી. સામે અંધારામાંથી મેઘાણીએ બંદૂક ફોડી હાક મારી : "ખબરદાર ! આગળ વધ્યા તો આ કાળોતરી સગી નહિ થાય. જીવતા રહેવું હોય તો પાછા જતા રહો."

આવું સાંભળી લૂંટારા ગભરાઈને પરસ્પર કહેવા લાગ્યા : "ચોરામાં ઘણા લોકો બંદૂકો ભરીને બેઠા લાગે છે, માટે જ આવું કહે છે. જરૂર આપણને મારશે માટે ચાલો જતા રહીએ." આ રીતે કહીને તુરંત ભાગી ગયા ! પછી મેઘાણી સવાર સુધી બેઠા રહ્યા, પણ કોઈ ન આવ્યું.

" દાનવીર દીપચંદભાઈ "

" વ્યાજે સ્વાદ દ્વિગુણ દ્રવ્યં, વ્યાપારે ચ ચતુર્ગુણામ્
ક્ષેત્રે શતગુણં પ્રોક્તં, પાત્રેઽનન્ત ગુણં પુનઃ "

ભક્તો ! ઉપરોક્ત શ્લોકનો ભાવાર્થ એવો છે કે, "રૂપિયા વ્યાજે આપ્યા હોય તો ડબલ થાય છે, વેપારમાં રોક્યા હોય તો ચાર ગણો ફાયદો થાય છે, જમીનમાં રોકાણ કર્યું હોય તો સો ગણી આવક આવે છે અને સુપાત્રમાં દાન તરીકે ઉપયોગ



કર્યો હોય તો અનંતગણું થઈને પાછું મળે છે ! ”

દાન છે તે હુંડીનું નાણું છે. એ શ્રદ્ધાનો વિષય છે. દાનનું ફળ બીજા જન્મમાં અને મૃત્યુ બાદ પરલોકમાં સુખભોગરૂપે મળે છે; તેથી શ્રદ્ધાવાન વ્યક્તિ જ દાન કરી શકે છે. ધર્મનું પ્રથમ પગથિયું દાન છે. પ્રકૃતિમાં સર્વત્ર નજર કરીએ તો જણાઈ આવશે કે, બધા કંઈક ને કંઈક આપી રહ્યા છે. – વાદળ વરસાદ વરસાવે છે, વૃક્ષો ફળ આપે છે, ગાય દૂધ આપે છે, ચંદન સુવાસ આપે છે અને સૂર્ય પ્રકાશ આપે છે.

પરમાત્માની બનાવેલ આ સૃષ્ટિમાં સામાન્યપણે જોઈએ તો ચાર પ્રકારના મનુષ્યો છે. – અધમ, મધ્યમ, ઉત્તમ અને ઉત્તમોત્તમ. તેમાં અધમ લોકોની એવી માન્યતા હોય છે કે ‘મેરા સો મેરા ઔર તેરા ભી મેરા’, મધ્યમ લોકોની એવી માન્યતા હોય છે કે, ‘મેરા સો મેરા ઔર તેરા સો તેરા’, ઉત્તમ લોકોની એવી માન્યતા હોય છે કે, ‘ તેરા સો તેરા ઔર મેરા ભી તેરા’ અને ઉત્તમોત્તમ એવા સજ્જનોની એવી માન્યતાઓ હોય છે કે, ‘ના કુછ તેરા, ના કુછ મેરા, એ સબ પરમાત્માકા હૈ.’

ધર્મના ચાર ચરણ માનવામાં આવ્યા છે. – તપ,જ્ઞાન, યજ્ઞ અને દાન; માટે જેટલું મહત્વ તપ, જ્ઞાન અને યજ્ઞનું છે, એટલું જ મહત્વ દાનનું પણ છે. તો આવા ધર્મના ચરણરૂપ દાનને જ ધર્મનું અવિભાજ્ય અંગ માનીને દાનનો અખંડ પ્રવાહ વહેવડાવનારા સમાજમાં ઘણા દાનવીરો છે, તેમાં પણ વર્તમાન સમયમાં મુંબઈના અગ્રગણ્ય શેઠ શ્રી દીપચંદભાઈ ગાર્ડીના દાનની સુગંધ ચારેબાજુ ફેલાઈ રહી છે.

ગર્ભશ્રીમંત શ્રી દીપચંદભાઈનો જન્મ ઈ.સ. ૧૯૧૫ માં સવરાજભાઈ ગાડીના જૈન પરિવારમાં થયો હતો. નાનપણથી જ તેઓ ઉદાર દિલના હતા, તેના કારણે દાનનો ધોધ અવિરતપણે વહાવ્યા કરે છે. અહિંસા, દયા અને અન્ય પરોપકાર માટે કરી છૂટવાની ભાવના એમની પ્રવૃત્તિઓમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. અબોલ પ્રાણીઓ પ્રત્યે તેઓને વિશેષ અનુકંપા છે.

તેઓએ અનેક પરોપકારી ટ્રસ્ટોની સ્થાપના કરેલ છે. તેમનાં ટ્રસ્ટો ખંતપૂર્વક પોતાનો દાન પ્રવાહ યોગ્ય સ્થળે પહોંચાડે છે. એમનાં ટ્રસ્ટોનાં નામ જોઈએ તો - 'ભારત જૈન મહામંડળ,' 'મહાવીર હાર્ટ રિસર્ચ ફાઉન્ડેશન મુંબઈ', મહાવીર સ્ત્રી કેળવણી મંડળ-ભાવનગર,અહિંસા ઈન્ટરનેશનલ, અખિલ હિંદ કૃષિ ગૌસેવા સંઘ - મહારાષ્ટ્ર, પંચશીલ પેરેસ્ટ્રોઇકા ટ્રસ્ટ ફોર હેન્ડિકેપ - મુંબઈ, ઈન્ડિયન વેજીટેરિયન કોંગ્રેસ-મુંબઈ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ-કડી, ઉજ્જૈન ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, કેન્સર કેર સેન્ટર-ઈન્દોર.

આવાં તો અનેક ટ્રસ્ટોની તેઓએ સ્થાપના કરી છે. આસામમાં ૩૦૦ જેટલી નાની-મોટી શાળાઓ બાંધી આપી છે અને ગુજરાતમાં પણ અનેક શાળાઓ તથા કોલેજો બાંધી આપી છે.

આ સિવાય ઈ.સ.૧૯૮૫, ૮૬, ૮૭ અને ૮૮ ના દુષ્કાળમાં તેઓએ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાં લાખો પશુઓની પૂર્ણપણે સંભાળ રાખી ઘાસ-ચારાની



વ્યવસ્થા કરી અબોલ પશુઓ પ્રત્યે અપાર કરૂણા કરી હતી. આવા દયાવાન ને દાની દાતાશ્રી માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે, તેઓના જીવનના ૧૦૦ વર્ષ સુખપૂર્વક પૂરાં કરે અને વિશેષ ને વિશેષ માનવતા સભર કાર્યો કરતાં રહે એ જ અભ્યર્થના.

" પાની બઢે નાવમેં, ઘરમેં બઢે દામ;
દોનો હાથ ઉલેચીએ, એહિ સજ્જનકો કામ. "

"દયાની દેવી અનુબેન"

"કુછ ઔર ભી સાંસે લેને કો, મજબૂર સા મૈં હો જાતા હું
જબ ઈતને બડે જહાં મેં મુજે, ઈન્સાન કી ખુશ્બુ આતી હૈ. "

ભક્તો ! દુ:ખીઓને જોઈને દિલ દ્રવી જાય, આવી જે સંવેદનાત્મકવૃત્તિનું નામ જ સાચી માનવતા છે. દિલમાં કરૂણા અને દયા હોય તો જ માણસ માનવ કહેવાય છે. ત્યાગ, દયા અને પરોપકારના પાયા પર જ માનવતાનાં મંદિરો રચી શકાય છે. માણસ કેવું ખાય છે તે મહત્ત્વનું નથી, પરંતુ તે ભૂખ્યાઓને કેટલું ખવડાવે છે તે મહત્ત્વનું છે. માણસ કેટલાં વર્ષ જીવ્યો એ મહત્ત્વનું નથી, પણ ભૂખની પીડાથી અને દવાના અભાવે મરવા પડેલા કેટલાં લોકોને જીવાડ્યા એ મહત્ત્વનું છે.

ઉપરોક્ત સદ્‌ગુણોથી સભર એવા દયાની દેવી શ્રી અનુબહેન થઈ ગયાં છે; જેમણે વડોદરા જીલ્લાના ગોરજ ગામમાં 'મુનિ સેવા આશ્રમ'ની સ્થાપના ઈ.સ. ૧૯૭૮માં

કરી હતી. 'પુરુષ પ્રયત્ન ઈશ્વરકૃપા' એ ન્યાયે આશ્રમનો વિકાસ વધતો જ ગયો અને નાની એવી ઝુંપડીથી શરૂ થયેલ આશ્રમ મોટા વટવૃક્ષ સમાન બની ગયો!

શ્રી અનુબહેને માનવતાનાં અનેક કાર્યો કર્યાં છે. તેમાં શારદા મંદિર, વિવેકાનંદ વિદ્યાલય, પરિવાર મંદિર, ભગિની મંદિર, વાનપ્રસ્થ-આશ્રમ, આરોગ્ય મંદિર અને કરોડો રૂપિયાને ખર્ચે અતિ ભવ્ય કૈલાસ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર વગેરે અનેક માનવ ઉપયોગી મંદિરોનું નિર્માણ કર્યું છે.

આવા દયાળુ અનુબેનનો જન્મ તા. ૬-૬-૧૯૪૪ના પવિત્ર દિવસે કચ્છ પ્રદેશના અંજાર શહેરમાં થયો હતો. તેઓનો સ્વભાવ નાનપણથી જ ખૂબ દયાળુ હતો. તેને કારણે તેઓએ માનવ સેવામાં જ પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરી દીધું હતું. પરોપકારનાં અનેક કાર્યો કરી સદ્‌ગુણોની સુવાસ મૂકી ઈ.સ. ૨૦૦૩ માં પંચભૌતિક દેહનો ત્યાગ કરી તેઓ પ્રભુને પ્યારા બની ગયાં.

"શ્રી સંતરામ મંદિર"

ભક્તો ! દયાળુ માનવો પોતાનાં સુખો છોડીનેય પણ બીજાઓનાં દુ:ખો ઓછાં કરવાના પ્રયત્નોમાં સતત મંડ્યા રહેતો હોય છે. દયાને કારણે હૃદય કોમળ બને છે. કોમળ જમીનમાં બીજનો પ્રવેશ જેમ સુગમ બને છે, તેમ કોમળ દિલમાં ધર્મનો પ્રવેશ પણ સુગમ બને છે.

સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ૭૦ મા



વચનામૃતમાં કહ્યું છે કે "જે ગરીબને કલપાવે (હેરાન કરે) તેનું તો કોઈ રીતે ઝુંં થાય નહિ અને મહાભારતમાં ભીષ્મ પિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું છે જે, 'જો તું ગરીબને કલપાવિશ તો તું તારા વંશે સહિત બળીને ભસ્મ થઈ જઈશ' માટે ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય પણ ગરીબ માત્રને લેશમાત્ર દુ:ખવવો નહિ અને જો ગરીબને દુ:ખવે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહિ અને જો ગરીબને દુ:ખવે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય છે."

ઉપરોક્ત વચન સ્વામિનારાયણ મહાપ્રભુના છે. તો જે નિયમો ગરીબોને દુ:ખવવામાં લાગુ પડે છે, એ જ નિયમો ગરીબોને રાજી કરવામાં લાગુ પડે છે. અર્થાત્ ગરીબોને દુ:ખવવાથી મહાપાપ લાગે છે, એજ રીતે ગરીબોને રાજી કરવાથી મહાપાપમાંથી મુક્તિ મળી જાય છે અને ભગવાનનો રાજીપો મળી જાય છે. તો એવો રાજીપો નડિયાદમાં આવેલ શ્રી સંતરામ મંદિરના મહંતજી અને તેઓના આશ્રિતો લઈ રહ્યા છે.

ખેડા જીલ્લાના નડિયાદ શહેરમાં આશરે ૧૭૫ વર્ષ પહેલાં સંતરામ મહારાજ થઈ ગયા છે. તેમના પછી લક્ષ્મણદાસજી મહારાજ થયા છે જેઓએ વિક્રમ સંવત ૧૮૮૭ માં 'સંતરામ મંદિર' અને ટ્રસ્ટની સ્થાપના કરી હતી. તેઓ માનવ સેવાને પ્રભુ સેવા માનીને, વિશેષ કરી ગરીબ લોકોને અન્ન-વસ્ત્ર અને આરોગ્ય આપી દરિદ્ર નારાયણને રાજી કરી પરમાત્માને રાજી કરી રહ્યા છે.

વર્તમાન સમયમાં તેઓની સંસ્થા દ્વારા હોસ્પિટલ ચાલે છે. તેમાં સામાન્ય ફી લઈ સારવાર આપવામાં આવે છે અને ગરીબ લોકોને તો 'જનરલ મેડિકલ વિભાગ'માં ફક્ત રૂપિયો લઈ તમામ તપાસ કરી આપવામાં આવે છે અને દવા પણ મફત આપવામાં આવે છે તથા કોઈ પણ સંપ્રદાયના સાધુ-સંતોનો સારવારનો ખર્ચ લેવામાં આવતો નથી. આ સિવાય મંદિર દ્વારા ગરીબ લોકોને દરરોજ મફત અનાજ આપવામાં આવે છે. તેમજ અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ અને ભૂકંપ વગેરેમાં પણ દરેક જરૂરિયાતોને સહાય આપે છે.

" ઉપસંહાર "

" ભલે ન આવો વસંત થઈને, ચમનને મારા ઉજાડશો મા;
બની શકો ના જીવન ભલે, પણ જીવનને મારા ઉજાડશો મા. "

હે વહાલા ભક્તો તેમજ વહાલા પરોપકારી સજ્જનો ! વર્તમાન સમયમાં દુનિયાના કુલ ૩૧૧ દેશોમાં સવા છ અબજ અર્થાત્ ૬૨૫ કરોડની વસ્તી છે. આટલી વસ્તીમાં બે પ્રકારના જીવો હોય છે. – એક તો દૈવી અને બીજા આસુરી. દૈવી જીવોનાં હૃદય હંમેશાં સંવેદનશીલતાથી ભરાયેલા હોય છે, જ્યારે આસુરી જીવોનાં હૃદય હંમેશાં ક્રૂરતા સભર હોય છે.

કોઈ જીવ પ્રાણીમાત્રને જોઈને દૈવી લોકોને તેમના પ્રત્યે હમદર્દી ઉત્પન્ન થતી હોય છે, જ્યારે આસુરી લોકોને ઘૃણા ઉત્પન્ન થતી હોય છે. કોઈને દુ:ખથી પીડાતા જોઈ દેવી લોકો તેમનાં દુ:ખો દૂર કરવામાં, મન, કર્મ અને વચને મદદગાર બની જતા હોય છે, જ્યારે આસુરી લોકો બીજાઓને પીડાતા



જોઈ ત્યાંથી પલાયન થઈ જતા હોય છે.

ઉપરોક્ત ઉક્તિઓને અંતરમાં ઉતારીને ઊંડો વિચાર કરવો કે, મારી ગણના દૈવી માનવોમાં થાય છે કે, આસુરી લોકોમાં ? જો આસુરી લક્ષણોમાં સમાવેશ થતો હોય તો તાત્કાલિક દૈવી માનવો સાથે મિત્રતા કરી અને સંતોનો સમાગમ કરી આસુરીવૃત્તિને હૃદયમાંથી બહાર ફેંકી દેવી ને દૈવી બનવાના પ્રયત્નો શરૂ કરી દેવા; કારણ કે, દૈવી બનવાનો આ સર્વોપરી ઉપાય છે.

આ પુસ્તક લખવા પાછળનું એક જ કારણ છે કે, જે જે પરોપકારી ને મહામાનવો થઈ ગયા છે, તેઓનાં જીવન પ્રસંગો જાણીને અન્ય લોકો પણ તેઓના માર્ગે ચાલી તેમનું અનુકરણ કરે અને દુ:ખિયાં નર-નારીઓનાં દુ:ખો દૂર કરી સાચા અર્થમાં માનવ બની ભગવાનના કૃપાપાત્ર બની જાય એ જ છે.

આ પુસ્તક શ્રી સ્વામિનારાયણ મંદિર ગ્રાન્ડપેરી (ડલાસ અમેરિકા) માં રહીને તા. ૧-૫-૨૦૦૪ના પવિત્ર દિવસે લખવાની શરૂઆત કરી હતી અને ત્યાંજ તા. ૨૩-૮-૨૦૦૪ના શુભ દિવસે સંપૂર્ણ કર્યું છે. આ પુસ્તક લખવાથી વરતાલવાસી ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ, મારા ગુરૂદેવશ્રી, સંપ્રદાયના પવિત્ર મોટા સદ્‌ગુરૂઓ, નાના સંતો-પાર્ષદો તેમજ પ્રભુ પ્રેમી દરેક નર-નારી ભક્તજનો મારા પર રાજી થાવ એ જ અભ્યર્થના સાથે ગ્રંથ સંપૂર્ણ કરૂં છું.

ભવદીય

તા. ૨૩-૮-૨૦૦૪

સમાપ્ત.

બ્રહ્મસ્વરૂપદાસના દરેક વાચકોને પ્રેમપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ ગ્રાન્ડપ્રેરી (ડલાસ) ના દાનવીર હરિભક્તોની શુભ નામાવલિ

નામ	સ્થાન	ડોલર
ડો. રાજેશભાઈ અને સુલક્ષણાબેન પટેલ	ડલાસ	૨૫૦
અજયભાઈ અને ગીતાબેન શેલડીયા	ડલાસ	૧૫૦
અંકિતકુમાર અને કાશ્મીરાબેન અમીન	ડલાસ	૧૦૧
રોહિતભાઈ અને નીરૂબેન પટેલ	ડલાસ	૭૫
રમણીકલાલ બી. વાઘેલા	રીચર્ડશન	૭૫
હસમુખભાઈ પટેલ	સુગરલેન્ડ	૭૫
નરેન્દ્રભાઈ અમીન	ડલાસ	૫૦
મણીભાઈ એસ. પટેલ	ડલાસ	૫૦
નલીનકુમાર અને સુરભીબેન શાહ	ડલાસ	૫૦
શશીકાંતભાઈ અને સુદર્શનાબેન પટેલ	ડલાસ	૫૦
કિશન રણજીતભાઈ પટેલ	ડલાસ	૫૦
થિરાગ પ્રદીપભાઈ પટેલ	ડલાસ	૫૦
દુષ્યંતભાઈ અને રેખાબેન દેસાઈ	હ્યુસ્ટન	૫૦
શિવકુમાર દિપકભાઈ પટેલ	ડલાસ	૫૦
ચીમનભાઈ અને અનિલાબેન પટેલ	ડલાસ	૫૦
રજનીભાઈ મણીભાઈ પટેલ	ડલાસ	૫૦
રમેશભાઈ અને મંજુલાબેન પટેલ	ડલાસ	૫૦
ઘનશ્યામભાઈ અને વિમલાબેન કાકડીયા	ડલાસ	૫૦
પ્રફુલભાઈ અને નીતાબેન સોની	ડલાસ	૫૦
મહેન્દ્રભાઈ અને કોકિલાબેન પટેલ	ડલાસ	૫૦
જગદીશભાઈ અને હેમાબેન પટેલ	ડલાસ	૫૦
કાંતિભાઈ અને ઈન્દીરાબેન પટેલ	ડલાસ	૫૦
કિરીટભાઈ અને ઉષાબેન પટેલ	શરમન	૫૦
વિઠ્ઠલભાઈ અને હંસાબેન પટેલ	ડલાસ	૫૦
જયરામભાઈ અને સંધ્યાબેન પટેલ	ગાર્લેન્ડ	૨૫



નામ	સ્થાન	ડોલર
હર્ષદભાઈ અને ભારતીબેન અમીન	ડલાસ -------	૨૫
વૈશાલી એસ. પટેલ	ન્યુ મેક્સિકો ---	૨૫
જયશ્રીબેન પટેલ	ગાર્લેન્ડ ------	૨૫
વિનોદભાઈ અઘેરા	ડલાસ -------	૨૫
નમ્રતાબેન ભરતભાઈ પટેલ	ડલાસ -------	૨૫
ધર્મેશભાઈ અને તૃપ્તિબેન બાંભરોલીયા	ડલાસ -------	૨૫
રમેશભાઈ અને ચંદ્રીકાબેન પટેલ	ડલાસ -------	૨૫
દિનેશભાઈ અને મણીભાઈ પટેલ	આર્લીન્ટન ----	૨૫
નટુભાઈ દેસાઈ	ડલાસ -------	૨૫
મધુબેન બાબુભાઈ પટેલ	ડલાસ -------	૨૫
ભીખુભાઈ બાંભરોલીયા	ન્યુજર્સી ------	૨૫
મનસુખભાઈ હિરપરા	ડલાસ -------	૨૫
કૌશિકભાઈ અને બીનાબેન અમીન	ડલાસ -------	૨૫
વજુભાઈ અને પન્નાબેન વાઘેલા	ડલાસ -------	૨૫
રણજીતભાઈ અને ઉમાબેન પટેલ	ડલાસ -------	૨૫
જીતુભાઈ અને રીટાબેન પટેલ	ડલાસ -------	૨૫
અશોકભાઈ અને જ્યોતિબેન પટેલ	ડલાસ -------	૨૫
વિરેન્દ્રભાઈ અને અલ્કાબેન પટેલ	ડલાસ -------	૨૫
કંચનભાઈ અને સુશીલાબેન પટેલ	ડલાસ -------	૨૫
સમીતકુમાર એ. અમીન	ડલાસ -------	૨૫
શશીકાન્તભાઈ અને રમીલાબેન પટેલ	ડલાસ -------	૨૩
દેવજીભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી	ડલાસ -------	૨૨
રસીકભાઈ બી. પટેલ	ડલાસ -------	૨૫
સુશીલાબેન રજનીકાંત પટેલ	ડલાસ -------	૨૫
કુસુમબેન એચ. પટેલ	ડલાસ -------	૨૫
જાગૃતિબેન બી. પટેલ	ડલાસ -------	૨૫
કિરીટભાઈ અને જ્યોતિબેન પટેલ	ડલાસ -------	૨૫
ભરતભાઈ પટેલ	અર્વિંગ -------	૨૫

નામ	સ્થાન	ડોલર
કસ્તુરભાઈ અને પ્રભાબેન પટેલ	ડલાસ	૨૫
ભાઈલાલભાઈ અને સર્યૂબેન પટેલ	ગાર્લેન્ડ	૨૫
પ્રભુભાઈ દેસાઈ	ડલાસ	૨૫
ઠાકોરભાઈ શાંતિભાઈ ઘમપુરા	ડલાસ	૨૫
અશ્વિનભાઈ ગજેરા	ડલાસ	૨૫
પ્રવિણાભાઈ અને રીટાબેન પટેલ	ડલાસ	૨૫
વલ્લભભાઈ આઈ. દેસાઈ	ડલાસ	૨૫
શાંતાબેન અને મફતભાઈ પટેલ	ડલાસ	૨૫
પ્રવિણાભાઈ અને મંદાકિનીબેન અઘેરા	ડલાસ	૨૫
નીલકંઠ પ્રશાંત ગજેરા	ડલાસ	૨૫
કૌશિકભાઈ અને હર્ષાબેન પટેલ	ડલાસ	૨૫
તુષારભાઈ એચ. પટેલ	લબ્બક	૨૫
લલિતાબેન સોમાભાઈ પટેલ	ડલાસ	૨૫
સુધીરભાઈ અને રંજનબેન પટેલ	ડલાસ	૨૫
કરશનભાઈ પરમાર	ડલાસ	૨૫
તારાબેન શેલડીયા	અર્વિંગ	૨૨
શેતલ પ્રવિણાભાઈ પટેલ	ડેન્ટન	૨૧
કનુભાઈ પટેલ	આર્લિન્ટન	૨૧
અવનીબેન જી. શાહ	ડલાસ	૨૧
મુક્તાબેન સંચલા	ડલાસ	૨૧
નિર્મલાબેન લાલજીભાઈ વાઘેલા	ડલાસ	૨૧
કેયુરભાઈ અને મિનલબેન પટેલ	ડલાસ	૨૧
રમણલાલ મોદી	ડલાસ	૨૧
અશ્વિનભાઈ અને દિવ્યાબેન કરસાલીયા	ડલાસ	૨૧
હિંમતલાલ વાઘેલા	ગાર્લેન્ડ	૧૧
બાલુભાઈ અને કલાબેન પટેલ	ડલાસ	૧૧
જયેશભાઈ અને સોનલબેન પટેલ	ડલાસ	૧૧
કમલેશભાઈ અને જયશ્રીબેન પટેલ	ડલાસ	૧૧
કાશીબેન ચોડવડીયા	ડલાસ	૧૧
અક્ષયભાઈ અને હંસાબેનપટેલ	ડલાસ	૧૧





-: લેખક :-

સદ્‌ગુરુ શ્રી બ્રહસ્વરૂપદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - કંડારી દ્વારા

પ્રકાશિત પુસ્તકો

૧. સત્સંગિજીવન સાગરમંથન
૨. જ્ઞાન સરિતા
૩. મોહનજીને મળવાને
૪. વાણી-વિવેક
૫. અમાનવીય ક્રૂરતા
૬. જીવન એક સ્નેહ ઝરણું
૭. માનવતાના દીવડા
૮. જીવન યાત્રા
૯. નિત્ય નિયમાવલિ
૧૦. શાંતિપાઠ
૧૧. મુક્તાનંદ કાવ્યમ્
૧૨. મહાપૂજા મુક્તગાથા
૧૩. શિક્ષાપત્રી (ગુજરાતી)
૧૪. શિક્ષાપત્રી (અંગ્રેજી)
૧૫. શ્રીમદ્‌ભગવદ્ વિલાસમ્ (સંસ્કૃત)
૧૬. BELOVED GHANSHYAM
૧૭. LORD SWAMINARAYAN
૧૮. NILKANTH CHARITRA
૧૯. JOURNEY BACK TO GOD
૨૦. NITYA NIYAM